શાસનૈકલક્ષી વિવિધ વિષયક ગ્રન્થમાળા પુષ્પ પહેલું.
સર્વ કલ્યાણ પ્રકાશન-૧

णमोऽत्थु ण समणस्स भगवओ महावीरस्स।

# શ્રી
# જૈનધર્મનું વિજ્ઞાન

卐

—: લેખક :—

પૂ. મુનિરાજ શ્રી ભુવનચંદ્રવિજયજી મ.

સમ્યગ્જ્ઞાન પ્રચારક :—

શ્રી કાન્તાબેન કેશવલાલ-અમદાવાદ

ઉદ્દેશ :

૧. અનાદિકાલીન મહાશાસનની ગણધર ગુમ્ફિત દ્વાદશાંગી--પંચાંગી અને પંચાચારને વફાદાર શ્રદ્ધાપૂત સાહિત્યને વહેતું રાખવું.

૨. જડવાદના જડબામાંથી જનતાને અને વિશ્વશ્રેષ્ઠ જૈનકુળમાં જન્મેલ જૈનોને બચાવી સન્માર્ગનો રાહ બતાવવો.

શાસનૈકલક્ષી વિવિધ વિષયક ગ્રન્થમાળા પુષ્પ પહેલું.

સર્વ કલ્યાણ પ્રકાશન-૧

णमोऽत्थु ण समणस्स भगवओ महावीरस्स ।

# શ્રી જૈનધર્મનું વિજ્ઞાન

卐

: લેખક અને સંયોજક :

પૂ૦પાદ પરમ શાસનપ્રભાવક સુવિહિત તપાગચ્છ
સમાચારી સંરક્ષક સૂરિચક્રચક્રવર્તી આચાર્યદેવ
શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. શ્રીના
શિષ્યરત્ન પૂ૦ મુનિરાજ શ્રી
ભુવનચંદ્રવિજયજી મહારાજ

: પ્રકાશકો :

ગજપાલ એસ. કાપડીયા — અરવિંદ એમ. પારેખ
ઠે. ઘડીઆળી પોળ, કોલાખાડી, — ઠે. ૯૧, કૃષ્ણ ગલી સ્વદેશી માર્કેટ
વડોદરા. (મુખ્ય-કાર્યાલય) — મુંબઈ-૨. (શાખા-કાર્યાલય)

# વંદના

સૂર્યની ઓળખ શી ! અંધકાર ટાળે, પ્રકાશ આપે તાજગી લાવે ઉષ્મા આપે;
સામેની પ્રતિકૃતિ એટલે ભારતવર્ષનું ધર્મ ખમીર;

પરમોપકારી એટલે અરિહંત પરમાત્માના શાસનની સૈદ્ધાંતિક સુરભિ ફેલાવનાર;
મુખારવિંદ સ્મિત ભર્યું. નયનોમાં અમી. દૃષ્ટિપાત પાવનકારી.

૧૭મે વર્ષે દીક્ષા. ૧૯મે વર્ષે પ્રવચન. 'દાનનાલાડીલા. પ્રેમ' નાપ્યારા. દૃઢ મનોબળી;
તારક ભવ્યાત્માના. પ્રેમ–પારમેશ્વરીય. દાન ત્યાગ વિરાગનું.

સંસ્કૃતપ્રાકૃત–કાવ્ય–સાહિત્ય–પ્રકરણસમૂહ–કર્મસાહિત્ય–આગમગણના શુદ્ધ ગ્રાહક;
ભગવંત અરિહંતના અદકા સેવક સિદ્ધાંત–સામાચારી વફાદાર.

સાર શોધ્યો. માલ મેળવ્યો 'સંસાર અસાર મોક્ષ એકજ સાર' શ્રીમદ્‌ની માસ્ટરકી;
સંસાર એટલે વિષય કષાય. સુખોપભોગ વિષય કષાયના સાધનો.

સમ્યગ્દર્શન પ્રદાતા. 'દર્શન શુદ્ધ એક અરિહંતનું જ ! ઘોષ ગજવ્યો ભારતભરમાં;
સંયમ–સાધુપણું–દીક્ષા એ જ ધર્મ. એજ નાવ. એજ તેજ.

વર્ષ ૬૧ પૂરા થશે, દીક્ષા પર્યાયના. પોષ સુ. ૧૩, ૨૦૩૦ શાસનની સુરક્ષામાં;
દ્વાર ખોલ્યા. કાંટા દૂર કર્યા ભૂમિકા ભવ્ય બનાવી દીક્ષાની.

બાળ એક ભેટી ગયો–અજ્ઞાન અંધકારમાં આથડતો. ઉગારી લીધો પ્રશ્નોત્તરે;
મર્મ આપ્યો. ધર્મ આપ્યો. આપી દીક્ષા ભાગવતી ભાવે.

શિક્ષા ગ્રહણ આ સેવનની આપતા આજે, વર્ષ ૭૮ પુરા થવાની શુભપળે;
યુવાની–ઉપદેશ પાટે વીરની, વાણી ગંભીર ગાજતી ધીરની.

ભાવ હિતે–રાજતા, અન્તેવાસી બચ્ચોના, ગાજતા રક્ષાકાજે, સાદે વીરના;
ભુવનત્રયમાં કીર્તિ વિમલા, જ્યોત્સ્ના નિર્મળા.


ગુરુરાજ રાજે **વિજયરામચંદ્રસૂરીશ્વરા,** બાળ હૈયે ભુવનના ચંદ્રસમ ઉજ્વલા;
શતકોટિ વંદના.

પરમોપકારીના ચરણારવિંદમાં.
**'બાળ' ભુવનચંદ્રની**

શાસનતેજ-શાસ્ત્રસિદ્ધાંત સંરક્ષક સમ્યગ્દર્શન-પ્રધાનૈકનિષ્ઠ

ગચ્છાધિપતિ—આરાધ્યપાદ આચાર્યભગવંત શ્રીમદ્

## વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજા



શાસનહિતના કોઇ ઉંડા આલેખનમાં એકમના દેખાય છે.

તેઓશ્રીના તલસ્પર્શી પ્રવચનો ધર્મીઆત્માઓના પ્રાણ છે.

કોટિશઃ વન્દનાવલિ

કાંતાબેન કેશવલાલ-અમદાવાદ

વૈરાગ્યવારિધિ અનેક ક્રોડ નમસ્કાર મહામંત્રજાપકારક

સ્વ. પૂ. આ. દેવ શ્રીમદ્‌વિજય યશોદેવસૂરીશ્વરજી મ.



આરાધ્યપાદ શાસનતેજ ગચ્છાધિપતિ શ્રીમદ્‌

વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. ના અંતેવાસી

વંદનાવલિ–કાંતાબેન કેશવલાલ–અમદાવાદ

# ✱ અર્પણ ભાવના ✱

આ કાળના અજોડ-અડગ-શાસ્ત્રસિદ્ધાંત-શુદ્ધ સામાચારી સંરક્ષક-સમ્યગ્દર્શનપ્રદાન પ્રકાણ્ડકુશલ પરમોપકારી-મારા ભવોદધિ તારક-આરાધ્યપાદ ગુરૂભગવંત-સમર્થગચ્છાધિપતિ આ. દેવ શ્રીમદ્

**વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**

ના અંતેવાસી

– શાસનના એક અગ્રગણ્ય શાસન પ્રભાવક –

પૂ. ગુરૂભગવંત અને પૂ. પરમગુરૂભગવંત

સ્વ. મહાન્ ગચ્છાધિપતિ-

**વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા**

ની શાસન પ્રભાવનાને સુવિસ્તૃત બનાવનાર વૈરાગ્યની આત્મમસ્તીમાં સદૈવ રમનારા મારા વડીલ ગુરૂભ્રાતા-સ્વ. પૂ. આચાર્ય પ્રવર-

**વિજયયશોદેવસૂરીશ્વરજી મહારાજાના**

હસ્તકમળમાં આ લઘુગ્રંથની બીજી આવૃત્તિ અર્પણ કરતાં આનંદ અનુભવું છું.

આપનો લઘુભ્રાતા

સેવક

ભુવનચંદ્ર

श्री वीतरागाय नमः

# જ્યોત ઝબકે જીવનની

પૂ. મહાત્માઓના શાસનસુરભિભર્યા જીવન એટલે વિષમય વિષમકાળ માટે પણ જડીબુટ્ટી. સ્વ. પૂ. આચાર્યદેવ **શ્રીમદ્ વિજયયશોદેવસૂરિજી** મ. નું જીવન એ માંહેલું જ એક. કૃપા હતી સેવક પર પૂર્વાવસ્થામાં અને સાધુ અવસ્થામાં પણ. પૂર્વાવસ્થામાં સેવકે સાદર હૈયાભાવ પ્રગટ કર્યો. સાહેબ! શરીર તો નબળું છે જ. પણ મન પણ નબળું. સારૂ 'મારી એક વાત માનો. ફરમાવો. શક્ય હશે જરૂર સ્વીકારીશ. 'એમ કર. નવ દિવસ ચોલપટ્ટો ધારણ કર' સાહેબ! દશમે દિવસે એ છોડાય જ નહિ. છૂટે જ નહિ. 'બોલ મન નબળું છે?' આ હતી શ્રીમદ્દની વ્યવહારકુશળતા વીતરાગનો ધર્મ પમાડવાની. થોડા ચિત્ર પ્રસંગો ભક્તિ ભાવે રજુ કરૂં. સાથે જ અનુમોદના ભાવે યાચુ મુક્તિ કલ્યાણાર્થી ભવ્યાત્માઓ માટે.

૧ સાહેબ, પણ આપ? **ત્રિલોચન**, તું તપસી છો. વેયાવચ્ચ અપ્રતિપાતિ-નિર્જરા ગુણસાધક ખરી કે નહિ?

૨ ગુરૂદેવ, ક્ષમા કરો, એમાં મારી ભૂલ સમજો. **યશોવિજય**! તું ભારે જબરો, સાધુનો સુંદર રીતે બચાવ કરવા, તું ભૂલનો ભાર તારા પર ઓઢી લે છે. (સ્વ. પૂ. **વિજયપ્રેમ સૂ. મ.**)

૩ સાહેબ, સ્તવન નાનું કહીશું ? મોડું ઘણું થયું છે. સુશ્રાવક નગીનભાઇનું દેરાસરજી. સ્તવનનો સુંદર લલકાર. એક ધ્યાન–એક તાન. ઠંડકથી લય અને આલાપ. સ્તવન ખાસું મોટું. જનાર જાય. પણ પૂ. શ્રી પ્રભુભક્તિના પરમાનંદમાં.

૪ પરમગુરૂદેવની આજ્ઞા. પૂના આવી જાવ. તુર્ત હાજર. ક્રિયા યોગની. આધાકર્મી નહિ. નિર્દોષ મઝેથી સ્વાભાવિક રીતે મળી ગયું. સરસ! કરો ભક્તિ વડીલોની અને સહુ-વાસીઓ મહાત્માઓની. (ત્યાગ તપનો પ્રાણ છે ને?) **અનર્ગલ–ભક્તિ–અલ્પભુક્તિ** સ્વપાત્રે પડયું એજ સોનું. પરપાત્રે રહેલ સ્વમાટે કથીર.

૫ સાહેબ, વિશિષ્ટ આચરણ, કર્મનિર્જરાસાધક, આરંભાયને ? શા માટે નહિ ? (સ્વ. પૂ. વિજયપ્રેમ સૂ. મ.) સુંદર વિશિષ્ટ આચરણા કરવી પણ ગુરૂ આજ્ઞા પ્રમાણિત.

૬ પૂનાથી તળેગામઢઢેરા. પૂ. ત્રિલોચન વિ. મ. ૨૦૦ ડગલા આગળ. શ્રીમદ્ ઈર્યાપથિકા સાચવતા ચાલ્યા આવે. પગ જરા ખોટકાયો. પુણ્યદેહ ખાડામાં. પડેલા કાંટા માથામાં. નહિ ઉં કે ઓ. સહવું સમભાવે. મુકામ પર શોધ ન કરતા પણ કાંટા નીકળ્યા.

૭ ઘોડનદી–ગામ. ક્ષેત્ર સ્થાનકવાસી. જાતે ગયા ગોચરી. એક માણસ ભારે ખેપાણી. અનાદર કરતા કંપ નહિ. પણ આ ન ખપે. આ તો દોષિત. બસ બુદ્ધિ ફરી. સાહેબ, પણ સાવ લુખુ ? આદર જન્મ્યો. નિયમિત વ્યાખ્યાનોમાં.

૮ 'નગર' માં ગાજે ગોરજીનું જોર. સહુને કરે બોર. પર્યુષણા જેવા મહાપર્વ–દહાડે વ્યાખ્યાન. રાત્રે પાનપટ્ટી.

આ વાતાવરણમાં પણ શ્રીમદ્‌ને હૈયે ઉપકારવૃત્તિ જોરદાર. બધા મહાત્માઓનો નોકારસી ત્યાગ. મુહપત્તીનો પુરો ઉપયોગ. કટ્ટર સ્થાનકવાસીને ત્યાં ગોચરી. કંદમૂળમાં આ પાપ. આધાકર્મમાં આવું પાપ. પાપનો ખ્યાલ અને નિર્દોષતાનો સંચાર. નિત્યચર્યાની જબ્બર છાયા. બીજે જ વર્ષે એ જ 'નગરમાં' ચાતુર્માસ વિનતિ. અને ચાતુર્માસમાં શાસનનો જયકાર.

૯ 'સંગમનેર'માં ઘર ૨૦. શ્વે. મૂ. પૂજકના. પૂ. સાધુ મહાત્માઓ પંદર.–રહેવું ચારિત્રની અંદર. વૈષ્ણવો અને બ્રાહ્મણોમાં ગોચરી. જ્યાં જાય ત્યાં સઘાટ્ટક હોય જ. ગોચરી મળે નિર્દોષ અને ભાવભરી. ચારિત્ર તેજની છાયા પડેજ ને !

૧૦ પીંડવાડા. સ્વ. પરમ ગુરૂદેવ પૂ. **વિજયપ્રેમ સૂ. મ. ની જન્મભૂમિ. પૂ. ત્રિલોચન વિ. (સૂરિજી) મ. ને ૩૨ ઉપવાસ.** વાચનાનો ધોધ. સાહેબ વિનતિ. **ભાનુવિજયજી**ને આજ્ઞા વ્યાખ્યાન માટે. તારી બધી વાતજ આવી ! શું કામમાં ગુંથાયો છે ? સાહેબ, હું વાચના ચાલુ રાખીશ. મોટાના મન મોટા !

૧૧ 'ધાનેરાવ'. ગામ રૂડુ મારવાડનું. સાહેબજી, આપને ભાવભરી વિનતિ કરી લાવ્યા અમે. અને સામે પક્ષે સાધુ મોકલશો આપ ? વાંધો શો છે એમાં ? પણ સાહેબ એ ઠીક નહિ. અમારે તો વીતરાગની વાણી સાંભળવા માંગે એને સંભળાવવાની. બધા–આત્માઓ મોટા મનના ના હોય. કરવા માંડયા શ્રીમદ્‌ને અને મહાત્માઓને ઉપદ્રવ. વિરાગીને વાર શી ! છોડયો ઉપાશ્રય. કરી દીધો વિહાર–ચાલુ ચોમાસે. ઠાકોર આવ્યા. વિનતિ અને આજીજી. કાંઇ પણ થાય જવા-

બદારી મારી. મામલો શાંત. **સત્યનો વિજય. ઉદારતા ગુણનો પ્રસર.**

૧૨ મારવાડના 'પાલી'માં. પૂ. સ્વ. ગચ્છાધિપતિજી. આજ્ઞા પત્ર ધાનેરાવમાં. તૂર્ત વિહાર. રસ્તામાં ફરી પત્ર. સઘળું સુંદર છે. સશુકન છે. ધાનેરાવ વિહાર કરી શકો છો. તથાસ્તુ. આજ્ઞાપ્રેમને બહાના ન ગમે. સ્વકીય ઇચ્છાને સ્થાન ન હોય. આ તો શ્રી જૈનશાસન!

૧૩ અમદાવાદ **જૈનપુરી.** પૂર્વાવસ્થાના બંગલે સ્વ. પરમ ગુરૂદેવ સાથે. સુયોગ્યને સુસ્થાને સ્થાપવાની શાસન પરિપાટી. વિનતિ પર વિનતિ–પરમ ગુરૂદેવ તો ઇચ્છતાજ હતા. પરમ ગુરૂદેવની આજ્ઞા પાસે શ્રીમદ્ નમ્ર. ઉપાધ્યાય પદવીની ઝલક અને ઉત્સાહ.

૧૪ **તપ સુસાધુના પ્રાણ.** જે કરે સદા મહાત્માઓનું–સર્વ વિરતિનું–વિશેષ ત્રાણ. **પૂ. મહાત્મા અચ્યુત–વિજયજી મ. ૧૦ ઉપવાસની સુંદર સુદઢભાવના**–૩૫ મે ઉપવાસે લોચ. વૈયાવચ્ચી? ચારિત્રનાયક શ્રીમદ્ ખડેપગે તૈયાર. પૂ. શ્રી ઉપાધ્યાયપદે હતાને? માટે જ વૈયાવચ્ચ ગુણ વધુ પ્રમાણમાં ખીલ્યો હતો. આરાધના કરાવવાની સુંદર તમન્ના અને ધગશ. 'ઉપાધ્યાય તે આત્મા.' ૫૬ ઉપવાસે કરવું પડ્યું પારણું. ભા. સુ. ૮ મે નશ્વર દેહ છોડયો. તપનો મહિમા અને તેજ. ખંભાત નગરની આદર્શ ભક્તિ.

૧૫ **'પંચમપદ શાસન–સુખકાર'** સંવત્ ૨૦૦૫ મહા સુદ પાંચમ. પંચમજ્ઞાન પામવાનું ઉંચું પગથીયું. શાસન રક્ષાની સાન. સિદ્ધાંતપ્રેમની અડગતાનો અભિષેક. પંચાચારનું રક્ષક–પ્રચારક સ્થાન. 'તીર્થંકરમિવા દ્રાક્ષીત્

ધર્મઘોષ મુનિ ધનઃ (આદિ પર્વ). શ્રીમદ્‌ને સૂરિપદનું એલાન. પહેલા અભિગ્રહ. જીંદગીભર, હે પરમ ગુરૂદેવ! આપની સાથે રહેવું. છતાં પ્રમાણ આપની આજ્ઞા. પૂ. પરમ ગુરૂદેવ મૂર્તિમંત વૈરાગ્યના જીવંત આદર્શ આલય! પૂ. ગુરૂદેવ **શ્રીમદ્‌ વિજયરામચંદ્રસૂરીશ્વર મ.** સમ્યગ્‌દર્શન-સિદ્ધાંત રક્ષક જીવંત મૂર્તિ પૂ. શિષ્ય શ્રીમદ્‌ વૈરાગ્યવારિધિ. અલબેલો ત્રિવેણીસંગમ. અદ્‌ભૂત મહોત્સવ અને શાસન પ્રભાવના. અમારા ત્રણસોના તારક-પાલક-સંરક્ષક હૈયામાં શ્રીમદ્‌ પ્રત્યે કેવા કેવા ઉચ્ચ ભાવ જન્મ્યા હશે?

૧૬ સુંદર પાલિતાણા નગર. જૈનોની જીવંત ભૂમિ. સોરઠનો શણગાર, મોહનો મારણહાર, પવિત્ર તારક ગિરિરાજ **ગિરૂઓ શત્રુંજય તીર્થાધિરાજ.** રસિક નિવૃત્ત નિવાસ. સંવત ૨૦૦૬ જોષીઓ કરે આગાહી. મોટે ભાગે આયુષ્યબળમાં ના સાચી. પૂ. ગચ્છાધિપતિશ્રીજીનું વર્ષ ભારે. આંતર ભક્તિને કેમ ચેન પડે. મુંબઇનો વિહાર તૂર્ત બંધ. નવસારીથી સીધા પાલીતાણા. શીઘ્ર વિહાર. પરમના પાદ કમળમાં વિનીતનું વંદન ચંદન. બન્ને ઉંચા હૈયે. એકનું વાત્સલ્ય જાણે વહેતો સુકોમળ ઝરો. બીજાની ભક્તિ અંદરના પ્રેમનો પ્રતિઘોષ. પ્રેમનું હૈયું પ્રેમ ભર્યું. રામનું હૈયું આરામ આપતું. પરમગુરૂદેવને અને અનેકોને.

શ્રીમદ્‌ ખુશાલ ભુવનમાં. હંમેશ મહોપકારી આરાધ્યપાદ ગુરૂભગવંતની વાચના ઝીલવા હાજર. વાચના પણ સૂક્ષ્મ અને વિધિ અપવાદ સૂચક. નિશિથ-મહાનિશિથ એટલે પૂછવુંજ શું? વાચના સાથેની વિચારણા કેટલી ઉન્નત અને.... અને પૂ. શાસનસંરક્ષક-સિદ્ધાંતદઢમનના **પૂ શ્રી વિજય-**

**રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની-વાચના એટલે આગમનું-વલોણું. જ્ઞાનનો અમૃત અર્ક. શ્રીમદ્** પાછા કરે પારાયણ સ્વ-શિષ્ય-પૂ. ત્રિલોચન વિ. મ. પાસે. સ્વાધ્યાય પ્રેમ તે કોનું નામ?

૧૭ શ્રીમદ્ દેવદ્રવ્ય-સિધ્ધાંતના પાકા હીમાયતી. વૃદ્ધિ અને રક્ષણનું વ્રત. અમલનેર આદિ અનેક સ્થળે ચોપડા કરાવ્યા ચોકખા. દેવભક્તિ-સંઘભક્તિ તે આનું નામ. પૂ. આચાર્યાદિ સાધુ મહાત્માઓને આ ઉપાધિ શા માટે? ગીતાર્થ-શાસન વફાદાર. પૂ. ગુરૂદેવો પાસે શાસ્ત્ર આજ્ઞાના પાઠ ભણો પાઠ.

૧૮ પાંચોરાનું પ્રકરણ-એટલે દઢતાનું તેજ. શાસન પ્રભાવનાના ચમકારા. શ્રીમદે આપી દીક્ષા એક મુંબઈના યુવાનને સગા સ્નેહીઓએ માંડયું તોફાન. ગામનું-ગાંડપણ ભેગુ ભળ્યું. નવ્યદીક્ષિતને ત્રણ ઉપવાસનું પચ્ચકખાણ. પઠાણો રોકયા રમખાણકારોએ. માત્રુ પરઠવતા ઉંચકયા. નાખ્યા મોટરમાં. પણ નરવીર બંકો એક નીકળ્યો. નગ્નકૃત મુનિને બચાવી લીધા. શાણી નારીએ પોતાના છાપરા પર ફેંકાએલો ઓઘો સોંપ્યો. ફોજદારી કચેરીમાં ૧૦ દિવસ. પછી-લેહણને મંત્રપ્રયોગ માને. ષડ્યંત્ર રચાયું. ફેરવ્યા સામેના મકાનમાં. ઉઠાવી જવાના હિસાબેજ. પણ ન ફાવ્યા. ચેતવણી અને રાત્રે દશવાગે ઉપાશ્રયમાં. વિહાર કરી જાવ નહિ તો બંધુક સગી નહિ થાય. વિહાર કરે એ શ્રીમદ્ નહિ. ભાગોળે રહેવું. દારીયાની ગોચરીથી ચલાવવું. પણ જ્યાં ખોટી બનાવટી અપભ્રાજના ત્યાંજ કરવી પ્રભાવના. સ્વકીયોનું

પણ દબાણ. પણ અંતે શમન. કેઈકિનું ટુંકાવ્યુ ભવભ્રમણ. પ્રસંગે છાતી મજબુત એજ શાસન સ્થિતની ખૂબી !.

૧૯ હિંગનઘાટ અને કોચરજી. બંસીલાલ કોચરે કરાવેલ આગ્રહ પૂર્વકનું ચાતુર્માસ. શ્રીમદ્‌ની ભલામણોનું-ક્રિયારૂચી પૂર્વકનું પાલન.

૨૦–નગર. ૨૦૧૦. **પૂ. શ્રી. ધનેશ્વર વિ. મ. ની** દીક્ષા. શાસન પ્રભાવનામાં ખર્ચ સાઇઠ હજારનો. મેદની હાજર ૬૫ હજારની. પ્રાચીન આઢયદીક્ષાની યાદી.

૨૧ પૂના. ૨૦૧૧–૧૨. પૂ. પરમગુરૂદેવની સાથે. ગણી-પદવી પ્રદાન. પૂ. ત્રિલોચન વિ. મ. ને ભગવતી યોગ. ૬૦ સાધુઓની જ્ઞાનાદિ ઉપાસના.

૨૨ ધૂળીયા. ૨૦૧૩. શ્રીમદ્‌ની બન્ને આંખે મોતીયાનું ઓપરેશન. દેવદ્રવ્ય રક્ષણ. હિસાબો ચોકખા.

૨૩ ખભાત. ૨૦૨૩. પૂ. પરમગુરૂદેવની આજ્ઞાથી ખંભાતથી ચૈ. સુ. ૧૨ વિહાર. ચૈ. વ. ૧૧. પૂ. પરમગુરૂદેવનો દેહવિલય. શું ઘટના હશે કુદરતની. ૧૫ દિવસ પૂરતી. કુદરતની સ્વાભાવિક ઘટના અકળ ગણાય. અતિશય જ્ઞાની-ઓની દૃષ્ટિએ નહિ.

૨૪ ૨૦૨૫. અંતરીક્ષજી. ઘણું ઘણું સહન કર્યુ. દીગમ્બરોનો ઉત્પાત. પછી પૂછવું શુ ? ઉપવાસ પર ઉતરવાની પણ તૈયારી થઈ ગએલી. શાસનનું સૂર હતુંને !

૨૫ ૨૦૨૭. શીરોહી. ભયંકર માંદગી. **ક્ષેમંકર સમતા અને સમાધિ.** સહનશીલતાનો જીવંત આદર્શ.

એક જ ઉત્તર. ચિંતા કરશો નહિ. નશ્વર દેહનો શાશ્વત્ સાધનામાં ત્યાગ. ધન્ય મૃત્યુ!

અતિ ટુંકાણમાં સાદા સીધા પ્રસંગ ચિત્રો. નહિ રંગોટી કે રેખાકળા. ચિત્રો ફેલાવે છે સુવાસ. કરે છે મનોમંદિરમાં આવાસ. એજ આપે મુક્તિમાં-નિવાસ. પંચમપદને સાર્થક કર્યું. સાધુપણાને નિર્મળ બનાવ્યું. ગુરૂભક્તિનો આદર્શ ખડો કર્યો. વૈયાવચ્ચ ગુણને વિકસાવ્યો. આત્માને ઉન્નત બનાવ્યો.

જે આત્માના ગુરૂભગવંત-ભારતવર્ષના કાળ અપેક્ષાએ શ્રેષ્ઠ સમ્યગ્ દર્શન પ્રદાતા. પરમગુરૂ ભગવંત-વૈરાગ્યમૂર્તિ અને સંયમત્રાતા અને પોતે વૈરાગ્યવારિધિ-આ ત્રયાત્મક સુમેળ શું શું ન નીપજાવે ?.

ત્રણે **ભુવન**માં **ચંદ્ર** નિર્મળ યશ અને શાસન **વિજય** આવા પરોપકારી મહાત્માઓનો ફેલાવાથી ભવ્યાત્માઓ પાવન બને છે અને વિશ્વ સુખ-શાંતિ-સમાધિ અનુભવે છે.

કોટિશઃ વન્દના

**મુનિ ભુવનચન્દ્રની**

વિરાગી ચરણકમળમાં

# -: બે બોલ :-

સૌથી પ્રથમ પૂ. મુનિરાજ શ્રી રત્નભૂષણવિજયજી મહારાજશ્રીને યાદ કરવા જોઇએ. પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયજિતમૃગાંકસૂરીશ્વરજી મહારાજ સાહેબના તેઓ સુશિષ્ય છે. તેમની જ પ્રેમભરી ઉપકારક પ્રેરણાથી અલ્પક્ષયોપશમ છતાં આ લઘુગ્રંથનો પ્રયત્ન કરવા પ્રેરાયો.

પ્રેરણા ખરેખર ઉપકારક નિવડી. આલેખન કરતા નવ્ય નવ્ય પ્રકાશ મહાન્ સૂત્રોમાંથી પ્રાપ્ત કરવાનું સદ્ભાગ્ય સાંપડયું. 'શ્રી રાજનગર જૈન પ્રશ્નોત્તરમાળા' જોતાં આ પ્રેરણા થઇ. મેં પણ કેટલાક અંશે તેને આંખ સામે રાખી છે. તે માટે તેના લેખક મહાશયોની અનુમોદના કરવી ઘટે.

કેટલીક ઘટના આલેખનને સમયે જ દીલમાં ઉદ્ભવી છે. મારો મુખ્ય આધાર–મારા તારક પરમોપકારી ગુરુ ભગવંત આરાધ્યપાદ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની 'ગણધર ગુમ્ફિત વીતરાગ વાણી' માંજ સદા રહેલો છે. આ આલેખનમાં પણ તેજ 'વીતરાગ વાણી'ના પ્રકાશે કામ કરેલ છે.

ક્ષતિઓ પણ હશે. પણ પ્રાયઃ સૈદ્ધાંતિક દૃષ્ટિની નહિ. એવો મારો આત્મવિશ્વાસ છે. છતાં છદ્મસ્થ પ્રાયોગ્ય ક્ષતિઓ હોય તો સુધારી લેવા તેમજ સાધર્મિકભાવે સૂચવવા વિજ્ઞપ્તિ.

ઉપયોગ ચૂકથી સર્વજ્ઞ ભગવંતના સિદ્ધાંતથી જરાએ વિપરીતતા આલેખનમાં સૂક્ષ્મ પણ હોય તો મિથ્યા દુષ્કૃત.

શ્રમણસંઘ સેવક,

**મુનિ ભુવનચંદ્રવિજય**

## —: ગુરુ–ગુણ–ગીતિ :—

રામ તુમ્હારા કાર્ય સ્વયં હી કાવ્ય હૈ,
કોઈ કવિ બન જાય, સહજ સંભાવ્ય હૈ. ૧

મેરી કયા હસ્તિ ? જો તુજ પર ગીત બનાઉં,
તુજસે પાએ ફુલ, તુઝી પર આજ ચઢાઉં. ૨

શાસન કા સૌભાગ્ય. સંઘ કી હૈ પુણ્યાઈ,
બાસઠવીં વર્ષી દીક્ષા અબ જો આ રહી. ૩

શતવર્ષી દીક્ષા કા મહોત્સવ હમેં દિખાએ,
યહી પ્રાર્થના આજ પ્રભુ સે હમ સબ ચાહેં. ૪

તેરે દો શબ્દોં સે, દિલકી દુવિધા ભાગી;
ત્યાગ કા મતલબ ધર્મ, ધર્મકા મતલબ ત્યાગી. ૫

યહી કસૌટી સાથમેં લેકર, ઘુમ ફિરો જગ;
મંજિલ હોગી પૂરી, મિલે જબ વીતરાગી. ૬

વીતરાગી કા રાગ તેરી રગ–રગમેં રમાયા,
ઈસી રાગ કા રંગ છિડકને તૂ યહાં આયા. ૭

લક્ષ્ય એક હૈ, ઉલટ કે દેખો, પલટકે દેખો,
સારે પ્રશ્નોં કા ઉત્તર. એક રહેગા દેખો. ૮

તેરે ઉપદેશોં કિ કવિને 'અર્ક' નિકાલી,
ભોજન વહી હૈ રહતા, નિત્ય બદલતી થાળી. ૯

બૈઠે હોતે વ્યાખ્યાનોં મેં, તેરે જબ હમ;
કુછ કુછ હોતી સમવસરણ કી હમ કો ખ્યાલી. ૧૦

બડા અચંબ હોતા, દેખ કે અંતર ભીંજે;
ઈસ જહરીલી આબોહવામેં મોતી નિપજે. ૧૧

'જંબૂ' 'ભાનુ' 'ભદ્રંકર' કી બાત સવાઇ,
એક સે બઢ કર એક મૂર્તિ તુઝ સે હૈ પાઇ. ૧૨

'કનક' કનક કો છોડકર, કનક હો ગએ;
'જિતમૃગાંક' દેખો કિતનોંકે જનક હો ગએ. ૧૩

વર્તમાન કે 'વિષ' કો તૂને ખૂબ હૈ સમઝા,
'વિષ' કા કરો વિમોચન' નહીં પાઓગે સજા, ૧૪

આજ જગત સે જાહર ઉગલતા ત્રાહિ ત્રાહિ સે
નભ હૈ ત્રાસિત,
કંગાલી દારિદ્ર હીનતાસે, વસુધાકા આંગન ભાસિત. ૧૫

એક તો ભૈયા રાત હૈ કાલી, દૂજી અપની તરણી કાલી,
આખ ફાડ કર દેખ રહે હો 'શાસક'કી કરણી ભી કાલી. ૧૬

લક્ષ્મી કાલી બહિયાં કાલી, કાનૂન કી કૈચી ભી કાલી;
રાજનીતિ કી નીતિ કાલી, પ્રેમી કે દિલ પ્રીત ભી કાલી. ૧૭

પાટી કાલી, પુસ્તક કાલી, કોલેજો કી કીર્તિ કાલી;
કાલી લહર, કલ્પના કાલી, ડાલ પૈ બેઠી કોયલ કાલી. ૧૮

આજ સવેરે બોલી અચાનક, કવિ તેરા ભેજા ભી ખાલી;
કાલી કવિતા કયોં કર ગાતા, પાસમેં બેઠા 'તારણહારી'
કાલીકી 'કાલિમા' છુડાને, 'સૌ સૂરજકી જિસ મેં લાલી.' ૧૯

**રામચન્દ્રસૂરીશ્વરજી** કે ઉપદેશોં કી પીલે પ્યાલી;
ભરજાએગા જ્ઞાન સે ભેજા, 'ડિગ્રીયોં' સે હુઆ જો ખાલી. ૨૦

—જુગરાજ રાઠોડ
(સાહિત્યરત્ન)

# -જ્ઞાનપદ ભજીયે રે-

જ્ઞાન બે સમ્યગ્. જ્ઞાન અને મિથ્યા. મોક્ષલક્ષી જ્ઞાન સમ્યગ્. સંસારલક્ષી–સંસારવર્ધક જ્ઞાન મિથ્યા. મિથ્યા હેય. સમ્યગ્ ઉપાદેય.

આ લઘુ ગ્રંથ 'જૈન ધર્મનું વિજ્ઞાન' સમ્યગ્જ્ઞાનનું અંગ છે. મોહજન્ય ઊંધા જ્ઞાનની વિકૃતિઓ સમજાવી, શુદ્ધ આત્મજ્ઞાનને આત્માઓના હૈયામાં સ્થાપન કરવાની એક કોશિષ છે:– સુદેવ[1]–સુગુરુ[2]–સદ્ધર્મ[3]–સાધર્મિક[4]–સક્રિયા[5]ની ઓળખ આપે છે. હેય–ઉપાદેયનું ભાન કરાવે છે. આચાર-વિચાર કર્તવ્યની જાગૃતિ પેદા કરે છે. તીર્થો–પર્વો–પચ્ચક્ખાણની સમજ આપે છે. શુદ્ધ દ્રષ્ટિની ભૌગોલિક વ્યવસ્થાને રજુ કરે છે. સાધર્મિકવાત્સલ્ય–નોકારશી જમણ–અઠ્ઠાઈ મહોત્સવની સુંદરતા અને સાધકતાનું ચિત્ર ખડું કરે છે.

ખાસ કરીને આજનો એજ્યુકેટેડ યુવાન વર્ગ અને સામાન્ય અભ્યાસી–મહાસંસ્કૃતિ અને તેના પાયારૂપ આર્યસંસ્કૃતિના શુદ્ધ–સચોટ વિશ્વહિતકારી આદર્શો અને માર્ગોને સમજી, શક્ય અમલ કરી શકે, તે શુભ હેતુથી આ ગ્રંથમાળાનો પ્રારંભ કરવામાં આવેલ છે.

પહેલી આવૃત્તિની ૪૦૦૦ નકલ, સમ્યગ્જ્ઞાન પ્રેમીઓ દ્વારા પ્રસારિત થઈ જતા, બીજી આવૃત્તિની ૨૦૦૦ નકલ, વીતરાગવાણીના ઉપાસકોના સહકારથી પ્રકાશન પામે છે. હિંદીમાં પણ પ્રગટ કરવાની ભાવના છે. **ભાવના ફળવી સહકાર ઉપર આધાર રાખે છે.** કાગળ–પ્રિન્ટના ભાવો કૂદકે ભૂસકે વધતા જાય છે. માટે બને વિના મૂલ્યે વિત-

રણ થાય છે. એટલે ગ્રંથમાળાના પ્રકાશનો સાદા રૂપમાં, ન્યાયી કરકસરથી પ્રગટ થાય છે.

લેખક મુનિશ્રીના ભવોદધિ તારક પરમોપકારી ગુરૂ ભગવંત શાસ્ત્રસિધ્ધાંત-સંરક્ષક-સમર્થ ગચ્છાધિપતિ આરાધ્યપાદ **શ્રીમદ્ વિજયરામચંદ્ર સૂરીશ્વરજી** મહારાજાની 'ગણધર ગુમ્ફિત' વીતરાગ વાણીની પ્રસાદી રૂપેજ આ ગ્રંથમાળા આલેખાય છે.

**'ઉત્સૂત્ર સમ પાપ ન કોય'** આ પવિત્ર ચેતવણી સૂર-લેખકશ્રીની જેમ અમે પણ આંખ સામે રાખીએ છીએ. છતાં કોઇ પણ દોષ-ભૂલ યા પ્રેસ દોષ ધ્યાન પર લાવનાર મહાનુભાવ આત્માને અમે આવકારીશું.

**જ્ઞાનની ગતિ સરળ અને માયા રહિત નિંર્દંભ જ હોય અને હોવી જોઇએ.** જ્ઞાન-દીવો છે. સૂર્ય છે. સ્વયં આત્મ-પ્રકાશ છે. **સદ્ગુરૂગણ દીવાદાંડી છે.** એ દીવાદાંડીને આધારે સંસારસાગર તરવો છે. આ ભાન-સાન અને જ્ઞાન જીવંત રહે તો કયા આત્મા માટે સંસાર દુસ્તર રહે ?

ગ્રંથમાળામાં સદા સૂચક અને સહાયક અને પ્રસ્તુત ગ્રંથના પ્રેરક પૂ. વિદ્વાન આગમપ્રેમી મુનિરાજશ્રી **રત્નભૂષણ વિ. મ.** નો તેમજ અન્યાન્ય દ્રવ્ય દ્વારા તેમજ શુભ લાગણી દ્વારા-સહાયક આત્માઓની ખૂબ ખૂબ અનુમોદના.

રાગ-દ્વેષ મોહથી સદા પર, સર્વજ્ઞ વીતરાગ પરમાત્માની આજ્ઞાને શિરસાવંદ્ય બનાવી, વિશ્વના આત્માઓ શ્રેયસ્ સાધો-એજ અભિલાષા.

**-પ્રકાશકો.**

ણમો જિણસાસણસ્સ.

# ✠ પૂર્વ કથન ✠

અનંત ઉપકારી પરમતારક શ્રી જિનેશ્વર ભગવંતોએ ઉપદેશેલ સર્વશ્રેષ્ઠ તત્ત્વજ્ઞાન અને સર્વશ્રેષ્ઠ આચારમય પરમ કલ્યાણકર શ્રી વીતરાગ ધર્મની આરાધના દ્વારા ભૂતકાલમાં અનંત આત્માઓ દુઃખની પરંપરાથી સર્વથા મુક્ત થઈને અવ્યાબાધપણે અનંતસુખના સ્વામી બન્યા છે. વર્તમાનમાં મહાવિદેહાદિ ક્ષેત્રોમાં, સંખ્યાબંધ આત્માઓ શ્રી જિનેશ્વર ભગવંતે પ્રરૂપેલ ધર્મની આરાધનામાં પોતાનું સર્વોત્કૃષ્ટ વીર્ય ફોરવીને, ઘાતી-અઘાતી કર્મોની શ્રેણીને ખપાવીને શાશ્વત સુખધામ ભણી સંચરી રહેલ છે. અને ભાવિમાં અનંત આત્માઓ એ રીતે સર્વજ્ઞ વીતરાગ શ્રી તીર્થંકર ભગવંતોએ નિર્દેશેલ ધર્મની આરાધનાથી શ્રી સિદ્ધિસુખના શાશ્વતકાલ ભોકતા બનશે તે નિઃશંક છે.

સર્વશ્રેષ્ઠ કોટિના આચારો તથા સર્વશ્રેષ્ઠ કોટિના વિચારોનો સુભગ, સુખદ તેમજ મંગલકારી સમન્વય જે વિજ્ઞાન સ્વરૂપ કહેવાય છે, આવું સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ ક્રિયારૂપ વિજ્ઞાન શ્રી જૈનશાસન સિવાય અન્યત્ર કયાંયે નથી. તેથી જ કહી શકાય કે, જૈનદર્શન એટલે સર્વશ્રેષ્ઠ કોટીના લોકોત્તર આચારો તથા સર્વશ્રેષ્ઠ કોટીના લોકોત્તર વિચારોની પ્રરૂપણા કરતું લોકોત્તર ધર્મદર્શનઃ તે સિવાયના જગતના તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન કે શિક્ષણનીઃ તેના સંસ્કારો, કેળવણી કે તેની સંસ્કૃતિની બધી વાતો કેવલ વાહિયાત છે, મૂલ વિનાની શાખા જેવા અને 'મે માતા વંધ્યા' જેવા આકાશકુસુમની જેમ ભ્રાંતિમૂલક છે. શિક્ષણનું, સંસ્કાર કે સંસ્કૃતિનું:

તત્ત્વજ્ઞાન કે વિજ્ઞાનનું સાચું કલ્યાણકર તથા સર્વહિતકાર સ્વરૂપ સમજીને આત્માના અભ્યુત્થાન માટે, ક્રાંતિ કે ઉત્ક્રાંતિના સાચા સ્વરૂપને જાણીને વાસ્તવિક પ્રગતિને માટે પ્રયત્નશીલ બનવાનો સફલ પુરૂષાર્થ જૈનદર્શનને જાણ્યા સિવાય ત્રણેય કાલમાં સંભવિત નથી. માટે જ કેવલ અસાર એવા સંસારના દુઃખરૂપ એવા સુખાભાસ સ્વરૂપ પૌદ્ગલિક સુખોની સાચી પિછાણ જૈનદર્શનના તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ વિના અસંભવિત છે. અને તેથી જ સંસારના સઘળાએ પૌદ્ગલિક સુખોને અસારરૂપે જણાવીને તેના ત્યાગનો સાચો પુરુષાર્થ જૈનદર્શને ઉપદેશ્યો છે.

આવા સર્વકલ્યાણકર જૈનદર્શનને સમજવા માટે સાદી રીતે અને સરળતાથી જાણવા માટે પ્રસ્તુત પ્રકાશન ખરેખર માર્ગદર્શક (ગાઇડ) ની ગરજ સારે છે. ટુંકમાં ગાગરમાં સાગરની જેમ જૈનધર્મનું તત્ત્વજ્ઞાન પ્રસ્તુત પુસ્તકમાં સુબોધ અને સુવાચ્ય શૈલીમાં લેખક મુનિરાજ શ્રી ભુવનચંદ્રવિજયજીએ ખૂબ જ સુંદર બાલભોગ્ય સુબોધ શૈલીએ પ્રવાહબદ્ધ લેખિની દ્વારા સુરેખ પધ્ધતિએ સંકલિત કરેલ છે.

આ પ્રકાશન ખરેખર મનનીય પ્રેરણાદાયી તથા બોધપ્રદ છે. પાંચ વિભાગમાં પ્રસિદ્ધ થયેલ જૈનધર્મના વિજ્ઞાન વિષયક આ પુસ્તકના પ્રથમ વિભાગમાં શ્રી જૈનધર્મના આરાધક આત્માઓને જૈનધર્મના તત્ત્વજ્ઞાનની આછી–પાતળી સમજણની સાથે તેના અનુષ્ઠાનોને અંગે પણ ઉપયોગી તથા ઉપકારક હકીકતો આ વિભાગમાં સંકલિત કરાઈ છે. તે જ રીતે સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ ક્રિયાના તત્ત્વજ્ઞાનસ્વરૂપ વિજ્ઞાનનો સુભગ સમન્વય આ વિભાગમાં ચર્ચેલો જોઈ શકાય છે.

અનિત્યાદિ બાર ભાવના, મૈત્ર્યાદિ ચાર ભાવના તેમજ પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ અને આઠ પ્રકારના કર્મો તથા મહાપ્રભાવક તીર્થો ઈત્યાદિ વિષયોની ટુંકી પણ મર્મસ્પર્શી છણાવટથી આ વિભાગ સમૃદ્ધ બન્યો છે. તદુપ-રાંત છ દ્રવ્યોનું સ્વરૂપ ઈત્યાદિ જૈનધર્મના તત્ત્વજ્ઞાન તથા તેની આચાર વ્યવસ્થાને પણ જ સુંદર ને સર્વજનગ્રાહ્ય શૈલીએ કેટલાક મુનિરાજશ્રીઓએ અહિં સંકલિત કરેલ છે.

પુસ્તકના બીજા વિભાગમાં જૈનદૃષ્ટિએ વિશ્વવ્યવસ્થાનું સુંદર નિરૂપણ થએલ જોઈ શકાય છે. જે જોતાં-જાણતાં સહેજે સમજી શકાશે કે જૈનદર્શનની તત્ત્વ વ્યવસ્થા એ સર્વજ્ઞ ભગવંતોની પ્રરૂપેલ છે. અનંતા શ્રી તીર્થંકર ભગવંતોએ ભૂતકાળમાં પોતાના અનંતજ્ઞાન દ્વારા અવલોકીને જે ફરમાવ્યું-વર્તમાનમાં મહાવિદેહ ક્ષેત્રોમાં જે સર્વજ્ઞ તીર્થંકરભગવંતો ફરમાવી રહ્યા છે. ને ભાવિમાં અનંતાનંત શ્રી તીર્થંકરદેવો જે ફરમાવશે. તે બધું કાલ માટે તેજ છે. તેમાંયે પરસ્પર ભેદ જ ફેરફાર નહિં. તેમની પાસેથી અર્થરૂપે ગ્રહણ કરીને ભૂતકાળમાં અનંત ગણધર ભગવંતોએ જે સૂત્રરૂપે ગૂંથ્યું. વર્તમાનમાં વિચરતા ગણધર ભગવંતો જે ગૂંથીને દ્વાદશાંગી રૂપે પોતાની શિષ્ય-પ્રશિષ્યાદિની પરંપરા માટે પ્રદાન કરી રહ્યા છે. ને ભાવિમાં અનંત ગણધર ભગવંતો જે સૂત્રરૂપે ગૂંથશે તે અર્થરૂપે સર્વ કાલ માટે તેજ પ્રમાણ રહેશે.

જૈનશાસનની આ અર્થમૂલક પરંપરા જે રીતે ત્રિકાલા-બાધિત અવિચ્છિન્નપણે ચાલી રહી છે. તેથી તેની અનુપમ, અદ્વિતીય અને અનન્ય જેવી આ તત્ત્વજ્ઞાન તથા આચારમૂલક [illegible] અવિચ્છિન્ન ત્રિકાલાબાધિત પરંપરાની મહત્તા છે. કેવલજ્ઞાન દ્વારા જગતની ત્રણેય લોકની સુસંવાદિ માહિતિ ગણિતાનુયોગ નામના ચોથા અનુયોગને જણાવતા સિદ્ધાંત

ગ્રંથોમાં યથાર્થરૂપે છે. તેનું નિરૂપણ આ વિશ્વવ્યવસ્થા નામના વિભાગમાં રસપ્રદ પદ્ધતિએ ને સુબોધ શૈલીએ લેખક મુનિરાજશ્રીએ કરેલ છે. પ્રસ્તુત પુસ્તકના ત્રીજા વિભાગમાં આવશ્યક સૂત્રો વિષે ગંભીરતાપૂર્વક મનન–ચિંતનરૂપે પદાર્થ-બોધ લેખક મુનિરાજશ્રીએ રજૂ કરેલ છે, જે અનુષ્ઠાનોના આદર ધરાવનાર શ્રદ્ધાભાવિત જીવોને રસદાયી ને શ્રી જિનેશ્વર ભગવંતના પરમતારક ધર્માનુષ્ઠાનો પ્રત્યેની શ્રદ્ધાની દૃઢતા કરાવવા માટે ખૂબ જ મનનપૂર્વક વિચારવા જેવો છે.

ચોથો વિભાગ પ્રસ્તુત પુસ્તકના બધા વિષયોની સંકલનાના શિખર પર કલશના જેવો ખુબ જ મહત્ત્વનો છે. જૈન દર્શનનાં હાર્દને સમજવા માટે તથા જૈનદર્શનના સમ્યગ્ શ્રદ્ધામાર્ગથી વર્તમાનના વિષમ વાતાવરણમાં જે જે ચલિત કરનારા પ્રશ્નો, ગુંચો ને મૂંઝવણો છે તે વિષે શ્રી વીતરાગ પરમાત્માના માર્ગમાં દૃઢ કરવા માટેનો મર્મગ્રાહી અને શાસ્ત્રીય ઉકેલ આ વિભાગમાં ખુબ જ મનોમુગ્ધકર બાલભોગ્ય શૈલીએ લેખક મુનિપ્રવરશ્રીએ આલેખેલ છે.

ને છેલ્લા વિભાગમાં જૈનદર્શનની સાહિત્ય વિષયક આછી પાતળી વિચારણા બાદ પર્વોની મહત્તા તથા પર્વના અનુષ્ઠાનો વિષે મહત્ત્વની વાતો જણાવાઈ છે.

એકંદરે પ્રસ્તુત ગ્રંથરત્નના પાંચ વિભાગો વર્તમાન કાલના અલ્પજ્ઞાની વિશેષજ્ઞાની કે અજ્ઞાની-સર્વ કોઇ જિનશાસનરસિક ધર્માત્માઓને અનંત ઉપકારી પરમતારક શ્રી જિનેશ્વર ભગવંતના શાસન પ્રત્યે દૃઢ અનુરાગ પ્રગટાવવામાં આલંબન રૂપ છે. ને અનંત ઉપકારી પરમતારક શ્રી વીતરાગ પરમાત્માના ધર્મ પ્રત્યેની શ્રદ્ધાથી ચલિત થયેલા કે

થતા ધર્મરૂચિ જીવોને શ્રી વીતરાગ ભાષિત સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ક્રિયા માર્ગમાં વધુ ને વધુ પરિણત બનાવનાર છે. તથા દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ ચરણકરણાનુયોગ તેમજ ધર્મકથાનુયોગ રૂપ શ્રી જિનેશ્વરદેવના શ્રુતજ્ઞાન સમસ્તની વાનગીનો સ્વાદ ચખાડનાર અને જૈન તત્વજ્ઞાનને પામવા માટેના પ્રવેશદ્વાર જેવા આ ન્હાના પણ વિષય નિરૂપણ દૃષ્ટિએ મહત્વના અને ઉપકારક ગ્રંથનું સર્વ કોઈ તત્વના ખપી જિજ્ઞાસુ આત્માઓએ મનન-ચિંતન તથા નિદિધ્યાસન કરવા દ્વારા જીવનના આધ્યાત્મિક ઉર્ધ્વગમન માટે ઉપકારક ગ્રંથનું અવલોકન કરવું આવશ્યક છે.

પ્રસ્તુત ગ્રંથરત્નના વિષયની સંયોજનામાં જેમણે પ્રેરણા કરી છે. ને તેના પ્રકાશનમાં જેમણે સાદ્યંત રસ લીધેલ છે, તે વિદ્વાન મુનિવર્ય **શ્રી રત્નભૂષણવિજયજી**ની સાહિત્યરૂચિ પ્રશંસાપાત્ર છે. તેઓ પરમપૂજ્ય આગમગ્રંથો તથા સિદ્ધાંત ગ્રંથોના હસ્તલેખનની પ્રવૃત્તિમાં ઉંડો ઉત્સાહ દાખવી વર્તમાનકાલમાં યાંત્રિક યુગની હવાથી દોરવાઈ જવા દ્વારા જૈનસિધ્ધાંતગ્રંથો ને શ્રુતજ્ઞાનની આરાધના રક્ષા તથા પ્રભાવનાની પ્રવૃત્તિઓ પ્રત્યે જેઓ છતી શક્તિએ ઉપેક્ષાભાવ કે વિપરીત પ્રવૃત્તિઓ દ્વારા અવજ્ઞાભાવ તરફ ખીંચાઇ રહેલ છે તેવા આત્માઓને ખરેખર પ્રેરણા રૂપ બની રહેલ છે; તે મુનિરાજશ્રીના લાગણીભર્યા પ્રોત્સાહનથી-પૂજ્યપાદ પરમતારક પરમારાધ્યપાદ પરમશાસન પ્રભાવક વ્યાખ્યાન વાચસ્પતિ પરમગુરૂદેવ આચાર્ય ભગવંત શ્રીમદ્ **વિજયરામચંદ્રસૂરીશ્વરજી** મહારાજશ્રીના શિષ્યરત્ન વિદ્વાન લેખક મુનિરાજ શ્રી ભુવનચંદ્રવિજયજીએ ખાસ પરિશ્રમ લઇને આ ગ્રંથરત્નને

તૈયાર કરેલ છે. ને તેમનો ખંતપૂર્વકનો સર્વ મુમુક્ષુ જીવો પ્રત્યેની કલ્યાણ કામના માટેનો આ પરિશ્રમ ખરેખર ખૂબ બહુમાનપૂર્વક પ્રશંસા માંગી લે છે.

પૂ. પાદ ગચ્છાધિપતિ પરમ ગુરૂદેવશ્રીના પટ્ટવિભૂષક વિદ્વદ્વર્ય આ. મ. શ્રી **વિજયજિતમૃગાંકસૂરિજીને** (પ્રથમાવૃત્તિ) સમર્પિત થયેલ ને તેઓના શિષ્યરત્ન વિદ્વાન મુનિવર્ય શ્રી **રત્નભૂષણવિજયજી**ની પ્રેરણાથી પ્રસિદ્ધ થતો આ ગ્રંથ સર્વ કોઈ આત્મકલ્યાણકામી જિનશાસનરસિક મુમુક્ષુ જીવોને મોક્ષમાર્ગના અનન્ય સાધન શ્રી રત્નત્રયીની આરાધનામાં પ્રેરક બનીને વર્તમાનના વિષમય વિષમ વાતાવરણમાં સુદેવ, સુગુરૂ તથા સુધર્મરૂપ તત્ત્વત્રયીની ખૂબ-ખૂબ સેવા ઉપાસના ને કલ્યાણકર નિશ્રા દ્વારા શીઘ્રપણે અચલ-અનંત-અક્ષય અવ્યાબાધ સ્વરૂપ સિદ્ધિગતિ સ્થાનની પ્રાપ્તિમાં સહાયક બનો! એ જ એક મંગલ કામના.

આસો શુદ ૧૦ રવિવાર
વીર સં. ૨૪૯૯
જૈન જ્ઞાનમંદિર,
નાથાલાલ એમ. પારેખ માર્ગ,
અરોરા પાસે, **માટુંગા.**
મુંબઈ-૪૦૦,૦૧૯
તા. ૭-૧૦-૭૩

નિવેદક :

પૂ. પાદ પરમ તારક પરમ કૃપાસાગર પરમગુરૂદેવ ગચ્છાધિપતિ આચાર્યભગવંત શ્રી **વિજયરામચંદ્રસૂરીશ્વરજી** મહારાજશ્રીના શિષ્યાણુ આ.વિ. **કનકચંદ્રસૂરિ.**

# ※ વિષયાનુક્રમણિકા ※

## વિભાગ પહેલો.


| અ.નં. | વિષય | પેજ | અ.નં. | વિષય | પેજ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી જૈન ધર્મની સમજ | ૧ | ૧૭ | પ્રભાતનું કર્તવ્ય | ૧૨ |
| ૨ | ધર્મ એટલે શું | ૨ | ૧૮ | પ્રાતઃ પૂજા દર્શન-વંદન | ૧૩ |
| ૩ | ધર્મના સાધનો કયા ? | ૨ | ૧૯ | મધ્યાન્હ પૂજા-ભક્તિનો રંગ | ૧૩ |
| ૪ | શ્રી જિન મંદિર-શ્રી જિન મૂર્તિ શા માટે | ૪ | ૨૦ | વેપાર-ધંધાને અવકાશ | ૧૪ |
| ૫ | સાથીયો શા માટે | ૫ | ૨૧ | લક્ષ્મી પુણ્યાધીન જ છે | ૧૪ |
| ૬ | સમ્યગ્દર્શન એટલે શું ? | ૬ | ૨૨ | શ્રી તીર્થંકર ભગવંતો કેટલા ? | ૧૫ |
| ૭ | સમ્યગ્જ્ઞાન કોને કહેવાય | ૬ | ૨૩ | ભગવંત શ્રી મહાવીરદેવ | ૧૭ |
| ૮ | સમ્યગ્ચારિત્ર શું ચીજ છે? | ૭ | ૨૪ | ગણધર ભગવંતોની ગીતિ | ૨૩ |
| ૯ | ચૈત્યવંદન શા માટે ! | ૭ | ૨૫ | આર્ય શ્રી ભદ્રબાહુસ્વામી ૧૪ પૂર્વધર | ૨૪ |
| ૧૦ | હંમેશ ગુરૂવંદન કરવું જ જોઇએ ? | ૮ | ૨૬ | આર્ય સ્થૂલભદ્રસ્વામી ૧૦+૪ પૂર્વધર | ૨૪ |
| ૧૧ | જૈન શાસને સમર્પિત મહાત્માઓ સમ્યક્ત્વ પર ભાર શાથી મૂકે છે | ૮ | ૨૭ | આર્ય વજ્રસ્વામી છેલ્લા દશ પૂર્વધર | ૨૫ |
| ૧૨ | ગુરૂ આદિના મુખે પચ્ચક્ખાણ શા માટે ? | ૧૦ | ૨૮ | શાસન પ્રભાવક શ્રી શ્રુતધરસૂરિ પુરંદરો | ૨૬ |
| ૧૩ | વ્યાખ્યાન-શાસ્ત્રવાણી રોજ સાંભળવાની | ૧૦ | ૨૯ | શ્રી પંચપરમેષ્ઠિના મુખ્ય ગુણો | ૨૭ |
| ૧૪ | સામાયિકનું રહસ્ય શું છે ? | ૧૧ | ૩૦ | શ્રાવક કોને કહેવાય ? | ૨૯ |
| ૧૫ | પ્રતિક્રમણ અતિ આવશ્યક છે ? | ૧૧ | ૩૧ | શ્રાવકનું સ્થાન | ૩૦ |
| ૧૬ | રાત્રે સૂતી વખતે શું કરવું ? | ૧૨ | ૩૨ | શું શ્રી સાધ્વીજી ભૂલાયા છે ? | ૩૧ |

| અ.નં. | વિષય | પેજ |
|---|---|---|
| ૩૩ | તપનું આટલું બધું મહાત્મ્ય કેમ | ૩૧ |
| ૩૪ | નવપદજીનો મહિમા | ૩૪ |
| ૩૫ | શ્રી શાશ્વતી નવપદજીની ઓળીજી | ૩૫ |
| ૩૬ | ત્રણ ચાતુર્માસિક અઠ્ઠાઇઓ | ૩૬ |
| ૩૭ | શ્રી પર્યુષણા મહાપર્વ | ૩૬ |
| ૩૮ | દાનાદિ ધર્મ | ૩૭ |
| ૩૯ | બાર ભાવનાનું સ્વરૂપ | ૩૮ |
| ૪૦ | મૈત્રી આદિ ચાર ભાવનાઓ | ૪૧ |
| ૪૧ | પાંચ મહાવ્રત અમૂલ્ય શા માટે? | ૪૩ |
| ૪૨ | પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ | ૪૫ |
| ૪૩ | ચૌદગુણ સ્થાનકોનું સ્વરૂપ | ૪૭ |
| ૪૪ | ઘાતિ અઘાતિ કર્મો | ૫૨ |
| ૪૫ | કર્મ સાહિત્ય અને આજનું વિજ્ઞાન | ૫૪ |
| ૪૬ | શ્રી સંઘ અને કર્તવ્ય દિશા | ૫૫ |
| ૪૭ | આપણા મહાપ્રભાવક તીર્થો | ૫૬ |
| ૪૮ | એ 'આશાતના' શું? | ૫૯ |
| ૪૯ | જ્ઞાન અને જ્ઞાનના ભેદ | ૬૦ |
| ૫૦ | જ્ઞાનીને ક્રિયાની જરૂર ખરી? | ૬૨ |
| ૫૧ | પ્રતિક્રમણના પ્રકાર | ૬૪ |
| ૫૨ | રોજ ૧૪ નિયમો ધારવાનું શું? | ૬૫ |
| ૫૩ | શ્રાવકનાં બાર વ્રતો | ૬૭ |
| ૫૪ | મહાપાપનાં સ્થાન-સાત વ્યસનો | ૭૦ |
| ૫૫ | આઠ મદ | ૭૦ |
| ૫૬ | ચાર સંજ્ઞાઓ | ૭૦ |
| ૫૭ | ચારની સામે ચાર | ૭૧ |
| ૫૮ | સાત ભય | ૭૧ |
| ૫૯ | પાંચ દાન | ૭૨ |
| ૬૦ | સમ્યક્ત્વના પાંચ લક્ષણ | ૭૩ |
| ૬૧ | ૨૨ અભક્ષ્ય અને ૩૨ અનંતકાય | ૭૪ |
| ૬૨ | જીવ વિચાર | ૭૫ |
| ૬૩ | જીવોના મુખ્યતયા ૫૬૩ ભેદ જાણવા જેવા છે | ૭૭ |
| ૬૪ | ૮૪ લાખ જીવયોનિ યાને ચોરાસીનું ચક્કર | ૭૭ |
| ૬૫ | છ દ્રવ્યો | ૮૦ |
| ૬૬ | જ્ઞાન શા માટે? | ૮૧ |


## વિભાગ બીજો


| અ.નં. | વિષય | પેજ |
|---|---|---|
| ૬૭ | વિશ્વ વ્યવસ્થા | ૮૩ |
| ૬૮ | નિગોદ | ૮૫ |
| ૬૯ | ભવ્યાત્મા | ૮૬ |

| અ.નં. | વિષય | પેજ |
| --- | --- | --- |
| ૭૦ | કાળગણના | ૮૮ |
| ૭૧ | કુદરતનું ગણિત | ૮૯ |
| ૭૨ | કાળનું ગતિમાન ચક્ર | ૮૯ |
| ૭૩ | વિશ્વ ભૌગોલિક વ્યવસ્થા (ચૌદરાજ લોક) | ૯૧ |
| ૭૪ | સાત નરકાદિનાં સ્થાન | ૯૨ |
| ૭૫ | સાત નરકનું વર્ણન | ૯૩ |
| ૭૬ | ભવનપતિ દેવો | ૯૩ |
| ૭૭ | વ્યંતર વાન વ્યંતર | ૯૪ |
| ૭૮ | તિર્ચ્છાલોકનું વર્ણન | ૯૪ |
| ૭૯ | જ્યોતિષ્ક દેવો | ૯૫ |
| ૮૦ | વૈમાનિક દેવો | ૯૫ |
| ૮૧ | ૬૪ ઇન્દ્રોની ગણત્રી | ૯૬ |
| ૮૨ | લોકાંતિક દેવો | ૯૬ |
| ૮૩ | તિર્યગ્જૃંભક દેવો | ૯૬ |
| ૮૪ | તિર્ચ્છાલોક | ૯૬ |
| ૮૫ | ૧૫ કર્મભૂમિ-માનુષોત્તર પર્વત | ૯૭ |
| ૮૬ | ૩૦ અકર્મભૂમિ | ૯૭ |
| ૮૭ | સંમૂચ્છિંમ મનુષ્યો | ૯૮ |
| ૮૮ | પર્યાપ્ત-અપર્યાપ્ત | ૯૯ |
| ૮૯ | નંદીશ્વર દ્વીપ | ૯૯ |
| ૯૦ | સ્વયંભૂરમણ મહાસાગર | ૯૯ |
| ૯૧ | મહાવિદેહ ક્ષેત્ર | ૯૯ |
| ૯૨ | ૧૭૦ શ્રી તીર્થંકર ભગવંતો | ૧૦૦ |
| ૯૩ | સિદ્ધશીલા | ૧૦૦ |
| ૯૪ | યુગલીઆ | ૧૦૧ |
| ૯૫ | ગ્રહનક્ષત્રાદિ | ૧૦૨ |
| ૯૬ | કિલ્બિષિક દેવો | ૧૦૨ |
| ૯૭ | લોકવૃત્તિ | ૧૦૨ |
| ૯૮ | પૈસાપાછળની પાગલતા | ૧૦૩ |
| ૯૯ | કૃત્રિમ આરોપ | ૧૦૪ |
| ૧૦૦ | આત્મા અને દેહ | ૧૦૫ |
| ૧૦૧ | શાશ્વત જિનાલયો અને જિનબિંબો | ૧૦૬ |
| ૧૦૨ | દેવલોકની સામાન્ય પરિસ્થિતિ | ૧૦૭ |
| ૧૦૩ | ૧૨ ચક્રવર્તીઓ | ૧૦૯ |
| ૧૦૪ | ૯ વાસુદેવો-પ્રતિ વાસુદેવો | ૧૧૦ |
| ૧૦૫ | ૯ બળદેવો | ૧૧૦ |


## વિભાગ ત્રીજો


| અ.નં. | વિષય | પેજ |
| --- | --- | --- |
| ૧૦૬ | શ્રી પ્રતિક્રમણ સૂત્રો (સંક્ષિપ્ત ભાવાર્થ) | ૧૧૧ |
| ૧૦૭ | ૧૩બોલ સ્થાપનાચાર્યના | ૧૩૭ |
| ૧૦૮ | ૫૦ બોલ મુહપત્તિના | ૧૩૮ |


## વિભાગ ચોથો


| અ.નં. | વિષય | પેજ |
| --- | --- | --- |
| ૧૦૯ | મહાશાસન એટલે શું? | ૧૩૯ |
| ૧૧૦ | મહાશાસનથી જ મુક્તિ મળે? | ૧૪૧ |

| અ.નં. | વિષય | પેજ |
|---|---|---|
| ૧૧૧ | મુક્તિમાં સુખ શું છે? | ૧૪૨ |
| ૧૧૨ | પુણ્ય પણ એક બંધન છે? | ૧૪૩ |
| ૧૧૩ | દર્શન-પૂજનથી આત્માને શો લાભ? | ૧૪૪ |
| ૧૧૪ | નવઅંગની પૂજાની મહત્તા | ૧૪૫ |
| ૧૧૫ | અષ્ટપ્રકારી પૂજામય ઉપાસના | ૧૪૬ |
| ૧૧૬ | ભાવપૂજા ભવનાશિની | ૧૪૯ |
| ૧૧૭ | ઘંટાનાદ અને કાંસી-જોડાનું રહસ્ય | ૧૪૯ |
| ૧૧૮ | તન્તુવાદ્યો | ૧૫૧ |
| ૧૧૯ | અંજનશલાકા પ્રતિષ્ઠા | ૧૫૨ |
| ૧૨૦ | ધન કેવું જોઇએ | ૧૫૫ |
| ૧૨૧ | ધન વિના ધર્મ થઇ શકે નહિ? | ૧૫૭ |
| ૧૨૨ | સમાજ ધર્મ અને લક્ષ્મીનંદનો | ૧૫૮ |
| ૧૨૩ | શું ધર્મ ઝઘડા કરાવે છે? | ૧૫૯ |
| ૧૨૪ | ધર્મ રાષ્ટ્ર ને ઉપકારક છે | ૧૬૦ |
| ૧૨૫ | ક્રિયાઓમાં ધર્મ કેમ મનાયો | ૧૬૧ |
| ૧૨૬ | લાડુનું દૃષ્ટાંત | ૧૬૧ |
| ૧૨૭ | એકલું ધ્યાન ન ચાલે? | ૧૬૨ |
| ૧૨૮ | આજે શ્રી તીર્થંકર દેવો ક્યાં છે? | ૧૬૩ |
| ૧૨૯ | ભાલ તિલકની ભવ્યતા | ૧૬૪ |
| ૧૩૦ | આરતી-મંગલ દીવો | ૧૬૫ |
| ૧૩૧ | ચામર ઢાળવા | ૧૬૫ |
| ૧૩૨ | શ્રી જિનેશ્વરદેવનાં પાંચ કલ્યાણકો | ૧૬૬ |
| ૧૩૩ | ચૌદ સ્વપ્નોનું રહસ્ય | ૧૬૯ |
| ૧૩૪ | પ્રભુ શ્રી ગૃહસ્થ જીવન કેમ જીવે? | ૧૭૦ |
| ૧૩૫ | પ્રભુશ્રીનું દીક્ષિત છદ્મસ્થ જીવન | ૧૭૨ |
| ૧૩૬ | શ્રી તીર્થંકર દેવોનું ઉપકારક આચરણ | ૧૭૩ |
| ૧૩૭ | આગમવાચન માટે બંધન કેમ? | ૧૭૪ |
| ૧૩૮ | સાધુ અને જ્ઞાનના વિરોધી? | ૧૭૬ |

## વિભાગ પાંચમો

| અ.નં. | વિષય | પેજ |
|---|---|---|
| ૧૩૯ | જૈન શાસનનું સાહિત્ય | ૧૭૭ |
| ૧૪૦ | શ્રી જ્ઞાનપંચમી પર્વ | ૧૭૮ |
| ૧૪૧ | શ્રી મૌનએકાદશી પર્વ | ૧૭૯ |
| ૧૪૨ | શ્રી પોષદશમી પર્વ | ૧૭૯ |
| ૧૪૩ | શ્રી મેરુ તેરસ | ૧૭૯ |
| ૧૪૪ | શ્રી અક્ષયતૃતીયા | ૧૭૯ |

| અ.નં. | વિષય | પેજ | અ.નં. | વિષય | પેજ |
|---|---|---|---|---|---|
| ૧૪૫ | શ્રી દીવાળી પર્વ | ૧૮૦ | ૧૬૧ | અઠ્ઠાઈ મહોત્સવો | ૧૯૭ |
| ૧૪૬ | બેસતું વર્ષ | ૧૮૦ | ૧૬૨ | સાધર્મિક વાત્સલ્યો | ૧૯૯ |
| ૧૪૭ | તિથિઓ–પર્વતિથિઓ | ૧૮૧ | ૧૬૩ | એક અનોખો પ્રકાર | ૨૦૧ |
| ૧૪૮ | પચ્ચક્ખાણમાં શું આવે છે? | ૧૮૨ | ૧૬૪ | સાધર્મિક શ્રાવિકા સધવા યા વિધવા | ૨૦૨ |
| ૧૪૯ | કર્મબંધનના હેતુ | ૧૮૪ | ૧૬૫ | વરઘોડાની વિશેષતા | ૨૦૪ |
| ૧૫૦ | કર્મ રોકવાના સાધનો | ૧૮૫ | ૧૬૬ | પ્રભાવના | ૨૦૬ |
| ૧૫૧ | ૬ લેશ્યા | ૧૮૫ | ૧૬૭ | શ્રી સંઘ પૂજા | ૨૦૭ |
| ૧૫૨ | ૧૦ પ્રાણો | ૧૮૭ | ૧૬૮ | સાત ક્ષેત્ર | ૨૦૮ |
| ૧૫૩ | ૬ પર્યાપ્તિ | ૧૮૭ | ૧૬૯ | અનુકંપા | ૨૧૦ |
| ૧૫૪ | દેવાધિદેવ શ્રીમદ્ તીર્થંકર દેવો | ૧૮૮ | ૧૭૦ | ઉપધાન તપ | ૨૧૨ |
| ૧૫૫ | અરિહંતના બાર ગુણો | ૧૮૯ | ૧૭૧ | દેવ દ્રવ્ય | ૨૧૪ |
| ૧૫૬ | ૩૪ અતિશયો | ૧૯૦ | ૧૭૨ | ફંડ અને ફાળા | ૨૧૭ |
| ૧૫૭ | ૩૫ ગુણ વાણીના | ૧૯૧ | ૧૭૩ | ઉત્થાન પતન ઉત્થાન | ૨૧૮ |
| ૧૫૮ | સિદ્ધ ભગવંતો | ૧૯૨ | ૧૭૪ | શાસનપતિનો અનંત ઉપકાર | ૨૨૦ |
| ૧૫૯ | તીર્થસ્થાનોનો મહિમા | ૧૯૩ | ૧૭૫ | ૐ હ્રીં માં શું છે? | ૨૨૨ |
| ૧૬૦ | છ'રી પાળતો સંઘ | ૧૯૫ | | | |

# -: પ્રકાશન અંગે :-

પરમપ્રભુના મહાશાસનને મહાપુણ્યોદયે પામેલ, પુણ્યશાલી આત્માઓ, વિશ્વકલ્યાણકારી વીતરાગ પરમાત્મા કથિત શુદ્ધાતિ શુદ્ધ તત્ત્વમય સદ્‌ધર્મના સંપૂર્ણ શ્રદ્ધાવાળા બને, યથાશક્તિ વિધિપૂર્વક તે સદ્‌ધર્મ ક્રિયાત્મકરીતે આચારમાં -અમલમાં મૂકતા બને. એ છે એક નિર્મળ ઉદ્દેશ-લક્ષ્ય -ધ્યેય આ ગ્રંથમાળાનો.

ગ્રંથમાળાના આઠ પ્રકાશનો પ્રગટ થઈ ગયા છે. દશ પ્રકાશન પામવાની તૈયારીમાં છે. આ **'જૈન ધર્મનું વિજ્ઞાન'ની** બીજી આવૃત્તિ તેમાનું જ એક પ્રકાશન છે. અમને આનંદ એ છે કે આ પ્રકાશનોમાં-સમ્યગ્‌જ્ઞાન પ્રચારક --બનેલા-ભાગ્યશાળી આત્માઓ, કોઈ પણ પ્રકારની ખાસ પ્રેરણા શિવાય, સ્વયમ્‌ પોતાની જ્ઞાન-ભક્તિ-અને આત્મ-તારક જ્ઞાન પ્રચારની તમન્નાથી સહાયક અને પ્રેરક બની રહ્યા છે.

ખૂબી તો એ છે કે-સમ્યગ્‌ જ્ઞાન પ્રચારક-તરીકે તેઓના નામ નિર્દેશ પણ અમે અમારી ઈચ્છાથી કૃતજ્ઞતા ગુણ આંખ સામે રાખી, કરીએ છીએ. તેમાં પણ જ્યારે કેઈક નામ-નિર્દેશ માટે ના પાડે છે. ત્યારે અમે વિચારમાં પડી જઈએ છીએ. ભક્તિ તરીકે પૂજ્યો-વડીલો કે વિશિષ્ટ ધર્મ પ્રસંગની પ્રતિકૃતિ મૂકવાની ઇચ્છાને અમે સ્વીકારીએ છીએ. તેમાં પણ માર્ગાનુસારીતા અને શ્રદ્ધાપૂત પ્રસંગોને જ સ્થાન આપવા પૂરતી કાળજી રાખીએ છીએ.

છતાં-પ્રકાશનની કોઈ પણ બાબતમાં-કોઈ વિશિષ્ટ ભૂલ બાબત અમારો 'મિથ્યા દુષ્કૃત્‌' છે જ અને ભૂલ તરફ ધ્યાન દોરનાર આત્મા તરફ અમારો અહોભાવ છે અને રહેશે.

**પ્રકાશકો**

णमोऽत्थु णं ममणस्स भगवओ महावीरस्स ॥

# શ્રી જૈનધર્મનું વિજ્ઞાન

## સાદી સરલ સમજ અને ઉત્થાન માર્ગ

## વિભાગ પહેલો.

### શ્રી જૈનધર્મ વિષેની સમજણ :

શ્રી જૈનધર્મ અનાદિ કાળથી છે. ક્યારે પણ ન્હોતો એમ નહિ. હતો હતો અને હતો. હશે હશે અને હશે. કાળ એક સાયકલ છે. એને પણ પૈડાં બે. ઉત્સર્પિણી અને અવસર્પિણી. પહેલામાં રસ કસ હૈયાના ભાવ વધતા રહે. બીજામાં ઘટતા રહે. આપણે અત્યારે ઘટતા કાળમાં છીએ. તેમાં પહેલા તીર્થંકર ભગવાન શ્રી રૂષભદેવ થયા. નાભિરાજા પિતા. મરૂદેવી માતા.

તે વખતે મનુષ્યો ફળાદિ ખાઇ જીવતા. ફળો બહુ ઉત્તમ સ્વાદિષ્ટ અને શરીરને પુષ્ટ રાખનાર. ઘર જેવા વૃક્ષોમાં રહેતા. લોભ નહિ. ઝાઝો ક્રોધ પણ નહિ. સરળ–સાદા અને મળતાવડા. વૃક્ષો ઘટ્યાં. ફળો ઘટ્યાં. અનાજ ખાવું શરૂ થયું, બીજી બધી કળાઓ ભગવાન શ્રી રૂષભદેવસ્વામીએ શીખવાડી.

ભગવાન શ્રી રૂષભદેવ સ્વામી સાધુ થઇ ગયા. રાજ્ય-પાટ છોડીને. ભિક્ષા આપવામાં કોઇ સમજે નહિ. ૧૩–૧૩ મહિનાના ઉપવાસ થયા. વર્ષીતપના પારણા શ્રેયાંસકુમારે કરાવ્યા, નિર્દોષ શેરડીના રસથી. પરમાત્મા શ્રી રૂષભદેવને સારાએ વિશ્વનું જ્ઞાન પ્રગટ થયું, દેવ–દાનવ–માનવને ધર્મ સમજાવ્યો. કેટલાક પશુ પંખી પણ સમજ્યા. આ ધર્મ તે જૈનધર્મ. રાગદ્વેષ–મોહને જીતનાર શ્રી જિનેશ્વરે કહ્યો માટે જૈનધર્મ. આત્માના દુશ્મનોને હણ્યા માટે અરિહંત. 'नमो अरिहंताणं' 'અરિહંતોને નમસ્કાર' એ પણ ધર્મ. આ રીતે આ કાળમાં ધર્મની શરૂઆત થઈ.

## ધર્મ એટલે શું ?

સરળતા, સત્ય અને દયા એ શરૂઆતનો ધર્મ. આત્માને ઓળખવો એ ઉંચો ધર્મ. આ શરીર અને આત્મા જુદા છે. શરીર નાશવંત છે. આત્મા અમર છે. આ સમજણ એ ધર્મ. તત્ત્વનું જ્ઞાન એ પણ ધર્મ. આત્મા અનાદિકાળથી છે. પાપ–પુણ્યના કર્મ એને વળગેલાં છે. માટે દુઃખ સુખ છે. જન્મ–મરણનાં દુઃખ ઘણાં ભયંકર છે. એમાંથી છુટવાનો માર્ગ એ ધર્મ. જન્મમરણ બંધ' મુક્તિ એટલે સદાનું સુખ, સુખ અને સુખ. શરીર નહિ. શુધ્ધ સાત્વિક સદાનો આનંદ. આવા આનંદને પેદા કરનાર સાધનો એ પણ ધર્મ.

## ધર્મના સાધનો કયા ?

સૌથી મોટું સાધન 'નવકાર મહામંત્ર'. દેવ–ગુરુ–ધર્મ ત્રણે નવકારમાં મળે. સમજીને ગણે તેનું સદાનું દુઃખ

ટળે. અરિહંત અને સિદ્ધ દેવ. આચાર્ય–ઉપાધ્યાય–સાધુ–ગુરુ. એ પાંચને ભાવથી નમસ્કાર એ ધર્મ.

અરિહંત શરૂઆતમાં આપણા જેવા માનવ. પણ બહુ ગુણવાળા મહામાનવ. દુનિયાની સાહ્યબી છોડી સાધુ થાય. પાચ મહાવ્રત–મોટા નિયમો પાળે. ઘોર તપ કરે. કેવળ-જ્ઞાન પ્રગટે. મુક્તિનો શુદ્ધ માર્ગ બતાવે.ક્રોધ–માન–માયા–લોભના નાશનો ઉપાય કહે. અનેક આત્માઓને સન્માર્ગે ચઢાવે. અનેકોને મુક્તિમાં મોકલે પોતે તો જાય જ. માટે અરિહંત મોટા ઉપકારી. સર્વશ્રેષ્ઠ ઉપકારી–માટે **અરિહંત દેવ.**

'**સિદ્ધ**' ભગવંતો મુક્તિમાં વસે. આપણને મુક્તિમાં જવાનું મન થાય. માટે તે પણ ઉપકારી. 'નમો સિધ્ધાણં' સિદ્ધ ભગવંતોને નમસ્કાર થાઓ. આ રીતે અનંતા સિદ્ધોને નમસ્કાર રોજ સવારમાં કરીએ. પાવન થઇએ. કલ્યાણ સાધીએ.'

**આચાર્યો** શાસનના શિરતાજ. શાસન એટલે ધર્મનું સુકાન. સૌ યોગ્યને તારે તે 'શાસન.' ઝેર–વેરને ટાળે તે શાસન. વિશ્વના પ્રાણિમાત્રનું કલ્યાણ ઈચ્છે શાસન. દુનિ-યાને મર્યાદામાં રાખે શાસન. શાસન સ્થાપે અરિહંતો. સાચવે આચાર્યો. આચાર્યો અરિહંતના પાકા પ્રતિનિધિ. પ્રેમ–ભક્તિ–કરુણા–દયાના દરિયા આચાર્યો. પાંચ આચારને પાળે. પંચાચારનો ઉપદેશ આપે. મુક્તિના માર્ગે જીવોને સ્થાપે. સદ્ગતિ અને મુક્તિ આપે.

**ઉપાધ્યાય** અભ્યાસ કરાવે, આગમ–શાસ્ત્ર–સાહિત્યનો. સાચું જ્ઞાન આપે. સ્વાધ્યાય કરે–કરાવે. અગીઆર અંગ

શાસ્ત્રો, બાર ઉપાંગ શાસ્ત્રો. બાકીના બાવીશ શાસ્ત્રો. એમ પીસ્તાલીશ આગમ-શાસ્ત્રોના ઉંડા અભ્યાસી. જૈન શાસનના મહામંત્રી.

**સાધુ મહાત્માઓ** જૈનશાસનના સુભટો. સાચા શોણીયા-ચોકિયાતો. પોતે જાગૃત. બીજાને જાગતા રાખે. જીવોને ધર્મમાં દોરે. ધર્મમાં સહાયક થાય. પાંચ મહાવ્રત પાળે. પાળતાને મદદ કરે. પોતે મુક્તિમાર્ગની સાધના કરે. બીજાને સાધના કરવા પ્રેરણા કરે.

આ પાંચને કરેલો નમસ્કાર કલ્યાણ કરે. સર્વ પાપનો નાશ કરે. અનેક ભવોમાં કરેલાં અનેક પાપોનો નાશ થાય. પાપનો નાશ સૌથી મોટું મંગલ માટે જ નવકારમંત્ર એ મહામંગલ. સર્વોત્તમ ઉંચામાં ઉંચું આલંબન. માટે જ 'સમરો મંત્ર ભલો નવકાર.'

## ' શ્રી જીનમંદિર અને શ્રી જીનમૂર્તિ શા માટે ?

અરિહંત દેવોનો અનંત ઉપકાર. સુખી થવાનો સર્વ શ્રેષ્ઠ માર્ગ બતાવ્યો માટે. તે કૃપાળુ નાથનો સત્કાર-પૂજા એ પ્રથમ ધર્મ. દુનિયામાં પણ ઉપકારીનું સન્માન થાય છે. ઉપકાર ભૂલાતો નથી. સાધારણ નોકરી અપાવે તો પણ. ખાનપાન આપી પોષણ કરે તો પણ. અરિહંત તો આજ્ઞા પાળે એને સ્વર્ગ આપે. સુખ-શાંતિ-રિદ્ધિ-સિદ્ધિ આપે. અંતે મુકિતમાં સ્થાપે. શું શું કરવાનું મન ન થાય એમને માટે. અનેક જીવો પ્રભુશ્રીને ઓળખે માટે મંદિરો. સુંદર સ્વચ્છ આલિશાન આંખને આકર્ષે એવા. પ્રભુશ્રીની મૂર્તિ મનને આનંદ આપે તેવી. આંખો ઠરી જાય તેવી. સમતા-

રસને ઝરતી. આત્માના તાપને દૂર કરતી. દેહના દુઃખોને ભૂલાવતી. આત્માના સ્વરૂપને સમજાવતી. મુક્તિમાર્ગમાં ખિંચતી. ધર્મના મર્મને સમજાવતી.

જિનાલયમાં સુખી આવે. દુઃખી આવે. શ્રીમંત આવે. ગરીબ આવે. સૌને પ્રભુજી ભાવે. માથું નમાવે. હૈયું નમાવે. કરેલા પાપનો એકરાર કરે. ભૂલોનો પસ્તાવો કરે. મનને પવિત્ર બનાવે. ભગવાનના કહેલા માર્ગે ચાલવા નિશ્ચય કરે. દાન દેવાનું મન થાય. ભંડારમાં રૂપીયો-પૈસો નાંખે. શીલ પાળવાનું મન થાય. સ્વભાવ સ્વચ્છ અને સરળ બનાવે. તપ કરવોગમે. નોકારસી, આયંબિલ, એકાસણું કરે. ખાવા-પીવાનો શોખ ઓછો કરે, ઉપવાસ, ત્રણ ઉપવાસ પણ કરે. ભાવથી હૈયું ભરાઈ જાય. અસાર છે આ સંસાર. ચિંતાનો પાર નહિ. રોગો ઘણાં, જંજાળ ઝાઝેરી, શાંતિ મળે નહિ. દુઃખના ડુંગર. ખરેખર સંસાર ભૂંડો. મોક્ષ જ એક રૂડો. આમ ભાવધર્મ મળે.

## સાથીયો શા માટે ?

ચાર પાંખીયાનો સાથીયો. ચોખાનો અને મોતીનો પણ. ચાર ગતિનો નાશ કરવા માટે ૧ મનુષ્ય, ૨ પશુપક્ષી, વનસ્પતિ, ૩ દેવ અને ૪ નરક. એ ચાર ગતિ. આત્મા ચાર ગતિમાં ઘૂમે. અનેક દુઃખોમાં ભમે. આત્માને આ ગમે? આ બધાથી છૂટવાનો સંકલ્પ એ જ સાથીયો. છુટવાનો માર્ગ ત્રણ ઢગલી. 'सम्यग्दर्शन ज्ञान–चारित्राणि मोक्ष-मार्गः' દર્શન-જ્ઞાન-ચારિત્રથી મળે મુક્તિનો માર્ગ. સિધ્ધ-શિલાની ચંદ્ર જેવી આકૃતિ એ સિધ્ધીનું સ્થાન. એ જ મુક્તિ.

## સમ્યગ્દર્શન એટલે શું ?

દર્શન એટલે શ્રધ્ધા. સાચી વસ્તુને સાચી માનવી. ખોટીને ખોટી માનવી. રાગદ્વેષ–મોહથી પર અરિહંત દેવ. માટે એ જ સાચા દેવ. મોહ મુંઝવે. સાચા–ખોટાનું ભાન ન થવા દે. રાગથી ચીકણાં કર્મો બંધાય. દ્વેષથી વેર–ઝેર વધે. પશુ–પક્ષી અને નારકના ભવમાં જવું પડે. જ્યાં દુઃખો સહન થાય નહિ. નવા કર્મનો ઢગલો થાય. દુઃખોની પરંપરા વધ્યે જ જાય આ સમજ સાથે સાચા દેવને માનવા એ શ્રધ્ધા. એ જ પ્રમાણે કંચન–કામિનીના ત્યાગી પંચમહાવ્રત-ધારી એ જ ગુરુ. પાંચ મહાવ્રત પાળે. નિર્દોષ ભિક્ષાથી જીવન ટકાવે. સૌને સાચે માર્ગે દોરે. એ જ ગુરુ. એ જ સાધુ. એ શ્રધ્ધા, ધર્મ તે જ જે અરિહંતદેવે કહ્યો. ભૂત–ભવિષ્ય, વર્તમાન ત્રણે કાળનું જ્ઞાન અરિહંતને. સર્વશ્રેષ્ઠ સત્ય પ્રભુશ્રીજ કહી શકે. માટે તે કૃપાળુની આજ્ઞા એ જ ધર્મ. આવી પાકી માન્યતા એ જ દર્શન–શ્રધ્ધા.

## સમ્યગ્જ્ઞાન કોને કહેવાય ?

શ્રધ્ધાપૂર્વકની સમજ એટલે જ્ઞાન. આત્માની પ્રગતિ કરાવે તે જ્ઞાન. સાચા ખોટાનું ભાન કરાવે જ્ઞાન. આ કરવા જેવું. આ નહિ કરવા જેવું. આ ખવાય આ ન ખવાય, આ પીવાય, આ ન પીવાય, આ વંચાય આ ન વંચાય આ બધા વિવેક કરાવે જ્ઞાન. આત્મા છે, અનાદિકાળથી છે. આત્મા અને શરીર જુદા છે, કર્મોના ભારથી આત્મા દબાએલો છે. કર્મોને લીધે આ શરીર છે. સુખ પુણ્યનું ફળ, દુઃખ પાપનું ફળ. સુખ–દુઃખમાં સમભાવ એ ધર્મ. કર્મને કેમ ન આવવા દેવા ? જુના કર્મનો નાશ કેવી રીતે થાય ?

કર્મના બંધનમાંથી મુકત થવાની યુકિત એ જ ધર્મ. મુકિત એ જ આત્માનું ધ્યેય. નહિ કે બંગલો, કુટુંબ કે ધન-દોલત. નહિ કે દુનિયાના નાશવંત સુખ. આ સમજ, આ ભાન તે જ્ઞાન.

## સમ્યક્ 'ચારિત્ર' શું ચીજ છે?

ચારિત્ર એટલે કર્મોનું ચ્યવન–નાશ. શ્રદ્ધા સાથેના જ્ઞાનની આરાધના–અમલ. ખાવુ આત્માનો ધર્મ નથી. દેહ ટકાવવા ખાવું પડે છે. માટે અભક્ષ્ય ન ખાવું. અપેય ન પીવું. ન જોવા લાયક ન જોવું. સાંભળવા લાયક જ સાંભળવું. સુંવાળા સ્પર્શમાં આનંદ ન માનવો. સુગંધમાં મોહ નહિ, દુર્ગંધમાં દ્વેષ નહિ. શકિત પ્રમાણે તપ કરવો. દાન શીલ પ્રત્યે આદર. આ બધો સામાન્ય ધર્મ પાળવો એ ચારિત્ર પામવાનો માર્ગ.

ચારિત્ર અસલ તો સાધુપણામાં. પંચ મહાવ્રતના પાલનમાં. પાંચ સમિતિ ત્રણ ગુપ્તિના રક્ષણમાં. આગમશાસ્ત્રોના ઉંડા તત્વોને સમજી આચરવામાં. દુનિયાથી–દુનિયાના વ્યવહારથી દૂર રહી આત્માના અભ્યાસમાં. સુખનો ત્યાગ દુ:ખોનો આદર. આ છે ચારિત્ર.

## ચૈત્યવંદન શા માટે?

અરિહંત પ્રભુની ભક્તિ બે રીતે થાય. દ્રવ્યથી અને ભાવથી અષ્ટપ્રકારી સત્તરભેદી આદિ દ્રવ્યપૂજા. ૧ અભિષેક, ૨ કેશરયુક્ત ચંદનથી નવ અંગે પૂજન, ૩ પુષ્પ, ૪ ધૂપ, ૫ દીપ, ૬ અક્ષત, ૭ ફળ, ૮ નૈવેદ્ય એ અષ્ટપ્રકારી પૂજા. ચૈત્યવંદનમાં દેવાધિદેવ **શ્રી** અરિહંતના ગુણગાન કરાય છે.

પાપથી ભરેલા પોતાના આત્માની નિંદા થાય છે. આ છે ભાવપૂજા. અરિહંતભાવ પામવા માટેની.

## હંમેશા ગુરુવંદન કરવું જ જોઈએ !

ગુરુ દીવો, ગુરુ, દેવતા, ગુરુ વિણ ઘોર અંધાર,
જે ગુરુવાણીથી વેગળા, તે રઝળે બહુ સંસાર.

જૈન શાસનના સદ્‌ગુરૂ એટલે વિશ્વની દીવાદાંડી. સન્માર્ગનો સાચો ભોમિયો. આત્મા રખેવાળ. વંદન વિના દિવસ વાંઝીયો ગણાય. વંદનથી નમ્રતા ગુણ ખીલે. સત્સંગથી ગુણ ઘણા સાંપડે. વિવેક જાગે. વાણી સાંભળવાનું મન થાય. વીતરાગની વાણી રાગદ્વેષની ગાંઠ ઢીલી કરે. માર્ગનું ભાન થાય. માર્ગાનુસારી બનાય. સત્ય–નીતિ–પ્રમાણિકતા ગમી જાય. આગળ વધતાં સંસાર અસાર લાગે. દેવ– ગુરૂ– ધર્મની સેવા જ સાર લાગે. લક્ષ્મીનો મોહ ઘટે. ધર્મકૃત્યમાં મન લાગે, શાસનની સાન સમજાય. ધર્મનો મર્મ મળી જાય, શ્રધ્ધા મેજબુત બસ. આત્મામાં પરમાત્મા થવાની લગની લાગે. બસ સમ્યક્ત્વ–નિર્મળ શ્રધ્ધા પ્રગટી જાય.

## જૈનશાસનને સમર્પિત સાધુ મહાત્માઓ સમ્યક્ત્વ પર ભાર શાથી મૂકે છે ?

સમ્યક્ત્વ એ મુક્તિ મહાલયનો પાયો છે. 'સમ્યક્ત્વ' વિના સાધુ સાધુ નથી. શ્રાવક શ્રાવક નથી. પાંચ મહાવ્રત કે બાર અણુવ્રતોની કિંમતે નથી. જો હયામાં સમ્યકત્વ સૂર્ય ન પ્રકાશતો હોય. સત્યને સત્ય માની પ્રચારવું. શકય રીતે તેનો જીવનમાં અમલ કરવોં અને તે પણ આગમકથિત વિધિ આજ્ઞા પ્રમાણે. આગમ–નિર્યુક્તિ–ભાષ્ય–ચૂર્ણિ–ટીકા

એ પંચાંગી. એમાં સંપૂર્ણ શ્રદ્ધાવાન્ તે સાધુ–સાધુ, શ્રાવક-શ્રાવક. શ્રાવક શાસ્ત્રશ્રવણ કરે. વિવેક કરી હેય (ત્યાજ્ય), ઉપાદેય–( ગ્રહણ કરવા યોગ્ય )નો ભેદ કરે. ક્રિયા અનુષ્ઠાનમાં સદા તત્પર રહે.

સત્ય શું ? અનંતજ્ઞાની સર્વજ્ઞ ભગવંત શ્રી અરિહંતો વિશ્વ કલ્યાણ માટે ફરમાવી ગયા છે તે. સારાએ વિશ્વને રિબાતું શ્રી તીર્થંકર દેવો જુએ છે. ઇંદ્રાદિક દેવો સ્વર્ગમાં પણ સંપૂર્ણ સુખી નથી. તેમને પણ ત્યાંથી ચ્યવી મનુષ્ય કે પશુ-પક્ષીમાં જન્મ લેવા પડે. જન્મ–મરણ એટલે દુઃખની ખાણ. આધિ–વ્યાધિ–ઉપાધિની ત્રિવિધ આગ. રાગ કરે ઘણી માગ. દ્વેષ કરાવે ઘણા વેષ. ક્રોધ કાળો સર્પ. લોહીને ઝેરી બનાવી દે, માન સાન ભૂલાવે, માયા છૂપી નાગિણી, લોભને થોભ નહિ. સાગરને મર્યાદા ખરી, લોભને નહિ. કામ–વિષયેચ્છા તન–મન–ધન–પ્રાણ અને આત્મા પાંચેની ઘાતક. આગામી ભવોમાં દુઃખના ડુંગર ખડા કરે. આવો ભયંકર–ભૂંડો સંસાર. એનો ત્યાગ એ જ શ્રેયસ. સંસારત્યાગ એટલે ? લક્ષ્મીની લાલસા, કીર્તિનો મોહ, સગા–વહાલાનો સબંધ એ સર્વને છોડવો. પંચમહાવ્રતધારી સાધુ બનવું, ન બનાય તો ? બનવાની ભાવના રાખી પ્રયત્ન કર્યે જવો. તે માટે શ્રાવકના ૧૨ વ્રતાદિનું પાલન કરવું. સાધુઓની નિર્દોષ–સૌમ્ય–શાંત ભક્તિ કરવી. આ પ્રમાણે 'સંસાર ભૂંડો મોક્ષ એકજ રૂડો,' આ જીવન સૂત્ર. આ સૂત્રે બંધાણો તો ગૃહસ્થપણામાં પણ સર્વ વાતે સુખી. દુઃખમાં દુર્ધ્યાન નહિ. સુખમાં સાગર જેવા ગંભીર, મન–મોક્ષમાં, દેહ–સંસારમાં, આત્મા સાધુ પણા માટે તલસતો. નવતત્ત્વાદિનો અભ્યાસ કરતો.

વિના સમ્યકૃત્વ કોઈપણ સારૂં કામ સારૂં બની શકે? તેના સાચા ફળને પામી શકાય? ધર્મને ધર્મ કહી શકાય? ઐહિક–પારલૌકિક ઈચ્છા વિનાનો ધર્મભાવ, અરિહંત કથિત એ જ સમ્યક્ત્વ. સમ્યકત્વ એટલે આત્મદીપ. સંસાર સમુદ્રમાં તરવાનું જહાજ.

## ગુરુ આદિના મુખે પચ્ચક્ખાણ શા માટે?

આજે ધારાસભાની ચુંટણીઓ થાય છે. પક્ષ વ્યકિત પસંદ કરે છે. ટીકીટ આપે છે. પ્રચાર કરે છે. ચુંટાયા બાદ તેમાંથી ચુંટાઈ પ્રધાન બને છે, છતાં રાષ્ટ્રપતિ આદિ સોગન લેવડાવે છે. શા માટે? પેઢી યા ફર્મ રજીસ્ટ્રેશન માંગે છે. તેમ મનમાં કરેલો સંકલ્પ યા નિયમ પચ્ચક્ખાણ લેવા દ્વારા પરિપકવ થાય છે, મનોબળમાં દૃઢતા આવે છે. વ્યવહારથી સંરક્ષણ મળે છે. ખાનદાનીને જાગતી રાખે છે. પાપનો ભય અને તેનું પરિણામ આંખ સામે રહે છે. પચ્ચક્ખાણ પડતાને બચાવતી પુણ્ય નાવ છે. આત્મા માટે ચોકીયાત છે.

## વ્યાખ્યાન-શાસ્ત્રવાણી રોજ સાંભળવાની!

ખાવા-પીવાનું રોજ? એના એ જ પદાર્થો? એની એ જ ચીજો? જરાયે કંટાળો નહિ? શરીરને ટકાવવા કે જીભના આસ્વાદ માટે? શરીરનો અધિષ્ઠાતા માલિક આત્મા. પુણ્ય પાપ એને ચોટે. સુખ-દુઃખ એ ભોગવે. એના રક્ષણ માટે કયો ખોરાક? પાપથી બચવા, ભયંકર કુકૃત્યોથી રક્ષણ પામવા શું સાધન? વીતરાગની તારક માર્ગદર્શક વાણી. એ વાણીમાં વીરતા અને ધીરતા છે. સ્વર્ગ અપવર્ગ મુક્તિના માર્ગ છે. સાધુપણાનું સુંદર સાયન્ટિફીક આકર્ષણ છે.

ગૃહસ્થપણાની યોગ્યતાની ચાવી છે. જિનના ભક્તો જૈનોની ઓળખ છે. અહિંસા અને સત્યની શુધ્ધ વ્યાખ્યા છે. દાન અને દયાના ઝરા છે. સત્ય–નીતિ–પ્રામાણિકતાની છણાવટ છે. શું સુંદર નથી એ જ પ્રશ્ન છે. શ્રાવકનાં મુખ્ય કર્તવ્યો સદ્‌ગુરુમુખે સદા શ્રવણથી જ આલ્હાદક બને વાણી તો વીતરાગની !

## સામાયિકનું શું રહસ્ય છે ?

થાકયોપાકયો માનવી પોતાને ઘેર આવે ને? થાક ઉતારે અને આનંદ પામે ને? સામાયિકમાં આત્મા પોતાના ઘરમાં બેસે છે. પોતાના સમતા ગુણનો આસ્વાદ કરે છે. સંસાર ભૂલી જાય છે. સંસારની જંજાળમાંથી મુક્ત બની જાય છે. રાગદ્વેષનું વાતાવરણ પીડતું નથી. અરિહંતનું ધ્યાન થાય છે, પાપ જાય છે. કર્મ નાશ પામે છે, પુણ્ય પેદા થાય છે. 'समणो इव हवइ सावओ' સાધુ જેવો શ્રાવક બને છે ૪૮ મીનીટ માટે. જો હોય ભાવના જીવનભરનું સામાયિક લેવાની. સાધુપણું સ્વીકારવાની. સામાયિક આત્મગુણનો અનુભવ છે. સંસારસાગરમાં મીઠી વીરડી છે. શ્રાવિકાઓ માટે અનુકુળતાએ થઇ શકતી સુંદર ધર્મસાધના છે.

## પ્રતિક્રમણ અતિ આવશ્યક છે ?

પ્રશ્નમાં જ જવાબ છે, શાસ્ત્રમાં સવાર-સાંજના પ્રતિક્રમણને 'આવશ્યક' શબ્દથી જ ઓળખાવેલ છે. ગણધર ભગવંતો પણ 'આવશ્યક' સૂત્રોની રચના પ્રથમ કરે ને ? તે સાંજે જ પ્રતિક્રમણ થવાનું. થએલા દોષોથી પાછા હઠવાની હઠ વિનાની ક્રિયા, પોતાના હૈયાના ભાવથી અર્થની વિચારણા. કરેલ ભૂલોનો મનમાં પસ્તાવો, પોતાની પામરતાનો ખ્યાલ.

રસ્તે ચાલતા થએલી જીવોની વિરાધનાનો બળાપો. ૮૪ લાખ જીવાયોનિ પ્રત્યે ક્ષમાપના, અઢારે પાપોનો મિથ્યાદુષ્કૃત. ફરથી ન થાય તેની શકય સાવધાની. દેવસ્તુતિ–ગુરુવંદન, સદ્ધ્યાન. શ્રી સંઘની શાંતિ સમાધિ માટે સમકિતી દેવોને જાગૃત રાખવા. આ છે પ્રતિક્રમણની પાવનકારી પ્રક્રિયા. સ્વપર હિતકારી જાગૃતિનું આંદોલન જીવંત રાખનાર.

## રાત્રે સુતી વખતે શું કરવું ?

સરસ પ્રશ્ન છે. સાધુ મહાત્માઓ તો સ્વધ્યાય કરે છે. પોરિસી ભણાવે છે. ચાર મંગળમય ઉત્તમ તત્વોને યાદ કરે છે. તેમનું શરણ સ્વીકારે છે. આહાર–ઉપધિ દેહને મર્યાદા બાંધી વોસિરાવે છે–ત્યાગ કરે છે. નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં સમાધિ સ્વીકારે છે સુશ્રાવક ગૃહસ્થો પણ પોતાની મર્યાદામાં આ વિધિ જરૂર કરી શકે છે. છેવટે સારાએ દિવસમાં થએલા દોષોને સંભારી પસ્તાવો કરે. સર્વ જીવો પ્રત્યે મૈત્રી કરૂણાભાવ ધારણ કરે. કોઇની સાથે વેરઝેર થયા હોય તો સવારમાં ઉઠતા જ શાંતિ કરે. સૂતી વખતે નિર્મળ ભાવના ભાવતો અરિહંતના ધ્યાનમાં રહે. કદાચ દેહત્યાગ થઈ જાય તો સદ્ગતિ તો થઈ જાય ને ?

## પ્રભાતનું કર્તવ્ય.

પરોઢીએ ૪ થી ૫ માં ઉઠવું એટલે સ્વાસ્થ્યની સાચવણી. ઉઠતા જ અરિહંત અને સિધ્ધનું સ્મરણ. ના કરવું પડે ભવભ્રમણ. આત્મામાં થાય રમણ. સદાએ રાગદ્વેષનું શમન. મુક્તિમાં થાય આત્માનું ગમન. પ્રતિક્રમણ આદિ હોય જ.

## પ્રાતઃ પૂજા-દર્શન-વંદન.

દર્શન દૂરિતનો-પાપનો નાશ કરે. દર્શન પરમતારક દેવાધિદેવ શ્રી અરિહંત ભગવંતના. હાથમાં ચૌદ સુપન યુક્ત ચાંદીની ડબ્બી કે જરીયાન વાટવો. અક્ષત-ફળ-નૈવેદ્ય શક્તિ અનુસાર હોય જ. મેવા-મીઠાઇ ખાઇ શકનાર મેવા મીઠાઇ લઇને જ જાય ને? ભલે મધ્યમ બદામ સાકર લઇ જાય. પ્રાતઃ પૂજા વાસક્ષેપ અને ધૂપથી. હાથ-પગાદિ અંગ શુધ્ધ કરી શુધ્ધ વસ્ત્રો પહેરી મૂર્તિને અડકયા સિવાય ઉંચેથી. ચૈત્યવંદન સ્તવન તો હોય જ. ગુરુ મહારાજ હોય તો વંદન-પચ્ચકૂખાણ. પચ્ચકૂખાણ ન પાળવું હોય તો સામાયિક. પાળવું હોય તો પાળી પછી વ્યાખ્યાનશ્રવણ.

## મધ્યાહ્ન પૂજા-ભક્તિનો રંગ.

હાથમાં સુંદર ચાંદીનો થાળ. અંદર કેસર-બરાસ-કસ્તુરીનો માલ. સુંદર મહેકતા પુષ્પો. શકય સંજોગમાં ગાયનું દૂધ, સુંદર સ્વચ્છ સુંવાળા અંગલૂંછણા, ફળ-નૈવેદ્ય આંખને ગમે તેવા અને અક્ષત-ચોખા અણિશુધ્ધ, નિસીહિ કહે ને પ્રવેશ કરે. રસ્તે જતાય સંસારની વાત નહિ. પ્રદક્ષિણા ત્રણ દે. ત્રણ જગતના નાથ છે ને ? દર્શન, જ્ઞાન, ચારિત્ર લેવા છે ને ? દેવ-ગુરુ-ધર્મને હૈયે ધારણ કરવા છે ને ? બરાસમિશ્રિત કેશર ઉતારે. ઓરસીયાની જયણા કરીને. પંચામૃતથી પ્રક્ષાલ કરે. અંગલૂછણા કરતો જાય. આત્માનો મેલ અનાદિનો ઉતરતો જાય. વાહરે જૈનશાસનની પ્રક્રિયા. એકલા બરાસથી વિલેપન કરે. પછી નવ અંગે પૂજા કરે. નવે અંગની ખૂબીઓ દોહાદ્વારા મનમાં વિચારે. પુષ્પોથી સુંદર અંગરચના કરે. સોના ચાંદીના વરખ- બાદલા શકિત

હોય તો વાપરે જ. ધૂપ મઘમઘતો દશાંગનો. ધૂપદાનું ચાંદીનું ઝગમગતું. શુધ્ધ ઘીનો દીપક. જાણે કેવળજ્ઞાનની જ્વલંત જ્યોત. અક્ષતનો સ્વસ્તિક, આજે પણ સોને રચેલ અક્ષતનો સ્વસ્તિક કરનાર છે. રાજા શ્રેણિકનું અલ્પ અનુકરણ ધન્ય છે! સ્વસ્તિક વિશ્વનું કલ્યાણ કરો! મેવા-મીઠાઈના ભર્યા થાળ, ફળ જરાએ ના કંગાળ, અષ્ટપ્રકારી પૂજા થાએ આમ. પાપ નાશે તમામ. થાએ અમારા આતમ કામ. મળે આત્માને આરામ. ઠેઠ મુક્તિમાં બને ધામ. ભાવ પૂજા ભવતારિણી. સંગીતના સૂર આત્માને જગવે. સંસારથી હઠાવે. મોહને મારે. આત્માને તારે. ભક્તિ મુક્તિની દૂતી!

## વેપાર ધંધાને અવકાશ.

પેટ કરાવે વેઠ? કે પટારો કરાવે ઠઠારો? સાધુ થવાને અશક્ત આત્માને શરીર ટકાવવા પોષણ જોઇએ ને? માલદારને તો વેપાર ધંધાની જરૂર નહિ ને? કે લોભને થોભ નહિ અને લોભ પ્રત્યે ફિટકાર પણ નહિ? પોષણ માટે વેપાર, ધંધો. નોકરી-ચાકરી કરવી પડે. ન્યાય, નીતિ અને પ્રામાણિકતાથી. આ જમાનામાં? હા, આ જમાનામાં પણ સિદ્ધાંત એ સિદ્ધાંત. અવિચળ અને અકાટ્ય, નિર્બળ અનિવાર્ય સંજોગમાં શું કરે એ જુદી વાત. પણ સિદ્ધાંત ન ફરે. નિર્બળ પણ હૈયાનો સાચો. સંજોગોને વશ થાય તો પણ બળતા હૈયે. બાકી તો પટારા ભરવા શું થતું નથી?

## લક્ષ્મી પુણ્યાધીન જ છે.

લક્ષ્મી કે વૈભવ, સુંદર નીરોગી શરીર કે અનુકૂળ કુટુંબ, માન કીર્તિ કે ખ્યાતિ. આ સઘળુંય પૂર્વભવના પુણ્ય પ્રમાણે મળે છે-ટકે છે-ભોગવાય છે. પૂર્વજન્મોમાં કરેલા સારા

કાર્યો એ જ પુણ્ય. આચરેલા અધમ કૃત્યો એ જ પાપ. પુણ્યનું ફળ સુખ, પાપનું ફળ દુઃખ. ઉગ્ર પુણ્ય હોય તો વગર મહેનતે ફળ મળે. સામાન્ય પુણ્ય હોય તો થોડી મહેનત કરવી પણ પડે. પાપમિશ્રિત પુણ્ય અનીતિ-અન્યાય કરાવે. લક્ષ્મી સાવ ચંચળ. ઘડીમાં શ્રીમંત, ઘડીમાં ગરીબ. છેવટે ગમે તેટલી હોય, મૂકીને જવાનું જ. એને ખાતર પાપ કૂડ-કપટ? કરીને જવાનું કયાં? દુર્ગતિમાં જ ને? માટેજ 'न्यायसंपन्न-विभवः' પૈસો કમાવવો જ પડે તો ન્યાયથી. ધન્નાજી પોતાની કમાણી છોડીને ચાલ્યા જતા. ભાઈઓના સંતોષ ખાતર, પણ જ્યાં જાય ત્યાં લક્ષ્મી આગળ જ ખડી રહેતી અને ભાઈઓ પાછા ભીખારી ને ભીખારી. આનું નામ પુણ્ય ને પાપ. 'ધર્મ ઘટે ધન જાય,' કોઈપણ દુનીયાની આશા વિના કરેલો ધર્મ રક્ષણ કરે જ કરે. 'धर्मो रक्षति रक्षितः' ધર્મનું નિરીહ પાલન કરો. ધર્મ કોલ આપે છે. મુક્તિ ન થાય ત્યાં સુધી સુખ સુખ ને સુખ. આવા પણ સુખમાં મૂંઝાવા ન દે. ગાંડા બનવા ન દે. એજ ધર્મ, પુણ્ય તો ધર્મનું બચ્ચું છે બચ્ચું.

આ રીતે દિનચર્યાનો અલ્પ વિચાર થયો. હવે ઓળખીશું શ્રી તીર્થંકર દેવોને. મહાભાગ ગણધર ભગવંતોને, જ્ઞાનની પરબસમા પૂર્વધર ભગવંતોને અને શાસનરક્ષક સમર્થ સૂરીશ્વરોને.

## શ્રી તીર્થંકર ભગવંતો કેટલા ?

પ્રવાહે કરી શ્રી તીર્થંકર અનંતા, આ અવસર્પિણીના ૨૪ શ્રી ઋષભદેવ ભગવાન, શ્રી અજિતનાથ, શ્રી સંભવનાથ, શ્રી અભિનંદનસ્વામી, શ્રી સુમતિનાથ, શ્રી પદ્મપ્રભસ્વામી, શ્રી

સુપાર્શ્વનાથ, શ્રી ચંદ્રપ્રભસ્વામી, શ્રી સુવિધિનાથ, શ્રી શીતલ-નાથ, શ્રી શ્રેયાંસનાથ, શ્રી વાસુપૂજ્યસ્વામો, શ્રી વિમલનાથ, શ્રી અનંતનાથ, શ્રી ધર્મનાથ, શ્રી શાંતિનાથ, શ્રી કુંથુનાથ, શ્રીઅરનાથ, શ્રી મલ્લિનાથ, શ્રી મુનિસુવ્રતસ્વામી. શ્રી નમિ-નાથ, શ્રી નેમિનાથ, શ્રી પાર્શ્વનાથ, શ્રી મહાવીરસ્વામી ચોવીસે તીર્થંકરો વિશ્વનું કલ્યાણ કરો. કલ્યાણ કરો. ભવ્યા-ત્માઓના તારક જયવંતા વર્તો. જયવંતા વર્તો.

મોટી શાંતિની એક ગાથાઃ-ૐ ઋષભ-અજિત-સંભવ-અભિનંદન-સુમતિ-પદ્મપ્રભુ-સુપાર્શ્વ--ચંદ્રપ્રભ-સુ ધિ- શીતલ શ્રેયાંસ-વાસુપૂજય-વિમલ-અનંત-ધર્મ-શાંતિ ·કુંથુ-અર-મલ્લિ. મુનિસુવ્રત નમિ-નેમિ -પાર્શ્વ-વર્ધમાનાંતા જિનાઃ શાંતાઃશાંતિકરા ભવંતુ સ્વાહા.

ભગવંત શ્રી રૂષભદેવસ્વામી પહેલા-તીર્થંકર પહેલાસાધુ પહેલા રાજાને આપણે શરૂઆતમાંજ યાદ કરી આવ્યા સોળમા શ્રી શાંતિનાથ ભગવાન. એમણે પૂર્વભવમાં પારેવાને બચા-વવા પોતાનો જીવ આપી દીધો. દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. ઈંદ્રે આવી પ્રશંસા કરી. આ અદ્દભુત ચરિત્ર વાંચવા જેવું છે.

બાવીસમા શ્રી નેમિનાથ. બાળબ્રહ્મચારી ભગવાન. શ્રી કૃષ્ણના પિત્રાઈ ભાઈ. પોતે લગ્ન કરવા ચ્હાતા નહીં. છતાં સંકેત કરવા ખાતર જાન કાઢવા દીધી. પશુઓના રક્ષણને નિમિત્ત બનાવે છે. રાજીમતિના નગરથી પાછા ફરે છે. આ રીતે રાજીમતિને પૂર્વ ભવનો સંબંધ યાદ કરાવે છે. ગિર-નાર પર દીક્ષા લે છે. માબાપને સમજાવીને કે મારે ભોગ-કર્મ બાકી નથી. કેવળજ્ઞાન થાય છે. રાજીમતિ સાધ્વી થાય છે. પહેલા મોક્ષે જાય છે. ભારતવર્ષની અતિ ભવ્ય

આ કથા છે. ત્યાગ–સંયમના ગીતને ગાતી. રહનેમિ અને રાજીમતિનો પ્રસંગ આવે છે. અદ્ભુત શીલ અને પ્રબોધનો.

તેવીસમા વિશ્વવિખ્યાત શ્રી પાર્શ્વનાથ ભગવાન. શરીરનો વર્ણ લીલો હતો. આમે તીર્થંકરોનું સૌંદર્ય અદ્ભુત હોય છે. કાન્તિ તેજસ્વી હોય છે. કમઠ તાપસના અગ્નિકુંડમાંથી સર્પને બચાવે છે. નોકર સ્વામીના હુકમથી નવકાર સંભળાવે છે. સર્પ મરીને ધરણેંદ્ર થાય છે. સ્વામી બાગમાં નેમરાજુલનું ચિત્ર જુએ છે. દીક્ષા લે છે. રાણી પ્રભાવતીનાં આંસુ સુકાતા નથી. સ્વામી જંગલમાં કાઉસ્સગ્ગમુદ્રામાં છે. વનહાથી એક આવે છે. નાથના ચરણે પાણીથી પ્રક્ષાલ કરે છે. આજુબાજુ કમળ બીછાવે છે. કલિકુંડ તીર્થ થાય છે. પેલો કમઠ મરીને મેઘકુમાર દેવ થાય છે. સ્વામીની નાસિકા સુધીનો વર્ષાદ વર્ષાવે છે. સ્વામી ધ્યાનમાં નિશ્ચળ છે. ધરણેંદ્ર સ્વપ્રિયા સહ આવે છે. મેઘમાલીને ડારે છે. મેઘમાલી સ્વામીનું શરણું સ્વીકારે છે. દશ દશ ભવનું વેર વિસારે છે. સમ્યક્ત્વ પામે છે. અપકારી પર પરમોપકાર. કમઠ અને ધરણેંદ્ર પર સમભાવ. નહિ રાગ, નહિ દ્વેષ, કેવળજ્ઞાન પામી મુક્તિમાં પધારે છે.

## ભગવંત શ્રી મહાવીર દેવ

ચોવીશમા તીર્થપતિ. શાસનના શિરતાજ. નાથના ભવ ૨૭. ભવ ગણાય સમ્યક્ત્વ પ્રગટે ત્યારથી. પહેલા ભવમાં 'નયસાર' નામ. રૂડા એમના કામ. ભુખ્યાને અન્ન મળે એમને ધામ. આતિથિસત્કાર એમનું વ્રત. વિવેક વિનય વડીલોનો સદા કરે. માતાપિતાની ભક્તિ રોજીંદી. રાજાના વિશ્વાસુ મિત્ર. ગામ આખાની દેખભાળ રાખવાની. રાજા માટે લાકડા લેવા જંગલમાં

જાય. સાથે ખાનપાન નોકર–ચાકર ઘણા. બપોરના સાડા-બાર થયા ભોજનની તૈયારી થઇ. અતિથિ છે નહિ. આપે કોને? ભયંકર જંગલમાં અતિથિ કયાંથી હોય? પણ આપ્યા વિના ખાવું કેવી રીતે? તંબુ બહાર જઈ તપાસ કરે છે. કોઇ ભૂલો પડેલ માનવી કે સંત સંન્યાસી? પવિત્ર ભાવના જંગલમાં પણ મંગલ ખડું કરે. દૂર દેખાયા મહાત્માઓ. પૂરા થાકેલા. પરસેવાથી રેબઝેબ. તુર્ત ભરતાપમાં પણ સામે ગયા. નમસ્કાર કરી ખબર પૂછે છે. આપ આવા ભયંકર જંગલમાં કયાંથી આવી ચઢ્યા?

સાર્થને કહી ગોચરી (જૈન સાધુની ભિક્ષાપધ્ધતિ) માટે ગયા. સાર્થ ચાલ્યો ગયો. ભૂલા પડ્યા. સાર્થપતિ પર નયસારને ગુસ્સો આવી ગયો. પણ 'શાન્તં પાપમ્' કહી મનને વારી લીધું. બહુમાનપૂર્વક તંબુએ લઇ જાય છે. સાધુઓ નિર્દોષ ભિક્ષા લે છે. વૃક્ષ નીચે જઈ, સાધુ ક્રિયા કરે છે. પછી જ આહારપાણી વાપરે છે. નયસારને આ પ્રક્રિયા જોઇ આનંદ થાય છે. પોતે જાતે રસ્તો બતાવવા જાય છે. સાધુઓને નયસારનો આત્મા ઉંચો લાગે છે. પૂછે છે કાંઈ બે શબ્દો કહી શકીએ? ખુશ થઈને કહો આપનો શિષ્ય સમજીને ફરમાવો. વૃક્ષ નીચે બેસે છે. સુદેવ–સુગુરુ–સુધર્મનું સ્વરૂપ સમજાવે છે. સંસારની ભયંકરતાનો ખ્યાલ આપે છે. પુણ્યના સુંદર પરિણામ. પાપના ઘાતક–દુઃખો. જીવનની ક્ષણભંગુરતા, લક્ષ્મીની ચંચળતા–હુબહુ સમજાવે છે. આત્માનું શુધ્ધ સ્વરૂપ અને મુક્તિનું ધ્યેય હૈયામાં બેસાડે છે.

ગદ્ગદ્કંઠે, પગમાં પડીને મહાભાગ વિનવે છે. પરમોપકાર થયો. મારો ઉધ્ધાર થયો. અપૂર્વ ખજાનો આપે

આપ્યો. મારે ગામ પધારો. મારૂં સર્વસ્વ ધન--દોલત આપ સ્વીકારો. અમે જૈન સાધુ અકિંચન. કાંઈ ન ખપે. ધર્મમાં કુશળ બનો. દાનના ભાવ વધારતા રહો. 'ધર્મલાભ.' સાધુ માર્ગે પળ્યા. નયસાર દેખાય ત્યાં સુધી નિરખે છે. આનંદ હૈયે માતો નથી.

સમાધિમરણથી સ્વર્ગે પધારે છે. ત્યાંથી ભગવંત રૂષભદેવના પૌત્ર મરીચિ થાય છે. સ્વામીની એકજ દેશના સાંભળી દીક્ષા લે છે. ઉચ્ચકોટિનું સંયમ પાળે છે. પણ કોઈ ભવનો પાપોદય આડે આવે છે. તાપ સહન થતો નથી. ત્રિદંડીનો વેષ કલ્પે છે. પગમાં પાદુકા--પાવડી. ગેરૂ રંગના વસ્ત્રો. માથે છત્ર. વિ. વિ. પોતાને કષાયયુક્ત--નિર્બળ માને છે. પણ ચાલે છે પ્રભુજી સાથે. ઉપદેશ માર્ગનો જ આપે છે. અને સાધુ બનવા સ્વામી પાસે મોકલે છે. પણ ભાવી વિચિત્ર છે. માંદા પડી ગયા. સંવેગી સાધુઓ સેવા ન કરે. એ વાત પોતે સમજે છે. શિષ્ય કરવાનું મન થાય છે. અડીઅલ પ્રકૃતિનો 'કપિલ' મળી જાય છે. 'પ્રભુમાર્ગમાં જ ધર્મ છે. પણ અહિંયા પણ છે.' ઉત્સૂત્ર બોલતા સંસારભ્રમણ વધી જાય છે. પછી કેટલાક ભવોમાં મનુષ્ય અને દેવ થાય છે. મનુષ્યમાં ત્રિદંડી થઈ તપ કરવા તાપસ બને છે.

છેવટે રાજકુમાર તરીકે જન્મી દીક્ષા લે છે. પાછું સમ્યક્ત્વ પ્રગટે છે પણ માનમાંથી ક્રોધ જન્મતા નિયાણું કરે છે. કરેલ મહાધર્મનું વેચાણ કરી સાટુ કરે છે. ઉંચી આરાધનામાં પુણ્ય ઉગ્ર પેદા થયું છે. સાટુ ફળે છે. ત્રિપૃષ્ઠ વાસુદેવ ત્રણ ખંડનો માલિક મહારાજા થાય છે. શક્તિના કેફમાં સિંહને ઉભો ચીરી નાખે છે. સત્તાના મદમાં શય્યા-

પાલકના કાનમાં ધગધગતું સીસુ રેડાવે છે. મરીને નરકે જાય છે. નર્કમાંથી સિંહ અને પાછી નરક.

મહાવિદેહની મુકાનગરીમાં ચક્રવર્તી રાજા થાય છે. સાધુ-પણું પાળી સ્વર્ગમાં **નંદનરાજા** રાજર્ષિ બને છે. વીશ પૂજ્ય સ્થાનોની આરાધના કરે છે. લાખ વર્ષના સંયમમાં અગીઆર લાખ ઉપરાંત મહિના મહિનાના ઉપવાસ. 'સવિ જીવ કરૂં શાસનરસી' ની ઉંચી ભાવના. આત્માના પ્રદેશે પ્રદેશે. તીર્થંકર બનવાનું નક્કી થઈ ગયુ. દેવલોકમાં પધાર્યા. ત્યાંથી ૮૨ દિવસ બ્રાહ્મણકુળમાં દેવાનંદામાતાની કુક્ષિમાં રહ્યા. હીન ગોત્રકર્મનો ભોગવટો પુરો થયો. એ વળી શું !

મરીચિના ભવમાં ભરત ચક્રવર્તી મહારાજાના પોતેપુત્ર હતા ને? ત્રિદંડી બન્યાને? શ્રી રૂષભપ્રભુના મુખથી જાણવા મળ્યું ભરત મહારાજાને. મરીચિ ત્રિદંડી ચોવીશમા તીર્થં-કર ભગવાન મહાવીર બનશે. ભરત આનંદ્યા. વંદન કરતા કહે છે–ત્રિદંડીપણાને નથી નમતો. ભાવી તીર્થંકરપણાને પ્રણમું છું. પહેલા વાસુદેવ તમે જ થવાના. મુકામાં ચક્રવર્તી-પણ. બસ કુળમદ થયો. મારા દાદા પ્રથમ તીર્થંકર. પિતા પ્રથમ ચક્રવર્તી. હું પ્રથમ વાસુદેવ–પાછો ચક્રવર્તી અને છેલ્લે તીર્થંકર. અહો મારૂં કુલ–અહો મારૂં કુલ. નાચ્યા કુદ્યા અને આનંદ્યા. હીન ગોત્રકર્મનો આત્માને બંધ થયો. (આત્મા-કર્મ–તેનો બંધ આગળ વિચારશું) વ્યવહારમાં બ્રાહ્મણ. કુલ ક્ષત્રિય–વણિક આદિની જેમ સારું ગણાય છે, પણ ભિક્ષુક વૃત્તિને કારણે સૂક્ષ્મ દૃષ્ટિએ હીન ગણાય છે.

પહેલા દેવલોકના (દેવલોકાદિ વિશ્વવ્યવસ્થામાં સમ-જાશે) દેવેન્દ્રે આજ્ઞા ફરમાવી. સેનાપતિ હરિણૈગમેષીએ ગર્ભ-

પલ્ટો કર્યો. માતા ત્રિશલાની કુક્ષીમાં સ્થાપ્યા. રાજવી સિધ્ધાર્થને ત્યાં. ગર્ભપલ્ટો સાયન્ટિફીક પ્રક્રિયા છે. એમાં વિશેષ આશ્ચર્ય નથી. અને આ તો દેવશક્તિકૃત. જરાએ તકલિફ નહિ. ખબર પણ ન પડે. કુદરતની કળા જ્ઞાની સમજે!

નાથ જન્મ્યા. ૫૬ દિક્કુમારીઓ શુચિકર્મ કરે. ૬૪ ઈંદ્રો મેરૂ પર અભિષેક કરે. બધું જ યુક્તિગમ્ય. વિજ્ઞાન પણ કબુલ કરે. મેરૂકંપનમાં જરાએ આશ્ચર્ય નહિ. આ તો અમાપ પુણ્યબળના ધણી તીર્થંકર દેવ છે. દેવેન્દ્રોથી પૂજિત. અવધિજ્ઞાનથી યુક્ત. જન્મથી જ વિરાગી. બાળપણમાં બળ અતુલ. સ્વર્ગમાં ઈંદ્ર પ્રશંસા કરે. અણસમજુ દેવ પરીક્ષા કરવા આવે. સાપ બન્યો, ફેંકાઈ ગયો. પિશાચ બન્યો. એકજ મુકકીથી સીધો દોર. ક્ષમા માગી પાછો ગયો. માતપિતાએ પાડેલ નામ **વર્ધમાન**. ઈંદ્રે પાડયું **મહાવીર**. છતાં વિનય-નમ્રતાનો પાર નહિ.

માતપિતા મોહથી પાઠશાળાએ મૂકવા જાય છે. આ તો અવધિજ્ઞાની. અધ્યાપકના પ્રશ્નોના ખુલાસા કરી દીધા. ઈંદ્રના પૂછવાથી. યૌવન ખીલી ઉઠયું. વિરાગીનું. ત્રિશલા માતા પરણાવવા ઇચ્છે છે. પણ વાત વિરાગી પાસે કાઢે કોણ? મિત્રોની તાકાત નથી કે આવી વાત કરે. છેવટે માતાની પ્રેમ ભરી માગણીથી નમ્ર બને છે. ભોગકર્મનું અસ્તિત્વ સંસારમાં ખીંચી જાય છે. પત્નિ યશોદા એટલે ઉંચી સમજણવાળું એક સ્ત્રીપાત્ર.

માતાપિતા સ્વર્ગ પધારે છે. ૨૮ વર્ષની ઉમરે સંયમ લેવા તૈયાર થયા. કારણ કે અભિગ્રહ પુરો થયો. એ વળી શું વાત? ગર્ભમાં માતૃભક્તિથી સ્થિર રહ્યા હતા. માતા અતિ શોકમાં ડુબી જાય છે. આક્રંદ કરે છે. હલન ચલન

સાથે પ્રતિજ્ઞા કરે છે. 'માતાપિતા જીવતા સાધુ ન થવું.' યાદ રાખજો. મોહનીય કર્મ તોડી શકાય તેવું હતું. તોડતા ઘણા ઉત્પાત થાય તેમ હતા. તીર્થંકર તરીકેનું ઔચિત્ય ઘવાય તેમ હતું માટે અભિગ્રહની આડ મુકી હતી. મોટાના આશય મોટા અને પર ઉપકાર માટે. 'માતાપિતાના અવસાન પછી તો દીક્ષા લઈ લેવી.' આવી પ્રતિજ્ઞા લેવા કેટલા તૈયાર ? મહાજ્ઞાનીઓની હરિફાઈ કરશો મા. એમની આજ્ઞાનું પાલન એજ આપણો ધર્મ.

મોટાભાઈ નંદીવર્ધનની ઇચ્છાથી બે વર્ષ વધુ રહ્યા પણ જીવન ભાવસાધુપણા જેવું. ૨૯ પુરા થતા વર્ષીદાન ૩૦ પુરા થતા સંયમ. અનેક પરિષહો–દુઃખો સહન કર્યા. ઉપસર્ગો દેવ–મનુષ્ય–તીર્યંચે કરેલા પારાવાર સઘળા સમ ભાવે સામે જઈ સહન કર્યા. રાગદ્વેષ–મોહને મરણતોલ બનાવી દીધા. ચંડકોશિયો પગે ડંખ્યો. એને આઠમે દેવલોક મોકલ્યો. પાપી સંગમે ભયાનક વીશ ઉપસર્ગ એક રાતમાં કર્યા. તો તેના પર કરૂણાથી આંખ ભીની થઈ. કટપૂતના વ્યંતરી શિયાળામાં શીત પાણી છોડે છે. એણીને સમ્યગ્ ધર્મમાં જોડી દીધી. અને પેલો ગોશાળો, ભયંકર આગ વેરતી તેજોલેશ્યા પ્રભુ પર મૂકે છે. એને સાધુ દ્વારા સમકિતની સામગ્રી આપી દીધી. કાનમાં ખીલા ઠોકયા ગોવાળે. માવજત કરી વણિકપુત્ર અને વૈદ્યે. બન્ને પર સમભાવ. ધન્ય સ્વામીની સમતાને ! ધીરતાને !

સ્વામી કેવળજ્ઞાન પામ્યા. ચરાચર વિશ્વનું સંપૂર્ણ જ્ઞાન પ્રગટયું. સમવસરણમાં બેસી દેશના આપી. સાધુ થવા યોગ્ય આત્મા નહિ. સાધુ વિના ગણધર નહિ. ગણધર વિના

શાસનની અનુજ્ઞા કોને આપવી ? પહોંચ્યા અપાપાપુરી. આવ્યા ઇંદ્રભૂતિ ગૌતમ વાદ કરવા. સંશય સઘળા છેદી નાખ્યા. પાંચસો શિષ્યો સાથે સ્વામીને ચરણે સાધુ બન્યા. બીજા દશ પણ મોટાને પગલે. એમના ૩૯૦૦ મળી ૪૪૦૦.

નાથે તત્ત્વ આપ્યું. 'उपन्नेइ वा विगमेइ वा धुवेइ वा' ત્રિપદી મળી ગઈ. બીજબુદ્ધિના ધણી અગીઆરે મહાનુભાવ પુણ્યપુરુષોએ બાર અંગની રચના કરી. સ્વામીએ શાસનની-તીર્થની અનુજ્ઞા આપી લબ્ધિનિધાન ગણધર ભગવંત ગૌતમ સ્વામીને. અનેક દેશોમાં રાજાઓ-રાજકુમારો-શેઠીયાઓ-લક્ષ્મીનંદનનો બોધ પામ્યા. સાધુ શ્રાવક અને ઉંચી કોટીના માર્ગાનુસારી સદ્ગૃહસ્થ બન્યા. ચંદનબાળા-મૃગાવતી જેવી કંઇક રાજકન્યા-રાજરાણીઓ સંયમ પાળી મુક્તિ પામી.

ભગવંત પાવાપુરી પધાર્યા. સોળપ્રહર ૪૮ કલાક એકધારી દેશના દીધી. અનેક પૂછયા અણપૂછયા પ્રશ્નોના ઉત્તર આપ્યા. ભારતવર્ષનું ધર્મ-ભાવી ભાખ્યું. અયોગી બન્યા. અદેહી થયા. અજન્મા બની અવ્યાબાધ અનંત મુક્તિસુખ પામ્યા. અનંતશઃ વંદના નાથના ચરણોમાં.

## ગણધર ભગવંતોની ગીતિ.

પ્રથમ ગણધર ગુરુગૌતમ નમું. નાથ પર સ્નેહ અપાર. સ્વામી પાસે સેવક. જાણે નાના બાળ. પૂછે પ્રશ્ન પર્ષદામાં. મળે ઉત્તર અને આનંદે. સ્વલબ્ધિએ પહોંચ્યા ગિરિ અષ્ટાપદ. પાછા વળતા પ્રતિબોધે તાપસ પંદરસો. પંદરસો બને કેવળજ્ઞાની. ગૌતમ રહ્યા છદ્મસ્થી, વિષાદ થાય. સ્વામી સુણાવે 'આપણ હોશું તુલ્લા બંને' પ્રતિબોધે દેવશર્મા. પાછા વળતાં જાણ્યું. નાથ ગયા મૂકી એકલો મુજને. વિરહે

વિલાપ અને થાય કેવળજ્ઞાન. પ્રતિબોધી અનેક પહોંચ્યા મુક્તિએ.

નવ તો સાધી ગયા હતા. રહ્યા સ્વામી સુધર્મા. આજના સાધુ સઘળા સ્વામી **સુધર્માના.** પાટે સ્થાપ્યા **જંબુસ્વામી.** આ કાળના અંતિમ કેવળજ્ઞાની અને મુક્તિગામી.

**પ્રભવસ્વામી** હતા ચોર પણ પાકા. દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણ તત્ત્વની કરી ચોરી. સાથેના ચોર પાંચસોને બનાવ્યા સાધુ. પોતાની પાટે **શય્યંભવ**સ્વામીને સ્થાપ્યા. જેમની પસંદગી યજ્ઞ કરતા હતા તે વખતે કરી હતી. 'મહતાં કાપિ ચાતુરી' મોટાપુરુષોની દીર્ઘદૃષ્ટિ અને પારખ-કળા ગજબની હોય છે. નમસ્કાર હો શય્યંભવસ્વામીને. પોતાના પુત્ર મનકને થોડાકાળમાં બોધ પમાડ્યો. સદ્ગતિમાં સ્થાપ્યો. દશવૈકાલિક સૂત્ર રચીને. તેમના શિષ્ય મહાન્ **યશોભદ્રવિજય** થયા. જેમના શિષ્ય આર્ય **સંભૂતિવિજય** અને આર્ય **ભદ્રબાહુસ્વામી** થયા.

## આર્ય શ્રી ભદ્રબાહુસ્વામી ૧૪ પૂર્વધર.

વરાહમિહીરના સંઘ પરના ઉપદ્રવો ટાળ્યા. શાસનની પ્રભાવના કરી. વ્યંતર થયા બાદ ઉપદ્રવ કરતા ઉવસગ્ગહરં મહા-સ્તવની રચના કરી. કલ્પસૂત્રની રચના કરતા આનંદવિભોર બની ગયા. જેથી સ્વપ્નવર્ણનમાં ભક્તિરસ પ્રગટ થઈ ગયો. આગમ પર નિર્યુક્તિકાર શ્રી ભદ્રબાહુસ્વામીને નમસ્કાર હો. મહાપ્રાણાયમ ધ્યાનના ધણી હતા. ચૌદપૂર્વનો બે ઘડીમાં પાઠ કરવાની શક્તિ એ રીતે પેદા કરી.

## આર્ય સ્થૂલભદ્રસ્વામી–૧૦+૪ પૂર્વધર.

શ્રી સંભૂતિવિજયના શિષ્ય. ગણિકાની પ્રીત છંડી દીક્ષા

લીધી. મંત્રીમુદ્રાને પાછી ઠેલી સાચા સાધુ બન્યા. ગુરુઆજ્ઞા મેળવી તેજ પ્રીતિપાત્ર કોશાને ત્યાં ચાતુર્માસ કર્યું. ઉંચામાં ઉંચો મનનો કાબુ. રૂંવાટુંએ ન ફરકે. ભલેને નૃત્યગાન કરે. બોધ પમાડી શ્રાવિકા બનાવી. પાછા વળતા ગુરુએ સત્કાર્યા. અતિદુષ્કર કર્યું. અતિદુષ્કર કર્યું. ૮૪ ચોવીશી સુધી ગવાશે ગાન જેના. ચરણે તેના નમસ્કાર અમારા.

તેઓશ્રીના બે શિષ્યો. આર્ય મહાગિરિ, આર્ય સુહસ્તી. આર્ય સુહસ્તીએ ભિક્ષુકને દીક્ષા આપી. કાળ કરી 'સંપ્રતિ' રાજા બન્યો. જિનમંદિરોથી પૃથ્વી મંડિત કરી. રાજા અશોકનો પૌત્ર રાજા સંપ્રતિ. ધર્મી માતાની એમાં મહાપ્રેરણા હતી. સવાક્રોડ જિનપ્રતિમા, સવાલાખ જિનમંદિરો, છત્રીસ હજાર જીર્ણોદ્ધાર અને અનેક દાનશાળાઓ. આમાં જરાએ અતિશયોક્તિ નહિ. તે વખતની વસ્તી ઘણી ઘણી મોટી–જૈનોની હો! અનાર્ય દેશોમાં પણ ધર્મ ફેલાવી દીધો. ધન્ય છે!

## આર્ય વજ્રસ્વામી–છેલ્લા દશપૂર્વધર.

મહાન શાસનપ્રભાવક પૂર્વધર. જન્મતા જ પિતાની દીક્ષાની વાત સાંભળી. રડી રડીને માને થકવી નાંખી. માએ ગામમાં આવેલ પતિ–સાધુ ધનગિરિને સોંપી દીધા. ઘણા માણસોની સાક્ષિમાં. આચાર્ય ગુરુના આદેશથી સ્વીકાર થયો. સાધ્વીને ઉપાશ્રયે શ્રાવિકાઓદ્વારા લાલન–પાલન થવા લાગ્યું. પારણે પોઢ્યા સાધ્વીમુખે અગીયાર અંગ ભણ્યા. માતા સુનંદાને પુત્રની લાલસા જાગી. રાજદરબારે કેસ ગયો. જેની પાસે બાળક જાય તેનો. મીઠાઈ–મેવા અને રમકડામાં ન મુંઝાયા. મા નાસીપાસ થઈ. ગુરુએ ધર્મધ્વજ–ઓઘો બતાવ્યો. હર્ષથી લઈ કુદવા લાગ્યો. માતા પણ સાધ્વી બની.

દેવોએ આઠ વર્ષના વજ્રસ્વામીની શાસ્ત્રીય પરીક્ષા કરી. આકાશગામિની આદિ વિદ્યાઓ આપી. જે વિદ્યા વડે શ્રી સંઘનું રક્ષણ કર્યું. બૌધ્ધ રાજાને જૈન બનાવ્યો. અનેકાનેક માથું હલાવી નાખે એવી શાસનપ્રભાવના કરી સૂરિજી સ્વર્ગે સંચર્યા. ઇંદ્રો આવી ' રથાવર્ત ' તીર્થ સ્થાપ્યું. દશમા પૂર્વનો લોપ થયો.

## શાસનપ્રભાવક શ્રી શ્રુતધર સૂરિપુરંદરો.

વિક્રમ સંવત પ્રવર્તક રાજા વિક્રમને જૈન બનાવનાર પૂ. સિધ્ધસેન દિવાકર સૂરીશ્વરજી. અવંતીપાર્શ્વનાથનું તીર્થ પ્રગટ કર્યું. કલ્યાણમંદિર સ્તોત્ર બનાવીને. મહાન્ તાર્કિક અને ન્યાયશાસ્ત્રના પારંગત.

૧૪૪૪ ગ્રંથના રચયિતા યાકિનીસુનુ શ્રી હરિભદ્રસૂરિ મહારાજ. જેમના પસાયે આજે પૂર્વગત શાસ્ત્રોનો પ્રવાહ અને ઉકેલ પામી શકાય છે. પૂ. દેવર્ધિગણિક્ષમાશ્રમણ મ. જેમણે આગમોનું એકીકરણ કરી વલ્લભીમાં પુસ્તકારૂઢ કર્યા. જેઓ પૂર્વભવમાં ભગવંત મહાવીરનો ગર્ભપલટો કરનાર હરિણૈગમેષી દેવ હતા. કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ. કુમારપાળપ્રતિબોધક. લાખો પ્રમાણ શ્લોકોના રચનાર. વિવિધ સાહિત્ય શાખામાં પ્રાણ પુરનાર. અકબર બાદશાહ પ્રતિબોધક જગદ્ગુરૂ પૂ. શ્રી હીરસૂરીશ્વરજી મ. સંયમ તપ અને આચારમાં એક્કા. સંયમ આચારની પ્રતિભા અકબરના દરબારમાં પણ ઝળહળી ઉઠી. શાસન ખાતર વેઠેલા કષ્ટોનું વર્ણન હૈયું હલાવે તેવું છે. અને આપણા પ્રાણપ્યારા મહોપાધ્યાય શ્રી યશોવિજયજી વાચક, સાચા ન્યાયવિશારદ. અનેકવિધ સંસ્કૃત પ્રાકૃત ગ્રંથોના રચયિતા. ગુર્જરગિરામાં

૧૨૫–૧૫૦–૩૫૦ ગાથાદિના સ્તવનો તથા રાસાદિના રચનાર, શ્વે. દિગંબર સર્વમાં જેની જ્ઞાનપ્રભા અણમોલ લેખાય છે. તેઓશ્રી સતરમી સદીમાં થયા. અનેક ઉપદ્રવો શાંતિથી સહ્યા. અરે દ્વેષીઓ લખેલ સાહિત્ય ઉપાશ્રયમાં પેસી બાળી નાખતા. કાશીમાં સઘળા પંડિતોના અગ્રેસર બન્યા. વાદીને હરાવી જૈનધર્મની મહાપ્રભાવના કરી.

વીસમી સદીના પૂ. આત્મારામજી મ.–શ્રી વિજયાનંદસૂરીશ્વરજીને કેમ ભૂલીએ? ભારે અંધારયુગમાં શાસનની ભવ્ય રક્ષા કરી. માંડ ગણ્યા–ગાંઠ્યા સાધુ હતા. તેવે વખતે સર્વતોમુખી જૈનધર્મનો ડંકો વગાડનાર. અશાસ્ત્રીયતા સામે પડકાર ફેંકનાર, સારાએ પંજાબને મૂર્તિમંડિત બનાવનાર. ઉડાંગ ઉટાંગ ઉઠેલ મતોને પરાસ્ત કરનાર. પૂજ્યશ્રી ૧૯૫૨ના જેઠ સુદ સાતમની સંધ્યાએ સ્વર્ગવાસી બન્યા.

આ છે માત્ર અતિ અલ્પ-આછી-પાતળી રૂપરેખા પૂજ્યોના જીવનની. શાસનધોરી મહાપુરૂષોની. સમર્પિતભાવ, સત્યની શોધ અને તે પાછળ જીવન ન્યોછાવરતા. સિદ્ધાંત–સામાચારીનું કડક પાલન. અનેક ભવ્યાત્માઓમાં સદ્ધર્મની સ્થાપના સાથે સહિષ્ણુતા. વિ.વિ. અનેક ગુણસમૃદ્ધિથી ભર્યા હતા. એક અલગ ગ્રંથ અનેક ભાગોમાં રચવો પડે ને?

## શ્રી પંચ પરમેષ્ઠિના મુખ્ય ગુણો.

**અરિહંત—** અનંતા ગુણના ધણી 'બાર ગુણ અરિહંત દેવ' અતિશય ચોત્રિશ. વાણી ગુણ પાંત્રીશ. તીર્થ શાસન સ્થાપે માટે તીર્થંકર. શક્રસ્તવ 'નમુત્થુણં'માં અરિહંતના ગુણોનું અદ્‌ભૂત વર્ણન છે. 'લલિત વિસ્તરા' ટીકામાં તેની વિશદ છણાવટ છે.

**સિદ્ધ.** ગુણ–૮. સિધ્ધના સ્મરણથી મોક્ષની અવસ્થાનો– સાદિ અનંત સુખ આદિનો ખ્યાલ આવે છે. ભવ્યાત્માઓનું આદર્શ આલેખન છે. સિદ્ધિ સુખ અનુભવ ગમ્ય હોય છે.

**આચાર્ય** ગુણ ૩૬. પંચિંદિયનો પાઠ. માટેજ સ્થાપના સ્થાપવામાં છે. તીર્થંકરના મહાપ્રતિનિધિ છે. શાસ્ત્રોમાં આ ગુણોનું અદ્ભુત વર્ણન વાંચવા મળે છે. આદિ પર્વમાં તીર્થંકરમિવાદ્રાક્ષીત્ ધર્મઘોષમુનિ ધનઃ ધના સાર્થવાહે સાક્ષાત્ તીર્થંકર જેવા ધર્મઘોષ (સૂરીશ્વર) મ. ને જોયા.

**ઉપાધ્યાય** ગુણ ૨૫. 'ભણે ભણાવે શાસ્ત્રને' 'ઉપાધ્યાય તે આત્મા. આચાર્ય મહારાજા શાસનના રાજાના સ્થાને તો ઉપાધ્યાય મંત્રીને સ્થાને. "આગમદીવડો કદીય ન બુઝાય" આ એમનું ધ્યેય. આગમ શાસ્ત્ર એમના પ્રાણ. પ્રાયઃ સઘળું કંઠસ્થ.

**સાધુ** ગુણ ૨૭. પાંચ મહાવ્રતના પાલક. સદા જાગૃત. ૫ સમિતિ ૩ ગુપ્તિના રક્ષક. જપ-તપ-સ્વાધ્યાયમાં લીન. ગુરૂઆજ્ઞા ધારી. ગોચરીના દોષ ૪૨–નિવારક. નિર્દોષ ભીક્ષાના ખપી. વડિલોની સેવામાં તત્પર. ગ્લાન–બાલની વૈયાવચ્ચમાં હોંશિલા. શાસ્ત્ર–અભ્યાસ એમનું વ્યસન. સમતા એમની સંગિની. માયાને મારે. મોહને વિદારે. કાયાને ડારે. આત્માને સંભારે. હાસ્ય-વિનોદથી પર. ધર્મ પમાડવામાં કુશળ. જયણા યતના એમનો મંત્ર. મુક્તિ ધ્યેય. દેવલોક વિશ્રામ–રેસ્ટહાઉસ. મનુષ્યગતિ મુક્તિ સાધન માટે. વેષ–ગણવેષ વીરનો. પાલન ધીરતા ભર્યું. જિનના ભક્તો એમને ગમે. સદા મનમાં રમે. દેશદેશ ફરે. જિનની વાણીનો વિસ્તાર કરે. સૌ ભવોદધિ તરે.

## શ્રાવક કોને કહેવાય ?

જિનેશ્વરની આજ્ઞા માને. સદ્દહે. શકય અમલ કરે. સુદેવ–સુગુરુ–સુધર્મમાં શ્રદ્ધા ધરે. જીવ–અજીવ પુણ્ય–પાપ આશ્રવ–સંવર બંધ–નિર્જરા મોક્ષ નવે તત્વોમાં સમજણ-પૂર્વાકની શ્રધ્ધા ખીલવે. तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं તેજ સાચું અને શંકા રહિત જે જિનેશ્વર ભગવંતે કહ્યું છે. આવી અટલ શ્રધ્ધા સાથેનું સમ્યક્ત્વ પેદા કરે. મિથ્યા માન્યતા કાને પણ ન ધરે. રોજીંદા સામાયિક–ચતુર્વિંશતિ-સ્તવ–ગુરુવંદન–પ્રતિક્રમણ–કાયોત્સર્ગ–પચ્ચક્ખાણ રૂપ છ આવશ્યક આદરે.

પર્વતિથિએ પૌષધ કરે. દાન–શીલ–તપ–ભાવ ચારે ધર્મને યથાશક્તિ આદરે. પરોપકારરત હોય. અષ્ટપ્રકારાદિ પૂજા ત્રિકાળ જિનમંદિરમાં ભાવપૂર્વક કરે. ગુરુવંદન-આદર –ભક્તિ તો હોય જ. સાધર્મિકોની ભક્તિ. (તેના પ્રકારો આગળ જોઇશું.) દુનિયામાં પણ વ્યવહાર શુધ્ધ હોય. લીધું એનું દેવું. વ્યાપાર નોકરીમાં પ્રામાણિકતા. જુઠો લેખ નહિ. પારકાની પંચાયત નહિ. કોઈની નિંદા નહિ. સાચા ગુણીના ગુણ ગાયા વિના ચેન પડે નહિ. સરળ-નમ્ર-ઉદાર અમારો શ્રાવક.

રથયાત્રા તીર્થયાત્રામાં શક્તિ ન ગોપવે. ષટ્કાય પ્રત્યે કરૂણાળુ. પૃથ્વી—પાણી—અગ્નિ—વાયુ—વનસ્પતિ–ત્રસકાય (હાલતા ચાલતા જીવો) છએમાં પાકી શ્રધ્ધા. કલ્યાણમિત્રોની સોબત. ધર્મી આત્માનો સંસર્ગ. કારણ કે તે ઇંદ્રિયોને દમનારો હોય છે. કારણ કે ચારિત્ર–સાધુધર્મ–દીક્ષા લેવા એનું મન તલ-સતું હોય છે. અને માટેજ શ્રીસંઘ (પ્રભુ આજ્ઞાધારી.) પર બહુમાન હોય છે. શક્તિ હોય તો આગમો લખાવે. સાધુ-

મહાત્માનો સહાયક થાય. અનેક રીતે શાસનની પ્રભાવના કરે. આવા પરિણત આત્મામાં–ઉપશમ–વિવેક અને સંવર જન્મે જ જન્મે અને મુકિત એની હાથવેંતમાં. ધન્ય છે જૈનશાસન !

## શ્રાવિકાનું સ્થાન !

મર્યાદા પ્રમાણે જરાએ ઓછું નહિ. એ પણ મુક્તિની અધિકારી. સાધ્વી બને કે ગુરુણીના સ્થાને. વંદન વ્યવહાર શાસ્ત્રમર્યાદા પ્રમાણે. ભક્તિમાં જરાએ ખામી નહિ. શ્રાવક હોય કે શ્રાવિકા. ભરહેસરની સજ્ઝાય. સતીઓની યાદ. સાધુઓ પણ સવારમાં રોજ સ્મરે દેવી મયણાસુંદરી શ્રીપાલને દેવી મદનરેખા પતિને બોધ પમાડી સ્વર્ગે મોકલનાર. સતી દ્રૌપદી અચળ સમ્યક્ત્વ ધારી અસંયતી નારદનો સત્કાર ન જ કર્યો. અને મહાશ્રાવિકા સુલસા ભારે બડભાગી. ભગવંત મહાવીર ધર્મલાભ કહેવરાવે. તાપસ અંબડ ન ચલાવી શકે સાધર્મિક તરીકે જ સન્માન પામે. 'વત્સ' દેશની રાજકુમારી 'જયંતી' કેવા સુંદર પ્રશ્નો અને વિનંતિ કરે છે ભગવંત મહાવીરને! 'એકવાર વચ્છદેશ આવજો, જયંતીને પાયે નમાવજો'.

' દૂર પાસેથી વાદે જયંતીને લઘુ છોકરી....જિણંદજી '

શ્રાવિકા એટલે શાસનની સોહામણી દીવડી. સંસ્કારો કેળવનારી જ્યોત્સ્ના. શાસનના બાળક–બાળિકાઓની માધુરી. એની વાણીમાં ધર્મની સુવાસ. એના સ્મિતમાં આદર અને મહેમાનગીરી. સ્તવન-સજ્ઝાયમાં આત્મરમણતા. સંસારમાં રહે, ઔચિત્ય સાચવે પણ મન મોક્ષમાં. દીકરા–દીકરી શાસન માટે સંસ્કારભેટ. સુશીલ, શાણી, ઘરરખ્ખુ, અપ્રમાદી શાસનની શ્રાવિકા. એનું સ્થાન ગૌરવભર્યું. હતીને

'રેવતી.' પ્રભુ માટે ઔષધિદાતા. ઘેર બેઠા પ્રભુશ્રીની કેટલી ચિંતા! શ્રાવિકા એટલે સ્ત્રી–સૌરભ. શાસનની સુવેલ.

### શું શ્રી સાધ્વીજી ભૂલાયા છે ?

જરાએ નહિ. સાધુ સંઘમાં અંતર્ગત છે જ, છતાં એ તો દીવ્ય મધુર સાધન ધર્મપ્રચારનું. ભાષણો અને જાહેર વ્યાખ્યાનો કરીને નહિ. મૂક ચારિત્રની ઉંડી છાપથી. શ્રાવિકાઓને શાસનમાં ઓતપ્રોત બનાવીને, સાધ્વી સંઘને સમૃધ્ધ, સબળ બનાવીને અને આજે પણ સ્વાધ્યાય–સંયમ–તપ એમને વરેલા જ છે. નીચી નજરે વિહાર. આહારની લોલુપતા નહિ. સ્વાધ્યાય વિના ચેન નહિ. કવિ નાનાલાલ જેવાને પણ કહેવું પડયું. "નમણા નમન વન્દન તો છે, તમારા સાધ્વી આશ્રમને. સંસારની થાકેલીઓનો વિશ્રામ ઘાટ, વૈરાગિણીની વેલડીનો એ લતા મંડપ, સરસ્વતીની કુંવરીઓનો એ શારદાશ્રમ અને સંન્યસ્તમઠ. સંસાર પરિત્યાગે તે એ આરે આવી બેસો." અમારે બ્રાહ્મણ ધર્મમાં ય હતો એ સન્યાસિણી આશ્રમ. દેશકાળની ઝપટ વાગ્યે અલોપ થયો, પણ હજી જૈન સંઘે છે."

'દેવરીયા મુનિવર ધ્યાનમાં રહેજો' સાધ્વી રાજીમતિનો ઉપદેશકંડ. 'વીરા મોરારે ગજથકી ઉતરો' બ્રાહ્મીસુંદરીનું સ્વરસંધાન, કેવા ઉંચા આદર્શ! ખરેખર સાધ્વી સંસ્થા આજની દુનિયાની એક અડોલ અજાયબી છે.'

### તપનું આટલું બધું માહાત્મ્ય કેમ ?

તપ તો સંયમનું કવચ છે. અભેદ્ય, અકાટ્ય, મહારક્ષક. તપ અનાહારી પદનું સર્વોત્તમ સાધન છે. ઇચ્છાનિરોધ જેવો તપ કયો? તપના બારે ભેદોમાં ઇચ્છાનો–મનનો અરે

તનનો પણ નિરોધ છે. બાહ્ય તપના છ ભેદઃ—અનશન—નોકારસીથી માંડી ઉપવાસ અઠ્ઠમ—માસખમણાદિ એમાં સમાય. શરીર કષાય ઇંદ્રિયો કાબુમાં આવે. વાસના મરે. આત્મા તરે.

૨. **ઉણોદરી**:—સર્વરોગનાશક, સંયમસાધક, અનશનને સહાયક, તપને ટકાવનાર.

यो मितं भुक्ते स बहु भुंक्ते મિતાહારી પુષ્ટતા પામે. પુષ્ટિમાંથી તુષ્ટિ અને તુષ્ટિમાંથી તપપ્રેમ જન્મે.

૩. **વૃત્તિસંક્ષેપ**:-ઓછા પદાર્થોથી ચલાવવું. ૨૫ વાનગીમાંથી પાંચ જ લેવી—ખાવી કે વાપરવી. જરૂરીઆત ઓછી, ચિંતા ઓછી, મન કબજે થાય. 'મન રે માર્યું, તેણે સઘળું સાધ્યું.' આ જોઇએ અને તે જોઇએ નહિ.

૪. **રસત્યાગ**:—સ્વાદ પર કાબુ. જીભ કબજામાં. ગમતામાં રાગ નહિ. અણગમતામાં દ્વેષ નહિ. ખાટા—ખારાની પંચાત નહિ. મિષ્ટમાં લોલુપતા નહિ. છ વિગયમાંથી પાંચ, બે, એકનો ત્યાગ. ૧ દુધ, ૨ દહીં, ૩ ઘી, ૪ તેલ, ૫ કઢાકૃત અને ૬ ગોળ.

૫. **કાયક્લેશ**:—લોચાદિ (હાથથી માથાના, દાઢી-મૂછના વાળ ઉખેડવા)ની ક્રિયા. કાયોત્સર્ગ—ઉભા રહી અમુક વખત સુધી કાયાની સંભાળનો ત્યાગ. તાપ—ઠંડી સહન કરવા; ખુલ્લા પગે ચાલવું વિ. વિ.

૬. **સંલીનતા**:—અંગોપાંગ સંકોચી રાખવા, ઇંદ્રિયો પર કાબુ વિ. વિ. બાહ્યતપ આંતર તપનો પોષક છે. સંવર્ધક છે. તેવી જ રીતે આંતર તપ બાહ્ય તપને આવકારનાર છે. બન્ને પરસ્પરના પૂરક પણ કહેવાય. પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય ધ્યાન, કાયોત્સર્ગ આંતર તપ છે.

૭. **પ્રાયશ્ચિત**:-થએલ ભૂલનો હૈયાપૂર્વકનો પશ્ચાતાપ. ગુરુ સમક્ષ જાહેરાત અને એનો દંડ તપાદિ રૂપમાં ફરમાવે તે રીતે. ફરી તેમ ન થાય તેની પુરી કાળજી.

૮. **વિનય**:-નમ્રતા. જે સરળતામાંથી જન્મે છે. વિવેકને પેદા કરનાર છે. વિદ્યાની જનની છે. વિનય વિના વિદ્યા નહિ, નમે સાચે ભાવે, તે સૌને ગમે વિનયગુણ ઝળકંત.

૯. **વૈયાવચ્ચ**:-અપ્રતિપાતી ગુણ. જેનામાં જન્મે તેનું કલ્યાણ. જિનની થાય. ગુરુની થાય. બાળ સાધુની, ગ્લાન સાધુની વિશેષ થાય. તન-મન આતમના ઉલ્લાસે થાય. પૂર્વ ભવમાં ભરત મહારાજાએ કરી ગોચરી-પાણીથી પાંચસો મહાત્માની. પૂર્વભવમાં બાહુબલીજીએ કરી વિશ્રામણાથી.

આ ગુણ વિલોપ પામતો જાય છે. સાધુ-સાધ્વી સંસ્થામાં પણ ખીલવવો અતિ જરૂરી. જરૂર પડે વ્યાખ્યાન રોકીને પણ ગ્લાનની વૈયાવચ્ચ થવી જોઇએને? 'જે ગ્લાનને વિસારે છે તે મને વિસારે છે' એવી વીતરાગની વાણી. આ તો માત્ર હકિકત પ્રત્યે અંગુલિ નિર્દેશ છે. નહિ કે ટીકા. બાકી જ્યાં છે ત્યાં છે ત્યાં અનુમોદના કરાવે તેવો સુંદર છે. આ તો ધ્યાન ખેંચવાનું. શ્રાવકગણમાં પણ સાધર્મિક ભાવ જાગતો થાય તો આ ગુણ ખીલે. પરસ્પર જિનના ભક્તો સહાયક ન થાય? સાધુ-સાધ્વીની વૈયાવચ્ચ એ તો શ્રાવક-શ્રાવિકાનો અપૂર્વ લાભ. તન-મન અને ધનથી ટાઈમનો પુરતો ભોગ આપીને ઉત્સાહથી.

૧૦ **સ્વાધ્યાય**:-સાધુ-સાધ્વીનો સાચો પ્રાણ જે કરે તે તરે. મનડું વશ કરે. કુથલીને અવકાશ નહિ. વિકથાનો વારોજ નહિ. આત્માની મસ્તી ખીલે. રાત્રે થાય. દિવસે થાય. કાળવેલાની મર્યાદા સાચવીને. ગુરુગમથી સમજીને.

૧૧ **ધ્યાનઃ**–આ એક મહાન પ્રક્રિયા છે. મન-વચન-કાયાની એકાગ્રતા એનો પાયો છે. જિનકથિત ક્રિયામાં ઓતપ્રોત થવાથી એકાગ્રતા આવે છે. ખાલી નાક દબાવી પદ્માસન લગાવી બેસવા માત્રથી નહિ. ખરાબ વિચારોની હકાલપટ્ટી સારા વિચારોનું સ્મરણ–આમંત્રણ. આ છે પાયાના સાધન. ઐહિક લાલસા નહિ. આજ્ઞાપાલનની લાલસા. ઉત્તમ સાધન છે આ મન સાધવાનું. ક્ષપકશ્રેણિએ ચઢવાનું. પણ મોહને માર્યા વિના ન બને. રાગદ્વેષને પાતળા બનાવ્યા વિના ધ્યાન આવે ક્યાંથી? બાહુબલિજી બાર મહિના ધ્યાનમાં અડગ ઉભા. પણ અતિસૂક્ષ્મરૂપે સ્પર્શી ગએલો પેલો માન કષાય? એ ગયો અને કેવળજ્ઞાન પ્રગટયું. ધ્યાન વિના નવી મળે સાન સાચી આતમની.

૧૨ **કાયોત્સર્ગ**:–આમાં જેમ દેહનો ત્યાગ છે, તેમ ધ્યાનની ઉંચી કક્ષા પણ રહેલી છે. સંગમ ન જ ફાવ્યો ને? ધ્યાનથી ચળાવવામાં કે કાયોત્સર્ગ મુકાવવામાં. ભગવંત મહાવીર 'મહાવીર' એમ બન્યા છે. આપણે માટે એવા બનવાજ આ તપ-ત્યાગનો મહામાર્ગ મૂકી ગયા છે. અણમોલ વારસો.

## નવપદજીનો મહિમા.

પાંચ પરમ પરમેષ્ઠિ–શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. સર્વોત્તમ રત્નત્રયી દર્શન–જ્ઞાન–ચારિત્ર. અને આઠેના ઉત્થાનમાં પાયારૂપ યા શણગારરૂપ તપ. આ નવનું એકચક્રી રાજ્ય એજ શાસનનો સાર.

આ નવેમાં પુરી શ્રદ્ધા એટલે સમ્યક્ત્વ. પહેલા પાંચ ગુણી છે. પાછલા ચાર ગુણ છે. ગુણ વિના ગુણી નહિ. ગુણીમાં

ગુણદર્શન થાય. આ નવપદનું બીજું નામ શ્રી સિદ્ધચક્ર ભગવાન. ગોળ વર્તુલ આકારે સ્થાપના તે સ્થાપના સિદ્ધ. એની સિદ્ધિ સાબીત ન કરવી પડે, અનાદિ સિદ્ધ તત્ત્વોનું સુરમ્ય ચક્ર. એને આરાધે તે પણ સિદ્ધ. સદા અનંત સુખમાં વિલસે. અરિહંત મહાત્યાગી. સિદ્ધ તો શ્રેષ્ઠ ત્યાગી બની ગયા જ. આચાર્ય પણ સંસાર વ્યવહારના ત્યાગી. ભલે ને હજુ સંસાર અવસ્થામાં છે. ઉપાધ્યાય કે સાધુ સંસાર ત્યાગ વિના બનાય જ નહિ. સમ્યગ્દર્શન એટલે 'સંસાર ત્યાજ્ય અને જિનઆણા એક સાર'ની દઢ માન્યતા. સમ્યગ્જ્ઞાન તો સંસાર ત્યાગની પ્રેરણા પળે પળે કરે જ. સમ્યક્ચારિત્ર ત્યાગ ભાવનાનો અમલ–પાલન અને રક્ષણ. સમ્યક્ તપ માત્ર શરીરનેજ તપાવે એમ નહિ. માત્ર ઇંદ્રિયોને કરમાવે એમ નહિ પણ કર્મોને બાળી ખાખ કરી નાખે અને રત્નત્રયીના તેજને પ્રગટ કરે. તપ તેજ અતિ ઘણું–કહેતા ના આવે પાર.

તપથી તપે કર્મ ચિકણા, કહે જિનેશ્વર દેવ.

यद् दूरं यद् दुराराध्यं, यच्च दूरे व्यवस्थितम् ।
तत् सर्वं तपसा साद्यं, तपो हि दूरतिक्रमम् ॥

સુયોગ્ય દૂરની પણ વસ્તુને મેળવી આપે. અશક્યને શક્ય બનાવે. જે કરવું અતિ દુર્લભ હોય તે સર્વને સુલભ બનાવે. ખરેખર તપસત્તા અનુલ્લંઘનીય છે. 'આરાધે તે સઘળું સાધે.'

## શ્રી શાશ્વતી નવપદજીની ઓળીજી.

ચૈત્ર સુ. ૭ થી ૧૫. આસો સુ. ૭ થી ૧૫. બે શાશ્વતી-સદાકાળ જેનો મહિમા હતો, છે અને હશે. દેવેન્દ્રો પણ નંદીશ્વર નામના દ્વીપમાં જઈ અઠ્ઠાઇ મહોત્સવ કરે છે. વિદ્યાધરો

પણ ત્યાં જાય અગર વૈતાઢ્ય પર પોતાને સ્થાને આરાધે. મનુષ્યો પણ નવ દિવસ આયંબિલ તપ કરે. પડિલેહણ–વસ્ત્રાદિનું. સાંજ–સવાર–બપોરનું દેવવંદન. નવ ચૈત્યવંદન, શક્ય હોય ત્યાં નવ દેરાસરે. તે તે પદના ગુણ પ્રમાણે સ્વસ્તિક, ખમાસમણા. રોજના પદની ૨૦ નોકારવાળી. ઉભય ટંક પ્રતિક્રમણ. રોજ સ્નાત્ર મહોત્સવ. છેલ્લે દિવસે મહાપૂજા, પ્રભાતના અને પારણે ઉદ્યાપન, સ્વામિવાત્સલ્ય, અનુકંપાદાન, જીવદયાદિના કાર્યો કરે. આ છે સામાન્ય વિધિ.

## ત્રણ ચાતુર્માસિક અઠ્ઠાઇઓ.

કાર્તિક ચોમાસાની સુ. ૭ થી ૧૪–૧૫. ફાગણ માસની. અષાઢ માસની. છેલ્લી વધારે ખ્યાલમાં રહે છે. કારણ કે સાધુ–સાધ્વીઓ સ્થિત–ચાતુર્માસ રહે છે. વિહાર બંધ થાય છે. શ્રાવકોને આરંભ–સમારંભ ઓછા થાય છે. આરંભ–સમારંભ એટલે સંસારી કામો જેમાં નાની–મોટી હિંસાને અવશ્ય અવકાશ રહે છે. ધર્મ આરાધનામાં વિશેષ ધ્યાન રહે છે. પચાસ પોણોસો વર્ષ પહેલાંનો વિચાર કરો. સુખી અને સંતોષી આત્માઓનો. ચાતુર્માસમાં વેપાર–ધંધો બંધ. શક્ય તે ધર્મ કરવામાં જ રક્ત. કારણ કે ધર્મ પ્રાણ હતો. આત્માનો ત્રાણ હતો. તેઓને મન અને આપણે મન?

## શ્રી પર્યુષણા મહાપર્વ.

આ મહાપર્વ ચાતુર્માસમાં જ આવે. શ્રાવણ વ. ૧૨ થી ભાદ્રપદ સુદ ૪ સુધીના આઠે દિવસો ધર્મની રમઝટના. આ મહાપર્વનું મુખ્ય નામ છે 'સાંવત્સરિક મહાપર્વ.' બાર માસનો મહાન્ દિવસ અને તે ભાદ. સુદ ૪. પરસ્પરની ક્ષમાપનાનું મહાપર્વ. વેરઝેર વિસારે પાડવાનો પવિત્ર દિવસ.

રહી સહી મનની નબળાઈ દૂર કરવાનો મંગળ દિન. તે માટે સાતે દિવસ તપ પૂર્વક આત્માને ઢંઢોળવાનો. ગુરુના શ્રીમુખે મહાન્ 'કલ્પસૂત્ર' એકમના થઈ સાંભળવાનું. એમાં સાધુના આચારો આવે. શ્રી નાગકેતુ જેવા તપસ્વી શ્રાવકવર્યનું વર્ણન મળે. શાસનપતિ શ્રી મહાવીરદેવનું સુવિસ્તૃત સર્વશ્રેષ્ઠ જીવન સંભળાય. દેહ–મન–આત્મા પાવન થાય. શ્રી આદીશ્વર દાદા આદિનું ચરિત્ર ચકોર બનાવે. ગણધર ભગવંતોની ગુણગીતિ અનેક ગુણો પ્રગટાવે. સ્થવિર મહાન્ શાસનપ્રભાવક રક્ષક સૂરિપુરંદરોની યશોગાથા સાત્વિકતા પેદા કરે. સામાચારી સાંભળતા સાધુ મહાત્માઓની ઉત્કૃષ્ટ ચર્યા પ્રત્યે શિર ઝુકી જાય.

## દાનાદિ ધર્મ.

'પર્યુષણા' એટલે ચારેબાજુથી આત્માનીજ સમીપ થવું.

**દાન**–શીલ–તપ–ભાવના. ધર્મનો ધોધ વહે. અનેક ધાર્મિક ખાતાઓ અને સંસ્થાઓ બારે માસ માટે પગભર બની જાય. અપંગ–ગરીબો પણ આનંદ પામે. પશુ–પક્ષી આશિષ દે. ઘાંચી–મોચી–કસાઈના ધંધા પણ સ્થગિત થાય. પ્રેમથી અને પૈસાથી. કેઈક સાધર્મિકોનો ઉધ્ધાર થાય. ઉપાધિઓથી મુક્ત કરી દેવાય. દાનેશ્વરીઓના દાન રાજા–મહારાજાના માન મુકાવે. ચંચળ લક્ષ્મી સ્થિર થઇ જાય. પાગલ પૈસો ડાહ્યો બની જાય. દુનિયા દેખે અને હરખે. આત્માનંદ અનેરો પેદા થાય.

**શીલ** એટલે આત્માનો સ્વભાવ. પરબ્રહ્મ–પરમાત્મામાં રમવું. પરમાત્મા બનવા યત્નશીલ બનવું–બ્રહ્મચર્યનું પાલન તેનું એક અંગ. પરબ્રહ્મ લીનતામાં ખાસ મદદગાર. તનની

તંદુરસ્તી બ્રહ્મચર્યથી. કુદરતી મનને તે મજબુત બનાવે. મજબુત ધ્યાનારૂઢ થાય. આત્માના સ્વરૂપનો વિચાર કરે. સંસાર અસાર અને ભયંકર લાગે. વીતરાગની વાણી હૈયે વસી જાય. છએ અઠ્ઠાઈ અને બાર તિથિ બ્રહ્મચર્યના નિયમ. જૈન કુળોમાં હોય જ. પ્રાચીન યુગમાં અને આજના યુગમાં? છેવટમાં છેવટ કનિષ્ટ પક્ષે પાંચ તિથિનો નિયમ.

**તપ** એટલે આત્માનું તેજ પ્રગટ કરવાનું ઉત્તમ સાધન. અનાદિની આહાર સંજ્ઞા પર વધતો જતો કાબુ. અનાહારી પદ-મુક્તિની મંગળમાળા. કુદકે-ભુસકે વધતી જતી ઇચ્છાઓ પરનો કાબુ. એક મઝેનો દાખલો વિચારીએ. પંદર ચીજો સુખીના ભાણામાં પીરસાઇ છે. કોઇ સુપળે વિચાર આવે કે હવે સોળમી નહિ. જરૂ પડે તો પંદરમાંથી જ. પાડોશમાંથી વાનગી આવી-ભાઇને કે બ્હેનને ઘણી ભાવતી. પણ માનસિક સંકલ્પ લેવા ના પાડશે. આ પણ થયો બાહ્ય તપ. અને મન પણ ન થાય, રસ પણ ન જાગે. આત્માની અનાદિની કુટેવ વિચારવા લાગે. અભ્યંતર તપમાં પણ પ્રવેશ કરે ને?

**ભાવ** એટલે આત્માનો સ્વરૂપ તારક સુંદર વિચાર. તે વિચારોને કેળવવા માટે ૧૨ ભાવના અને તેને પુષ્ટ કરવા બીજી ચાર.

## બાર ભાવનાનું સ્વરૂપ.

૧ **અનિત્ય ભાવના**-કોઈપણ વસ્તુ કાયમી નથી રહેવાની. એ જવાની. છેવટે આપણે તો જવાના જ. નાશવંત ચીજ પર મમતા શી?

૨ **અશરણ-ભાવના** માણસ માંદો પડ્યો. સુવિખ્યાત ડોક્ટરે પણ આશા મુકી દીધી. શરણ કોનું? સગાવ્હાલા શું કરે? ધર્મ એજ શરણ. સદ્‌ભાવ એ જ શરણ-અરિહંત

સિદ્ધ–સાધુ–જિનભાષિત સુધર્મ એ જ શરણ. એ જ ગતિ. એ જ મતિ. બાકી બધું ફોક.

૩ **સંસાર ભાવના**–સંસાર વિચિત્ર છે. પૂર્વભવની માતા સ્ત્રી થાય. પોતે મરે. પોતાની જ સ્ત્રીના પેટે અવતરે પુત્ર તરીકે જન્મીને વેર લે. કંપાવી નાખે એવો છે આ સંસાર. આધિ–વ્યાધિ–ઉપાધિનો પાર નહિ. એકધારો સળગતો દાવાનલ. ક્યારે છુટું ?

૪ **એકત્વ ભાવના**–આત્મા એકલો જન્મ્યો. એકલો જવાનો મરીને.–દુર્ગતિનાં દુઃખો એકલાએ જ ભોગવવાના. ભાગીદાર કો' નહિ, કારણ કે પોતાના કરેલાં દુષ્કર્મોનું ફળ છે.

૫ **અન્યત્વ ભાવના**–શરીર એ આત્મા નથી. આત્મા શાશ્વત તત્ત્વ છે. શરીર નાશવંત. માતાની કુક્ષિમાં પેદા થયું. તૈયાર થયું. અગ્નિમાં બળવાનું. પૃથ્વીમાં દટાવાનું. નદી દરિયામાં ફેંકાઈ જવાનું કે ગીધ–કાગનું ભક્ષ્ય બનવાનું. એ શરીર ખાતર આટલા પાપો કરૂં ! એની પાછળ પાગલ બનું ! અને મારૂં પોતાનું–મારા આત્માનું નિકંદન કાઢું ? ના....ના....ના.

૬ **અશુચિત્વ ભાવના**–શરીર એટલે લોહી–હાડ–ચામડી–વસા ચરબી અને નસોનું સંગ્રહસ્થાન. મળ–મૂત્ર વિષ્ટા–દુર્ગંધનો ભંડાર. એમાં રાચવાનું શું ? ન્હવરાવો, સુગંધી તેલોનું મર્દન કરો, સારા સુંવાળા વસ્ત્ર પહેરાવો, પણ તુર્ત પરસેવો, તુર્ત સફેદ દૂધ જેવા વસ્ત્રને મેલાં કરે. ઉંઘમાંથી ઉઠીએ. મોં સાફ કર્યા વિના બહાર ન જવાય. ગમે તેવું સૌંદર્ય ભલે હોય ને ? માલ–મલીદા ખવરાવો. ઉત્તમ પીણા આપો. પણ વાંકું તે વાંકું. નફાના સોદા માટે

જવા તૈયાર થયો હોય. ઘુંટણમાં જોરદાર વા--પેટમાં ચૂંક કે શૂળ. લકવો કે પેરાલીસીસ. બસ મનની મનમાં. ભઈ પથારીમાં. વલોપાત કાંઇ કામ ન આવે. ૨૪ કલાકની સદાની સેવા નિષ્ફળ. આ શરીર! અને એને જોઈ જોઈને મલકાવાનું! રે બેવકુફી!....

૭ **આશ્રવ ભાવના**-સંસારની સઘળી ક્રિયાઓથી આત્મા પર આવી આવીને કર્મના રજકણો ચોંટે છે. આત્માને ભારે બનાવે છે. ચારે બાજુથી આવે છે. અત્યંત ઝીણા પરમાણુના રૂપમાં. આ છે દ્રવ્ય આશ્રવ. એમાંથી પેદા થાય છે રાગ, દ્વેષ, મોહ, ક્રોધાદિ કષાયો, વિષયની વાસનાઓ પચેંદ્રિયની. આ મલીનતા દૂર કરૂં.

૮ **સંવર ભાવના**-આવતા કર્મના ધોધને રોકવાની પ્રક્રિયા સંવર છે. ૫ સમિતિ, ૩ ગુપ્તિ, ૧૦ પ્રકારનો યતિ-ધર્મ; વિ. સાધનો છે. દોડી આવતા કર્મોને તે મારી હઠાવે છે. હું પણ પ્રબળ બનું. અનેક યુક્તિઓ અજમાવું. આગમ-વિધિ પ્રમાણે દૂર ફંગોળી દઉં કર્મોની દોટને.

૯ **નિર્જરા ભાવના**-સંચિત કર્મો પૂર્વ ભવોનાં. તેનો નાશ એ જ નિર્જરા. નાશનો સમતાભર્યો ઉપાય છે ૧૨ પ્રકારનો તપ. તપ તપાવે કર્મને, કરે ચિકણાનો પણ નાશ. ગાઢ નિકાચિત પણ ટળે, ધ્યાનને ટાણે, ધ્યાન અને તે પણ ક્ષપકશ્રેણિનું! ધ્યાન તપનો જ પ્રકાર છે ને?

૧૦ **લોકસ્વભાવ ભાવના**-ઉત્પત્તિ, નાશ અને સ્થિરતા. આ ત્રણેની ઘટમાળમાં હરકોઈ ચીજ ફર્યાં કરે છે. આત્મા પણ. મનુષ્ય જન્મ્યો, મનુષ્ય તરીકે મર્યો--નાશ, દેવ તરીકે થયો--ઉત્પત્તિ. પણ આત્મા તો તે જ છે માટે સ્થિરત્વ. આ

રખડપટ્ટી આત્માની ક્યાં સુધી ? જન્મ-મરણના દુઃખ ક્યાં સુધી ? સુગંધી પુદ્ગલો દુર્ગંધ પુદ્ગલોમાં પરિણમે. ખાધેલ અન્નાદિની વિષ્ટા બને. એના જ ખાતર થાય. એમાંથી જ અન્નાદિ થાય. એના જ મિષ્ટાન્ન બને. એમાં જ રુચિ થાય?

૧૧ **બોધિદુર્લભ ભાવના**–સદ્‌બોધની સમ્યક્‌ત્વની સમજ મળવી--હૈયાને બેસવી અઘરી. પ્રથમ તો મનુષ્યભવ. તેમાં સદ્‌ગુરૂનો જોગ. વીતરાગની વાણીનુ શ્રવણ. આ મળે તો પણ તેમાં શ્રધ્ધા. આત્મામાં સ્થિરીકરણ. નવે નવ તત્ત્વોમાં સમજણપૂર્વકની નમણી શ્રધ્ધા. ખરેખર અતિદુર્લભ. પુરા પુણ્યશાળીને આ બધા સંયોગો મળે. અને સંયોગો મળ્યા પછી શુધ્ધ ક્ષયોપશમ ભાવ પ્રગટવો પ્રાયઃ અલ્પ ભવી માટે સુશક્ય. મને કે મન મળે ?

૧૨ **ધર્મભાવના**-ધર્મ અને સર્વજ્ઞ વીતરાગ ભગવંતે કહેલો. મળે તે મહાભાગ. આત્માના સ્વરૂપનું ભાન. તત્ત્વોનું સુજ્ઞાન. કર્મોને. ઉત્પાત અને કારમા પ્રકાર. મોહનીય કર્મનો મારક મોહકતા. આ તો જિનધર્મ વિના ક્યાંથી સમજાય? માટે જ અરિહંતાદિની. ઉપકારી ગુરુ ભગવંતોની, કલ્યાણમિત્ર સાધર્મિકોની દ્રવ્ય ભાવ બંને ભક્તિ એ જ મારે માટે સુધર્મ પામવાનો પાકો ઉપાય.

## મૈત્રી આદિ ચાર ભાવનાઓ.

૧ **મૈત્રી ભાવના**–સર્વ જીવ સાથે મિત્રતા. કોઈની સાથે દુશ્મનાવટ નહિ. કોઇ આપણને દુશ્મન માનતો હોય. એના પ્રત્યે પણ સદ્‌ભાવના. ભુંડું કરવાનું તો નહિ. પણ ઇચ્છવાનું પણ નહિ. 'सर्वे जना सुखिनो भवन्तु' સદ્‌વિચારો

દ્વારાજ વિશ્વ સુખી થઇ શકે ને? આપણે ઇચ્છીએ. પણ પોતે સન્માર્ગે ન ચાલે તો ?

૨ **પ્રમોદ ભાવના**—પ્રકર્ષ આનંદ શેમાં ? સામી વ્યક્તિના ગુણો જોતા-સાંભળતા-અનુભવતા. માયા કે કીર્તિ લાલસા વગરનું દાન; ભોગ-લાલસા વગરનું શીલ. દુનિયાની ચીજની ઇચ્છા વગરનો તપ અને દંભ વગરનો ભાવ. આ સામાન્ય ગુણો છે! સામામાં જોઈને આત્મા આનંદી ઉઠે. મન મોર નાચી ઉઠે. હૈયાનો હર્ષ માય નહિ. એજ પ્રમોદ ભાવના. સાધુ સાધુને જૂએ. આનંદ વિભોર ન બને? સાધર્મિક સાધર્મિકને જુએ. મન મલકાયા વિના રહે? પેથડશા મહામંત્રી માટે કહેવાય છે. ઘોડે બેસી જતા હોય. રસ્તામાં નવા સાધર્મિકને દેખે. નીચે ઉતરે પ્રણામ કરે-ભેટી પડે. આવો આત્મા બીજું શું શું ના કરે! મારામાં આ આવી જાય. સંસારસાગર તરી જવાય.

૩ **કારૂણ્ય ભાવના**-દીનદુઃખી, અપંગની દયા, પીડાતા પશુપંખીની માવજત. મરાતા મુકાવી યોગ્ય સ્થળે ગોઠવવા. ભૂખ્યાને અન્ન, તરસ્યાને પાણી, વસ્ત્રહીનને વસ્ત્ર. આ બધી સામાન્ય દ્રવ્ય દયા છે. તે તે જરૂરીઆતો વિવેકપૂર્વક પૂરી પાડવી. પછી એની લાચારીનું મૂળ કારણ સમજવું એ ભાવદયા છે. હું સુખી, તું દુઃખી, હું દેનાર તું લેનાર. શા માટે? પરમ પ્રભુએ કહેલ ધર્મ કર્યો નથી પૂર્વભવમાં. હજુ પણ સમજ અને આચર. શક્તિશાળીઓ ધારે તો કેઇકને સુમાર્ગે જોડી શકે. ઉદાર બને તો.

૪ **માધ્યસ્થ ભાવના**-જરા અઘરી છે. કોઇને સુધારવા ઘણી મહેનત કરી. સુધર્યો તો નહિ જ. પણ સુધરવાની

આશા પણ ન બતાવી. ઉપરથી સામનો પણ કરે. ' ગુસ્સો આવે કે સમતા રહે? બિચારાના કર્મ કઠીન છે. હશે. "सव्वे जीवा कम्मवस" જીવો કર્માધીન છે. મારો પ્રયત્ન નિસ્વાર્થ હતો. એ જ આનંદ.

આ ભાવનાઓ માત્ર પંચમહાવ્રતધારી સાધુઓ જ ભાવે? ના, ગૃહસ્થ શ્રાવક-શ્રાવિકાઓ, વિશેષે કરીને માર્ગાનુસારી આત્માઓ પણ. આ છે ૧૬ અનુપમ ધર્મકળાઓ.

## પાચ મહાવ્રત અમૂલ્ય શા માટે ?

પાંચે મહાવ્રત, કામદેવના પાંચે બાણોના વિનાશક છે. ફોજદારી કાયદાનો પિનલકોડ નકામો બની જાય છે. દુનિઆની અંધાધુધીના શમન માટે મહાઔષધિ છે. વિશ્વ-શાંતિનો સર્વશ્રેષ્ઠ માર્ગ છે. અનંત અવ્યાબાધ સુખનો સોપાન માર્ગ છે. મુક્તિ મહેલની સીડી છે.

૧ **હિંસા વિરમણ મહાવ્રત**–હિંસા કરે નહિ. કરાવે નહિ. કરતાને સારો ગણે નહિ. મનથી–વચનથી–કાયાથી. ચાલે સાડા ત્રણ હાથ દૂર નીચી દૃષ્ટિ રાખીને. રાત્રે દંડાસન–જીવોને બચાવવાનું સુંવાળું. ગરમ સાધનનો ઉપયોગ રાખે. બેસતા-ઉઠતા, રાત્રિ–દિવસ ઓઘાનો–ધર્મધ્વજનો પ્રમાર્જવામાં ઉપયોગ કરે. ગોચરી--ભિક્ષા પણ પોતાને માટે નહિ બનાવેલી લે. અપવાદ માર્ગની સમજણ ઉંડાણ માંગે છે.

૨ **મૃષાવાદ વિરમણ મહાવ્રત**–જૂઠું બોલે નહિ. બોલાવે નહિ. બોલતાને સારો ગણે નહિ. મનથી-વચનથી-કાયાથી. એક વાત ખાસ સમજી લેવી. ૨ થી ૪ ચારે વ્રતો પહેલા વ્રતના પોષક, સંરક્ષક અને સંવર્ધક છે. જૂઠમાંથી હિંસા--ખુન-

મારામારી ઉભા થાય ને ? તેવીજ રીતે ચોરી-પરસ્ત્રી પરની આંખ અને પૈસો. જર જમીન અને જોરૂ-એ ત્રણે કજીયાના છોરૂ.

શાસ્ત્રવિરૂદ્ધ-આગમથી આઘા થઈને બોલવું એ મહા-ભયંકર જુઠ છે. પ્રાણ લેનાર દ્રવ્ય ૧૦ પ્રાણોનો નાશ કરે છે તે પણ એક જ ભવ માટે, જ્યારે સૂત્ર-સિધ્ધાંત વિરૂધ્ધ કહેનાર, સમજાવનાર કસાઇ કે ખૂનીથી પણ મહાઘાતકી છે. ઉંધી સમજણ આડે માર્ગે દોરે. જિનાજ્ઞા વિરૂદ્ધ વર્તન કરાવે. ભયંકર કર્મો પેદા કરાવે. નરક-નિગોદમાં લઈ જાય. અનંતો કાળ ભવભ્રમણ વધારે. અને ધર્મના શ્રવણને પણ દુર્લભ બનાવી દે. હજારોને અનંત દુઃખોની ગર્તામાં ધકેલી દે. માટે જ મહોપાધ્યાયજી ન્યાયાચાર્ય ન્યાયવિશારદ શ્રી યશોવિજયજી મહારાજાએ ફરમાવ્યું છે :—

"ઉત્સૂત્ર સમ પાપ ન કિશ્યું"

૩ **અદત્ત-આદાન વિરમણ મહાવ્રત**-ચોરી કરે નહિ. કરાવે નહિ. કરતાને સારો ગણે નહિ. મન-વચન-કાયાથી તણખલું પણ માલિકને પૂછ્યા વિના લે નહિ. કોઈના મકાનમાં તેમની અનુમતિ વિના ઉતરે નહિ. સાધુઓ રહેલા હોય તો તેમને પૂછીને ઉતરે. ગુરુથી કાંઇ છૂપું નહિ. ધન્ય આચરણા !.... ....

૪ **મૈથુન વિરમણ મહાવ્રત**-સ્ત્રી સંગ કરે નહિ, કરાવે નહિ, કરતાને સારો માને નહિ. મન-વચન-કાયાથી એક માસની નાનકી બાળકીનો ભૂલથી સ્પર્શ તો પણ ગુરૂ પાસે દંડ લેવો પડે. પાંચે ઈંદ્રિયોના વિષયો પર કાબુ એજ બ્રહ્મચર્ય. રસગૃદ્ધિ જરાએ નહિ. જિહ્વા પર પુરો કાબુ, મન

ભટકતું નહિ. વિષયવિપાકના કટુ ફળનો સદા વિચાર. આત્મ-ગુણમાં રમણતા પરબ્રહ્મમાં–પરમાત્મામાં એકલીનતા.

૫ **પરિગ્રહ વિરમણ મહાવ્રત**–પૈસો ટકો રાખે નહિ. બીજા પાસે રખાવે નહિ. રાખતાને સારો ગણે નહિ. મન-વચન–કાયાથી પરિગ્રહ મહાપાપ. સારીએ દુનિયાનું મહા તોફાન. સાધુ સ્પર્શ પણ ન કરે. અરે પુસ્તકો કે જ્ઞાન–ભંડાર પર પણ મમત્વ નહિ. મૂર્છા નહિ. ખાસ ખપ વિનાની ઉપધિ નહિ. ઉપધિ એટલે વસ્ત્રપાત્રાદિ. સર્વશ્રેષ્ઠ છે પ્રક્રિયા જૈનશાસનની. શાસન એટલે વિશ્વરક્ષક સ્વાભાવિક સંચાલન.

**રાત્રિભોજન વિરમણવ્રત**–એ છટ્ઠું ખૂબજ ઉપ-યોગી વ્રત છે. એ મહાવ્રતોથી જુદું પણ પ્રથમવ્રતનું રક્ષક વ્રત છે. જીવદયાનો ઝરો છે. સ્વાસ્થ્યનું રક્ષક–વર્ધક છે. દુર્ગતિની અર્ગલારૂપ છે. આજે ગૃહસ્થોમાં આ વ્રત પ્રત્યે ભારે ઉપેક્ષા છે. ભવિષ્ય–ભુંડું દેખાય છે. બાકી રોગાદિ તો પ્રત્યક્ષ વધતાં દેખાય છે અને તે રોગો પણ અસાધ્ય કોટિના. માટેજ જ્ઞાનીઓના કથનને વધાવી લો. શક્ય પાલન કરો.

હવે પાંચ સમિતિ. ત્રણ ગુપ્તિ. અષ્ટ પ્રવચન માતાની અદ્ભુત તાકાત વિચારીએ.

## પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ.

અષ્ટ પ્રવચન માતા. કેવો મધુરો વાત્સલ્યભર્યો ઉચ્ચાર. પ્રવચન–શાસન–આચારધર્મ–સાધુધર્મની માતા. 'મારૂં રક્ષણ કરે માતા.' સાધુને સાધુપણામાં ટકાવી રાખનારી–માતા. આઠ રાજા મહારાજાઓને ત્યાં પાંચ ધાવમાતાઓ. સાધુને તો દુનિયાની માથી પણ અધિક વ્હાલભરી આઠ આઠ માતાઓ.

એને ખોળે રમે તે સંસારમાં ન ભમે. જ્ઞાનીઓને ગમે સ્થાન એવું. ઝટ મુક્તિમાં જામે.

૧ **ઇર્યા સમિતિ**:–રસ્તે ચાલતા અહિંસાનું પાલન. જીવોની પૂરી જયણા. આંખ નીચાં, ચાલ ધીમી, દૃષ્ટિ ૩ાા હાથ દૂર, એ કદી ન બને ક્રુર, એજ સાચો શૂર.

૨ **ભાષા સમિતિ**:–બોલવામાં પૂરો વિવેક. વગર કામે બોલે નહિ. બોલે તે ઇષ્ટ મિષ્ટ અને હિતકારી. અસંબધ્ધ-વચન ઉચ્ચારે નહિ. શાસ્ત્રવચનથી જરા દૂર નહિ.

૩ **એષણા સમિતિ**:–ગોચરી ૪૨ દોષ રહિત. આહાર પાણી લેવામાં વિવેક. સામાના ભાવવૃદ્ધિ પામે એ રીતિ. આધાકર્મીની પૂરી ભડક.

૪ **આદાનભંડમત્તનિક્ખેવણા સમિતિ**:–વસ્તુ લેવી મુકવી. ભાંડપાત્ર લેવા મૂકવા ખસેડવા. ઉપધિ મૂકવી લેવી આપવી. દરેકમાં ઉપયોગ પૂર્વકની જયણા. યતના એટલે જીવદયાની પૂરી કાળજી. સ્વપર અને સંયમને પોષક પ્રવૃત્તિ.

૫ **પારિષ્ઠાપનિકા સમિતિ**:-કફ-શ્લેષ્મ-ઠલ્લે (નિહાર) માત્રુ–નિર્દોષ ભૂમિમાં પરઠવવા. હરકોઈ વિસર્જન કરવા યોગ્ય ચીજ વિધિપૂર્વક કાળજીપૂર્વક નિર્દોષ સ્થળે છોડવાની. જ્યાં ત્યાં ઠલ્લે માત્રે બેસાય નહિ કે પરઠવાય નહિ. શાસ-નની–ધર્મની–સાધુની અપભ્રાજના લોકમાં ન થાય તેની પૂરી કાળજી.

સમ્યગ્ પ્રવૃત્તિ–સમિતિ. પ્રાયઃ પ્રવૃત્તિ નહિ કરવા દ્વારા આત્માનું રક્ષણ એ છે ગુપ્તિ. ૧ મનગુપ્તિ–વિચારો પરનો કાબુ. મગજ પરનો કાબુ. ખોટા તરંગોમાં ન પડતાં સમ-ભાવમાં સ્થિરતા. ૨ વચનગુપ્તિ–પ્રાયઃ મૌન રહેવું. ૩ કાય-

ગુપ્તિ–પાપપ્રવૃત્તિથી દૂર. અંગોપાંગની સંલીનતા. કાચબાની જેમ ઈંદ્રિયો પર કાબુ.

અહીં સુધી ૧ લું, ૪ થું, ૫ મું, છઠ્ઠું ગુણસ્થાનક અંતર્ગત આવી જાય છે. તે રીતે સર્વ સામાન્ય સ્વરૂપ, વિધિ, હેય, ઉપાદેય, સાધનો ટુંકા વિવરણ સાથે વિચાર્યા. હવે ૧ થી ૧૪ ગુણસ્થાનક પરત્વે જરા અંગુલિનિર્દેશ થાય છે. જૈનશાસનનો આ ક્રમારોહ છે જરા ગહન પણ છે. એકદમ સમજાઇ જવું જરા કઠીન પણ છે. છતાં છે આલ્હાદક.

## ચૌદ ગુણસ્થાનકોનું સ્વરૂપ.

૧ **મિથ્યાત્વ ગુણસ્થાનક**:–સરળ સમજ માટે બે ભેદ પાડીએ. ૧ અખાડા અગર ઉખરભૂમિ જેવું નામ માત્ર ગુણસ્થાનક. ગુણ નહિ, ગુણાભાસ. બુદ્ધિ ઉંધી અને અવળી. આત્માના ગુણને પ્રગટ ન કરતા આવરે. ખીલવે નહિ, કરમાવે. મહા અજ્ઞાનદશા. મોહનો ગુલામ. રાગદ્વેષનો સરળ શિકાર. સાચું જચેજ નહિ. ઉંધામાં ઝટ હા.

બીજા ભેદમાં–મંદ મિથ્યાત્વની સ્થિતિ દેખાય. સંસાર બરાબર નથી એમ સામાન્ય માન્યતા જાગે. દેવ–ગુરુ–ધર્મની વાત ગમે. પણ 'સુ' 'કુ' નો ભેદ ન પાડી શકે. સત્ય, ન્યાય, પ્રમાણિકતાની નીતિનો પક્ષપાતી હોય. શાસ્ત્રીય ભાષામાં 'અપુનર્બંધક' કોટિમાં મૂકી શકીએ. માર્ગાનુસારીપણામાં લઇ જઇ શકાય. ધર્મ–અર્થ–કામમાં ધર્મને જ મુખ્યતા આપે. આજ સ્ટેજ (ક્રમ)માં ઉંચે ચઢતા શ્રાવક જેવી કરણી કરતો દેખાય. સાધુ આદિ પ્રત્યે ભક્તિ બહુમાન હોય મોક્ષની અભિલાષાથી ધર્મક્રિયા કરે, છતાં શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ સુધી ગણી શકાય. કારણ ચોથા ગુણસ્થાનકને યોગ્ય

આગલા સ્ટેજો હજુ પસાર કરવા બાકી છે. 'સમ્યક્ત્વાભિમુખ વ્યવહારથી કહી શકાય.

૨ **સાસ્વાદન**:-ચોથા વિ.થી પડતા સ્ટેજનું છે. વમેલ મીઠા આહારના ઓડકાર જેવુંજ ને ?

૩ **મિશ્ર**:-રુચિ પણ નહિ અને અરુચિ પણ નહિ. જેમ નાળીએરી દ્વીપના મનુષ્યને અન્ન પ્રત્યે રુચિ-અરુચિ ન હોય.

૪ **સમ્યક્ત્વ યા અવિરત સમ્યગ્દૃષ્ટિ**:-અતિ-મહત્ત્વનું-પાયાનું છે આ ગુણસ્થાન. આમાં આવ્યો તે ફાવ્યો. આનાથી દૂર તે પ્રાયઃ સ્વ-આત્મા પ્રત્યે ક્રૂર. નિર્મળ શ્રદ્ધા સર્વજ્ઞ વીતરાગના વચનોમાં. વસ્તુને વસ્તુ સ્વભાવે-ઓળખે જાણે માને, સદ્દહે. શકય અમલ કરવા ઇચ્છા રાખે. અમલ ન પણ કરી શકે માટેજ અવિરત. તે તે પ્રવૃત્તિથી ન પણ અટકી શકે. છતાં હેયને હેય જ માને અને બોલે. ઉપાદેયને પ્રશંસે, પ્રચારે. કરડા અગર કુદરતી સંયોગોમાં સપ્ત વ્યસનસેવી આત્મા પણ અંદરખાને આ ગુણસ્થાનકને પામેલ પણ હોય. આ જૈનશાસનની એક અનોખી પણ તદ્દન કુદરતી (નેચરલ) યુક્તિબધ્ધ વિચારણા છે. પતિતપાવની વીતરાગ વાણીનો આ એક અજબ આકાર છે. આ આત્મસાત્ નહિ, તો બાહ્ય પ્રવૃત્તિની ઝાઝી કિંમત નહિ. પાંચ-મહાવ્રત વ્રત નહિ. બાર અણુવ્રત પણ કિંમત વિનાના. સમ્યક્ત્વ-સાચી દૃષ્ટિ સ્વરૂપ શ્રદ્ધા-તત્ત્વશ્રદ્ધાન-એજ પાયો.

ભલે આ સ્ટેજે વિરતિ-વ્રત-નિયમ-પચ્ચક્ખાણ ન પણ હોય. પણ સ્પેશ્યલ વિશિષ્ટ કરણી છે જ. સુદેવ-સુગુરુ-

સુધર્મની ઉપાસના ભક્તિ પ્રભાવના પ્રચાર એના હૈયે. આજ્ઞા પ્રત્યેનો અથાગ પ્રેમ. સત્યનો સુદૃઢ પક્ષ. સિદ્ધાંત ખાતર મરી ફીટે, સર્વસ્વ પણ હોમી દે છે. દાનરુચિ, શીલ પ્રત્યે સદ્ભાવ અને શકય પાલન. તપ એને ગમે. શ્રીકૃષ્ણ મહારાજાને મૌન એકાદશી ગમી ગઈ તેમ. હૈયું સાધુપણા માટે તલસે અને તરફડે.

૫ **દેશવિરતિઃ**—આ ગુણસ્થાન આત્માની પરિણતિ છે. બહારની પ્રવૃત્તિ માત્ર નથી. ભાવનાનો અમલ કરવાની તૈયારી એજ પરિણામ ને ? આમ કરવું જોઈએ એ છે ભાવના. ‘કયારે અમલ કરૂં. કયારે અમલ કરૂં’ એવો તિવ્ર હાર્દિક આત્મિક–અભિલાષ એ છે પરિણામ.

દેશવિરતિ ૫ અણુવ્રત ૩ ગુણવ્રત અને ૪ શિક્ષાવ્રતાદિમાં દત્તચિત્ત હોય. પ્રતિક્રમણ, પૌષધ આદિમાં ઉદ્યમવંત હોય. સ્થૂલથી–અંશથી વ્રતોનું પાલન કરે. સર્વવિરતિનો અભિલાષી હોય. વ્યવહારશુદ્ધિની પુરી કાળજી રાખે.

૬ **પ્રમત્ત સંયતઃ**—પ્રમાદ કરે યા કરી શકે એમ નહિ. પણ પ્રમાદ થઇ જાય. સાધુપણું પાળવા છતાં નાની નાની બાબતમાં સ્ખલના થઈ પણ જાય. મન–વચન–કાયાના યોગો ઉપયોગ બહાર પણ ચાલ્યા જાય. બેસતા ઉઠતા હરતા ફરતા જયણા ચૂકી જાય. મતલબ કે અતિચાર સેવાઈ જાય પણ તે પ્રત્યે જાગૃત હોય. ન થઈ જાય એની પુરી કાળજી. અનેક મુદ્દાઓ અનેક રીતે વિચારી જાગૃત રહેવાનું આ ગુણસ્થાનક છે.

૭ **અપ્રમત્ત સંયતઃ**--આ દશા આવે છે અને જાય છે. હિંચોળા જેવું. હિંચોળો ઉપર જાય અને પાછો નીચે આવે ને ? છઠ્ઠેથી સાતમે અને સાતમેથી છઠ્ઠે. ભારે

આનંદજનક ગુણસ્થાનક છે આ. તે કાળમાં આત્મા પરમાનંદમાં રમે છે. અને એમ કરતો પરિણુતિ--પરિણામ ઉંચે ચઢતા આઠમે વહ્યો જાય છે.

૮ **અપૂર્વકરણ**:--ભવભ્રમણમાં આ એક અપૂર્વ પરિસ્થિતિનો અનુભવ છે. ક્ષપકશ્રેણિમાં ચડી જાય તો કેવળજ્ઞાન પ્રાપ્તિ સુધી પહોંચી જાય. અને ઉપશમશ્રેણીએ જાય તો અગીઆરમેથી પાછો પડે. આ બધી સૂક્ષ્મ વિચારણા અભ્યાસ અને ઉંડી સમજણ માગે છે.

૯ **અનિવૃત્તિ બાદર**:–અહિં આત્મા પ્રબળ બને છે. આગળ ધસવાનો વેગ વધે છે. બાદર મોટા કષાયોને હુંફાવી નાખે છે. આત્મા પરથી કષાયાદિનો વેગ નહિવત્ બનતો જાય છે.

૧૦ **સૂક્ષ્મ સંપરાય**:–અતિસૂક્ષ્મ 'લોભ' વિના બીજા બધા બાપડા મરણતોલ અવસ્થામાં આવી પડે છે. સીધો બારમે જનાર 'મોહવિજેતા' બની જાય છે. પછી તો ઘડીવારમાં તેરમે જઇ 'સયોગી' કેવળી બને જ ને?

૧૧ **ઉપશાન્ત મોહ**:–ભારે વિચિત્ર. પેલો શાન્ત પડી રહેલો મોહ સત્તામાંથી જાગે છે. ઋદ્ધિ, શાતા કે રસગારવ આદિ દ્વારા આકર્ષે છે. અને ભારે મહેનતે શીખર પહોંચવાની તૈયારીવાળાનો પગ ખેંચે છે. અધધધ. પડ્યો વધુ પડ્યો અરે સાવ ગબડયો. ગેબીમાર. ભયંકર લાત. કોઈ છટ્ઠે. કોઈ ચોથે, કોઇ પહેલે. અરે છેક નીચે નિગોદમાં પણ. મોહ તારો કેર કારમો છે. તદ્દન ક્રૂર નિષ્ઠુર!

૧૨ **ક્ષીણમોહ**:–કેવું મઝેનું સુંદર નામ છે. અનાદિકાળથી આત્મા પર કાબુ પકડી બેઠો હતો, પેલો મોહ મહામાયાવી.

પોતાના મનાવે અને પાતાળમાં ધકેલી દે. એ મોહનો સર્વથા નાશ. સદાકાળ માટે. અંશે પણ અસ્તિત્વ નહિ. ત્યાં તો પેલું હસતું રમતું કુદતું નાચતું એવું જે દુનિયાનું નાટક, તેને દેખતું કેવળજ્ઞાન આવ્યું જ સમજો. આવરણ ગયું. રાત્રિ ગઈ. મુક્તિની ઉષા પ્રગટી.

૧૩ **સયોગી કેવળી**:–ચરાચર વિશ્વને જુએ–જાણે. ભૂત–ભવિષ્ય–વર્તમાનનાં સઘળા પર્યાયોને ફેરફારોને ઉત્પત્તિ-સ્થિતિ–લય–આત્માની આંખે દેખે. કેવળજ્ઞાન એ આત્માની આંખ જ કહોને. બાહ્યચક્ષુની જરૂર નહિ. ગુફામાં પેસો, ગિરિ પર ચઢો, કાનમાં વાત કરો, સંજ્ઞાથી કે હાથના ચાળાથી સમજાવો. જ્ઞાની સઘળું જાણે દેખે. માટે કહેવત છે કે 'ઇશ્વરનો–પરમાત્માનો તો ડર રાખો' આટલા ઉંચા સ્ટેજે. પણ હજુ પણ પેલું શરીર તો બેઠું જ છે. વચન તો હોય જ. અને મનનો ભલે ઉપયોગ નહિ પણ બેઠું તો છે જ. ત્રણે યોગ છે માટે સંયોગી. કર્મબંધ નહિ એમ કહીએ તો પણ અપેક્ષિત. પહેલે સમયે બાંધે બીજે સમયે વેદે ત્રીજે સમયે નિર્જરે એટલે કાંઈ નહિ.

૧૪ **અયોગી કેવળી**:–સૂક્ષ્મ મનનું રૂંધન, સૂક્ષ્મ વચનનું રૂંધન, છેલ્લે સૂક્ષ્મ કાયનું રૂંધન. એક સમયમાં સિદ્ધશિલાથી ઉપર. અનંતકાળ માટે. અનંતજ્ઞાનમાં રમતા. અનંત શક્તિના ધણી. અનંત સુખમાં વિલસે. 'દુનિયા નાટક દેખે' સાંઈ બેઠે મહેલાતે. સિદ્ધ–બુદ્ધ નિરંજન બને આતમા. અજન્માને ઉપાધી શી? આ છે મહાશાસનની ક્રમબદ્ધ પ્રગતિ, પ્રસ્થાન અને ઉત્થાન. કોઇપણ પક્ષ નહિ. કોઈ માટે દ્વાર બંધ નહિ. હરકોઇ ભવ્યાત્મા ભાવે આવે. શક્તિ પ્રમાણે

સોપાન ચઢવા માંડે. ખંતથી પ્રેમથી ભક્તિથી કોઇ મોડો કોઈ વહેલો પહોંચવાનો જરૂર. શિખર સર થવાનું જ. પડે ગબડે પણ પ્રયાસ જારી રાખે તે અવશ્ય ચઢે અને પહોંચે. બસ. **આ નિર્મળ નિરાબાધ સાર્વજનિક રાજમાર્ગ છે માનવ ઉન્નતિનો,** સાચી અને આત્યંતિક શાંતિ-સમાધિનો.

આ માર્ગ મળે પણ માનવભવમાં જ. દેવભવમાં આવું અરે વિરતિગત **પ્રવૃત્તિ આત્મક** નાનુંશું પણ ગુણસ્થાનકગત ઉત્થાન અશક્ય. માટે જ માનવભવ મોંઘેરો. આ સમજની વ્યાપકતા એજ સમ્યક્ત્વ. આ સમજનો સંપૂર્ણ અમલ એજ છઠ્ઠું. એનો વેગ ૮ થી ૧૨, એનું પ્રત્યક્ષ ફળ ૧૩ મું. એનું સંપૂર્ણ અનંત ફળ ૧૪ મું. આ સર્વતોમુખી ઉન્નતિના માર્ગે સૌનું કલ્યાણ થાવ.

## ઘાતિ અઘાતિ કર્મો.

ગુણસ્થાન ક્રમારોહમાં કર્મો આડે આવવાના. 'ઘાતિ' નામ જ ભયંકર છે. 'ઘાતિ'ના નામે 'અઘાતિ' બિચારા બાપડા છે. પણ જાત તો કર્મોની જ. કોઈ લોખંડી સોનગઢી પત્થર. તો કોઇ પોરબંદરી પોચો. પણ પત્થર એ પત્થર. વાગે એટલે લોહી કાઢે, પણ એનાથી ચેતતા રહેવું જ જોઇએ. એનો નાશ એજ શ્રેયસ્.

**ઘાતિ ૪, પહેલું જ્ઞાનાવરણીયઃ**—જ્ઞાન, જ્ઞાનીની નિંદા, અવજ્ઞા, નાશથી બંધાય એ સ્વાભાવિક છે. બુદ્ધિ મંદતા, મૂર્ખતા, મુખરતા,, અંગોપાંગહીન, મુક્તા—મુંગાપણું, મુમણાપણું એનું ફળ છે. જ્ઞાનપંચમીની 'વરદત્ત ગુણમંજરી'ની કથા બહુ ખ્યાલ આપી દે છે.

**બીજું દર્શનાવરણીયઃ**—સમ્યક્ત્વી–જ્ઞાની–આદિનો સામનો યા વિતંડાવાદથી બંધાય છે. પરિણામે પરભવમાં આંધળા–રતાંધળા થાય છે. અને વળી મળેલી લબ્ધિઓ–આંતરશક્તિઓ નિદ્રાપંચક વડે આવરાઈ જાય છે–દબાઇ જાય છે–નાશ પામી જાય છે. જે આત્મવિકાસના ઘાતકપણામાં પરિણમે છે.

૩ **મોહનીયઃ**–મહા ભયંકર. ભવભવનો કાળો નાગ. ભાવપ્રાણ **લે**વામાંજ રાજી. ઝેર–વેર, ઈર્ષા, ક્રોધાદિથી બંધાય. રાગદ્વેષ એનાજ સંતાન. તિર્યંચ–નારકના ઝેરી ભવોમાં લઈ જાય. પણ આ તો સામાન્ય. સાચાને સાચું ન માનવા દેવું એજ એનો મોટો દુર્ગુણ. આ દુર્ગુણ એજ મિથ્યાત્વ મોહનીય. આવતા સમ્યક્ત્વને રોકવાની એની કળા. અને કદાચ આત્મા પ્રબળ બને. શુદ્ધ યથાપ્રવૃત્તિકરણમાં પ્રવેશી જાય. અપૂર્વકરણદ્વારા અનિવૃત્તિકરણમાં નિવેશ કરે. અંતઃકરણદ્વારા સમ્યક્ત્વ પણ પામી જાય. તો પેલો એનો સગો-ભાઈ ચારિત્રમોહનીય આવીને ઉભો રહે. ન દેશવિરત થવા દે. ન સર્વવિરત થવા દે. સાધુપણાનો ક્રૂર શત્રુ. આ બંને જોર કરે તો ધર્મરાજાની મહેર.

૪ **અંતરાયઃ** એ વળી પાંચ રૂપે સતાવે છે. પરભવમાં જે વસ્તુમાં કોઇને અંતરાય કર્યો હોય તે વસ્તુ અહિંઆ ન મળવા દે, દાન ન દેવા દે અને ધર્મમાં વીર્ય ન ફોરવવા દે. આ બે એની વધુ પડતી ઘાતક પ્રકૃતિ પ્રખ્યાત છે. માટે બળાત્કારે, મન ના કહે તો પણ દાન દેવું. ઇચ્છા વિના પણ ધર્મપ્રવૃત્તિ કરવી જેથી ઇચ્છા જન્મે.

## હવે ૪ અઘાતિ.

**૫ નામકર્મ**:-શરીર, અંગોપાંગ, યશ, અપયશ, સુરૂપ, કુરૂપ વિ. વિ. આના ખેલ છે. ખૂબ સમજવા જેવા છે.

૬ **ગોત્ર**:-ઉંચ-નીચ કુલની ચાવી આ કર્મ પાસે રહે છે. માટે ઉંચપણું નીચપણું એ કરેલા કર્મોનાં જ ફળ છે. એ લોકસ્થિતિ છે. વિ. ઘણી બાબતો સમજવા જેવી છે. જમાનાને નામે આંધળિયા કરવામાં મઝા નથી.

૭ **આયુષ**:-પરભવનું આયુષ્ય નક્કી કરનાર. બહુ મક્કમ અને ગણત્રીબાજ છે. દેવ-મનુષ્ય, તિર્યંચ કે નરક? ક્યાં જવાનું જીવને તે નક્કી કરી આપે છે. દેવ-મનુષ્ય અને તિર્યંચમાં જઈ શકે. નારક-મનુષ્ય યા તિર્યંચમાં જઈ શકે. મનુષ્ય અને તિર્યંચ ચારે ગતિમાં જઈ શકે. આ સામાન્ય નિયમ પેટા નિયમો પણ સમજવા જેવા છે.

૮ **વેદનીય**:-શાતા અશાતા બે વિભાગ. શાતામાં સુખ ઉપજે. શરીરાદિની સુખાકારી જળવાઈ રહે. અશાતામાં રોગાદિ પીડે. સ્વાસ્થ્ય કથળે. મનને પીડા રહે વિ. વિ.

## કર્મસાહિત્ય અને આજનું વિજ્ઞાન.

આ આઠે કર્મો અને તેના ૧૫૮ પેટા ભેદો એ એક મહા સાયન્સ છે. ઉંડું વિજ્ઞાન છે. કર્મના પરમાણુઓ કેવી રીતે આવીને આત્માને વળગે છે? આત્માની શુભ અશુભ વિચારણા લોહચુંબક-મેગ્નેટનું કામ કેવી રીતે કરે છે? રાગદ્વેષ અને મોહની ઘટમાળ કેવાં કારમાં દુઃખો લાદે છે? વિ. વિ. ની સર્વાંગી છણાવટ માત્ર જૈનશાસ્ત્રોમાં જ મળે છે. પરમાણુઓની તાકાત અને ફેરફારો. સ્થિતિ. વિ. વાતો અભ્યાસ કરવા યોગ્ય છે. આજનું સાયન્સ-વિજ્ઞાન બિચારૂં

સાવ વામણું લાગશે. એકમાં આત્મરક્ષણની–લોકકલ્યાણની ભાવના છે. બીજામાં સંહારની બધી સંભાવના અને સામગ્રી પડી છે.

## શ્રી સંઘ અને કર્તવ્યદિશા.

આ બધી **જ્ઞાનકોટિ** ભવિષ્યના વારસામાં જળવાઈ રહેવી જોઈએને? એ જોવાની ફરજ શ્રી સંઘની છે. શ્રી સંઘ એટલે સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકા. એ ઉપાસ્ય. શ્રી સંઘ શ્રમણ પ્રધાન છે. પૂ. સુવિહિત શાસન સમર્પિત આચાર્ય-દેવો એ કેન્દ્રસ્થાને છે. શાસ્ત્રાજ્ઞા મુજબ ઉપદેશ, પ્રેરણા, પ્રભાવના, પ્રચાર કરે છે. શ્રી સંઘ સર્વ વાતમાં સલાહ લે. અને તે પ્રમાણે વર્તે. આ છે શ્રી સંઘની બંધારણીય પ્રણાલિકા. સાધ્વી સંસ્થા પણ એક સૌમ્ય બળ છે. તપ–ત્યાગ, સ્વાધ્યાયનું એ પણ પ્રતિક છે. માતૃસંસ્કારનું કેન્દ્ર છે. શ્રાવિકાઓનું ઉદ્ભવ સ્થાન છે. ભવિષ્યમાં માતૃસ્થાન લેનારના પણ જૈન સંસ્કાર ત્યાં ઘડાય છે. મૃદુતા વાણીમાં, સરળતા હૈયામાં, વિવેક વર્તનમાં. આ બધા ગુણો ત્યાં ખીલે છે. જીવવિચાર, નવતત્ત્વ આદિ પ્રકરણ ગ્રંથોની જીવતી–જાગતી અધ્યયન શાળા એ છે, સંસ્કાર–સુરભિનો પુષ્પબગીચો જ કહોને !

શ્રાવક એટલે સાધ્વાચાર પાલનમાં સહાયક. શાસનના કાર્યોમાં અડીખમ ઉભો રહેનાર. સાધુના માતા–પિતા કહેવાય શ્રાવિક–શ્રાવિકા. પણ કયારે? ભક્તિભર હૈયામાં બહુમાન ઝળહળતું હોય ત્યારે. શ્રાવક–શ્રાવિકાને સદા ચિંતા, સાધુ સાધ્વી જરાએ સીદાય નહિ તેની. એમના ભાવપ્રાણનું

રક્ષણ થાય. આત્માના પરિણામ ઉંચા બન્યા રહે, તેની સદા કાળજી.

આ ચારે અંગોએ આગમજ્ઞાન પ્રત્યે સજાગ બનવા જેવું નથી ? મહામૂલા આગમો લિપિબદ્ધ કરવા જોઇશે. શ્રાવકો દ્રવ્ય ખર્ચે. અરે જ્ઞાનખાતામાં પડેલી રકમોનો તેજ માર્ગે સદુપયોગ એ જ હિતાવહ છે. વિદ્વાન સાધુઓ અને વિદુષી સાધ્વીઓ. પોતે પોતાના અધિકાર મુજબ આગમાદિ લખે તો નિર્જરા–રક્ષણ અને સંયમરક્ષા પણ. એના કાગળ અનોખા. એની શાહી ઘુંટેલી અને ઘણી ઉંચી. આ તો દિશા માત્ર !

આજના યુગમાં તો રાજકીય હુમલાનો પાર નથી. કેટલાક સીધા તો બીજા આડકતરા. ધર્મધ્વંસક પ્રવૃત્તિઓ ધર્મને નામે. એ તો વળી અતિ ભયંકર યોજિત યોજના. એમાં વીરના ગણવેષધારી પણ ખિંચાય. ત્યારે રક્ષણ કપરૂં પણ અતિ જરૂરી થઈ પડે છે. આ એક અંધાર યુગ છે જાગૃતિના લેબાસમાં. સમજી ચેતશે તે ફાવશે. ઉપેક્ષા કરનાર રખડી પડવાના.

અણમોલ અપ્રાપ્ય વારસો મળ્યો છે શ્રી સંઘને. સિધ્ધાંત–સ્થાપત્ય–જ્ઞાનકોષ–તીર્થસ્થાનો—ઉપાશ્રયો—દેવમંદિરો–ધર્મસ્થાનો. ( ધર્મશાળાઓ ). આ બધા એક યા બીજા પ્રકારે રક્ષણ માગે છે. જાળ જબરી પથરાઇ છે. ફસામણથી છૂટવા શ્રી સંઘે સદા સખ્ત તકેદારી રાખવી ઘટે.

## આપણાં મહાપ્રભાવક તીર્થો.

જૈનશાસનમાં તીર્થસ્થાનો સહેલગાહના સ્થાન નથી.

આ તો મુક્તિમાર્ગના ઉચ્ચતમ શિખરો. તારે તે તીર્થ. તરવાનું કોણે? સંસારમાં પોતે ડુબેલો છે એમ માને તેને ને? સંસાર દુઃખની ખાણ. સંસાર અતિ ભુંડો. સંસારના સુખ એ જ દુઃખનું મૂળ. કારણ કે પાપથી દુઃખ અને સુખ માટે જ અનેક પાપો. આ સમજણનો ધણી તીર્થે જાય અને તરે. બાકી તો આંટો મારે અને પાછો ફરે. ઘાંચીનો બળદ ક્યાં ? તો કહે ત્યાંનો ત્યાં.

**રાણકપુરનો** રળીયામણો પ્રાસાદ. રમતી–બોલતી કળા. એક એક સ્તંભમાં કેટલાંયે રૂપિયાઓનો ખર્ચ તો છૂટે હાથે ધન્નો જ કરે. અમેરિકા–યુરોપના પ્રવાસી જોવા આવે. જૈનો આત્મ–દર્શને જાય. પરમાત્માના દર્શનથી આત્મદર્શન થાય. કળા–કોરણીમાંથી ઉદારતા ગુણ ખીલે. દાનવૃત્તિ ન હોય તો ઝળકી ઉઠે. જૈનધર્મ–વિશ્વધર્મનો ડંકો વગાડે. સૌને પરમ સત્યે ખીંચવાની ભાવનાથી. કીર્તિના કાંગરા એને મન કાંકરા બરાબર.

**આબુ**ની વિમલસહી. વસ્તુપાલ-તેજપાલ નિર્મિત જિનાલયો, પરમ ભક્તિનો નમુનો, દેરાણી–જેઠાણીના લાખેણા ગોખલા. આ બધા પાછળ માત્ર ઉદાર હૈયાનો ધનવ્યય જ નથી. અનેરો આત્મભોગ છે. ઉદારતાની અવધિ છે. કારીગરોને સીઝન પ્રમાણે ખોરાક. શરદી ટાળવા ગરમ કપડા. ધીગતી સગડીઓ મજુરીમાં કોરણી ભારોભાર ચાંદી. ત્યારે તૈયાર થઇ આબુની અદ્ભૂત કોરણી–કળા. ભક્તિની સુરભિ.

**દેલવાડા**ના પિત્તળીયા દેવ! આત્માનું ઝળકતું સુવર્ણ!
'આબુ અચળ રળિયામણો રે લોલ.'

**ગિરૂઓ ગિરનાર**–શામળા નમણા શ્રી નેમિનાથ ભગવાન, દર્શન કરો ને દૂરિત હરો. આંખ ઠારો અને કામને મારો. બ્રહ્મચર્યનું મહાપ્રતીક. 'રાજીમતિ કર્યો ત્યાગ. સુણી પશુના પોકાર.' સંકેત હતો, ભાઈ સંકેત. મુક્તિગમનનો–સંયમની તૈયારીનો 'આનું નામ તે પ્રીતિ.'

**અષ્ટાપદ** મહાતીર્થ. અત્યારે અદૃશ્ય. (રશિયાથી પણ અતિ દૂર) હિમ આચ્છાદિત પ્રદેશમાં હોય તો જ્ઞાની જાણે. ૨૪ તીર્થંકરોના સ્વદેહ પ્રમાણ બિંબો. રક્ષા–પૂજા કરે દેવો.

**શિખરજી** તે શિખરજી. વીશ તીર્થંકર દેવોની નિર્વાણ ભૂમિ. યાત્રા પુરી કરો પુરા ૧૮ માઈલ. શામળાજીને પૂજો ને પાપોથી ધ્રુજો. પારસનાથની ઉંચી ટેકરી. ભવ્યાત્માઓને સાદ કરતી મંગલ ટેકરી. કુદરતની શોભા કાશ્મીરને ભૂલાવે. વનસ્પતિ સૌંદર્ય આત્મસૌંદર્યની યાદ આપે.

**તારંગા**–તારે. આત્માને ધર્મરંગે રંગે. કેવા મોટા શ્રી અજિતનાથ ભગવાન. સીડીએ ચઢો તો નાથને પૂજો, કુમારપાલ મહારાજાનું સ્થાપત્ય. વિશાળ મોટો ચોક. વાત કરો ને પાપ હરો. ધ્યાન ધરો ને મુક્તિ વરો.

પ્રાણપ્યારો પવિત્રતમ પુણ્યગિરિ. સફરો **શત્રુંજય**. જ્યાં બિરાજે આદીશ્વર દાદા. બાબાનો મહિમા અપરંપાર. પાર ઉતારે સંસારથી. સદ્ગતિ નક્કી. ભાવે ભેટે જે ગિરિરાજ ભાવશું! સંસાર વિડંબક. મુક્તિ જ સુખકારી. સંસારના સુખ લલચામણા, આત્માને મારે. સાધુપણું આત્માને તારે. શ્રાવકપણું સાધુતા અપાવે. તેમાં સહાયક–તારક તીર્થ. ભક્તિથી ભેટું, દાદાને ખોળે લોટું. જાગ્યું મહાભાગ્ય મોટું–આ ભાવે

નમતું હૈયું, જયણાએ ચઢતું મન. ન થાકે તન. ચરણોમાં આવી પડે ધન. દાન દેવાનું થાય મન. મુકિત માટે હવે ભવ ના ગણ.

સીટી ઓફ ટેમ્પલ્સ. મંદિરોની હારામાળા.

ઉજ્વળ જિનગૃહ મંડળી, જિહાં દીપે ઉત્તંગા,
માનું હિમગિરિવિભ્રમે, આઈ અંબરગંગા.
વિમલાચલ નિતુ વંદીએ.

પગલે પગલે નિર્જરા. પગથીએ જયણા. વધતી જતી ભાવના. આ મઝા 'રોપરોડ'માં આવે? આ પુણ્યબંધ ટેકસી સર્વીસમાં મળે? અનેક સાધર્મિક મળે ને પાપ ટળે.

કરૂણ કથની છે આજના યુગની કે યુવાનોની? આજના એજ્યુકેશનની કે મા-બાપની બેદરકારીની? જૈનોનું જૈનત્વ આમ ટકશે? તરવાના સ્થાને પોતાનો કલૈયો કુંવર-ડૂબી જાય? હાથમાં ટ્રાન્ઝીસ્ટર. સીનેમાની તર્જ-બીજા હાથમાં સંગિનીનો હાથ-મર્યાદા મરી ગઈ. ભાવના ભાગી ગઇ. મહાપુણ્યને સ્થાને ધોધ પાપ. અજ્ઞાન ગણો કે ઉધ્ધતાઇ ગણો. છે હકીકત. तीर्थस्थाने कृतं पाप, वज्रलेपो भविष्यति । પાપનો મહાબંધ અને તે તીર્થસ્થાનમાં!

બાકી તો અનેક કલ્યાણક ભૂમિઓ છે. કાશી-ચંપાપુરી વિ. વિ. ઝગડીયા-ભીલડીયા, ભાંડુકજી, કુલ્પાકજી, અંતરીક્ષજી, નાંદીયા, મુછાળા મહાવીર, બ્રાહ્મણવાડા-દીયાણા, વિ. વિ, સ્પર્શે તે ધન્ય ધન્ય. પૂજે તે પુણ્યશાળી. પામે તે પારગત.

## એ 'આશાતના' શું?

ભવિષ્યમાં અનેક 'અશાતા' આત્માને જે બેદરકારીથી ઉપજે. અજ્ઞાન જેમાં મૂખ્ય છે. દરેક કાર્યની-અનુષ્ઠાનની

શાસ્ત્રીય વિધિ છે. જેમ કોર્ટમાં વકીલને પણ રૂલ્સ રેગ્યુલેશન મુજબ રહેવું પડે છે. જેમ રાજદરબારમાં કે ધારાસભામાં સ્પીકરની મર્યાદા પાળવી પડે છે. ધાંધલીઆઓની અમર્યાદિત ધાંધલની વાત છોડો. એ તો જમાનાનું વ્યાપક અને ચેપી ઝેર છે. જે પહોંચ્યું ઠેઠ વિદ્યાર્થી આલમ સુધી. જિનાલયની ૮૪ આશાતના, ગુરુદેવોની ૩૩ આશાતના-જાણીને ટાળવી જોઇએ. તેવી જ રીતે તીર્થસ્થાનોની–યાત્રાસંઘ–યાત્રાટુરની મર્યાદા છે જ. મર્યાદા ઉલ્લંઘવી એટલે આશાતનાનું પાપ પલ્લે લેવું. આ વાત અતિઘેરી–વિચારણીય છે. તેવી જ રીતે માબાપની–વડીલોની મર્યાદા પણ આર્યસંસ્કૃતિમાં પ્રાધાન્ય ભોગવે છે.

## જ્ઞાન અને જ્ઞાનના ભેદ.

જ્ઞાન એ આત્માનો ગુણ છે. અનંત જ્ઞાનનો ધણી છે આત્મા. પણ અખૂટ ખજાનો ઢંકાએલ છે કર્મોના અનંત જથ્થાથી. જેમ સૂર્ય વાદળોથી. આછો પાતળો પ્રકાશ દિવસ છે એમ ઓળખાવે, તેમ સામાન્ય જ્ઞાનથી જરાએ ફુલાવાનું નથી. આજનો એમ. એ. પી. એચ. ડી. કે બેરીસ્ટર–એ કાંઈ નથી. ફોગટ ફુલ્યે શું થાય? જ્ઞાન અગાધ છે. નવપૂર્વનું યા ચૌદ પૂર્વનું જ્ઞાન અતિ વિશાળ છે. છતાં કેવળજ્ઞાન પાસે સાગરમાં બિંદુ! આવા નવપૂર્વી પણ આત્મ–ધ્યેય વિનાના અજ્ઞાની, તો પછી આજના ગમે તેવા ખાં ગણાતા પણ? જ્ઞાન આત્માના ઉત્થાન માટે છે. પ્રગતિ માટે છે. અધોગતિ માટે નહિ જ. સ્વપરનો ભેદ સમજવા માટે છે. જડ--ચેતનના વિવેક માટે છે. જડ દેહ સાથે ચેતન

આત્માને કેમ પાનું પડયું ? ક્યારથી ? વચલો મીડીએટર કોણ છે ? શા માટે ઉંચ–નીચ ? ગરીબ–તવંગર ? જજ્જ અને ચપરાશી ? રાજા અને રંક ? પંડીત અને ભોટ ? વિદ્વાન્ અને મૂર્ખ ? સુખી અને દુઃખી ? તંદુરસ્ત અને રોગી ? વિ. વિ. પ્રશ્નોના ઉકેલ માટે જ જ્ઞાન જરૂરીને ?

વસ્તુને વસ્તુ સ્વરૂપે ઓળખાવે તે જ્ઞાન. સાચાને સાચા તરીકે, ખોટાને ખોટા તરીકે ઓળખાવે તે જ્ઞાન. સોનું એ સોનું. પિત્તળ એ પિત્તળ. એમાં સમભાવ એ જુદી વાત, પણ જાત તો ઓળખાવવી જ પડે. જેમ હોય તેમજ કહેવાય ને ? હાથી અને ગધેડો એક બોલાય ? મૂર્ખમાં જ ખપે ને ? ખાલી ભાષા-જ્ઞાન કે અક્ષરજ્ઞાન શું કામ આપે ? ઉદ્ધત અને ઇર્ષ્યાળુ ન બનાવે તો સારૂં. માટે જ 'વિનય વિના વિદ્યા નહિ. નહિ વિવેક વિના વિનય.'

સર્વજ્ઞ શાસ્ત્રોમાં જ્ઞાનના મુખ્ય ભેદ પાંચ. પેટા ભેદ એકાવન. બાકી તો નય ભેદે અસંખ્ય ભેદ. આગમ-જ્ઞાન ખરે-ખર પરાકોટિનું છે. ગુરુગમ વિના ફળે નહિ. ફુટે જરૂર આત્મદૃષ્ટિએ અને વ્યવહારદૃષ્ટિએ પણ.

૧ **મતિજ્ઞાનઃ**–બુદ્ધિનો વિષય છે. મહેનત સાથે પૂર્વ-ભવનો ક્ષયોપશમ પણ જોઇએ. વિચારપૂર્વકની પ્રવૃત્તિ એ પણ મતિજ્ઞાન છે.

૨ **શ્રુતજ્ઞાનઃ**–શાસ્ત્ર સાંભળવાથી, ભણવાથી, ગુરુમુખે તેનું તાત્પર્ય સમજવાથી.

૩ **અવધિજ્ઞાનઃ**-ઈન્દ્રિયોની મદદ વિનાનું આત્મા સાક્ષાત્ પોતે જુએ. સ્વર્ગના દેવોને ખાસ હોય છે. મનુષ્યોમાં બહુ

થોડાને. એની જુદી જુદી અવધિ–લીમીટો હોય છે. અષ્ટાંગ-નિમિત્ત આદિ તો શ્રુતજ્ઞાનમાં જશે. જ્યોતિષાદિ પણ.

૪ **મનઃપર્યવજ્ઞાનઃ**–મનમાં વિચારેલી વસ્તુને તેના પર્યાયો સાથે જાણે. જિનેશ્વરદેવો દીક્ષા લે કે તૂર્ત આ જ્ઞાન ઉત્પન્ન થાય જ.

૫ **કેવળજ્ઞાનઃ**–ફક્ત પ્રકાશ પ્રકાશ અને પ્રકાશ. ચરાચર વિશ્વને, સઘળા પર્યાયો સહ જાણે. ભૂત–ભવિષ્ય–વર્તમાન કાંઇ બાકી નહિ. આવ્યા પછી જરાએ ઓછું ન થાય. કદી અનંત કાળે પણ નાશ નહિ. મુક્તિમાં લઈ જઇને અજન્મા બનાવી દે. આત્મા અનંત સુખમાં વિલસે. અનંત કાળ માટે.

આ બધા જ્ઞાનોની કોટિ ગુરુગમથી–જૈન મહાત્માઓ પાસે જાણવાથી તેની મહત્તા સમજાય.

## જ્ઞાનીને ક્રિયાની જરૂર ખરી ?

જ્ઞાની અને ક્રિયામાં રસ નહિ એ બને જ નહિ. ન કરી શકે સંયોગોને કારણે એ હજુ બને. પણ કરવામાં રસ પૂરો. સાચું જ્ઞાન ક્રિયાની પ્રેરણા કર્યા જ કરે. અમુક ધંધો મોટા નફાનો છે. આ જાણ્યા પછી ચેન પડે નહિ. પાસે મુડી નથી તો ઉછીના મેળવવા મહેનત કરશે, તજ્જ્ઞ--અનુભવી--એકસપર્ટની સલાહ લેશે. પણ નફો ઘરમાં લાવશે ત્યારે ઝંપશે.

ક્રિયા એ તો પ્રેકટીકલ જ્ઞાન જ છે. સાયન્સના વિદ્યાર્થીને લેબોરેટરી, તેમ જ્ઞાનીને કે જ્ઞાનીના કહ્યામાં રહેલને સઘળાં અનુષ્ઠાનો. સામાયિક વિના એને ચેન પડે નહિ. કારણ કે સામાયિક એજ આત્મા. સમતાની--પ્રશમની સર્વોચ્ચ

ટોચ એજ આત્મસ્વરૂપ. સામાયિક કરનારને પૌષધ પ્યારો. બારસુ ૧૨ કે ૨૪ કલાકનું સામાયિક. આરંભ સમારંભથી પર. વ્યાપાર--ધંધાથી મુક્ત. કુટુંબની જંજાળથી છૂટો. ઉપાશ્રયમાં ગુરુના સાન્નિધ્યમાં આખો દિવસ તપ--જપ--ક્રિયા ને ધ્યાનમાં. વાહરે આત્માની મસ્તી લગાવી. મોહરાજા સાથે કુસ્તી. મોહ એનો પાતળો પડે. સંસારમાં રહે પણ મન મોક્ષમાં.

પૌષધ-સામાયિક માટે જોઈએ ગરમ આસન સપ્રમાણ. મુહપત્તિ--મુખવસ્ત્રિકા. ઠરેલ ધોરણ પ્રમાણે અને સૌથી અગત્યનું સાધન. જીવદયાનું જાગૃત પ્રતીક. પળેપળે પ્રમાર્જનમાં કામ પડે. એનું નામ 'ચરવળો' ઉનની સુંવાળી દશીઓનો બનેલો. સાધુજીના ઓઘાનું નાનું પ્રતીક. આ આત્મા સાધુ બનવા ઇચ્છે છે એનો સાક્ષી. જીવજંતુ બચાવી કાજો લેવા કચરો કાઢવા માટે દંડાસન. તેની લાકડાની દાંડી લાંબી હોય.

અને સ્થાપનાચાર્ય તો હોય જ. પાંચ--અક્ષ-કોડા. સ્થાપના નિક્ષેપે ગુરુસ્થાને. જેમ પર્વતપૂજા. જેમ પ્રિયનું રહેઠાણ પ્રિયની યાદ આપે. તે સ્થાપનાજી પર આંખ રાખી મીટ માંડી સઘળી ક્રિયા કરવાની. પુસ્તકાદિ તો જ્ઞાનપ્રાપ્તિના-ક્રિયાવિધિ જાણવાના સાધનો છે જ.

તેવી જ રીતે 'ઉપધાન' શ્રાવક શ્રાવિકા માટે. 'યોગોદ્વહન' સાધુ–સાધ્વી માટે. ૪૭–૩૫–૨૮ દિવસની ત્રણ હપ્તે ઉપધાનની ક્રિયા. સવારે સાડા ચારે ઉઠવાનું. પ્રતિક્રમણ કરવાનું. ૧૦૦ લોગસ્સ (ચોવીસે જિનોની સુંદર સ્તવના)નો કાયોત્સર્ગ ઉભા ઉભા કરવાનો. ૨૦ નોકારવાળી. ૧૦૦ ખમાસમણા. ત્રણ ટાઈમ દેવવંદન. એક દિવસ ઉપવાસ.

બીજે દિવસે નીવી–એકટાણું. એમાં પણ વૃત્તિસંક્ષેપ અને રસત્યાગ. અને પેલી ઉણોદરી. વૃધ્ધ કરે, બાલ કરે, પ્રૌઢ કરે, યુવાન કરે. સૌ આરાધે. ભક્તિ કરનારા ભક્તિ કરે. ત્યાગ કરનારા ત્યાગ કરે. કેવી અલબેલી યોજના.

યોગોદ્વહનમાં ઉપધાનમાં ગુરુ પાઠ આપે. સૂત્રના અર્થ સમજાવે. સૌ આરાધક ઝીલે. જ્ઞાન ઉપાસનાનો વિધિ માર્ગ. યોગોદ્વહનમાં આંતરે આયંબિલ. અને નીવિ–એકટાણું. અને 'મહાનિશીથ'ના યોગમાં તો સળંગ આયંબિલ. એમાં પણ વિશિષ્ટ પ્રક્રિયા--કાળગણના વિ. અદ્ભુત--ધ્યાનપ્રયોગો હોય છે.

## પ્રતિક્રમણના પ્રકાર.

પ્રતિક્રમણની ક્રિયા **જૈન**ધર્મમાં અતિ આવશ્યક મનાય છે. છ આવશ્યક એમાં સમાય છે. સામાયિક, ચતુર્વિંશતિ સ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પચ્ચક્ખાણ. મરણાંત--સ્થિતિમાં પણ સાધુ મહાત્માને આ ક્રિયા કરાવાય છે. પાંચ તેના પ્રકાર છે.

**રાઈઃ**–રાત્રિને વિષે થએલા દોષોનું પરિમાર્જન. સવારમાં સૂર્યોદય પહેલા–સંયોગાધીન આત્મા–બપોરના મધ્યાહ્ન પહેલા છેવટે કરી લે છે.

**દેવસીઃ**–દિવસભરમાં થએલ દોષોનું પરિમાર્જન. **સંયોગાધીન**–રાતમાં મધ્યરાત્રિ પહેલા પહેલા.

**પક્ખીઃ**–દર પંદર દિવસે ૧૪ ચૌદસને દિવસે સાંજે. ભેગું દેવસી આવી જાય છે. પંદર દિવસના પરિમાર્જનમાં રહી ગએલા દોષાદિનું પરિમાર્જન. ધ્યાન બહારના નાના દોષો માટે ૧ ઉપવાસ.

**ચોમાસી**:–વર્ષમાં ત્રણવાર. કા. સુ. ૧૪, ફા. સુ. ૧૪, અ. સુ. ૧૪. ચારે માસના દોષોનું પરિમાર્જન. ધ્યાન બહારના નાના દોષો માટે–છઠ્ઠ. ૨ ઉપવાસ.

**સાંવત્સરિક**:–ભાદ્ર–સુ–૪ બે ભાદરવા હોય તો બીજા ભાદ્રપદ-સુ-૪ને દિવસે. સારાએ વર્ષમાં થએલા દોષોનું પ્રમાર્જન. ધ્યાન બહારના નાના દોષો માટે અઠ્ઠમ. ૩ ઉપવાસ. ઝેરવેર વિસારી પરસ્પર ક્ષમાયાચના કરે.

## રોજ ૧૪ નિયમો ધારવાનું શું મહત્ત્વ છે ?

આ એક મઝેની પાપમાંથી બચવાની ક્રિયા છે. બિનજરૂરી ચીજો પર પ્રતિબંધ મુકાય છે. વગર કામની દોડાદોડ બંધ થાય છે. ઓછામાં ઓછી જરૂરીઆતથી આત્મા ટેવાય છે. આ ૧૪ નિયમો દુનિયાનો મોટો ભાગ સ્વીકારે તો પીનલકોડ–'ફોજદારી કાયદો' ઉંચો મુકવો પડે. શ્રાવક શ્રાવિકા સવાર--સાંજ પચ્ચક્ખાણમાં 'દેશાવગાસિક' નો નિયમ લે છે તે આ જ છે.

૧ **સચિત્ત**:--જે ખાવાની કે પીવાની વસ્તુમાં જીવ હોય તે સચિત્ત. તેનો ત્યાગ અથવા તેનું પ્રમાણ ધારવું.

૨ **દ્રવ્ય**:--(પંદર કે વીસ) એકજ પ્રકારના સ્વાદવાળી-મોઢામાં નાંખવાની-ખાવાની ચીજ તે દ્રવ્ય. તેનું પ્રમાણ ધારવું.

૩ **વિગઈ**:--દૂધ--દહીં--ઘી--ગોળ--તેલ-કડાવિગઈ (એમાંથી બધી કે એક--બેનો ત્યાગ)

૪ **ઉપાનહ**:--પગરખાં (એક યા બે જોડી જ)થી અધિક નહિં વાપરવાનો નિયમ.

૫ **તંબોલ**:--પાન--સોપારી--મુખવાસનું પ્રમાણ.

૬ **વસ્ત્ર**:--દશ--પંદર કે વીસથી વધારે નહિં. એ મુજબનું પ્રમાણ.

૭ **કુસુમ**:--પુષ્પ વગેરેનું પ્રમાણ. (સુંઘવાની વસ્તુનું પ્રમાણ)

૮ **વાહન**:-ઘોડાગાડી--મોટર--ટ્રેન--પ્લેન વિ. ની સંખ્યાનો નિયમ.

૯ **શયન**:-.બેડીંગ--પલંગ--ગાદલાદિનો સંક્ષિપ્ત નિયમ.

૧૦ **વિલેપન**:--અંગરાગ--તેલ--અત્તર--સાબુ વિ. શરીરે ચોળવાની વસ્તુનું પ્રમાણ.

૧૧ **બ્રહ્મચર્ય**:--દિવસનો તો નિયમ જ. ધારણા પ્રમાણે રાત્રિ નિયમ.

૧૨ **દિશિ**:--અમુક દિશામાં અમુક જ માઇલથી વધારે ન જવું તેનું પ્રમાણ.

૧૩ **ન્હાણુ**:--સ્નાન. એક કે બે ટાઇમથી વધારે નહિ.

૧૪ **ભત્ત**:--ખોરાકનું પ્રમાણ. ચા--દૂધ--ફ્રૂટ બધું એમાં ગણાય.

સવારમાં લે. સાંજે યાદ કરી જાય. ધારણા કરતા ઓછી ચીજો વપરાઈ હોય તો આનંદ. રાતને માટે ફરી ધારી લે. સવારમાં યાદ કરી દિવસ માટે સવારે ધારી લે. શ્રાવકના ૧૨ વ્રતમાં સાતમું વ્રત 'ભોગોપભોગ વિરમણ' આવે છે. તે જીંદગીભરનું હોય છે. તેમાંથી આ રોજનો સંક્ષેપ થાય છે.

આ ઉપરાંત છ કાય તથા અસિ--મષિ અને કૃષિ અંગે પણ નિયમ કરવાનો હોય છે. આ આખોય વિધિ ગુરુમહારાજ પાસેથી અથવા જાણકાર શ્રાવક પાસેથી પણ સમજીને જરૂર જીવનમાં આચરવા જેવો છે.

## શ્રાવકનાં ૧૨ વ્રતો.

સંયમ લેવાની શક્તિ નથી. સાધુપણું ગમે છે ઘણું. તો તે માર્ગ ખુલ્લો કરવા 'શ્રાવક' અણુવ્રત લે છે. કારણ કે સંસારની જંજાળમાં ફસાએલ છે. અનેક કાર્યો મનદુઃખે પણ કરવા પડે છે. માટે મર્યાદામાં પાલન થઈ શકે. બારે ટુંકમાં વિચારી લઈએ.

૧ **સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત**:--કોઈ પણ હરતા ફરતા જીવને જાણીબુઝીને વગર કારણે મારવાની બુધ્ધિએ મારૂં નહિ. આ રીતે 'સવા વસો' દયા પળાય છે. એકઆની.

૨ **સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત**:-પાંચ મોટકા જુઠા બોલે નહિ. કન્યા-ગાય-ભૂમિ માટે જુઠું ન બોલે. પારકી થાપણ ન દબાવી દેવી. ખોટી સાક્ષી ન ભરવી.

૩ **સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત**:-માલિકની રજા સિવાય કોઈ વસ્તુ લેવી નહિ. રાજા દંડે અને લોક ભંડે તેવી ચોરી ન કરવી. તાળું તોડવું-ખીસ્સું કાપવું વિ. વિ.

૪ **સ્વદારાસંતોષ, પરસ્ત્રીગમન વિરમણ વ્રત**:-પરણેલી સ્ત્રી સિવાય મોટી મા સમાન. સમવયસ્ક બહેન સમાન. નાની દીકરી સમાન. આ હતી ભાવના વ્યાપક આર્યાવર્તમાં.

૫ **પરિગ્રહ પારમાણ વ્રત**-ધન-ધાન્ય-હાટ-હવેલી દરેકનું સંખ્યાથી-તોલથી પ્રમાણ. જેમકે બધું થઈને લાખ કે બે લાખની કિંમતનુ રાખવું. વધારે થાય તો સારા કામમાં વાપરી નાખવું. તદુપરાંત આ નિયમના આંતરિક મર્મને પામવા ચોક્ખી આવકના ૧૦-૧૫ કે ૨૦ ટકા તો દર વર્ષે ધર્માદા-સાતક્ષેત્ર અને અનુકંપામાં વાપરવા એવો

નિયમ. અગર–ગૃહકુટુંબનો ખર્ચ જતાં જે બેન્ક બેલેન્સ વધે તેની ચોથાઈ સારા કામમાં.

૬ **દિક્પરિમાણ વ્રતઃ**–અમુક દિશામાં અમુક માઇલ. પરદેશ ધર્મકાર્ય શિવાય નહિ. વિ.

૭ **ભોગોપભોગ વિરમણ વ્રતઃ**–પ્રથમ તો મહા આરંભ અને હિંસામય વ્યાપારનો ત્યાગ આ વ્રતમાં આવે છે. પછી કર્માદાનનો ત્યાગ. એક વસ્તુ એકજ ફેરા ભોગવાય તે ભોગ–આહાર–પાણી વિ. તેમજ વસ્તુ વારંવાર ભોગવી શકાય તે ઉપભોગ–વસ્ત્રાદિ. તે બંન્નેનું નિયમન.

૮ **અનર્થદંડ વિરમણ વ્રતઃ**--આ એક મઝેનું સહેલાઇથી પળાય તેવું વ્રત છે. જેમકે નાટક સીનેમા ન જોવા. જેથી અનર્થ–વગરના કામનો દંડ–પાપ ન બંધાય. આમાં ૧. આર્તધ્યાન ૨. હિંસક યા બીજા પણ વેપારની વણમાગી સલાહ. ૩. હિંસક ઉપકરણો આપવા. ૪. નાટક–સીનેમા-જુગાર--આદિની મના કરવાથી--બંધ કરવાથી અનેક પાપોમાંથી બચી જવાય છે. બચવું જ જોઇએ ને ?

૯ **સામાયિક વ્રતઃ**--વર્ષ ભરમાં ઓછામાં ઓછા અમુક સંખ્યામાં સામાયિક તો કરવા જ. સામાયિકની મહત્તા પ્રથમ આલેખી દીધી છે.

૧૦ **દેશાવકાસિક વ્રતઃ**--દશ સામાયિક એકજ દિવસમાં કરવા--વ્યાપાર ધંધાનો ત્યાગ. ખાસ વિશિષ્ટ નિયમ લેવા. આ એક વાર તો વર્ષમાં ઓછામાં ઓછું કરવાનું જ. તદુપરાંત ૭ માં વ્રતમાં જીવનભર લીધેલા નિયમોનો રોજ સંક્ષેપ એટલે કે ૧૪ નિયમ ધારવા એ પણ 'દેશાવકાસિક'.

**૧૧ પૌષધોપવાસ વ્રત**:--સાધુ ન થવાય પણ ભાવના હોય તો પૌષધ રોજ કરાય. પણ તે ન કરી શકે બધા, માટે પર્વતિથિએ. ૧૨--૧૦ અને છેવટે પાંચ તિથિ અવશ્ય કરે. જિનેશ્વર ભગવંતના કલ્યાણક પર્વો પણ તેજ પ્રમાણે આરાધાય છે. ધર્મને આત્માને પોષે તે પૌષધ. એમાં ૧ આહાર ત્યાગ-સર્વથી કે દેશથી. ૨ શરીર સત્કાર. ૩ ગૃહ-વ્યાપાર. ૪--અબ્રહ્મ--ચારનો ત્યાગ થાય છે. દીવસના ૧૨ કલાકનો--રાત્રિ દિવસના ૨૪ કલાકનો. પર્યુષણામાં આઠ દિવસના પૌષધની સુંદર આરાધના બાળક-બાળિકાઓ પણ કરે છે. સાત દિવસ એકટાણું. શકય રીતે છેલ્લો ઉપવાસ. આ છે જૈનકુળોનું ગૌરવ.

**૧૨ અતિથિ સંવિભાગ**:-મુખ્યતયા વર્ષમાં ઓછામાં ઓછું એક. અહોરાત્રનો પૌષધ ઉપવાસ સાથે કરે છે. પારણામાં મુનિવરને પ્રતિલાભે છે. તેઓ ગ્રહણ કરે તેટલી જ વસ્તુઓ પ્રાયઃ વાપરે છે. એકાસણામાં પણ. આ તો માત્ર સુપાત્રદાનનું પ્રતિક છે. બાકી તો હંમેશા સાધુ--સાધ્વીને પ્રતિલાભવા. શ્રાવક-શ્રાવિકાનું સાધર્મિક વાત્સલ્ય કરવું. એમાં માનભેર જમાડવા પહેરામણી-અસલ સ્થિતિ પર સ્થાપવા. વિ. દ્વારા ધર્મમાં દૃઢ બનાવી તે દ્વારા--ધર્મની--શાસનની અને જિનેશ્વરદેવની ભક્તિ થાય છે.

પહેલા ૫ અણુવ્રત ને ૬ થી ૮ ગુણ કરનારા હોઈ ગુણ-વ્રત કહેવાય છે. ૮ થી ૧૨ માં આત્મા અનેક રીતે કેળવાય છે. શિક્ષણ મેળવે છે. માટે શિક્ષાવ્રત તરીકે ઓળખાય છે. આ તો સોપાન છે. સાધુ સંસ્થા રૂપી શિખરે પહોંચવાને.

## મહાપાપનાં સ્થાન સાત વ્યસનો.

વિશ્વની મહાબદી તે સાત વ્યસનો. જૈનમાત્ર એનાથી તો દૂર જ હોય ને? દ્યુત, જુગાર, માંસ, સુરા–મદિરા, પરસ્ત્રી, શિકાર, વેશ્યાગમન, ચોરી, સાતે વ્યસનો પ્રાણઘાતક છે. આત્મઘાતક છે. આ લોકમાં નિંદનીય અને અનેક દુઃખને દેનારા છે. પરલોકમાં દુર્ગતિમાં લઈ જનારા છે. આજનું વાતાવરણ ભયંકર છે. સોબતની અસર થતા વાર લાગતી નથી. માટે કુમળા બાળક ને યુવાનોને બચાવી લેવાની વડીલોની ફરજ છે.

## આઠ મદ.

સાત વ્યસન હાનિકારક છે. તેમ આઠ મદ પણ આગામી ભવ માટે ભયંકર છે. જે વસ્તુમાં મદ થાય તે વસ્તુ આગામી ભવમાં ન મળે. મળે તો હીનકોટિની. જાતિમદ-કુળમદ-બળમદ-રૂપમદ--ઋધ્ધિમદ--તપમદ--વિદ્યામદ--લાભમદ.

રાજારાણા, અક્કડ શાના, વિસાત શી તમ રાજ્યતણી;
કઇ સત્તા પર કુદકા મારો, લાખ કોટિના ભલે ધણી.
સત્તા સુકા ઘાસ બરાબર છે, બળી આસપાસને બાળે;
સગા દીઠા શાહઆલમના, ભીખ માગતા ભર શેરીએ.

## ચાર સંજ્ઞાઓ.

અનાદિ કાળથી હેરાન-પરેશાન કરનારી. આહાર-ભય-મૈથુન-પરિગ્રહ. જન્મ્યો કે સ્તનપાન કરવા જ માંડે. જરાક અવાજ થયો કે ચમકે. સ્ત્રીને પુરૂષ તરફ પુરૂષને સ્ત્રી તરફ આકર્ષણ અનાદિ કાળનું. પરિગ્રહ-પૈસો-ધનદોલત-હાટહવેલી ગાડી-વાડી-મોટર. દુનિયાનું સઘળું એ તોફાન એને માટે. મૈથુનસંજ્ઞા જાય તો પ્રાયઃ પરિગ્રહસંજ્ઞા શુષ્ક થઈ જાય. આહારસંજ્ઞા વધારી વધે. ઘટાડી ઘટે. ધન્ય છે ઉગ્ર તપસ્વીઓને!

## ચારની સામે ચાર.

ચાર સંજ્ઞાના નાશ માટે, આત્મા પરનો સંજ્ઞાનો કાબુ ઘટાડવા માટે દાન-શીલ-તપ ભાવધર્મ અતિ જરૂરી છે. આ ચારે મહારક્ષક. આંતરિક અને બાહ્યરૂપે. તપ આહાર-સંજ્ઞાને નબળી બનાવે છે. અંદરથી અણાહારી પદ-મોક્ષની તાલાવેલી જગવે છે. ભાવ-આત્મસ્વરૂપમાં રમણુતા આણી ભયસંજ્ઞાનો વિનાશ કરે છે. શીલ-બ્રહ્મચર્ય આત્માના મૂળ સ્વભાવને જગવે છે. તન-મનની સ્વસ્થતાથી ઈંદ્રિયો પર કાબુ આવે છે. સ્ત્રી તરફનું આકર્ષણ ઘટવા માંડે છે. પરબ્રહ્મમાં એકતાન થતાં આકર્ષણ નાશ પામે છે. ઉર્ધ્વરેતા બનતા ઉગ્રધ્યાનસ્થ બની શકે છે. દાન લક્ષ્મીને તુચ્છ મનાવે છે. હાથના મેલરૂપે લાગે છે. સંપત્તિની મૂર્છા ઘટી જાય છે. દાનનો પ્રવાહ શક્તિ અનુસાર અસ્ખલિત વહેતો થાય છે. અનેકો પર ઉપકાર થાય છે. પોતાનો આત્મા પ્રસન્ન બને છે. પ્રસન્નતા ઘણા પૂર્વભવોના કર્મોનો વિનાશ કરે છે. મુક્તિ ટુંક કાળમાં નિશ્ચિત થાય છે. વચલા ગાળામાં સદ્ગતિ જ્યાં જન્મે ત્યાં સંપત્તિ-વૈભવનો પાર નહિ. પોતાને તેની પરવા નહિ. ધર્મકાર્યમાં છૂટે હાથે સદુપયોગ. સર્પની કાંચળીની જેમ ત્યાગ. સાધુપણું-સંયમસાધના અને પરંપરાએ મુક્તિ. શુધ્ધ સચ્ચિદાનંદ પદની મસ્તી.

## સાત ભય.

આવા સુંદર આત્માઓને ભય શા? સાત હોય કે સાતસો હોય. ૧ ઇહલોક ભય--મનુષ્યાદિથી. ૨ પરલોક ભય–દેવાદિથી. ૩ આદાનભય–ચોરી થવાનો. ૪ અકસ્માત્–એકસીડન્ટ થશે? શું થશે? ૫ આજીવિકા ભય--નોકરી જશે તો?

વેપારમાં ખોટ જશે તો ? ૬ મરણ—હું મરણ આવશે ? શું હું મરી જઇશ ? ૭ અપયશ—બેઆબરૂ થવાશે ? લોકો મારે માટે ખરાબ બોલશે ?

## પાંચ દાન.

દાન આત્મકલ્યાણની બુધ્ધિથી જ કરવાનું છે. છતાં પાંચ દાન દેનારને સાત ભય તો ન જ રહે.

૧ **અભયદાન**:—જીવમાત્રને બચાવવાની બુધ્ધિ અને શક્ય અમલ. પોતે અભય બની જ ગયો ને ?

૨ **સુપાત્રદાન**:—પંચ મહાવ્રતધારી પૂ૦ સાધુ—સાધ્વીને સાધુપણું પ્રાપ્ત કરવાની બુધ્ધિથી દેવાતું દાન.

સાધર્મિકની બહુમાનપૂર્વકની ભક્તિ વિવિધરૂપે. શાલિભદ્રે દાન દીધું ખીરનું. રોઇને રોવડાવી મેળવેલી ખીર. સારીએ ભરેલી થાળી માસ ઉપવાસી મુનિ ભગવંતને વ્હોરાવી દીધી. ઉછળતા ભાવે. ખડ રોમાંચે. હર્ષના પૂરે. બીજી છે કે નહિ તે ખબર નથી. વ્હોરાવ્યા પછી આનંદ માતો નથી. સારાએ દિવસમાં અને રાત્રે પણ ભારે અનુમોદના. મરીને શાલિભદ્ર. રાજા શ્રેણિક મગધનો માલિક. એને ત્યાં પણ નથી એવી રિધ્ધિ-સિધ્ધિ. કોઇ વેપાર—ધંધાની જંજાળ નહિ. ઉપરાંત પિતા દેવ ૯૯ પેટી મોકલે. આહાર—વસ્ત્ર અને દાગીનાની. ૩૨ સ્ત્રીઓ અને પોતે. ૩૩×૩=૯૯. આ સઘળાનો ત્યાગ અને સાધુ બન્યા. આ ભાવ કયાંથી આવ્યા ? દાન દીધા પછી તીવ્ર અનુમોદનમાંથી ને ? તપ પણ કેવો તપ્યા ? અનુત્તર દેવલોકમાં પહોંચ્યા ને ? આગામી ભવે મુક્તિ. આ છે સુપાત્રદાનનું શ્રેષ્ઠ ફળ.

૩ **અનુકંપાદાન**:—દીન—દુઃખીને દેખી આત્મા કમ્પે નહિ ? દયા અને દાન માનવતાના મુખ્ય લક્ષણ. દાન દે

ઘણુંમાગ્યું, વણઇચ્છયું માન મળે. કીર્તિ-લાલસા વગરનું. અનુકંપાદાન એજ માનવની સાચી સાન. તેમાંએ લુલા-પાંગળા આંધળા પ્રત્યે અધિકું ધ્યાન. દાન એટલે નોધારાનો આધાર. ભારતની ભવ્ય ભૂમિપરથી દાન-દયા કેમ ગયા? છેલ્લા ૬૦ વર્ષમાં? નરી સ્વાર્થવૃત્તિ જન્મી માટેજ ને? હૈયું નિષ્ઠુર થઈ ગયું ને? પાપપુણ્યના ખેલ ભૂલાયા ને ?

૪ **કીર્તિદાનઃ**-એ પાંચ દાનમાં ગણેલ છે, પણ પ્રચલિત અર્થ બરાબર નથી. ધર્મવૃત્તિથી અને ધર્મ ઔચિત્ય-વૃત્તિથી થતું.

દાનધર્મની ભૂરિ ભૂરિ પ્રશંસા થાય અને તેની પાછળ તો કીર્તિ આવેજ આવે, પણ તે ઉન્માદ ન જન્માવે, અને ધર્મકાર્યમાં વધુ ને વધુ ઉમંગી બનાવે.

૫ **ઉચિતદાનઃ**-ધર્મના શણગાર રૂપ છે. ધર્મઔચિત્યનું શાસ્ત્રમાં સ્પષ્ટ વર્ણન છે.

મજુરને ધર્મના યા વ્યવહારના પ્રસંગોમાં મજુરી કરતા વધારે આપવું. સગાવ્હાલાને ઔચિત્ય બુદ્ધિથી નવાજવા. ગામની માર્ગાનુસારી સંસ્થાઓને પોષવી ત્રિ. વિ.

## સમ્યક્ત્વનાં પાંચ લક્ષણ.

આ પાંચ લક્ષણમાં પણ અનુકંપાને સ્થાન છે જ. આત્માની ખરેખર શુધ્ધ ધર્મશ્રધ્ધાના પાંચ લક્ષણો--ઓળખ ચિહ્નો છે. શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિકય. ધર્મ-સ્પર્શે ને સંસાર અસાર ન લાગે, મહાભયંકર ન દેખાય, ત્યાં સુધી મોક્ષની ઇચ્છા કેવી? કેદીને હું કેદી છું એનું સતત ભાન, છૂટવા માટે તલસાટ પેદા કરે છે. અનુકંપા-દયા એ તો આવા આત્મામાં જન્મેલા હોય જ. બીજાને દુઃખી જોઇ ચેનજ ન પડે ને? શકય રીતે દુઃખ દૂર કરીને જ ઝંપે. આ

બધાનું મૂળ કહો. આ બધાનું ફળ કહો. એ છે આસ્તિકતા. સર્વજ્ઞ માર્ગમાં સંપૂર્ણ શ્રદ્ધા એજ આ બધાને ખીલવે. 'तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं' તેજ સાચું-નિઃશંક જે જિનેશ્વરદેવોએ પ્રકાશ્યું એવી અટલ શ્રધ્ધા. રાગ–દ્વેષ–મોહ વિનાના વીતરાગ ભગવંતના સર્વજ્ઞ વચનમાં શંકા શી ? શંકા ગઈ એટલે બંને બંકા. બંકાની તો બઢતી ચઢતી જ હોય ! આસ્તિક્ય અનુકંપાને જન્માવે–ખીલવે અને વેગ આપે.

## ૨૨ અભક્ષ્ય અને ૩૨ અનંતકાય.

જીવદયા ઝીણવટથી પાળવા માટે ખૂબજ જરૂરી જ્ઞાન. શું ખવાય ને શું ન ખવાય કયી વસ્તુ વધુ હિંસાત્મક અને બુધ્ધિઘાતક ! મધ–માખણ–મદિરા–માંસ–ઉંબરાફળ–વડટેટા કોઠીંબડા–પીપળપીપડી–પીપળટેટા–બરફ–અફીણ (સર્વઝેરી) કરા–કાચીમાટી–રાત્રિભોજન--બહુબીજ--બોળઅથાણું--વિદળ--દ્વિદળ (જેની સરખી બે ફાડો થાય અને જેમાંથી તેલ ન નીકળતું હોય તે સઘળી ચીજો સાથે એટલે કે કઠોળ સાથે કાચા દૂધ–દહીં–છાશ–ખાવા તે) રીંગણા–અજાણ્યાફળ તુચ્છ ફળ ( ખાવાનું થોડું, ફેંકી દેવાનું ઘણું જેમકે ચણીબોર ) ચલિત રસ–( જેનો સ્વાદ–બગડયો હોય. રૂપ–રસ–ગંધ વણસ્યા હોય ). અનંતકાય–(જેમાં જૈનધર્મની સૂક્ષ્મ દૃષ્ટિએ એક શરીરમાં અનંતા જીવો હોય છે. ) તે દેખાય માત્ર અતિશય જ્ઞાનીને–પ્રત્યક્ષ જ્ઞાનથી.

આમાં કેટલાય જીવોત્પત્તિને કારણે–કેટલાક શરીર–બુદ્ધિ અને આત્મઘાતક. કેટલાક બહુબીજ. રાત્રિભોજન પર તો સ્વતંત્ર નિબંધ લખવો પડે. અને ૨૨ મું અનંતકાય નીચે પ્રમાણે–સુરણ–લસણ–હરદરલીલી–બટાટા–લીલોકચુરો– સતા–

વરી–હીરણીકંદ–કુંવારપાઠું–થોર–ગળો–સકરીયા–વાંસકારેલા–ગાજર–લુણી–લોઢી–ગરમર–કુમળા પાંદડા–ખરસૈયો. થેગ–ભાજી–લીલીમોથ–લુણી–છાલગીલોડા–અમૃતવેલ–મૂળાના કંદ. બિલાડીટોપ–નવા અંકુરા–વથ્થુલાની ભાજી–સુકરવે–પાલક ભાજી--કુણી આંબલી--રતાળું–પીંડાળુ.

આટલી ઝીણવટથી ધર્મપાલન કરનાર શ્રદ્ધાન્વિત સમૂહ જ સંઘ કહેવાયને? કદાચ સંયોગવશાત્ પાલન ઓછું પણ હોય. શ્રદ્ધા સીસાને પાયે.

## જીવવિચાર

જીવદયા પાળવા માટે–જીવોની ઓળખ જરૂરી. તે સ્પષ્ટપણે ખૂબજ ઝીણવટથી હોવી જોઈએ. તે મળે માત્ર જૈનધર્મમાં જ. સંખ્યા ઈંદ્રિયો–ગતિ–આયુષ્ય–ઉંચાઈ લંબાઈ, તેમના સ્થાન, ઉત્પત્તિસ્થાન, આંખે દેખાય એવા –ન દેખાય એવા. દરેક રીતની ઉંડી પણ બહુ જ સ્પષ્ટ ઓળખ જૈન પરમર્ષિઓએ કરાવી છે. ભારે જબ્બર સાયન્સ. જૈન વિજ્ઞાનની અજાયબી તો આત્મા અને કર્મસંયોગની વિચારણામાં હૂબહૂ જોવા મળે છે. પ્રકરણો–ટીકાઓ, મૂળ ગ્રંથો–આગમો બધાય અદ્ભુત ખજાના પણ લક્ષ્ય–ધ્યેય સંસારના વળગાડમાંથી છોડાવી મુક્તિમાં સ્થાપવાનું. માટે તો પ્રેકટીકલ રાસાયનિક ક્રિયાઓ. ગુરુગમમાં જ જ્ઞાની. પૂર્ણ યોગ્ય પૂર્ણ યોગ્યને બતાવે. જ્યાં ત્યાં એના ભાષણો ભરડાય નહિ. જેને તેને સમજાવાય નહિ. અરે સંભળાવાય પણ નહિ. વૈદ્યો પણ માત્રા આપતા પથ્યની ભારે કાળજી રાખે છે. ફુટી નીકળે તેની જવાબદારી કોની!

બાકી 'જીવવિચાર'નું જ્ઞાન સર્વને સમજાવાય છે. જૈન કુળમાં જન્મેલ બાળક–બાળિકાઓ પણ આ જ્ઞાન ધરાવે છે.

ગુરુ પાસે કે સારી પાઠશાળામાં જતા હોય તો! આપણે સામાન્યથી અવલોકન તો કરીએ જ. બાકી તો નિયમિત અભ્યાસક્રમનો વિષય છે. જીવોના જીવમાત્રના બે મુખ્ય ભેદ. સંસારી-જન્મ મરણના ચક્કરે ચઢેલો-મુક્ત અજન્મા. મુક્તિનિવાસી-અનંત અવ્યાબાધ સુખમાં અનંત કાળ માટે વિલસતો-અદેહી. સંસારીના મુખ્ય બે વિભાગ. ત્રસ-હાલતો ચાલતો. એક જગ્યાથી બીજી જગ્યાએ જઈ શકનાર. બે-ત્રણ-ચાર-પાંચ ઈંદ્રિયવાળા. સ્થાવર-સ્થિર. પોતે ન હાલી ચાલી શકે. એકેન્દ્રિય-પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-વનસ્પતિ વગર લેબોરેટરીએ. હજારો મણ વનસ્પતિનો કચ્ચરઘાણ કાઢ્યા સિવાય. જીવ એક શરીરમાં કેટલા? શેમાં શેમાં-અરે એમનું આયુષ્ય. ઓછામાં ઓછું. વધારેમાં વધારે. આ સઘળી સ્પષ્ટ વિગતો સર્વજ્ઞ ભગવંતોના જૈનશાસનમાં જ મળે ને!

એક ઈન્દ્રિય-સ્પર્શેન્દ્રિય-(શરીર)-પૃથ્વી પાણી વિ. પાંચ.

બેઈન્દ્રિય-શરીર જીભ-(રસનેંદ્રિય) શંખ-કોડા-કરમીયાં વિગેરે.

ત્રણ ઈન્દ્રિય-શરીર-જીભ-નાક (ઘ્રાણેંદ્રિય)-કાનખજુરા, કીડી-મંકોડા-જૂ-ઉધઈ-ઈયળ વિગેરે.

ચાર ઈન્દ્રિય-શરીર-જીભ-નાક-આંખ (ચક્ષુ રન્દ્રિય)-વીંછી, ભમરા-તીડ-પતંગીયું-મચ્છર-કંસારી.

પાંચ ઇન્દ્રિય-શરીર-જીભ-નાક-આંખ-કાન- (શ્રવણેન્દ્રિય) દેવ-મનુષ્ય-તિર્યંચ-નારક.

**દેવગતિ**-ઉચ્ચ કોટિના પુણ્યનું ફળ. ભેદવિભેદ ઘણા.

**મનુષ્ય**-દાનગુણ-સરળતા, સચ્ચાઈનું ફળ.

**તિર્યંચ**-પશુ-પક્ષી, વનસ્પતિ, નિગોદ (અતિ સૂક્ષ્મ અનંતા જીવોનું શરીર) માયા-કપટ વિ. વિ. કરવાથી.

ઉંચી કક્ષાએ પહોંચેલા મહર્ષિઓ પણ રસ–શાતા અને ઋદ્ધિના મોહમાં પટકાય તો આ ગતિમાં પણ જાય.

**નરક**–દુઃખોનો સતત દાવાનલ. ઘડીની પણ શાંતિ નહિ. સાત નારકોનું વર્ણન. શાણાને કમકમા ઉપજાવે એમ છે. ભયંકર યાતનાઓનું કેન્દ્રસ્થાન. ભયંકર ક્રોધાદિ–ખૂન–લુંટ. ઈરાદાપૂર્વકની ઘોર હિંસાનું આ નિશ્ચિત ફળ છે. ભારે પસ્તાવો હૈયાનો, બચાવે તો ના નહિ. મહાઆરંભ–મહા પરિગ્રહ. એની સીધી વાટ છે. બચે તે ભાગ્યશાળી.

## જીવોના મુખ્યતયા ૫૬૩ ભેદ જાણવા જેવા છે.

મનુષ્ય ભેદ ૩૦૩, તિર્યંચના ભેદ ૪૮, દેવતાના ભેદ ૧૯૮, નારકીના ભેદ ૧૪. કુલ ૫૬૩. આ રીતે જીવોના ભેદની સ્પષ્ટતા એક માત્ર શ્રી જિનેશ્વરદેવોના શાસન સિવાય ક્યાંય મળે તેમ નથી. આ જાણીને શક્ય રીતે જયણા પાળીને, મન–વચન–કાયાથી, તે જીવોનુ રક્ષણ કરવાનું છે.

## ૮૪ લાખ જીવયોનિ યાને ચોરાસીનું ચક્કર.

દુનિયામાં 'ચોરાસીનું ચક્કર' શબ્દ પ્રચલિત છે. શાણાઓને એ ઈષ્ટ નથી. જન્મ–મરણના અનાદિ કાલના ચક્કરનું આ નામ છે. પણ, ૮૪ સાથે શો સંબંધ? આનો સ્પષ્ટ ખુલાસો–સમજણ જૈનધર્મ વિજ્ઞાન આપે છે. 'સાત લાખ' એક ગાથા સૂત્ર છે. સાંજ સવાર જૈનો પ્રતિક્રમણ ક્રિયામાં બોલે છે. એ બધા પણ એનો મર્મ સમજતા હશે? એમ તો સમજનારા ભાગ્યશાળીઓ ન હોય એમ નહિ. વાત જરા વૈજ્ઞાનિક છે પણ વિજ્ઞાન ન ખોલી શકે તેવી છે. કોઈપણ જન્મ સ્થાનને સ્પર્શ–રૂપ--રસ--ગંધ અને સંસ્થાન હોય છે. એક જ જાતના હોય તે એક, બધા એકજ કક્ષામાં આવેને!

આને એક યોનિ-જન્મસ્થાન કહેવાય. આવા એકજ સ્વરૂપના જન્મસ્થાન યોનિ મનુષ્યો માટે ૧૪ લાખ છે. આ સર્વજ્ઞ-કથિત શ્રધ્ધેય હકિકત છે.

વ્રાચકના ખ્યાલ માટે ૮૪ નું ચકકર લખી જ નાખીએ, જો કે જૈન માત્ર આના જાણકાર હોય. પણ આ અજ્ઞાન જમાનાનું તાંડવ જ કોઈ જુદુ છે. ખેર!

૭ લાખ પૃથ્વીકાય--૭ લાખ અપકાય.-૭ લાખ તેઉકાય. ૭ લાખ વાયુંકાય--૧૦ લાખ પ્રત્યેક વનસ્પતિકાય--૧૪ લાખ સાધારણ વનસ્પતિકાય--૨ લાખ બેઈદ્રિય--૨ લાખ તેઈદ્રિય--૨ લાખ ચઉરિંદ્રિય-૪ લાખ દેવયોનિ-૪ લાખ નારક યોનિ-૪લાખ તિર્યંચપંચેંદ્રિય-૧૪ લાખ મનુષ્યયોનિ-કુલ ૮૪ લાખ યોનિ. જૈનોની સાંજ સવારની પ્રક્રિયા-પ્રતિક્રમણમાં. ૮૪ લાખ જીવાયોનિમાં મારે જીવે જે કોઇ જીવ હણ્યો હોય, હણાવ્યો હોય, હણતાં પ્રત્યે અનુમોદ્યો હોય તે સવિ હું મન-વચન-કાયાએ કરી મિચ્છામિ દુક્કડં. આ રીતે વિશ્વભરના જીવો પ્રત્યે થઈ ગએલા દોષોની ક્ષમાપના કરવામાં આવે છે. અઢાર પાપસ્થાન તેવી જ રીતે. એ અઢારે પાપસ્થાનકમાંહિ જે કોઇ પાપ સેવ્યું હોય, સેવરાવ્યું હોય, સેવતાં પ્રત્યે અનુમોદ્યું હોય તે સવિ હું મન-વચન કાયાએ કરી મિચ્છામિ દુક્કડં. દ્વારા અઢારે પાપોનો પસ્તાવો થાય છે. પ્રાણાતિપાત--મૃષાવાદ--અદત્તાદાન--મૈથુન. પરિગ્રહ--ક્રોધ--માન--માયા-લોભ--રાગ--દ્વેષ--કલહ--અભ્યાખાન--પૈશુન્ય--રતિ--અરતિ--પરપરિવાદ માયામૃષાવાદ--મિથ્યાત્વશલ્ય. એ અઢાર પાપસ્થાન છે.

અભ્યાખ્યાન=આળ ચઢાવવું. પૈશુન્ય=ચાડી કરવી. પરપરિવાદ=નિંદા. માયામૃષાવાદ=યુક્તિપૂર્વક કેળવીને જુઠું બોલવું.

આ પ્રક્રિયા, નવતત્ત્વના જાણુને અવશ્ય આચરવાનું મન થાય. નવતત્ત્વ એ સારાએ વિશ્વનું ઉંડું અસરકારક જ્ઞાન વિજ્ઞાન છે. વિશાળ-વિશદ-તત્ત્વજ્ઞાનની ફિલોસોફી છે. આ સરળતાથી સમજાય તેવું મહાજ્ઞાન માનવીને સ્થિતપ્રજ્ઞ બનાવે છે. મહામાનવ બનાવી પરમર્ષિ બનાવે છે. પરમર્ષિ વિશ્વકલ્યાણ કરતા કરતા પરમાત્મા બને છે. ૧ જીવ. ૨ અજીવ. ૩--૪ પુણ્યપાપ. ૫ આશ્રવ. ૬ સંવર. ૭ નિર્જરા. ૮ બંધ. ૯ મોક્ષ. આ એક લાઈનમાં સમાતા નવતત્ત્વ છે. આત્માને મુક્તિની લાઇન બતાવી દે છે. ભેદ--પ્રભેદ અને એની સ્વ—પર ઉપરની પ્રક્રિયા ખરેખર સમજવા જેવી છે. એનો અભ્યાસ આનંદજનક અને પ્રતિબોધક છે. જૈન માત્રે આ તત્ત્વો છેવટ સ્થૂલથી પણ જાણી લેવા જોઇએ.

જીવ અનાદિકાલથી અજીવ કર્મના પુદ્ગલ પરમાણુઓથી ઘેરાએલ છે. તે રાગદ્વેષના કારણે પુણ્ય--પાપને આચરતો આશ્રવતત્ત્વ દ્વારા કર્મનો જથ્થો જમાવ્યે જ જાય છે. સંવરતત્ત્વ જે કર્મો અટકાવનાર છે. તેનો પ્રાયઃ આત્માને ખ્યાલ નથી. અને જુના કર્મોની નિર્જરા નાશ નહિવત્ કરે છે. નવા ઘણા ઘેરા ચીકણાં કર્મો બાંધ્યેજ જાય છે. આવા અનંત કર્મોના ઢેરના ઢેર જામેલા છે. અતિસૂક્ષ્મ કેમિકલ રાસાયણિક પ્રક્રિયા સમજવી કેવી રીતે? છતાં એક હજાર દવાઓ ભેગી ઘુંટી, અતિ ઝીણી બનાવી, રાઈથી પણ નાની ગોળી બનાવી. કેટલી દવાઓ એમાં? એક હજાર. લાખ ભેગી હોય તો લાખ. એકસોઈના અગ્રભાગ પર ચાલીશ લાખ સ્પર્ટકસની વાત સાયન્સ પણ કરે છે ને? મહાસમર્થ અતિશય જ્ઞાનીઓ અનંત કહે છે તેમાં ખોટું શું છે? આત્માના અસંખ્ય

પ્રદેશના દરેક પ્રદેશ પર આ ઢેરના ઢેર. આ બધી વિગત શ્રદ્ધાથી સમજાય છે. તેવી જ રીતે આજનું સાયન્સ પણ કબુલ કરાવે છે.

આમાંથી ૯ માં તત્ત્વ મુક્તિમાં સ્થાન જમાવ્યે જ છૂટકો. તે માટે સંવર નિર્જરા એ તત્ત્વોમાં ધર્મતત્ત્વ વણાઈ જશે. સંવર નવા કર્મોની અટકાયત કરે છે. નિર્જરા જુનાનો નાશ કરે છે. એ મળી કર્મરહિત આત્માને બનાવે છે. માટે જ મહામહોપાધ્યાયજી ફરમાવે છે કેઃ—

જે જે ભાવે રે નિરુપાધિકપણું, તે તે કહીએ રે ધર્મ;
સમ્યગ્દૃષ્ટિ રે ગુણઠાણાથકી, જાવ લહીએ શિવશર્મ.

જિનોપદિષ્ટ–માર્ગાનુસારી-ધર્મક્રિયાઓથી નિર્જરાસહ પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. વિધિ આદરપૂર્વક કરવી જોઈએ. આવું પુણ્ય સંસારની સમાધિકારક સામગ્રી પ્રાયઃ વિના મહેનતે આપે છે. દાનાદિ ધર્મમાં દોરી પ્રગતિમાં પ્રેરે છે. અને પરંપરાએ મુક્તિનિલયમાં વાસ થાય છે. પાપકર્મ એજ દુઃખોનું મૂળ છે. અને પાપ સુખની અભિલાષા કરાવે છે. માટે સંસારમાં દુઃખનું મૂલ સુખ છે. આ સાચી સમજણ છે.

## છ દ્રવ્યો

આની સાથેજ ૬ દ્રવ્યોનું જ્ઞાન અને તેની પ્રક્રિયા વિશ્વસંચાલનની પ્રક્રિયાનું જ્ઞાન કરાવે છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, કાળ અને જીવ (આત્મા). ચાલવાની--હલનચલનની ઈચ્છાવાળાને ચાલવા વિ. માં મદદ કરનાર ધર્માસ્તિકાય. જેમ માછલીને તરવામાં

પાણી. ઉભા રહેવાની--સ્થગતિ થવાની ક્રિયામાં મદદ કરે અધર્માસ્તિકાય. હરકોઈ વસ્તુને અવકાશ આપે આકાશ.

પુદ્‌ગલ--પરમાણુ જડ છતાં ચેતનને દબાવે. ચૌદ રાજલોકમાં દોડાદોડ કરે. જડકર્મોનું જોર કેવું ભારે! કાળ એક મર્યાદા બાંધનાર દ્રવ્ય ગણાય છે. વર્તમાન--ભૂત--ભવિષ્યના ભેદથી ઓળખાય. રાત્રિ--દિવસ--ઘડી--પળ વિ. અવાંતર ભેદો છે.

આત્મા–કર્મોથી પીડાતો--કુટાતો અનાદિકાળથી રખડતો જૈનેંદ્રશાસન પામીને ભવ્યત્મા હોય તો, કર્મોને પટકી--મોહને મારી મન–વચન–કાયાના યોગોને તરછોડી મોક્ષાવસ્થામાં સદાને માટે સ્થાયી બની જાય છે. માટેજ જૈનશાસન જયવંતુ વર્તે છે.

(આ બધા પદાર્થો-દ્રવ્યો-તત્ત્વો વગેરેનું) જ્ઞાન શા માટે?

આત્માના ભાન માટે. સ્વભાવને ભૂલી પરભાવમાં આત્મા ગુલ્તાન બન્યો છે. પુદ્‌ગલ ભાવ--જડનું આકર્ષણ.-સુખદુઃખની લાગણી બધું એક છે. દેહને પોતાનો અને પોતેજ તે છે એમ માની લીધું ડાહ્યા ગણાતા મોટા ભાગના માનવીએ પણ દેહના સુખ દુઃખને પોતાનાં માની લીધા. તેમાં જ ઘેલો--ગાંડો અને પરવશ બની ગયો. પછી તો દેહને સાચવનારા પ્યારા. એને ન ગમતા પારકા. પછી તો પારકા પ્યારા બની જાય. પ્યારા પારકા બની જાય. સ્વાર્થની માત્રા વધતી જાય. સત્કાર્ય અકાર્ય લાગે. સાચી સારી સલાહ ન ગમે. સ્વાર્થની આત્મઘાતક વાતોના વિમાનમાં ઉડવું ગમે. પછી તો પૈસો મારો પરમેશ્વર. સ્વાર્થ આડે આવે તેને ઉડાવી દેવામાં પણ વાંધો નહિ. પોતાને પણ મોત એક દિવસ

ભરખી ખાશે. આ વાત ભૂલાઈ જાય છે. માંદગીના બીછાને પટકાય. ધમપછાડા કરે. આર્તરૌદ્રધ્યાનમાં પણ ચઢી જાય. તિર્યંચ અને નરકના આયુષ્યનો બંધ પડી જાય. પછી તો પશુ પક્ષી કે નરકનું અસંખ્ય વર્ષોનું અકલ્પનીય દુઃખ, દુઃખ ને દુઃખ. સહન ન થાય પણ ત્યાં શું કરે? કોઇ મદદગાર નહિ. રાહતનું નામ નહિ. વૈદ્ય કે ડોકટર હોય જ નહિ. પાણી મળે નહિ. પાણી પાનાર મળે નહિ.

આટલી સમજણ બેસી જાય તો જ્ઞાન આવે. ભાન આવે. પાપોથી ધ્રુજે. પુણ્યકાર્યોમાં ચિત્ત સ્થિર થાય. સત્ય સમજવાનું મન થાય. જૈનકુળમાં હોય તો સદ્દગુરુનો યોગ થઈ જાય. વીતરાગની વાણી શ્રવણમાં આવે. ગમી જાય. શ્રધ્ધા પ્રગટે. શકય અમલ થાય. શ્રાવક કે સાધુધર્મનું પાલન કરે. ન કરી શકે તો દીલ તલસે. કર્મોના ઢેર વેરાવા–વીખરાવા માંડે. નિર્જરાનો પાર નહિ. નવા નહિવત્ બંધાય. વ્યવહાર શુદ્ધ. દીલ દરીયાવ. સરળતા એની સીડી. સમતા એની ભગિની. તપ એનો બંધુ. મન–વચન–કાયાની શુધ્ધિ એની રિધ્ધિ. સિધ્ધિ એની સોડમાં. મુક્તિ એના ઓવારણા લે. આ માટે જ્ઞાન–સ્વાધ્યાય–મનન–ચિંતન–નિદિધ્યાસન. ઉચ્ચ ધ્યાનની આ છે ભૂમિકા.

જ્ઞાન દીવો છે પદાર્થો જાણવા–જોવા માટે. દ્વીપ છે સંસારસાગરમાં આશ્રય માટે. દ્વાર છે મુકિત પ્રવેશ માટે. આત્માની જ્યોતિ છે. પ્રકાશ છે મિથ્યા તિમિર હરવાને. ગુરુજ્ઞાનવંત જોઈએ. માતપિતા સંસ્કારિત પુણ્યે મળે. સાધર્મિક સમ્યગ્દર્શનીને કહેવાય. બધામાં જ્ઞાનની મહત્તા. જ્ઞાન વિના માનવી પશુ સરિખો. જ્ઞાન છે મહાધન.

'જ્ઞાની શ્વાસોશ્વાસમાં કરે કર્મનો નાશ' વ્યપારમાં વહેવારમાં પણ જ્ઞાની તરી આવે. ખાતા–પીતા, ઉઠતા બેસતા, હરતા ફરતા, જ્ઞાની શુભ વિચારમાં હોય. 'જ્ઞાનીસે જ્ઞાની મિલા, કરે જ્ઞાનકી બાત; મિથ્યા વિચારોને મારે લાત. જેથી પામે મોટી શાત. શાતાએ ધરે ધ્યાન. નહિ માન નહિ આશ. ધર્મમાં થાએ વાસ. મુકિત તેની થાએ ખાસ.

જ્ઞાન છે તરવા અને તારવા. ભવસમુદ્રમાંથી પાર ઉતરવા. ભવ ભયંકર ભાસે. ધર્મ શિવંકર લાગે. જિનનો કિંકર બને. જિન તેને શંકર બનાવે. શિવ તેનું થાય. શિવ સાચું પરમાત્મધ્યાનમાં. પરમાત્મપદપ્રાપ્તિમાં.

卐

# વિભાગ બીજો

## વિશ્વવ્યવસ્થા

સામાન્યથી ધર્મવિભાગ જોયો. તે જ પ્રમાણે સર્વજ્ઞ ભગવંતો સૂચિત વિશ્વવ્યવસ્થા જોઇએ. વિશ્વ અનાદિકાલીન છે. એમાં અનાદિકાલીન વસ્તુઓ અને પદાર્થ છે. એ હતા હતા અને હતા. હશે હશે. અને હશે. કોઈ એનો બનાવનાર નહિ. નાશ કરનાર નહિ. પર્યાયાત્મક સ્વાભાવિક ફેરફારો ભલે થતા હોય. મોટા ભાગના તો ચર્મચક્ષુને અદૃશ્ય હોય છે.

જૈનશાસનની આ એક વિશિષ્ટતા છે. વસ્તુ દ્રવ્યરૂપે સ્વસ્વરૂપે તેવી ને તેવી રહે. પર્યાયરૂપે તેમાં અનેક ફેરફારો થાય. કોઇમાં અદૃશ્ય, કોઇમાં દૃશ્ય અને અનુભવગત પણ. આ એક સરસ વૈજ્ઞાનિક-સાયન્ટિફીક-સિધ્ધાંત છે. કોઈપણ શાણાને ઝટ બેસી જાય તેવો. બુધ્ધિગમ્ય અને યુક્તિગમ્ય થાય તેવો. માત્ર તદ્દન અદૃશ્ય અરૂપી પદાર્થો શ્રધ્ધાના વિષય બને એ સ્વાભાવિક છે. છતાં તેમાંના પણ કેટલાક અનુમાનથી સારી રીતે સાબિત થઈ શકે છે. આ બધા માટે અભ્યાસ અને મનન. ચિંતન-જોઇએ જ. તે આજે ૯૯ ટકા છે જ નહિ. ટાઇમ નથી. જાણવાની ઇચ્છા નથી. ઇચ્છા થાય તો ન સમજાય એવું પણ નથી.

પૈસો જરૂરી મનાયો. એને માટે બધી સમજ લેવાય છે. ટાઈમ મળે છે. અનુભવીઓનો સંપર્ક સધાય છે. કાળી મહેનત થાય છે. ખોટ જાય તો પણ બજારમાં જવાય છે. ભાઇ! આશા અમર છે. ધર્મ જરૂરી મનાતો બંધ થયો. સાથે જ આવી વિશ્વવ્યવસ્થાનો ખ્યાલ ગયો. પછી જાણવાની તો વાત જ ક્યાં? રસ ઉડી ગયો તત્ત્વજ્ઞાનમાંથી. અખૂટ ખજાનો જ્ઞાનનો. વિશ્વમાં શોધ્યો ન જડે તેવો. ભરપૂર પડ્યો છે જૈનશાસનમાં. વિજ્ઞાનને આંટા ખવડાવે તેવો, પણ ઘરમાં દટાઈ રહેલ રત્નભંડારની પેલા દરિદ્રને ખબર જ ન્હોતીને? માટે જ ગરીબીની અનેક યાતનાઓ ભોગવી જીંદગી પુરી કરી. તેમ આપણે પણ મોજશોખ અને વિલાસમાં જીંદગી પુરી કરવાની અને આજના મોજશોખમાં પણ શો કસ છે. વેઠ કળશીની અને મળે અધોળ. તે અધોળમાં પણ શાંતિ તો શોધી જડે નહિ. પરિણામે અનેક રોગો અને ચિંતામાં

જલતું જીવન. છતાં ખપીને–જિજ્ઞાસુને માટે–સારીએ વિશ્વ-વ્યવસ્થા અહિં રજુ થાય છે.

વિશ્વ અતિ મોટું છે. તેમાં અનંતા આત્માઓ ચારે ગતિમાં ભમ્યા કરે છે. અનંતા સિદ્ધાત્માઓ મુક્તિનિલયમાં છે. અજન્મા આત્માઓને માટે હવે ચાર ગતિ નથી. તેમનું કાર્ય સિધ્ધ થઈ ગયું. આત્માના પરમાનંદમાં–સચ્ચિદાનંદ-દશામાં વિલસે છે.

## નિગોદ

સંસારી જીવોમાં તિર્યંચ–પશુપક્ષીની પણ એકગતિ. વનસ્પતિ એનોજ વિભાગ. સૂક્ષ્મ એક અનંતકાય વનસ્પતિ-કાયનો વિભાગ છે. 'નિગોદ' તેનું નામ છે. તેનો એક વિભાગ અતિ સૂક્ષ્મ છે. ન આંખે દેખાય. ન અગ્નિ બાળી શકે. જન્મ–મરણ અતિ ઝડપી. આ બધી વાતોમાં જરાએ અતિ-શયોકિત નથી. સો વર્ષ પહેલા એટલે કે મેગ્નેટ બોમનાં વાત વાહિયાત લાગત. પણ છે હકિકત અને અનુભવગત. રાવણના પુષ્પક વિમાનમાં ન માને અને આજના જમ્બો-જેટ રાક્ષસી વિમાનમાં પુરી શ્રધ્ધા. શાસ્ત્ર કહે તે ન મનાય. વિજ્ઞાન તે જ વાત કહે એટલે હૈયે બેસી જાય. આ ગાંડપણને કોણ પહોંચે?

આ નિગોદમાં અનાદિકાળથી વસનારા અનંત આત્માઓ. તેમાં પણ ત્રણ જાતિ. જાતિભવ્ય–ભવ્ય–અભવ્ય. જાતિ ભવ્ય નિગોદથી બહાર આવે નહિ. ધર્મ સામગ્રી મળે નહિ. મુક્તિએ જાય નહિ. અંદર લાયકાત પડી હોવા છતાં. કંઈક લોખંડ પૃથ્વીના પેટાળમાં પડી રહેલ છે. જે બહાર આવતું નથી.

હથિયાર ઘડાઇ એનો ઉપયોગ થતો નથી. હથિયાર–શસ્ત્ર બનવાની લાયકાત હોવા છતાં. અભવ્ય–બહાર વ્યવહારમાં જન્મમરણના ચારગતિના ચક્કર શરૂ કરે. પણ મુકિત કદી નહિ. કારણે મુકિત જેવી વાતને માનતો જ નથી. ધર્મક્રિયા પણ કરે. અરે સાધુ પણ જૈનશાસનમાં થાય. ૧૪ માંથી ૯ મહાપૂર્વોનું અગાધજ્ઞાન પણ મળે. પણ મુકિતનું ધ્યેય જન્મે જ નહિ. માટે જ આવા ઉંચા જ્ઞાનીને અજ્ઞાની કહ્યો, સર્વજ્ઞ ભગવંતના મહાશાસનને. શાસન શબ્દમાં આગમો--શાસ્ત્રો--પંચાંગી યુકત આવી જ જાયને !

### ભવ્યાત્મા

ભવ્ય–વ્યવહારરાશિમાં ભ્રમણ શરૂ થઇ જાય. મોટે ભાગે ઉત્થાન ક્રમિક થાય. સૂક્ષ્મ–વનસ્પતિમાંથી બાદરમાં આવે. પૃથ્વી–અપ–તેઉ–વાયુ પણ બને. ૨–૩–૪–૫ ઈંદ્રિય વાળા તિર્યંચ બને. બળદ–ઘોડા–હાથી બધા પંચેન્દ્રિય તિર્યંચ છે. સિંહ–વાઘ–વરૂ પણ બને. ત્યાં મહાહિંસક બની નીચે નરકોની મુલાકાત લઇ આવે. અસંખ્યાત કાળ માટે કારમા ભયાનક દુઃખો સહ્યાજ કરે. પળનો પણ આરામ નહિ. અરે પેલો તંદુલીયો મત્સ્ય-મોટા મત્સ્યની આંખની પાંપણમાં ઉત્પન્ન થનારો. હજારો જીવો–જળચર મોટા મત્સ્યના મુખમાં પાણીના પ્રવાહ સાથે પ્રવેશ કરે. બહાર પાછા નીકળી જાય. પેલો પાંપણમાં બેઠો ચિંતવે છે. મારૂં ચાલે તો એકને પણ છોડું નહિ. બધાને સ્વાહા કરી જાઉં. માર્યો છે એકે જીવને ? પણ બિચારો બે ઘડીનું આયુષ્ય ભોગવી સાતમી નરકે પહોંચી જાય છે. મન અને માનસિક વિચારોની ભયંકરતા સમજી લેવા જેવી છે. મન

अेव मनुष्याणां कारणं बन्धमोक्षयो: મન માંકડું વશ ન રહે તો ડુબાડે. વશ કરે તેને તારે. આ માટે પ્રસન્નચંદ્રરાજર્ષિનો દાખલો મોજુદ છે. ઘડીમાં સાતમી નરકના દળીયા--ઘડી પછી કેવળજ્ઞાનની દેવદુંદુભી ગાજી. રાજા શ્રેણિક થયા અતિ રાજી.

આજના માંધાતાઓ કારમી યોજનાઓ લાખોના નાશની ઘડે છે. કયાં જશે એ પામર આત્માઓ. એમના સલાહકારોની પણ એજ ભયંકર દુર્ગતિને ? સદ્બુદ્ધિ સૂઝશે એમને ? મૂળ વાત ભવ્યની ચાલે છે. ભવભ્રમણ કરતાં મનુષ્ય બન્યો. પણ ચંડાળ–કસાઈ–શિકારી તરીકે. પાછો નરકાદિમાં. વળી મનુષ્યભવમાં પણ યજ્ઞાદિ કરનાર કુળોમાં. પાછી એજ દશા. વળી અસંખ્યાત અનંતકાળે માનવ. તે પણ જૈનકુળમાં. દેવ-ગુરુધર્મનો યોગ મળી જાય. ધર્મશ્રવણેચ્છા જન્મે, સાંભળે વિચારે સદ્દહે અને શકય અમલ પણ કરે. ત્યારે તે ભવ્યાત્માની ગાડી કાંઇક પાટા પર આવે. એમાં આગળ વધે તો મુક્તિમાં કે દેવગતિમાં. દેવગતિમાંથી મનુષ્ય. સાધુપણાનું પાલન અને મુક્તિ. આ તો માત્ર અતિસ્થૂલ દિશાસૂચન. આ આખી પ્રક્રિયા–પ્રોસેસ એક અલગ ગ્રંથ માંગે.

આવા બધાજ ભવ્યાત્માઓ મુક્તિએ જાય જ એમ નહિ. પણ મુકિતએ ભવ્યાત્માજ જાય એ નક્કી. આવા આત્માઓ જે મુકિતએ જવાના જ છે તેમનો જ વિચાર કરીએ. જ્યારથી એક 'પુદ્ગલ પરાવર્ત' કાળ મુકિતગમનનો બાકી રહે ત્યારથી વિચારવાનું. આ વિચારસરણી સ્થૂલરૂપમાં પણ સમજયેજ છૂટકો. આ ગાળામાં–પિરીયડમાં–પ્રથમ 'શુદ્ધ-

યથાપ્રવૃત્તિકરણ' ઘણા ભવ્યાત્માઓ માટે શરૂ થાય છે. દેવ–ગુરુ–ધર્મના ઉપાસક બને છે. સરળતા, ન્યાયપ્રિયતા–પ્રમાણિકતા પસંદ કરે છે. દયા–દાનને ગુણ બનાવે છે. ક્રમિક પ્રગતિ શરૂ થાય છે. દેવ–ગુરુ–ધર્મના શુધ્ધ સ્વરૂપનું હજુ ભાન નથી થયું. તે સમજાઈ જાય. હૈયે બેસી જાય. તો તો નવતત્ત્વ તરફ દિલ ખેંચાય–અભ્યાસ થાય. આત્મામાં રમખાણ બને અને સમ્યક્ત્વ સુલભ થઈ જાય. સમ્યક્ત્વ એક ફેરા સ્પર્શે એટલે લીલાલહેર. વધુમાં વધુ અર્ધપુદ્ગલ પરાવર્તથી પણ કાંઈક ઓછો કાળ મુકિતગમનનો રહે. આટલો કાળ પણ કયારે ? શ્રી તીર્થંકરદેવની યા શ્રી સંઘની મહા આશાતના કરી હોય. સાધ્વી તરફે અઘટતું વર્તન (શીલનો ભંગ) દાખવ્યું હોય. ગમે તેમ પણ અનંતા પુદ્ગલ પરાવર્ત પાસે એક કે અડધાનો શો હિસાબ ? કરોડોનું દેવું પતાવ્યું. પાંચસો હજારની શી ગણત્રી ? આ છે ભવ્યાત્માની ભવ્યતા.

## કાળ ગણના.

પૂર્વ શબ્દ પારિભાષિક છે. ૮૪ લાખને ૮૪ લાખે ગુણો. એક પૂર્વ થયું. આવા લાખો પૂર્વના આયુષ્ય હતા. આજે પણ ૧૫૦ વર્ષના આયુષ્યના દાખલા છે. લગભગ ૩૫૦ વર્ષનું આયુષ્ય આ કાળમાં પણ શકય છે. પુદ્ગલ પરાવર્ત–એક ઘણી લાંબી મોટી ગણના છે. અબજો ને અબજોના અબજોથી ગુણીએ. જે સંખ્યા આવે તે 'પરાવર્ત' પાસે ઘણી નાની છે. બસ આટલી સમજ ઉપયોગી થઈ પડશે. જૈન શાસન દરેક વાતની ઝીણવટ આપે છે. સ્પષ્ટતા પણ તેટલીજ. કારણકે સૂક્ષ્માતિસૂક્ષ્મ પદાર્થો ભાષામાં સમજાવવા છે. તત્ત્વ-

જ્ઞાન ઘણું ઉંડું છે. તેટલું જ અતિ વિશાળ ઉદારતાથી ભરેલું છે. સર્વજીવો પ્રત્યે કરૂણાભાવ અમાપ છે. માટે જ 'जैनं जयति शासनम्'

## કુદરતનું ગણિત.

જૈનશાસન–એક વાડો નથી. ટુંકી દૃષ્ટિનું વિધાન નથી. મદમાં કે આવેશમાં સ્થાપિત કોઈ મત નથી. તીર્થંકરો પણ ભવભ્રમણ કરી ચૂકયા છે. સાધનાની ઉચ્ચ ભૂમિકામાં રહ્યા છે. ઘોર–જ્ઞાન–તપને આચર્યા છે. પછી જ વિશ્વવંદ્ય તીર્થંકર દેવ બન્યા છે. આ વ્યક્તિ તે દેવ એમ નહિ. આવા ગુણવાળા હોય તે દેવ. આ છે ખુલ્લી નિષ્પક્ષપાતતા અને મહાન ઉદારતા જૈનશાસનની. ભગવંત મહાવીરદેવે ખૂલે–જાહેર કર્યું. હું પણ નરકે જઈ આવ્યો બે ફેરા, સમ્યક્ત્વ પામીને વમ્યા પછી. જાહેરાત પણ જાહેર સમવસરણમાં–અતિ દિવ્ય વ્યાખ્યાન મહામંડપમાં–શી નિર્લેપતા ! શી નિરભિમાનતા !

## કાળનું ગતિમાન ચક્ર

( સાયકલ ઓફ ટાઈમ )

ઉત્સર્પિણી--અવસર્પિણીની એક દોડતી સાયકલના બે પૈડા છે. આ વાત પહેલા કરી જ છે. હવે એના આરા કેટલા છે? શું એનાં નામ છે? એ જોઈએ. આ બે મળીને એક કાળ-ચક્ર થાય છે. ઉત્સર્પિણી--ચઢતો કાળ. [1]દુઃખમ્-દુઃખમ્. [2]દુઃખમ્. [3]દુઃખમ્–સુખમ્, [4]સુખમ્–દુઃખમ્. [5]સુખમ્ અને [6]સુખમ્–સુખમ્. અવસર્પિણી–ઉતરતો કાળ. એના પણ છ વિભાગ. [1]સુખમ્–સુખમ્, [2]સુખમ્, [3]સુખમ્–દુઃખમ્, [4]દુઃખમ્ સુખમ્, [5]દુઃખમ્, [6]દુઃખમ્–દુઃખમ્, આપણે અત્યારે પાંચમા આરામાં. દુઃખમમાં છીએ. પ્રાયઃ દુઃખનું જ પ્રાધાન્ય. સુખ તો આટામાં લુણ જેવું.

આ અવસર્પિણી કાળના બીજા આરામાં જુદી જુદી મેઘ વૃષ્ટિ વિ. ઘણી હકીકતો છે. ત્રીજા આરામાં તીર્થંકરોની શરૂઆત થઇ. ભગવંત ઋષભદેવ પ્રથમ તીર્થંકર થયા. ચોથામાં ભગવંત મહાવીર થયા. છેલ્લા દશકામાં શ્રી મહાવીરનું નિર્વાણ થયું. પાંચમો આરો ૨૧ હજાર વર્ષનો. ૨૫૦૦ પુરા થાય છે. ૧૮।। હજાર બાકી છે. ત્યાં સુધી ધર્મનું અસ્તિત્વ રહેશે. છેલ્લા યુગપ્રધાન શ્રી દુપ્પસહસૂરીશ્વરજી થશે. ત્યારપછી ભરતક્ષેત્રની અપેક્ષાએ ધર્મનો વિલય થશે. છઠ્ઠો આરો એકવીશ હજાર વર્ષ ચાલશે. પછી ઉત્સર્પિણી ક્રમ શરૂ થશે. એમાં પ્રથમ તીર્થંકર પદ્મનાભ ભગવંત મહાવીર જેવા થશે. તેના ત્રીજા આરામાં.

આ રીતે સુખજ સુખ, સુખ, સુખ અને દુઃખ, દુઃખ કરતા સુખ ઓછું, પ્રાયઃ દુઃખ અને દુઃખજ દુઃખ–આ રીતે ઉતરતો અને પાછો ૬ થી ૧ નો ચઢતો ક્રમ. વિશ્વ સાયકલનો કાયમ માટે ૫ ભરત અને ૫ ઐરાવતમાં ચાલુ રહેવાનો. ૫–મહાવિદેહમાં કાયમ માટે ૪ થા આરાના ભાવો વર્તે છે. ત્યાં સદા માટે મુકિતનો માર્ગ ખુલ્લો રહે છે. મહાભાગ ઉચ્ચકોટિના આરાધકો–૧૦ ભૂમિમાંથી સીધા વિદેહમાં મનુષ્ય થઇ મુકિતએ જાય છે. અગર વચમાં દેવલોકનો વિસામો કરી વિદેહમાં જઈ સાધ્ય સાધે છે. એટલે આજે મુક્તિમાર્ગ જ બંધ છે એમ નથી. માટે જ આજે પણ શકય ઉત્કૃષ્ટ ધર્મ એજ શરણ છે, સહારો છે, આલંબન અને મુકિતદાતા છે.

દિવસ રાત્રીની ગણના દેવલોકમાં નથી. સૂર્યચંદ્રના પ્રકાશની જરૂર ત્યાં નથી. તેમના રહેઠાણ–વિમાનોજ દિવ્ય

પ્રકાશને આપનાર છે. આ બધી વાતો આ રેડીયમ યુગમાં તદ્દન યુકિતગમ્ય છે. માટેજ ડબલ શ્રધ્ધેય બને છે.

આવા અનંતા કાળચક્રોની ભીંસમાં આત્મા પિસાતો, રોળાતો ચાલ્યો આવે છે. છતાં ૮૪ ના ચક્કરમાંથી ઉદ્ધાર થયો નથી. એ સાનભાન આ કાળચક્રના જ્ઞાનમાંથી સૂઝવી જોઇએ ને ? કોઈપણ વસ્તુ-પદાર્થના જ્ઞાન પાછળ ધ્યેય છે. હેતુ અને આદર્શ છે. જ્ઞાનજ તેનું નામ. જેનાથી રાગ દ્વેષ અને મોહનો અંધકાર આત્મા પરથી દૂર થાય. પોતાનામાં રહેલા અનંતજ્ઞાન-અનંત સુખશક્તિનું ભાન થાય. તે પ્રગટ કરવાના માર્ગે પ્રયાણ શરૂ થાય. એ છે જ્ઞાનની મહત્તા. નહિ તો પછી जहा खरो चंदणभारवाहो, भारस्स भागी नहु चंदणस्स । अेवं खु नाणी चरणेण हीणो, नाणस्स भागी न हु सुग्गइए ।

ગર્દભ ચંદનના લાકડા વહેતો હોય. પણ સુગંધ કે ચંદનનો અધિકારી નથી જ. માત્ર બોજાનો. જ્ઞાન છે પણ ચારિત્ર-હીન છે. જ્ઞાની ભલે લોકોમાં કહેવાય, સદ્દગતિ એની નથી.

માટે જ-જીવવિચાર, નવતત્ત્વ, છ પદાર્થો, કાળચક્ર, કાળની ગતિ-વિ-વિ-જ્ઞાનનો હેતુ, તે તે પદાર્થોને જાણી, સંસારની અસારતા અને ભયંકરતા સમજવાનો છે. મુક્તિના શુદ્ધ હેતુથી ધર્મ આરાધવાનો છે. જ્ઞાન આ રીતે તારે. નહિ તો એજ જ્ઞાન ડુબવાનું કારણ બને.

## વિશ્વ—ભૌગોલિક—વ્યવસ્થા.

( ચૌદ રાજલોક )

આજનું દેખાતું વિશ્વ-યુરોપ, અમેરિકા, એશિયા. વિ. ૬ ખંડનું બનેલું છે. ખરેખર વિશ્વમાં તો આવા અનેકાનેક અતિવિશાળ મહાપ્રદેશો છે. જૈન શાસ્ત્રો એનું હૂબહુ સ્પષ્ટ

સરળ રીતે સમજાય તેવું ચિત્ર ખડું કરે છે. કારણ કે સર્વજ્ઞ વાણીમાંથી પ્રતિપાદન થયેલ છે. નિઃસ્વાર્થ ઉપકાર-બુધ્ધિમાંથી સ્વરૂપ પ્રકાશિત થયેલ છે. એની ક્રમબધ્ધ વિચારણા સમજાવવા માટે સરળ થઈ પડશે.

સારોએ લોક-વિશ્વ-ચૌદરાજ પ્રમાણ છે. કાળમાં જેમ 'પૂર્વ' ગણત્રીનું મોટું નિયમ ધોરણ-સ્ટાન્ડર્ડ-છે. તેમ વિશ્વયોજણીમાં—'રાજ' એક વિશાળ-નિયત-સ્ટાન્ડર્ડ ધોરણ છે. વિશ્વનો એક આકાર છે. એક પુરૂષ પોતાના બન્ને પગ પહોળા કરીને ઉભો છે. બન્ને હાથના પંજા બન્ને કુક્ષી-કુંખ ઉપર મૂકયા છે. આ રીતની આકૃતિને લોક-પુરુષ કહેવાય છે.

## સાત નરકાદિનાં સ્થાન.

છેક નીચેની ભૂમિથી ૬ રાજલોકમાં ૭ થી ૨ નરક ભૂમિઓ છે. ૭ મા રાજલોકમાં ૧લી નરક છે-ભવનપતિ. વ્યંતર-વાણવ્યંતર-ત્રણ પાતાળવાસી દેવો-દેવતા આજ વિભાગમાં છે. મનુષ્યો અને તિર્યંચો પણ તેમાં જ. જ્યોતિષી દેવો, સૂર્યચંદ્રાદિ પણ સાતમા રાજમાં જ.

રત્નપ્રભા પ્રથમ પૃથ્વીનું નામ છે. તેની સમભૂમિથી ઉપરના-૯૦૦ યોજનમાં મનુષ્યો અને તિર્યંચો રહે છે. ૮ થી ૧૨ ના પાંચ રાજમાં ૧૨ વૈમાનિક દેવલોક. ૧૩ અને ૧૪ રાજમાં નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનના દેવોના નિવાસ છે. ત્યાંથી થોડે દૂર 'સિદ્ધશીલા' છે તેનાથી બહુ થોડે દૂર-સિધ્ધ ભગવંતો રહેલા છે. જેમના મસ્તક-પ્રદેશો સમશ્રેણિએ અલોકને અડી રહેલા છે. આ આખીએ શ્રેણિબધ્ધ, વ્યવસ્થા વિગતવાર અનુક્રમે વિચારવાથી બરા-બર સમજાશે.

## સાત નરકનું વર્ણન.

| સાત (નરક) પૃથ્વીના નામ | તેના ગુણ | સાત નરકના નામ |
| --- | --- | --- |
| ૧ રત્નપ્રભા. | રત્નો વધારે પ્રકાશ હોય ને? | ઘમ્મા |
| ૨ શર્કરાપ્રભા. | કાંકરા વધારે પ્રકાશ ઘટતો જાય | વંશા |
| ૩ વાલુકાપ્રભા. | રેતી વધારે ,, | શૈલા |
| ૪ પંકપ્રભા. | કાદવ વધારે ,, | અંજના |
| ૫ ધૂમપ્રભા | ધૂમાડો વધારે ,, | રિષ્ટા |
| ૬ તમઃપ્રભા. | અંધકાર વિશેષ. ,, | મઘા |
| ૭ તમઃતમઃપ્રભા. | ગાઢ અંધકાર ,, | માઘવતી |

આ નારકોમાં ૧ થી ૩ માં પરમાધામીકૃત–ક્ષેત્રકૃત–પરસ્પરકૃત વેદનાઓનો પાર નથી. ૪ થી ૭ માં પરમાધામીકૃત વેદના નથી. ઓચ્છામાં ઓચ્છું આયુષ્ય દશ હજાર વર્ષનું. વધારેમાં વધારે ૩૩ સાગરોપમ. આ વેદનાનો નમૂનો. ત્યાંના જળતા અગ્નિમાંથી લાવી (જો કે તે અશક્ય છે. આ તો માત્ર કલ્પના) અહિંયા લોખંડ ગાળવાની ભઠ્ઠીમાં નાખે તો એ જીવને ઠંડક વળે. તે જ પ્રમાણે શીત વેદના સમજવી. મતલબ કે આ વેદનાઓનું શાબ્દિક વર્ણન અશક્ય છે.

## ભવનપાત દેવો.

પહેલી રત્નપ્રભા પૃથ્વીની જાડાઈ એક લાખ એંશી હજાર યોજન. ઉપર નીચેના એક એક હજાર છાંડી, દો–બાકીના યોજનમાં તેર પ્રતર, તેના બાર આંતરા. તેમાં ઘર જેવા ભવનમાં, માંડવા જેવા આવાસોમાં ભવનપતિ રહે છે. રૂપાળા, રમતીયાળ, શોખીન હોવાથી 'કુમાર' કહેવાય છે. તેમના દશ પ્રકાર છે. અસુર, નાગ, સુવર્ણ, વિદ્યુત્, અગ્નિ, દ્વીપ, ઉદધિ,–દિશિ, પવન અને મેઘકુમાર.

## વ્યંતર—વાનવ્યંતર.

ઉપરના છોડેલા હજાર યોજનમાંથી નીચે ઉપરના સો સો યોજન જતાં ૮૦૦ માં વ્યંતરો રહે છે. તેજ પ્રમાણે ઉપરના છોડેલા સો યોજનમાં નીચે ઉપરના ૧૦–૧૦ જતાં ૮૦–માં વાણવ્યંતર રહે છે.

| | વ્યંતરોનાં નામ. | વાનવ્યંતરોના નામ |
|---|---|---|
| ૧ | પિશાચ | અણપન્ની |
| ૨ | ભૂત. | પણપન્ની |
| ૩ | યક્ષ | ઇસિવાદી |
| ૪ | રાક્ષસ | ભૂતવાદી |
| ૫ | કિન્નર | કંદિત |
| ૬ | કિંપુરૂષ | મહાકંદિત |
| ૭ | મહોરગ | કોહંડ |
| ૮ | ગંધર્વ | પતંગ |

આ બિચારા પણ કેટલાક પોતાની કુટેવોને લઇને ભટકતા બને છે. મંત્રાદિથી યા પ્રબળ પુણ્યને વશ બની મનુષ્યોની નોકર જેમ સેવા કરે છે. કર્મ તારી ગતિ ન્યારી છે! આમાં પણ ઓછામાં ઓછું આયુષ્ય દશ હજાર વર્ષનું હોય છે. છેક ઉપરના સર્વાર્થસિધ્ધ અનુત્તરવાસીનું ૩૩ સાગરોપમ હોય છે.

## તિર્ચ્છાલોકનું વર્ણન.

તિર્ચ્છાલોકની મધ્યમાં મેરૂપર્વત (જંબુદ્વીપનો). તેના મૂળમાંની સપાટ જમીનને 'સમભૂતલા' કહે છે. દરેક શાસ્ત્રીય માપ ત્યાંથી ગણાય છે. આ સમભૂમિથી ૯૦૦ યોજન ઉપર –નવસો યોજન નીચે એમ ૧૮૦૦ યોજનનો તિર્ચ્છાલોક છે.

## જ્યોતિષ્ક દેવો.

નીચે ઉપર મનુષ્યો અને તિર્યંચો રહે છે. ઉપરના ૭૯૦ યોજન પછી ૧૧૦ યોજનમાં જ્યોતિષ્ક દેવોનાં વિમાનો છે. શરૂઆતમાં 'તારા' નાં વિમાનો. ૧૦ યોજન પછી 'સૂર્ય' નાં વિમાન. પછી ૮૦ યોજન ઉપર 'ચંદ્ર'નાં વિમાન. પછી ૪ યોજન છોડી નક્ષત્રોનાં વિમાન. તે પછી ૧૬ યોજન છોડી ગ્રહોનાં વિમાનો છે. આ બધા 'ચર જ્યોતિષ્ક' છે. અઢીદ્વીપની ઉપર આવેલા છે–મેરૂપર્વતની આજુબાજુ ફરતા રહે છે. અઢીદ્વીપની બહારના સ્થિર રહે છે. પાંચ ચર અને પાંચ સ્થિર એમ જ્યોતિષ્ક દશ ગણ્યા છે.

## વૈમાનિક દેવો.

અહિંથી થોડે ઉંચે ઉર્ધ્વલોક શરૂ થાય છે. દક્ષિણ દિશામાં સૌધર્મ દેવલોક, ઉત્તરમાં ઈશાન, ઉપર સનતકુમાર, માહેન્દ્ર દક્ષિણ અને ઉત્તરમાં. ૩–૪ ની ઉપર વચમાં ૫ મો બ્રહ્મલોક. તેના ઉપર ૬ ઠ્ઠો લાંતક. તે ઉપર સાતમો મહાશુક્ર. તે ઉપર ૮ મો સહસ્રાર. પાછો ૯ મો આનત દક્ષિણમાં. ૧૦ મો પ્રાણત ઉત્તરમાં. ઉપર ૧૧ મો આરણ દક્ષિણમાં. ૧૨ મો અચ્યુત ઉત્તરમાં.

પછીના ૯ ગ્રૈવેયક લોકપુરુષની ગ્રીવા–ડોકને સ્થાને. ૩ ઉપર ૩ ઉપર ૩ એ પ્રમાણે છે. નવનાં નામ ૧ સુદર્શન, ૨ સુપ્રતિબધ્ધ, ૩ મનોરમ, ૪ સર્વતોભદ્ર, ૫ સુવિશાલ, ૬ સુમનસ, ૭ સૌમનસ, ૮ પ્રિયંકર અને ૯ નંદિકર.

પછી એક સમસપાટીએ પાંચ અનુત્તર વિમાનો છે. ૧ વિજય, ૨ વિજયંત, ૩ જયંત, ૪ અપરાજિત, ૫ સર્વાર્થ-સિધ્ધ. સર્વાર્થસિધ્ધ વિમાનના દેવો નિયમા એકાવતારી હોય

છે. મનુષ્યજન્મ પામી તે જ ભવમાં અવશ્ય મુક્તિએ પધારવાના.

ગ્રૈવેયક અને અનુત્તર દેવો કલ્પાતીત છે. તીર્થંકરદેવોના કલ્યાણક આદિમાં જવાનો તેમનો આચાર નથી. બધા અહમિન્દ્ર હોય છે. રાજા દેવ, નોકર દેવ એવી વ્યવસ્થા આ બે કલ્પાતીતમાં છે નહિ. જ્યારે બીજા દેવલોકમાં આ બધી વ્યવસ્થા છે, માટે તે બધા કલ્પોપપન્ન કહેવાય છે.

## ૬૪ ઇંદ્રોની ગણત્રી.

ભવનપતિના ૧૦×૨=૨૦, વ્યંતર–વાનવ્યંતર ૧૬×૨=૩૨, જ્યોતિષ્કના સૂર્ય અને–ચંદ્ર–૨. વૈમાનિક ૮ સુધીના ૮. નવદશ–૧. અગીયાર–બાર–૧=૬૪ ઇંદ્રો. ભગવંતોનાં પાંચેય કલ્યાણકમાં પ્રાયઃ હાજર રહે–મહામહોત્સવ કરે. આત્મા આનંદે.

## લોકાંતિક દેવો.

પાંચમા દેવલોકના આ દેવો પ્રભુશ્રી અરિહંતના દીક્ષા અવસરને જણાવનારા પ્રાયઃ એકાવતારી હોય છે. સારસ્વત આદિત્ય–વહ્નિ—વરૂણ–ગર્દતોયતુષિત—અવ્યાબાધ– મરૂત– આરિષ્ટ–એમ નવ. પુણ્યનો આ પણ એક ઉત્તમ પ્રકાર છે ને ?

## ૧૦ તિર્યગ્જૃંભક દેવો.

તીર્થંકર ભગવાનના ગૃહવાસમાં–ઈંદ્રના આજ્ઞાકાંક્ષી કુબેરના હાથ નીચે અન્ન–પાણી, વસ્ત્ર, ધન વિ. થી ભક્તિ કરનારા છે. તે વ્યંતર નિકાયના છે.

## તિર્ચ્છાલોક.

આ લોકમાં અઢી દ્વીપમાં મુખ્યતયા મનુષ્યોની વિચારણા આવશે. તેની પેલીપાર મનુષ્યોના જન્મ–મરણ નથી. આજની દેખાતી દુનિયા ભરતક્ષેત્રનો એક નાનોશો ટુકડો છે. ભરત

ક્ષેત્ર જંબુદ્વીપમાં આવેલ છે. જંબુદ્વીપના મધ્ય ભાગમાં મેરૂ પર્વત છે. તે મેરૂની દક્ષિણે ભરતક્ષેત્ર છે. તેની વચ્ચે વૈતાઢ્ય પર્વત છે જેથી ભરતક્ષેત્રના ઉત્તર-દક્ષિણ વિભાગ પડે છે. તેના પૂર્વ પશ્ચિમ મહાગંગા મહાસિંધુ વહે છે. એમ કુલ છ વિભાગ-ખંડ ભરતક્ષેત્રના છે. સામાન્યથી એમ કહી શકાય કે તે મધ્યખંડના અમુક વિભાગમાં આજની દેખાતી દુનિયા સમાય છે.

મેરૂની ઉત્તરે ભરતક્ષેત્ર જેવું ઐરવતક્ષેત્ર છે. મેરૂની પૂર્વ અને પશ્ચિમમાં મહાવિદેહક્ષેત્ર છે. ૧૬ વિજય પૂર્વમાં ૧૬ પશ્ચિમમાં. એક-એક વિજય ભરતક્ષેત્ર કરતા ઘણી મોટી કહી શકાય. જંબુદ્વીપને વીંટળાએલ લવણસમુદ્ર અને તેની પછી ધાતકીખંડ છે. જેમાં-૨ ભરત, ૨ ઐરવત, ૨ મહાવિદેહ છે. ધાતકીખંડ દ્વીપની ચારે બાજુ કાળોદધિ સમુદ્ર છે. તેની પછી પુષ્કરાવર્તદ્વીપ છે. અર્ધામાં ૨ ભરત, ૨ ઐરવત, ૨ મહાવિદેહ છે.

## ૧૫ કર્મભૂમિ. માનુષોત્તર પર્વત

આ પુષ્કરવરદ્વીપ અર્ધાને ઘેરીને માનુષોત્તર પર્વત આવેલ છે. આ પ્રમાણે અઢીદ્વીપમાં ૫ ભરત, ૫ ઐરવત, ૫ મહાવિદેહ એમ ૧૫ કર્મભૂમિઓ છે. કારણ કે અસિ-મષિ અને કૃષિના વ્યાપારો ત્યાં હોય છે. અસિ શબ્દથી હથિયાર-યુધ્ધ વિ. સમજવાનું છે. મષિ શબ્દ નામું-ચોપડા-વાણિજ્ય-વ્યાપાર સૂચવે છે. કૃષિથી પૃથ્વી-ખેતર-ખેતી આદિ વ્યવહારની વ્યાપકતા સમજી લેવી.

## ૩૦ અકર્મભૂમિ.

૩૦ અકર્મભૂમિમાં અસિ-મસિ-કૃષિના વ્યવહાર નથી. જીવો ઓછા કષાયવાળા અને અલ્પવિષયી હોઈ ત્યાંથી

મરી દેવલોકમાંજ જાય છે. એમના રૂપનું, સ્વભાવનું અને મુખ્ય ગુણ સરળતાદિનું વિસ્તૃત વર્ણન શાસ્ત્રોમાં આપેલ છે. જે વાંચતા એમ લાગે કે દેવ જેવા પ્રાયઃ સુખી છે. આયુષ્ય પણ લાંબુ હોય છે. પ્રાયઃ રોગાદિની પીડા નથી. ત્યાંના પશુ–પક્ષીનો ભય માનવને નહિ. માનવનો ભય પશુ–પક્ષીને નહિ. કેવી સરસ માનવતા !

જંબુદ્વીપમાં હીમવંત-હરિવર્ષ–હિરણ્યવંત–રમ્યક્–દેવકુરુ–ઉત્તરકુરુ. એમ ૬–(છ) અકર્મભૂમિ છે+૧૨ ધાતકીમાં+ ૧૨ અર્ધપુષ્કરમા=૩૦ અકર્મભૂમિ સમજવી.

૧૫ કર્મભૂમિમાં, ૩૦ અકર્મભૂમિમાં, ૫૬ અંતુર્દ્વીપ લવણ સમુદ્રમાં=૧૦૧. એમ સ્થળ પરત્વે–૧૦૧ ભેદ મનુષ્યના થાય. (૧૦૧×૨–સંમૂચ્છિંમ અને ગર્ભજ અપર્યાત, તેમાં ગર્ભજ પર્યાપ્ત ૧૦૧ ઉમેરતાં ૩૦૩ ભેદ થાય.)

## સંમૂચ્છિંમ મનુષ્યો

આ એક ચર્મચક્ષુને અદૃશ્ય વાત છે. અતિશય જ્ઞાનીઓ મઝેથી જોઈ જાણી શકે છે. ગર્ભજ મનુષ્યોના–વિષ્ટા–મૂત્ર-બડખા–નાસિકાનો મેલ–વમન–પરૂ–લોહી–મૈથુન=વીર્ય–પિત્ત-શ્લેષ્મ–વીર્યના સુકા પુદ્ગલો (ભીંજાય તો) નગરની ખાળ, મૃત કલેવર આદિ સ્થાનો જે જે અશુચિના હોય તેમાં આ સંમૂચ્છિંમ મનુષ્યો પેદા થાય છે. ચાર ઇંદ્રિયો સુધીના દરેક તિર્યંચો સમૂચ્છિંમ હોય છે, પચેન્દ્રિય તિર્યંચોમાં કેટલાક સંમૂચ્છિંમ અને ગર્ભજ હોય છે. ચોમાસામાં વરસાદના ઝાપટા પછી એકાએક પાંખોવાળા ઉધઈ જેવા જીવડાં ઉડવા માંડે છે. થોડીવાર પાંખો તુટતા મરી જાય છે. આ બધા સંમૂચ્છિંમ કોટિના સમજવા.

## પર્યાપ્ત અપર્યાપ્ત.

ઉત્પન્ન થતા દેહ-ઈંદ્રિય મન વિ. ની શક્તિઓ જેની પુરી ઘડાય એ પર્યાપ્ત અને એ પુરી ઘડાતા પહેલા જેનો વિલય થાય તે અપર્યાપ્ત. આટલી સામાન્ય સમજ બસ થશે.

## નંદીશ્વરદ્વીપ.

માનુષોત્તર પર્વત પછી બાકીનો અર્ધપુષ્કરાવર્ત પછી એક સમુદ્ર એક દ્વીપ. એમ આઠમો દ્વીપ તે નંદીશ્વરદ્વીપ. જ્યાં દેવો પાંચ કલ્યાણક અને ૬ અઠ્ઠાઈઓનો મહોત્સવ મનાવે છે. એના પ્રતિકરૂપે જિનાલયોમાં અને તીર્થસ્થાનોમાં નંદીશ્વરદ્વીપની રચના સુંદર જિનબિંબો સ્થાપી કરવામાં આવેલી છે. પાલીતાણામાં શ્રી ગિરિરાજ પર-શ્રી ઉજમફઈની ટુંકમાં આ રચના છે. અમદાવાદ દોશીવાડાની પોળમાં પેસતા અષ્ટાપદજી દેરાસરમાં પણ છે.

## સ્વયંભૂરમણ મહાસાગર.

નંદીશ્વરદ્વીપ પછી અસંખ્ય દ્વીપ-સમુદ્રો છે. તેમાં છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર છે. ગંભીરતામાં અને મર્યાદામાં સ્વયં-ભૂરમણ'ને યાદ કરવામાં આવે છે. 'સાગરવર ગંભીરા' સિદ્ધ ભગવંતોને વરસાગર સ્વયંભૂ સાથે સરખાવ્યા છે. તિર્ચ્છા-લોકનો એ છેડો છે.

## મહાવિદેહ ક્ષેત્ર

પાંચે મહાવિદેહમાં ચોથા આરાના ભાવ સદા વર્તતા હોય છે. દરેક મહાવિદેહમાં ચાર તીર્થંકર દેવો વિચરતા હોય છે. અત્યારે ૨૦ વિહરમાન જિનેશ્વરો વિશ્વને પાવન કરી રહ્યા છે. ૨ ક્રોડ કેવળજ્ઞાની અને બે હજાર ક્રોડ સાધુ-ઓને નમસ્કાર થાઓ.

## ૧૭૦ શ્રી તીર્થંકર ભગવંતો.

એવી પણ એક ઉત્કૃષ્ટ પરિસ્થિતિ સર્જાય છે. જ્યારે જિનેશ્વર ભગવંતો એકી સાથે વિશ્વને પાવન કરતા હોય છે. ૫ મહાવિદેહની ૫×૩૨=૧૬૦ વિજયો, ૫ ભરત, ૫ ઐરવત=૧૭૦ સ્થળોમાં કૃપાસિન્ધુ ભગવંતોના દર્શન પ્રાપ્ત થઈ શકે. ૯ ક્રોડ કેવળજ્ઞાની જીવનમુક્ત મહાત્માઓ. ૯ હજાર ક્રોડ સયંમધર સમતાસાગર મહાત્માઓ. સર્વને વંદના.

તે તે ભૂમિની વિશાળકાય લંબાઇ–પહોળાઈ અને તે પ્રમાણેનું વસ્તી પ્રમાણ. આ બધું વિચારતા કોઇ સંખ્યા આશ્ચર્ય પમાડે તેમ નથી. આ બધું રાગ–દ્વેષ–મોહથી તદ્દન પર સર્વજ્ઞકથિત છે. તે તે કાળના જીવોની સરળતા અને વિવેક સંયમસન્મુખ બનાવે એ સ્વાભાવિક છે. આજના મહાભયંકર વિપર્યાસ અને વિલાસના યુગમાં પણ સુખી–રૂપગુણસંપન્ન કહેવાતા એજ્યુકેશનયુક્ત યુવક–યુવતિઓ સંયમના કઠીન પંથને સંખ્યાબધ્ધ કયાં નથી સ્વીકારતા ?

## સિદ્ધશીલા

૪૫ લાખ યોજન પ્રમાણ અઢીદ્વીપની સમભૂમિકાએ–સિદ્ધશીલા–ઉજ્જવળ સ્ફટિકરત્ન જેવી દેદીપ્યમાન છે. વચમાં જાડી પહોળી અને છેડે માંખીની પાંખ જેવી છે. તેનાથી એક યોજને ઉંચે ઉપર સમશ્રેણિએ અલોકને અડકીને અનંતા સિધ્ધોની શ્રેણિ રહેલી છે.

આ અનાદિકાલીન વસ્તુઓ છે. વિશ્વનો કોઇ કર્તા નથી. સારૂએ વિશ્વ આંખ સામે તો દેખાય નહિ. હા નકશા દ્વારા જરૂર અનાવૃત ચર્મચક્ષુને પ્રજ્ઞાદ્વારા દેખાય. બાકી તો આજની પણ આખી દુનિયા કોઇએ ફરી ફરીને જોઈ નથી.

બાઉન્ડ્રી ફરવાથી આખી જોઈ કહેતા હો તો અલગ વાત. મુખ્ય મથકોના મુલાકાતથી એમ કહેવાય તો તે પણ જુદી વાત.

જયારે સર્વજ્ઞ-સર્વદર્શી-કથિત સિદ્ધ પદાર્થોમાં આજે શબ્દપંડિતોને શંકા ઉઠે છે. જે શુક્ર-ચંદ્રના પ્રદેશ-શોધમાં તે પ્રદેશના વિશિષ્ટ વૈજ્ઞાનિકો અને સંસ્થાઓ શંકા ધરાવે છે. તે માનવા શબ્દપંડિતો તૈયાર. માત્ર સર્વજ્ઞકથિતમાં જ નન્નો અને અશ્રદ્ધા.

અરે મોહનીયના મહામિથ્યાત્વથી પીડાતા તે આત્માઓ 'સર્વજ્ઞ'ની સર્વજ્ઞતા જ માનવા તૈયાર નથી. હૂબહુ વિશ્વ-વ્યવસ્થાનું યુક્તિગમ્ય ચિત્ર ખડું કરનાર સર્વજ્ઞ નહિ. આ પણ એક મહા અજ્ઞાનની પરાકાષ્ઠા છે ને! સદ્બુધ્ધિ જાગે તો સારૂં! પણ સંભવ નથી.

## યુગલીઆ

આ વિશ્વવ્યવસ્થાની તદ્દન સ્થૂલ સામાન્ય રૂપરેખા છે. બાકી-તો વિભાગ-પેટા વિભાગ-આંતરપ્રદેશો-પર્વતોની વિગત વિશાળ છે. આ બધાના માન-લંબાઇ-પહોળાઇ-ઉંડાઈ-ઉંચાઇ વિગેરેના સ્પષ્ટ વર્ણનો શ્રદ્ધાને વધારી દે તેમ છે.

૫૬ અંતર્દ્વીપના મનુષ્યો લવણસમુદ્રમાં કહી આવ્યા તે યુગલીઆજ હોય છે. તેઓને એકાંતરે આહારની ઇચ્છા થાય છે. ૭૯ દિવસ સંતાનનું પાલન કરે છે. શરીરની ઉંચાઈ ૮૦૦ ધનુષ (એક ઠરેલું માપ) પ્રમાણ હોય છે. આયુષ્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ હોય છે. એમના રૂપ-લાવણ્ય અને સુકોમળતાના વર્ણન છે. તેવી જ રીતે સરળતા, તદ્દન આછા કષાય. પરિગ્રહ સંજ્ઞા પણ ઓછી-વિ. આંતરગુણ-

વર્ણન પણ છે જ—માતપિતાના મૃત્યુ બાદ પતિ-પત્નીનો વ્યવહાર રહે છે. મૃત્યુ બાદ દેવલોક નિશ્ચિત હોય છે.

## ગ્રહ—નક્ષત્રાદિ

એક ચંદ્ર એક સૂર્ય હોય ત્યાં ૮૮ ગ્રહ, ૨૮ નક્ષત્ર, ૬૬૯૭૫ કોડાકોડ તારા હોય છે ગ્રહોના વિમાનોમાં પહેલું બુધનું—પછી અનુક્રમે શુક્ર—બૃહસ્પતિ (ગુરુ) મંગળ અને શનૈશ્વરના વિમાનો ઉપરાઉપરી છે.

## કિલ્બિષિક દેવો.

તે તે દેવલોકમાં તે ચંડાલતુલ્ય ગણાય છે. પોતાની સ્થિત મર્યાદાથી બહારના તે તે પ્રદેશોમાં તેમનો પ્રવેશ નથી હોતો. કર્માનુસારની તે પરિસ્થિતિમાં જ તેમણે રહેવું પડે છે. મર્યાદાભંગની વૃત્તિ પ્રાયઃ જન્મતી નથી. જન્મે તો ઈંદ્રાદિની આજ્ઞા પાસે તે ટકી શકતી નથી. કર્મસત્તાના પ્યાદા આત્માઓ પાપ-પુણ્યને ભૂલવામાં તો માર જ ખાય ને? પાપ પુણ્યના તત્ત્વને આંખ સામે રાખે, મળેલ પરિસ્થિતિને પોતાના કર્મફળ તરીકે સમજે, સંતોષમય સમવૃત્તિથી રહે તેનો જ ભાવી ઉધ્ધાર પણ શક્ય ને? નોકર દેવો, રક્ષક દેવો ત્યાં પણ છે જ.

## લોકવૃત્તિ.

મૂળ વાંદરાની જાત હોય. દારૂ પાવામાં આવે. પછી વીંછી ચટકાવે. હાથે કરીને હોનારત સર્જે ને? કુદરતના માર્ગથી ચ્યુત કરી રવાડે ચઢાવી દેવામાં સમાજ પર ભારે અપકાર જ થાય ને? એમાંથી અશાંતિ—ધમાલ—મારામારી પક્ષતાંડવ લૂંટ—ચોરી—નશાબાજી—વ્યભિચાર ખુનામરકી સિવાય આશા પણ શેની રખાય? અસંતોષની આતસબાજીમાંથી આગના ભડકા જ જન્મે ને? કોણ સમજાવે આ

१०३)

બધી સુખપ્રદ વાતો ભારતની ભવ્ય પ્રજાને ? સિવાય ગણ્યાગાંઠ્યા નિઃસ્પૃહ મહાત્માઓ !

## પૈસા પાછળની પાગલતા.

સંસાર વ્યવહાર ચલાવવામાં પૈસાની જરૂર તો પડે જ ? પણ તે મળે તો ભાગ્યાનુસાર જ ને ? કોઇને ઓછી કોઇને વધુ મહેનતથી. કોઇને વગર મહેનતે અને જરાય ચિંતા વિના પણ. ચાંદીને ચમચે દૂધ પીતો, ચાંદીને ઘુઘરે રમતો મોટો થાય. પુણ્યે આપી અનર્ગલ સંપત્તિનો સ્વામી બની જાય. સુશીલ હોય સન્માર્ગે ખર્ચે. દુઃશીલ હોય દુઃખના ડુંગર પોતા માટે ખડા કરે. તે લક્ષ્મી દ્વારા જ અનેક અનાચારો અને પાપપ્રવૃત્તિ પાછળ પાગલ બનીને.

પૈસા ખાતર જાત ભૂલનારા પણ છે જ. કુલની કોઈ કિંમત નહિ. આબરૂ વટાવી ખાવામાં હોંશીયારી માને. ભયંકર પાપ કરવામાં જરાએ અરેરાટી નહિ. પહેલાના કાળમાં પણ આવા હતા પણ........પણ આજે તો તે વર્ગ વધી ગયો. અને તે વર્ગની પાછળ તાકાત અને પુણ્ય ઓછા વાળો પણ પાગલ બનવા લાગ્યો. પુણ્ય યારી આપે નહિ. ખોટા ઉધામા છૂટે નહિ. કાર્યસિદ્ધિ થાય નહિ. પાપ પલ્લે પડે જ પડે. રાતદિવસ ચિંતા કોરી ખાય. શરીર ઘસારે પડે. મન નબળું બને. વિચારોનું ઘમસાણ મચે. ક્રોધાદિ સ્વાર થઈ જાય. આરોગ્ય કથળી જાય. ટી. બી. અસ્થમા લકવો હાર્ટના રોગો હાજર થાય. ધર્મરૂપ ઔષધ છે નહિ કે જેથી શાંતિ મળે. વૈદ્યકીય–ડોકટરી ઉપચારો કરવા પૈસો નથી. હોય તો પણ કારગત નીવડતા નથી. અપમૃત્યુ એનો અંજામ. આ છે નરી પૈસા પાછળની પાગલતા, આજની સુધરેલી દુનિયાની. એનો પાશ–ચેપ લાગ્યો છે ભારતવર્ષન આર્યપ્રજાને

પણ. ઘસડાતી જાય છે અનાર્યતા તરફ. સંસ્કાર ભૂમિ સાફ. કુટેવોનો પાર નહિ. પાપનો ડર નહિ, પુણ્ય પાસે છે નહિ. શિખામણ સારી જચે નહિ. અરે સાંભળવાની જ તૈયારી નહિ. સંતો પણ શું કરે ? હૈયું તો દ્રવે–કરુણા તો ભારોભાર ભરી હોય. પણ સાંભળે, સમજે અને હૈયે ધરે તેને માટે ને?

## કૃત્રિમ આટોપ.

આ પાગલતા જન્મી કેમ ? સૌને સારા અને મોટા દેખાવાનું મન થયું માટે. સૌને કાર જોઈએ. બધાને બંગલો જોઇએ. પાસે પાંચસો નહિ, પચીસ હજારનો ફ્લેટ લેવો. પાંચ હજાર નહિ, પચાસ હજારની પેઢી માંડવી. પાંચ લાખનો પથારો કરવો. માંડ જમે. હશે–રહેશે તો આપશું. નહિ તો જશે એના બાપનું. આપણા ઘી–કેળા સાચા. દૂધ ચોખામાં ખામી નહિ. દેવાળુ ફુંકવામાં દુઃખ નહિ. ફર્નીચર અપટુ-ડેટ. શણગાર આકર્ષક. પાર્ટીનો પંપ પુરો. વટ પડે ને ? કીર્તિનો કટ થશે ત્યારે થશે. આડુંઅવળું કર્યા વિના માલદાર થવાય ? ચમકમાં આંજ્યા વિના વગ વધે ? બસ ધાયે જાવ. દોડયે જાવ. આ જુવાળમાં જરૂરિઆતનો પાર નહિ. ૧૫૦–વાળાનો ખર્ચો સવાબસો. ત્રણસોવાળાનો સાડી ચારસો. લાંચરૂશ્વત ઠગાઈ આવે જ ને ? દાવા થાય. કોર્ટે ઉભરાય. હુકમનામા થાય. ભલેને થાય શું લઇ જવાના છે? પાટીયું ફેરવી નાંખવાનું.

આ કૃત્રિમ આટોપ માથા પરનો ભારે લોખંડી ટોપ. પાપ કરે કોપ. આબરૂનું આંધણ, જપ્તિની જવાળા, ઉંઘ હરામ. ટીકડીઓ ખાધે જ રાખો. હાર્ટ વીક, ભાઇ પડ્યા સીક. જીવન થયું લીક. ના મળે શાંતિની નીક. આ છે કૃત્રિમ આટોપની અપશુકનિયાળ છીક ?

## આત્મા અને દેહ.

દેહની ભપકમાં ભયંકરતા જન્મી. દેહને જ સર્વસ્વ માન્યો. એની જ માવજત—એનું જ સર્વાંગી પોષણ. આત્માનું એમાં થયું શોષણ. આત્મા ભૂલાઈ જ જાય ને? આત્મા ભૂલાય પછી તો खाद-पिब-मोद. ડ્રીન્ક—ડીલાઇટ—બીમેરી. ऋणं-कृत्वा घृतं पिब. દેવું કરો પણ ઉજળા રહો. આ ભવ મીઠા તો પરભવ કોણે દીઠા?

બસ. આવી જાવ છેલ્લે પાટલે. પરમેશ્વર છે જ ક્યાં? અને ધર્મ તો ધતીંગ. સાધુ ગણાતાઓએ ઉભું કરેલું. મર્યા પછી 'ભો' શો? હાજરની વાત કરો. વાયદાનો સોદો નહિ. પ્રત્યક્ષનો પક્ષ લ્યો. આવતા ભવની વાત વાયડી. પુણ્ય પાપની વાતો ઉપજાવી કાઢેલી. પંચભૂતમાંથી દેહ બન્યો. દેહ વિલય એટલે બધું ખલાસ.

ગરીબ તવંગર કેમ? માંદો સાજો કેમ? મૂર્ખ અને પંડિત શા માટે? રાજા અને રંક શાથી? એક પ્રધાન બને. બીજો ચપરાશી. એક સાહેબ એક નોકર. એક જજ એક પટાવાળો. ઉત્તર છે ન હ. સમાધાન છે નહિ. છતાં કહેશે સમાજવ્યવસ્થાની ખામી. ભાઇ આ તો બધા દેશોમાં છે. સુધરેલા ગણાતામાં પણ? ધનકુબેર અમેરિકામાં પણ. શું બોલે? એ તો હોય. એવી વાતો ન કરો. માથું ન બગાડો. આનંદથી જીવવા દો.

આનંદ છે નહિ. માથું બગડેલું જ છે. ભવિષ્યમાં માથું જ મળશે કેમ? આંખનો અવળો ઉપયોગ. આંખ નહિ—જેનો દુરુપયોગ એ ચીજ ભવાંતરમાં પ્રાયઃ નહિ. પણ આત્મા અને પરલોક માનવો નથી. ન માનશો. દેહ અહિં માતાના પેટમાં પેદા થયો છે. અગ્નિમાં જલશે કે જમીનમાં દટાશે.

આત્માને નરક–તિર્યંચના કારમાં દુઃખો સહેવા જ પડશે. પસ્તાવો પણ નહિ છોડાવે. સજ્જન પુણ્યવાનને ચિંતા છે જ નહિ. કિલ્મિષિક દેવો અને દેવલોકની સમાજ વ્યવસ્થામાંથી લોકવૃત્તિ આદિની ઘટના વિચારી. હવે તેજ દેવલોકમાં જિનાલયો અને જિનબિંબોની સંખ્યા–વ્યવસ્થા જાણી લઇએ.

## શાશ્વત જિનાલયો અને જિનબિંબો.

શાશ્વત એટલે સદાકાલીન. નીચે પૃથ્વી તળના ભવનપતિ દેવલોકમાં આવાસે આવાસે જિનચૈત્ય હોય છે. તેની સંખ્યા સાતક્રોડ બહોંતેર લાખની છે. એક એક ચૈત્યમાં ૧૮૦ જિનપ્રતિમા હોય છે. વ્યંતર અને જ્યોતિષિમાં પણ શાશ્વત બિંબો હોય છે. તેના શાશ્વત નામો પણ છે. ઋષભ ચંદ્રાનન–વારિષેણ અને વર્ધમાન એ ચાર.

પહેલા દેવલોકમાં ૩૨ લાખ વિમાનોમાં ૩૨ લાખ ચૈત્યો છે. બીજામાં–૨૮ લાખ, ત્રીજામાં ૧૨ લાખ, ચોથામાં ૮ લાખ, પાંચમે ચાર લાખ, છટ્ઠે ૫૦ હજાર, ૭મે ૪૦ હજાર, આઠમે ૬ હજાર, નવમા દશમે ૪ સો, અગીયાર બારમે ૩ સો, નવગ્રૈવયકે ૩૧૮ અને ૫ પાંચ અનુત્તરના સર્વ મળી ૮૪ લાખ ૯૭ હજાર ને ૨૩ જિનચૈત્યો છે. તે દરેકમાં ૧૮૦ જિનબિંબોનું પ્રમાણ હોય છે.

ત્રણેય લોકમાં શાશ્વતા ચૈત્યો જિનાલયો ૮ ક્રોડ–૫૭ લાખ બસો ને બ્યાસી છે. શાશ્વતાબિંબોની કુલ સંખ્યા ૧૫ અબજ ૪૨ ક્રોડ ૫૮ લાખ ૩૬ હજાર અને ૮૦.

આ સર્વે જિનચૈત્યો અને પરમાત્માની પ્રતિમાઓ પ્રણમે તે પુણ્યવાન. શ્રદ્ધા ઉગે. બોધિબીજ વવાય. સમ્યક્ત્વ પામે. સંયમ સ્વીકારી મુક્તિમાં મંગળ પ્રવેશ કરે. અપમંગળ સદાને માટે નાશ. જેનો અનંત સિદ્ધોમાં થયો વાસ.

# દેવલોકની સામાન્ય પરિસ્થિાત.

દેવોના શરીર વૈક્રિય પુદ્ગલ–પરમાણુઓના બનેલા હોય છે. તેમાં કોઇ જાતની મળમૂત્રાદિ અશુચિ હોતી નથી. વૃદ્ધાવસ્થા આવતી નથી. સદા યૌવન જીવંત રહે છે. એમની પણ આયુષ્ય મર્યાદા પૂરી થાય છે. ભલેને દશ હજારથી ૩૩ સાગરોપમનું આયુષ્ય હોય. છ માસ પહેલા ફુલની માળા કરમાવી, દેવીઓ–નોકર પરિવાર આજ્ઞા ન માને વિ. ચિહ્નો દેખાય છે. દુ:ખી દુ:ખી થાય છે. હજારો–લાખો વર્ષ ભોગવેલા સુખો આંખ આગળ રમ્યા કરે છે. કલ્પાંત પણ કરે છે. પણ કર્મસત્તા પાસે શું ચાલે? તેમાંએ ખબર પડે કે પશુ આદિમાં જન્મવાનું છે તો હતાશ બની જાય છે. જો કે માનવી સ્ત્રીના ગર્ભમાં જવું એજ એમને થરથરાવે છે.

આવી પરિસ્થિતિમાં પણ જેઓ સમ્યગ્ ધર્મતત્ત્વને સમજેલા છે. તેઓ આનંદમાં રહે છે. ઉલ્ટો વિશેષ આનંદ એમને રહે છે. મનુષ્યભવમાં સંયમની પ્રાપ્તિ શકય હોઈ મુક્તિસાધના થઈ શકશે તેથી. કારણ કે દેવભવમાં પણ પ્રાય:વિરાગી હોય છે.

ત્યાં મનુષ્યોની જેમ અન્નાદિનો કવલ (કોળીયા) આહાર નથી. ક્ષુધા જેવું લાગે ત્યારે તેવા પુદ્ગલ પરમાણુઓ શરીરમાં સંક્રમે. ક્ષુધા શાંત બની જાય છે. હાજત પેશાબ ઝાડાની હોતી નથી. પ્રસ્વેદ થતો નથી. કમાવાનું નથી. સ્ફટિકમય આલયોમાં રહેવાનું છે. પણ જે પરિસ્થિતિ જન્મતા હોય તેજ રહેવાની. મોટા યા વિશિષ્ટ દેવોની સાહ્યબી–ઇચ્છે તો ન મળે–બીજો પ્રયત્ન ત્યાં ચાલતો જ નથી. ઇર્ષ્યા અસંતોષની બળતરા સદા જળતી રહે તેને. જે મોટે ભાગે અહિંની દુનિયામાં એ જ રીતે ટેવાયેલા હોય. શંકા ને વાસના શું ન કરાવે!

આયુષ્ય પૂર્ણ થએ ગમે ત્યાં હોય એમનું ચ્યવન થઈ જાય છે. શરીરના પુદ્ગલો વિખરાઈ જાય છે. જે મનુષ્ય યા તિર્યંચગતિમાં જવાનું કર્મ બાંધ્યું હાય ત્યાં પહોંચી જાય છે.

મોટા ભાગના દેવો આનંદ–પ્રમોદ–સંગીત અને દેવીઓના સહવાસમાં મસ્ત હાય છે. સમ્યગ્દ્રષ્ટિ દેવોને ભોગોપભોગમાં રતિ નથી હોતી. ભલે ભોગોપભોગ કરતા હોય. જિનેશ્વરદેવોના કલ્યાણકોમાં આનંદ આવે છે. તીર્થંકરદેવ યા કેવળીની દેશના સાંભળવા તત્પર રહે છે. સતી સ્ત્રીઓ યા ધર્મી તપસ્વી આત્માઓને સહાય કરવામાં ઉત્સાહી બને છે. મિત્ર વર્ગ સાથે પણ સંસારની વિચિત્રતા અને અસારતાની વાતો ચાલતી હોય છે.

ત્યાં સ્ત્રી આદિના અપહરણની વિક્રિયા કેટલીક ફેરા થાય છે. પણ તેની સજા પણ બહુ સખ્ત હોય છે. અવધિજ્ઞાનાદિ હાવાથી પોતપોતાની લીમીટ પ્રમાણે અમુક પ્રદેશ સુધી જોઈ જાણી શકે છે. અતિ પ્રેમ હાય તો કોઈ સંબંધીને મળવા પણ આ દુનિયામાં આવે છે. અતિ દ્વેષને કારણે દુઃખાદિ પણ આપે છે. ટુંકમાં એક વિશિષ્ટ શક્તિ ધરાવતો વર્ગ છે. આયુષ્ય લાંબુ અને કાયા અશુચિ રહિત હોય છે. પણ મૃત્યુ નક્કી. આગામી ભવોમાં કર્મના ફલ ભોગવવાના જ. કેટલાક નોકર દેવોને માલિકની ઇચ્છા થાય ત્યારે તેના વાહન તરીકે સિંહ–ઘોડાદિ બનવું પડે છે. કર્મની કઠીનાઈ બધેજ નડે છે.

કલ્પોપપન્ન દેવોમાં સામાજિક જનરલ સામાન્ય વ્યવસ્થા નીચે પ્રમાણે હોય છે. ઈંદ્ર, સામાનિક (ઈંદ્ર સરખા દરજ્જાના), ત્રાયસ્ત્રિંશક (ગુરુસ્થાનીય), પાર્ષદ્ય (પર્ષદામાં બેસનાર),

આત્મરક્ષક (બોડીગાર્ડઝ)–લોકપાલ (દિશા પરત્વે), અનીક (પાયદળ), પ્રકીર્ણ (પ્રજાજન જેવા), આભિયોગિક (નોકર સ્થાનીય), કિલ્બિષિક (ચંડાલ કોટિના ઢોલાદિ વગાડનાર ઢોલી), ઇંદ્રના હુકમથી મોટા ભાગના દેવો તીર્થંકરદેવાદિના પ્રસંગોમાં હાજર રહે છે. કોઇ આત્માની (પોતાની) ભક્તિથી, કોઈ હુકમથી, કોઇ સ્ત્રીના આગ્રહથી, કોઇ મિત્રોને સાથ આપવા તો કોઇ કુતુહલથી.

દેવોને પ્રાયઃ બાહ્ય દૃષ્ટિએ સુખમાં જ વિલસવાનું હોય છે. હાથે કરીને ઇર્ષ્યા અસંતોષથી ઉપાધિઓ ઉભી કરે તો કોણ રોકી શકે? બાકી તો ખાસ કોઇ સાંસારિક ઉપાધિ હોતી નથી.

આ બધું જ્ઞાન–સંસારનું સુખ નાશવંત છે. જીવન નિશ્ચલ નથી. સુખદુઃખ પુણ્યને આધીન છે કર્યા કર્મ દેવોને પણ છોડતા નથી. એ બિચારા પણ–મોટે ભાગે વિષયકષાય પાસે પામર છે. માટે હે આત્મન્ ચેત ચેત! તારા સ્વ–સ્વરૂપને ઓળખ. એ પ્રાપ્ત કરવા માટે ધર્મનું શરણ સ્વીકાર. ધર્મ જિનેશ્વરદેવની આજ્ઞામાં જ છે. વિ. વિ. સમજી આત્મ. સન્મુખ થવા માટે મેળવવાનું છે.

## ૧૨ ચક્રવતીંઓ.

૨૪ તીર્થંકરોના ગાળામાં ૧૨ ચક્રવર્તીઓ થાય છે. ભરતક્ષેત્રમાં છએ ખંડ પર તેમનું આધિપત્ય હોય છે. વિજય કૂચમાં બધા ભેટણું લઈને શરણે આવે છે. કોઇ સામનો કરે તો સેનાપતિ જઇને હરાવી નમાવે છે. કોઇનું પણ રાજ્ય લઇ લેવામાં આવતું નથી. ઉલ્ટાને તેનું કાયમી રક્ષણ થાય છે. તે રાજા નિશ્ચિત બની જાય છે.

ચક્રવર્તીને દેવોનું સાંનિધ્ય હોય છે. દેવો પુણ્યાકર્ષણથી સેવામાં હાજર રહે છે અને તે પણ આનંદથી. ચેતન અને

જડ રત્નો સેવામાં હોય છે. સ્ત્રીરત્ન, સેનાપતિ રત્ન–ચર્મ રત્ન વિ. વિ. આ બધા પુણ્યના પ્રકારો વિગતવાર જાણવા સમજવા જેવા છે.

૧૨ માંથી ૨ નરકે ગયા છે. વિશ્વ વ્યવસ્થા અને કર્મ-સત્તાનો એ અટલ નિયમ છે. જે ચક્રવર્તી અવસ્થામાં મરણ પામે તે નરકે જાય. ૧૦ ચક્રવર્તીઓ છએ ખંડની સાહ્યબીને છેડે સાધુ બન્યા છે. તેઓ સ્વર્ગે અથવા મોક્ષે ગયા છે.

૭૨ હજાર નગર, ૯૬ ક્રોડ ગામ, ૩૨ હજાર મુગટબદ્ધ રાજા, ૬૪ હજાર અંતેઉરી, નવ મહાનિધિ, ચૌદ રત્નો, હાથી–ઘોડા–રથ દરેક ૮૪ લાખના અધિપતિ છે. આજ્ઞાનું કોઈ ઉલ્લંઘન કરી શકતું નથી. આવા સત્તાધારીને પણ સમજુ ના બને તો નરક જ તૈયાર ! કર્મની નચાવવાની પધ્ધતિ ગજબની છે !

## ૯ વાસુદેવો અને પ્રતિ વાસુદેવો.

ત્રણખંડના સ્વામી પ્રતિવાસુદેવને હરાવી ચક્રરત્નધારી વાસુદેવ બને છે. દેવ સાન્નિધ્ય હોય છે. તેમના કાળમાં તીર્થંકરથી બીજે નંબરે શારીરિક બળ ધરાવે છે. પણ મરીને નિયમા નરકાવાસમાં જ જવાનું. કારણ કે પાછલા ભવમાં ધર્મની આરધના સારી કરેલી. સાધુપણું સ્વીકારીને પણ અંતમાં ધર્મનું વેચાણ કરી દે છે. સોદો થાય છે. મારા આ ધર્મનું–તપનું આ ફળ મળો એમ. નરકે જનાર ચક્ર-વર્તી પણ નિયાણું કરીને આવેલ હોય છે. સવાક્રોડનું રત્ન એક રૂપીઆ માટે આપે એના જેવો આ ખેલ છે.

## ૯ બલદેવો.

ઉચ્ચ કોટિનાપુણ્યને લઇને આવનાર. વાસુદેવના મોટા-ભાઇ. બળ અપાર અને નાનાભાઇ વાસુદેવ પરનો દુન્યવી પ્રેમ

(મોહનો એક પ્રકાર) પણ અપાર. જગત્‌માં એવા-પ્રેમનો જોટો નહિ. એના દુઃખે દુઃખી, સુખે સુખી, રાજ્યગાદી પર વાસુદેવ જ હોય અને વાસુદેવને દરેક કાર્યમાં બલદેવની સલાહ-સહચાર વિના ચેન ન પડે. લક્ષ્મણ વાસુદેવના મૃત્યુને મોટાભાઇ રામ મૃત્યુ માનવા પણ તૈયાર નહિ. છ માસને અંતે દેવથી માંડ જાગ્રતિ આવી.

પણ બળદેવ સાધક પાકા. સાધુપણું જ લઈ લે અને સ્વર્ગે યા મોક્ષે પધારે. આમ ૨૪+૧૨+૧૮+૯ કુલ્લે ૬૩ શલાકાપુરુષો ગણાય છે, જે નિયમા મુક્તિએ જાય જ. કોઈ પહેલા તેજ ભવમાં તો કોઈ આગામી ભવોમાં. કારણ કે સમ્યક્ત્વ સ્પર્શી ગએલું. આ બધા મહાભાગ આત્માઓ છે.

# વિભાગ ત્રીજો

## શ્રી પ્રતિક્રમણ સૂત્રો.

આ પવિત્ર મંત્રમય સૂત્રો ગંભીરાર્થથી ભરેલા છે. તારતમ્ય બહુ ઉચ્ચકોટિનું છે. રહસ્ય આત્મસાત્ થતાંજ મુક્તિનો માર્ગ ખુલ્લો થાય છે.

૧ **નમો અરિહંતાણં**-નમસ્કાર મહામંત્ર ચૌદપૂર્વનો સાર. અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય અને સાધુ પંચ-પરમેષ્ઠી. એમને નમસ્કાર. સર્વપાપનો નાશ કરનાર. વિશ્વનું સર્વોત્કૃષ્ટ મંગલ.

**૨ પંચિંદિય**–શ્રી આચાર્ય તીર્થંકરદેવના પ્રતિનિધિ. શાસનના સુકાની. એમના મુખ્ય ૩૬ ગુણનું વર્ણન. ૫ ઈંદ્રિય પર કાબુ. ૯ બ્રહ્મચર્યની વાડથી રક્ષિત. ૪ કષાયથી મુક્ત. ૫ મહાવ્રતનું પાલન. ૫ આચારમાં સમર્થ. ૫ સમિતિ–૩ ગુપ્તિથી રક્ષાયેલ. એ છત્રીસ ગુણયુક્ત આચાર્ય ગુરુદેવ હો.

**૩ ઈચ્છામિ ખમાસમણો**–સાધુમહાત્માને, આજ્ઞા લઈને, પાપવ્યાપારનો ત્યાગ કરીને યથાશક્તિ વંદન થાય છે. આને પંચાંગ ખમાસમણ કહેવાય છે. બે ઢીંચણ–બે હાથ માથું પાંચે ભૂમિને સ્પર્શે. અષ્ટાંગનો નિષેધ છે.

**૪ ઇચ્છકાર**–ગુરુદેવને રાત્રિ–દિવસ સંબંધી સુખ-શાતા પૂછે છે. સંયમયાત્રાની દેખભાળ કરે છે. આહારપાણી ગોચરી માટે આમંત્રણ આપે છે.

**૫ ઇરિયાવહિયં**–ઇર્યાપથિકી. રસ્તે જતા જીવોની થયેલી વિરાધનાનો મિથ્યા દુષ્કૃત (ક્ષમા યાચના) અપાય છે. ૧ થી ૫ ઈંદ્રિયવાળાને જુદી જુદી રીતે જે કિલામણા દુઃખ યા મરણાંત કષ્ટ થયું હોય તેનો.

**૬ તસ્સઉત્તરી**–વિશેષ શુદ્ધિ માટેનું સૂત્ર છે. પ્રાયશ્ચિત શોધિ અને તે શલ્ય રહિત કરવા માટેનું. માયા–નિદાન મિથ્યાત્વ ત્રણ શલ્યો છે. શરીરનું શલ્ય કદાચ પ્રાણ લે. આ શલ્યો ભવોભવ આત્માને રીબાવે છે.

**૭ અન્નત્થ**–કાયોત્સર્ગમાં કુદરતી થઈ જતી અગર સમાધિ ટકાવવા કરવી પડતી પ્રવૃત્તિને બાદ કરી, કાયો-ત્સર્ગ કરવામાં આવે છે. જેથી પ્રતિજ્ઞાભંગનો દોષ ન આવે. આત્મા ધિઠ્ઠો ન બની જાય, છીંક–ખાંસી–બગાસુ વિ. આવી જાય. જ્યારે સર્પાદિના ભયમાં પ્રવૃત્તિ કરવી પડે.

૮ **લોગસ્સ**–ચતુર્વિંશતિસ્તવ. વર્તમાન ૨૪ તીર્થંકરોના નામ લઇને સ્તુતિ કરેલ છે. પછી વિધૂતરજમલ=કર્મરજ અને પાપમેલનો જેણે નાશ કર્યો છે. વિ. ગંભીરાર્થ વિશેષણો દ્વારા સ્તવના છે. નવમા સુવિધિનાથ ભગવંતનું 'પુષ્પદંત' એક વિશિષ્ટ નામ આપ્યું છે.

૯ **કરેમિભંતે**–સાધુ–શ્રાવક બન્ને માટે થોડા ફેરફાર સાથે હંમેશનું ઉપયોગી સૂત્ર. સંસારત્યાગની ૪૮ મીનીટ માટે ૧૨ કે ૨૪ કલાક માટે અને સાધુપણામાં સારીએ જીવન માટેની આ પ્રતિજ્ઞા અદ્દભુત છે. બીજે કયાંય દેખાતી નથી. ભારે કમાલ કરામત વાળી છે. મન વચન–કાયાથી પાપ ન કરું, ન કરાવું અને સાધુ તો અનુમોદે પણ નહિ.

૧૦ **સામાઇયવયજુત્તો**–સામાયિક પારતી વખતે શ્રાવક શ્રાવિકાએ બોલવાનું સૂત્ર. સામાયિકથી અશુભ કર્મનો છેદ થાય. સામાયિકમાં સાધુ જેવો શ્રાવક ગણાય છે. માટે વારંવાર સામાયિક કરવું. કેવો સુંદર ઉપદેશ અને કેવું સાયન્ટિફીક યુક્તિગમ્ય સત્ય. વળી એની ગુરુગમ વિધિ તો કમાલજ છે. શ્રાવક પૂછે છે, 'ગુરુજી! સામાયિક પારું ?' ગુરુજી ઉત્તર આપે છે, 'ફરી કરવા જેવું છે.' કર એમ નથી કહેતા. સામેથી–'યથાશક્તિ.' અવાજ મળે છે. શ્રાવક ફરીથી જાહેર કરે છે. સામાયિક પાર્યું—ઉત્તર મળે છે. 'આચાર (સામાયિક કરવાનો) છોડવો નહિ.' સામેથી 'તેમ થશે.' બોલાય છે. જૈનશાસન અનેક ખુબીઓથી ભર્યું છે.

૧૧ **જગચિંતામણિ**--ભગવંતના વિચાર પરની અતૂટ શ્રદ્ધાથી મહાલબ્ધિનિધાન ગણધર ભગવંત ગૌતમસ્વામી

અષ્ટાપદ પર પધારે છે. ત્યાં આ ચૈત્યવંદનથી ચોવીસે ભગવંતો આદિની સ્તુતિ શરુ કરે છે. ચિંતામણિ--નાથ--ગુરુ--સાર્થવાહ સર્વભાવ જાણનાર--કર્માષ્ટકનાશક--અપ્રતિહત શાસનાદિ ગંભીરાર્થ વિશેષણોથી સ્તવના કરે છે.

પછી પંદરે કર્મભૂમિમાં થએલા સઘળા ૧૭૦ ઉત્કૃષ્ટ કાળના જિનેશ્વરોને તેમના ૯ ક્રોડ કેવલી ભગવંતોને અને ૯ હજાર ક્રોડ સાધુ મહાત્માઓને સ્તવે છે. સાંપ્રતકાળમાં મહાવિદેહોમાં વિચરતા વીશ જિનેશ્વરદેવોને, ૨ ક્રોડ કેવલીઓ ૨ હજાર ક્રોડ સાધુ મહાત્માઓને સ્તવે છે. (थुणिज्जइ निच्च विहाणि) સ્તવાય છે રોજ સવારમાં.

શત્રુંજય પરના શ્રી રૂષભદેવ ભગવાનને, ગીરનારના પ્રભુશ્રી નેમિનાથને, સત્યપુરીના શ્રી મહાવીર દેવને, ભરૂચના શ્રી મુનિસુવ્રતસ્વામીને અને મુહરી પાર્શ્વનાથનો જયજયકાર બોલાવે છે.

ચારે દિશા અને ૬ વિદિશાના, અતીત-વર્તમાન-અનાગત સર્વ જિનેશ્વરોને વંદન કરે છે. ૮ ક્રોડ ૫૭ લાખ ૨૮૨ શાશ્વત ચૈત્યો–જિનાલયો ત્રણે લોકના તેને વાંદે છે. ૧૫૪૨ ક્રોડ ૫૮ લાખ ૩૬૦૮૦ શાશ્વત જિનબિંબોને પ્રણામ કરે છે.

**૧૨ જંકિંચિ**--સ્વર્ગ–પાતાલ અને મનુષ્ય લોકના--તીર્થ માત્રને અને સઘળા બિંબોને વંદના કરવામાં આવે છે.

૧૩ **નમુત્થુણં**--શક્રસ્તવ. ઇંદ્રે ભગવંતની કરેલી સ્તવના. અરિહંત ભગવંત, આદિકર, તીર્થંકર, સ્વયંસંબુદ્ધ, પુરુષોત્તમ, પુરુષમાં સિંહ, પુંડરિક કમલ, ગંધહસ્તિ, લોકોત્તમ, લોકનાથ, લોકહિત, લોકપ્રદીપ, લોકપ્રદ્યોતકર, અભય, ચક્ષુ, માર્ગ, શરણ-બોધિને આપનાર, ધર્મદાતા, ધર્મનાયક, ધર્મસારથી વિ. વિ.

અનેક સાર્થક વિશેષણોથી સ્તવના કરેલ છે. લલિતવિસ્તરામાં વિશદ વિવેચન છે. છેલ્લી ગાથામાં ભૂત--ભવિષ્યના સિધ્ધોને તેમજ વર્તમાનમાં થતાંને ત્રિવિધે વંદન છે.

૧૪ **જાવંતિ ચેઇયાઇં**–ઉર્ધ્વ–અધો–તિર્છા લોકના સર્વચૈત્યોને અહિંઆથી વંદન છે.

૧૫ **જાવંત કે વિ સાહૂ**–ભરત–ઐરવત–મહાવિદેહના મન–વચન–કાયાના દંડોથી વિરત, સાધુ મહાત્માઓને વંદન કરેલ છે.

૧૬ **નમોઽર્હત્**–પંચ પરમેષ્ઠિને એક સાથે નમસ્કાર કર્યા છે.

૧૭ **ઉવસગ્ગહરં**–ઉપસર્ગહર સ્તોત્ર આત્મા પરના અનાદિ કાલના ઉપસર્ગો–દુઃખોનો નાશ કરનાર છે. કર્મના સમૂહથી મુકાએલ શ્રી પાર્શ્વનાથ ભગવાનની આ સ્તવનાથી સમ્યક્ત્વ સંપ્રાપ્તિ, સંપ્રાપ્તનું દૃઢીકરણ, તે દ્વારા અજરામરપણું નિશ્ચિત બને છે. હૈયું આજ્ઞાથી ઓતપ્રોત અને શ્રધ્ધાયુક્ત બનવું જોઇએ. માટે જ ભવોભવ 'બોધિ' આપો એમ શ્રી પાર્શ્વનાથ પ્રભુને પ્રાર્થના કરી છે.

ઐહિક–દુન્યવી કોઈ પદાર્થની આશા શિવાય રોજ એક નોકારવાળી વિધિપૂર્વક શુધ્ધ ભાવે ગણો. સુંદર ક્ષયોપશમ પ્રગટશે. આત્મામાં સમ્યગ્જ્ઞાનની એક જ્યોત પ્રગટશે. પ્રગટાવવી છે ને ? ખરેખર આ સમ્યક્ત્વ પમાડનાર સ્તવ છે.

૧૮ **જયવીરાય**–પ્રાર્થના સૂત્ર. જય બોલવાની વીતરાગની. જય થવાની આત્માની. વીતરાગની જય બોલવાથી વીતરાગતા જન્મે જ. માટે જ ભવનિર્વેદ–માર્ગાનુસારિતા અને ઈષ્ટ ફલની સિધ્ધિ માંગી. તે માટે ગુરુપૂજન–પરોપકાર–સદ્ગુરુયોગ અતિ જરૂરી બને છે.

'નિયાણુ' ધર્મફલની માંગ નિવારેલ છે જૈનશાસનમાં. પરંતુ ભવોભવ નાથનું શરણું માંગવામાં નિયાણું નથી. એ શરણથી જ દુઃખક્ષય-કર્મક્ષય-સમાધિમરણ અને બોધિ મળવાના છે. અને તેથીજ 'જૈનશાસન' સર્વ મંગળોમાં રહેલ માંગલ્ય છે. સર્વ કલ્યાણોનું કારણ અને સર્વ ધર્મોમાં મુખ્ય છે !.

૧૯ **અરિહંતચેઈયાણું**-અરિહંત ચૈત્યોની આરાધના કાયોત્સર્ગ દ્વારા કરવામાં આવેલ છે. વંદન-પૂજન-સત્કાર સન્માન-બોધિલાભ-નિરૂપસર્ગ વિગેરે માટે અને શ્રદ્ધા-મેધા-ધૃતિ-ધારણા-અનુપ્રેક્ષા (ભાવના) આ બધા તત્ત્વોથી વૃદ્ધિ પામતો આ કાયોત્સર્ગ છે. 'ગાગરમાં સાગર સમાવી' નાથના નાથને સ્તવવાની આ પણ એક ઉત્તમ રીતિ છે.

૨૦ **કલ્લાણકંદં**-વિશિષ્ટ પ્રાકૃત ભાષામાં સ્તુતિ છે. પહેલી ગાથામાં શ્રી ઋષભદેવ-શાંતિનાથ-નેમિનાથ-પાર્શ્વનાથ-મહાવીરપ્રભુની સ્તુતિ છે. બીજીમાં સુરવૃંદવંદિત સર્વ જિનેશ્વરો પાસે મુક્તિ માંગી છે. ત્રીજીમાં જિનમત (આગમ) ને નમસ્કાર છે. નિર્વાણમાર્ગનું વરયાન (રથ), કુવાદિ દર્પહર, બુધોનું શરણ, ત્રણે જગતમાં પ્રધાન જિનમત છે. ચોથી સ્તુતિમાં વાગ્-ઈશ્વરી-શ્રી સરસ્વતીદેવીની દીલહર સ્તુતિ છે. શ્રુતદેવતા તરીકે દેવીની પ્રસન્નતા ઈચ્છી છે. મોગરાનું-ફુલ-ચંદ્રમા-ગાયનું દુધ- બરફ જેવા શ્વેતવર્ણવાળી છે. કમળ પર બિરાજમાન, હાથમાં સરોજ-કમળ છે, બીજા હાથમાં પુસ્તકનો સમૂહ છે. તે અમારા આત્મસુખને માટે પ્રસન્ન થાઓ. સરસ સ્તુતિ છે.

૨૧ **સંસારદાવાનલ**-યાકિનીસૂનુ-સુવિહિત શિરોમણિ. શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ ૧૪૪૪ ગ્રંથો

રચ્યા. ચાર બાકી રહ્યા. અંતિમ અવસ્થા આવી. ૧૪૪૪ પૂરા કર્યા. આવી કિંવદન્તી છે. ભવવિરહવરં 'વિરહ' શબ્દથી તેઓશ્રીની આ કૃતિ છે. એમ ભાર દઈને કહી શકાય છે. અતિગંભીર છતાં સરળ સમસંસ્કૃતમાં છે. સંસ્કૃત અને પ્રાકૃત બંને ભાષામાં ઘટાવાય છે.

પ્રથમ શાસનપતિ ભગવાન શ્રી મહાવીરદેવની સ્તુતિ સંસાર મહાદાવાનલ. તેનો દાહ પ્રાણીઓને પીડે છે. પ્રભુ-નીર જળ છે. સંમોહ-અજ્ઞાન-કર્મરજનો ઢગલો છે. પ્રભુ તે માટે પવન છે. માયારૂપી પૃથ્વીને વિદારવા માટે તીક્ષ્ણ હળ પ્રભુજી છે. મેરૂસમ ધીર વીરને વંદન. બીજીમાં દેવ-દેવેન્દ્ર વંદિત જિનેશ્વરોના ચરણમાં શીર ઝુકાવ્યું છે.

વીરના આગમસમુદ્રને આદરપૂર્વક સેવવાની વાત વિશિષ્ટ વિશેષણોથી સૂચવે છે. અગાધ બોધ, સુપદનીર, અવિરત લહરી અહિંસા, ચૂલાવેલ, મોટા પાઠો રૂપી મણિઓ. પાર પામવો મુશ્કેલ. ઘટમાન કરી સમજવા પડે આ વિશેષણો.

'સંસારદાવાનલ' શબ્દથી શરૂઆત કરી સારાએ સંસારનું સ્વરૂપ એક શબ્દમાં ખડું કરી દીધું છે. અને ચોથીમાં એનાથી 'વિરહ' ઈચ્છયો છે. છે ને કમાલ ! વાણીસંદોહ-દેહે-હે શ્રુતદેવતા-'ભવવિરહનુ' નું સારભૂત વરદાન આપ. આમ કહીને શ્રુતજ્ઞાન શા માટે ભણવાનું એનો ગૂઢ ભાવ તદ્દન સ્પષ્ટ કરી દીધો. સારીએ અડધી ગાથાના એક જ વિશેષણમાં કુદરતનો સારોએ-સીન (બ્યાન) આપી, દૃશ્ય-ચિત્ર ખડું કર્યું છે.

૨૨ **પુક્ખરવરદીવડ્ઢે**-અઢી દ્વીપના-પંદરે ક્ષેત્રના-ધર્મ આદિકર-તીર્થંકરોને સ્તવે છે. ધર્મના સારને પામીને કોણ પ્રમાદ કરે ? પ્રશ્ન કરી ભવ્યાત્માઓ માટે દુંદુભિ-

નાદ કર્યો છે. ધર્મ પણ કેવો ? અજ્ઞાન અંધકાર નાશક. સૂરેશ્વર–નરેશ્વરપૂજિત–મર્યાદાધારક–મોહજાલને તોડનાર. જન્મ–વૃદ્ધાવસ્થા–મરણ–શોક વિનાશક, પુષ્કલ કલ્યાણ અને સુખનો વાહક. આવો સારભૂત છે ધર્મ.

અને છેલ્લી ગાથામાં તો સારૂંએ શાસન ઠાંસી ઠાંસીને ભરેલ છે. શાસન સિદ્ધ છે. કોઈ સાબીતીની જરૂર નથી. સંયમવૃદ્ધિ એનું વિશાળ લક્ષણ અને ધ્યેય છે. દેવોમાં ભારે મોજીલા–નાગ–સુવર્ણ–કિન્નરાદિ કુમારો. એવાઓ પણ સદ્ભાવથી પૂજે. સારોએ લોક જેમાં પ્રતિષ્ઠિત છે. લોક–સ્થિતિનો આધાર જિનમત છે. આ જગત્ પણ તેજ શાસન–પ્રભાવે ટકે છે. ત્રૈલોકયમય જગત્માં મૃત્યુલોક અસુરલોક પણ છે જ. આવો ધર્મ વૃદ્ધિ પામતો રહો. શાશ્વત્–વિજયવંત બન્યો રહો. ઉત્તરોત વૃદ્ધિ પામો.

વિશ્વકલ્યાણી આ વિશાળ ભાવના છે. ભાવકરૂણાનો ધોધ છે. ઉચ્ચકોટિની દયાનું મીઠું સ્વાદુ ઝરણું છે. છાંટણાં પામે તે પણ પુણ્યવાન્.

૨૩ (**સિદ્ધાણં બુદ્ધાણં**—લોકાગ્રસ્થિત સર્વ સિદ્ધોને નમસ્કાર થાઓ સદા. દેવેંદ્રોથી પૂજિત મહાવીર દેવને મસ્તક નમાવી વંદન કરૂં છું. સંસારસાગરથી તરવાને એક ભાવ નમસ્કાર–વર્ધમાનજિનને કરેલો સમર્થ છે. ગિરનારગિરિ પર-દીક્ષા-કેવળ–નિર્વાણ પામનાર ધર્મચક્રવર્તી અરિષ્ટનેમિને હું નમસ્કાર કરૂં છું. અષ્ટાપદ ઉપર ૪–૮–૧૦–૨=૨૪ તીર્થંશ્વરોને નમસ્કાર. ત્યાગ કર્યા છે અઢાર દોષ રૂપ દુશ્મનોનો જેમણે. પરમાર્થને પામેલા સિદ્ધો મને સિદ્ધિ આપો.

**૨૪ વેયાવચ્ચગરાણં**–સમ્યગ્દૃષ્ટિ આત્માઓને શાંતિ સમાધિકારક વૈયાવૃત્યકર દેવતાઓને યાદ કરી તેમના

નિમિત્તે કાયોત્સર્ગ કરવામાં આવે છે.

**૨૫ ભગવાનહં**-આમાં સિધ્ધ અને અરિહંત ભગ-વાન-શબ્દમાં સમાતા પાંચે પરમેષ્ઠિની ઉપાસના છે.

**૨૬ સવ્વસ્સવિ દેવસિઅ**-ઠવણા-સ્થાપના સૂત્ર છે. ઓઘા યા ચરવલા પર મુઠી મુકી બોલાય છે. દિવસ કે રાત સંબંધી દુષ્ટચિંતવન-ભાષણ-ચેષ્ટાનો મિથ્યાદુષ્કૃત અપાય છે.

**૨૭ ઇચ્છામિ ઠામિ**-દિવસ યા રાત્રી સંબંધી થએલા દોષો-અતિચારોનું પ્રમાર્જન થાય છે. કાયિક-વાચિક-માનસિક કયી કયી બાબતમાં ! ઉત્સૂત્ર-ભગવંતની આજ્ઞાથી વિરૂધ્ધ બોલવાથી, ઉન્માર્ગ સેવનથી, દુર્ધ્યાન-અનાચાર વિ. શ્રાવકને યોગ્ય નહિ તેવી. કરણીથી, જ્ઞાન-દર્શન-ચારિત્રાચારિત્ર (દેશવિરતિ) સૂત્ર-સામાયિક-ત્રણગુપ્તિ-ચાર કષાય-૫ અણુવ્રત, ૩ ગુણવ્રત, ૪ શિક્ષાવ્રત આદિને વિષે લાગેલ દોષોનો મિથ્યાદુષ્કૃત.

**૨૮ અતિચાર-ગાથા** આમાં ૮ ગાથા પંચાચારની છે. પંચાચારનું વર્ણન છે. કાઉસ્સગમાં આ આચારનું ચિંતવન કરવાનું છે. આચાર વિરૂધ્ધ થયું હોય તો ચેતવાનું છે. માટે અતિચાર ગાથા કહેવાય છે. આ આઠે ગાથા જીવનનો આધાર છે. માટે જરા વિસ્તારથી સમજવી જોઈએ.

**૧ જ્ઞાનાચાર—**

**કાલે**-જે નિયત કાળ હોય ત્યારે સૂત્રાદિ ભણવા તે.

**વિનય**-ગુરુ કે જ્ઞાનીનો વિનય-વંદનાદિ વડે. વિનય વિના વિદ્યા નહિ.

**બહુમાન**-હૈયાનો પ્રેમ જ્ઞાની અને ગુરુ પર તથા જ્ઞાનઆદિના સાધનો પર.

**ઉપધાન**-વિશિષ્ટ તપ દ્વારા વિધાન કરેલ સૂત્રોનો અભ્યાસ.

**અનિન્હવણે**–જે ગુરુ પાસે ભણ્યા હોય તેનું નામ જાતિ ન છુપાવવા તે.

**વ્યંજન**–શબ્દનો જેવો હોય તેવો સ્પષ્ટ ઉચ્ચાર.

**અર્થ**–સાચો સ્પષ્ટ અર્થ કરવો અને તેનો ઉપયોગ રાખવો.

**તદુભય**–શબ્દ–અર્થ બન્નેની મર્યાદા સાચવવી.

**૨ દર્શનાચાર—**

**નિસ્સંકિઅ**–દેવ--ગુરુ--ધર્મ અને વીતરાગની વાણી પર પાકો વિશ્વાસ.

**નિક્કંખિઅ**–કોઈપણ બીજા મિથ્યાધર્મની ઇચ્છા ન કરવી.

**નિવ્વિતિગિચ્છા**--પૂજ્ય સાધુ સાધ્વીના વસ્ત્ર--ગાત્ર મલીન દેખી દુર્ગચ્છા ન કરવી. ત્યાગીઓનો તેવો આચાર જ છે.

**અમૂઢદિટ્ઠિ** મિથ્યાધર્મનો કોઈ ચમત્કાર દેખી મોહિત ન થવું.

**ઉવવૂહ**--ઉપબૃંહણા--સમ્યગ્દૃષ્ટિ--સાધર્મિકના ગુણોની પ્રશંસા કરવી.

**થિરીકરણ**--તથાપ્રકારના સંયોગોમાં ધર્મથી ચલિત થતા--થએલ આત્માને બહારની મદદ અને ધર્મની ઉંડી સમજ આપી ધર્મમાં સ્થિર કરવો. આ ભારે ગુણ છે.

**વાત્સલ્ય**--સાધર્મિક પ્રત્યેનો આંતરબાહ્ય ધર્મ પ્રેમ.

**પ્રભાવના**--અનેક આત્માઓ ધર્માભિમુખ થાય તેવી પ્રવૃત્તિ જેથી શુધ્ધ સનાતન જૈનધર્મની સૌ પ્રશંસા કરે.

**૩ ચારિત્રાચાર**–પણિહાણજોગજુત્તો–પ્રણિધાન પારિભાષિક–ટેકનીકલ શબ્દ છે. જ્યાં સુધી ધ્યેય–લક્ષ્ય નક્કી ન

થયું હોય ત્યાં સુધી તે વસ્તુમાં મન–વચન–કાયાની એકાગ્રતા જન્મતી નથી. આચારોનું સંયમનું પાલન આત્માને અનંતસુખ આપનારી મુક્તિ માટે છે. આ ધ્યેય છે. પછી ૫ સમિતિ અને ૩ ગુપ્તિનું પાલન સુકર બની જાય છે. અષ્ટ પ્રવચન માતાના પરમાનંદદાથી પરમ આશીર્વાદ આત્મા ઉપર ઉતરે છે.

**તપાચાર**–કર્મ નિકાચિત તપવે અતિ, તે તપના કરીએ બહુમાન. બાહ્ય અભ્યંતર બારે પ્રકારનો અગ્લાનપણે મનના ઉત્સાહથી કરવો જોઇએ. અણાજીવી–કોઈપણ સંસારના પદાર્થની ઇચ્છા શિવાય કરેલો તપ એજ તપ છે. માન–કીર્તિ લાલસાધારી એ પણ સંસારમાં ભમાવનાર, સંસારને વધારનારા જ ૨ પદાર્થો છે. જે ગણવેષધારી સાધુઓને પણ ચક્કરમાં નાખી દે છે.

**વીર્યાચાર**--બલ અને વીર્યને ગોપવ્યા શિવાય ધર્મ કરવાનો છે. તે પણ તીર્થંકર દેવોએ ફરમાવેલ શાસ્ત્રોક્ત વિધિ વિધાન પ્રમાણે. બલ શારીરિક છે. વીર્ય આત્માનો ઉત્સાહ છે. બન્નેનો યથાશક્તિ ધર્મ આરાધનામાં ઉપયોગ કરવો એ વીર્યાચાર છે.

**સુગુરુવંદન**–આ દ્વાદશાવર્ત વંદન માટેનું સૂત્ર છે. ગુરુની મહત્તા જૈનશાસનમાં વિશિષ્ટ સ્થાન સૂચવે છે. વિનય ગુણની વિવિધતા બતાવે છે. હે ક્ષમાશ્રમણ ! હું આપશ્રીને વંદન કરવાને ઇચ્છું છું. આમ જાહેર કરી ગુરુની રજા મેળવે છે. જૈનશાસનમાં આજ્ઞા પ્રધાન છે. એજ એની મહતી મહત્તા છે. એજ એનું પરમાર્થભર્યું વિશિષ્ટ લક્ષણ છે. વંદન કરશો યથાશક્તિ પણ પાપવ્યાપારનો ત્યાગ કરીને. મનની શુદ્ધિ વિના ધર્મ કેવો ?

ગુરુજીને વંદન સાડા ત્રણ હાથ દૂર રહી કરવાની વિધિ છે. પોતે નજદીક જવા માગે છે. ગુરૂપાદસ્પર્શ કરવો છે. માટે અણુજાણહ કહી રજા માગે છે. પગને મસ્તક વડે સ્પર્શ કરે છે. તેમ કરતાં ગુરુજીને કોઈ અલ્પ પણ ગ્લાનિ થઈ હોય તેની ક્ષમા યાચે છે.

પછી પૂછે છે. આપનો દિવસ સમાધિપૂર્વક પૂરો થયો? ગુરુ કહે એમજ છે. આપની સંયમયાત્રા? ગુરુ સામેથી પૂછે છે. **तब्भं पि वट्ठए** તમારે પણ તેમજ છે ને? ફરી શિષ્ય પૂછ છે. ઇંદ્રિયો–નોઇંદ્રિય (મન)થી આપ અબાધિત છો ને? એમજ છે.

હવે પ્રક્રિયા શરૂ થાય છે. આવશ્યક ક્રિયામાં–ચરણ–સિત્તરી-કરણ સિત્તરીમાં જે અતિચાર લાગ્યા હોય તેનાથી શિષ્ય પાછો હઠે છે. દિવસમાં ગુરુ સંબંધી ૩૩ આશાતનામાંથી જે થઇ હોય–તેને પ્રતિક્રમે છે. નિંદે છે. ગર્હે છે. નિંદા આત્મસાક્ષિની–ગર્હા ગુરુસાક્ષિએ.

**૩૦ આલોચનાસૂત્ર**-રાત્રિ કે દિવસ સંબંધી–કાયિક–વાચિક–માનસિક દોષનો મિથ્યાકાર.

**૩૧ સાત લાખ**-૮૪ લાખ જીવાયોનિમાં જે કોઈ જીવ પોતે હણ્યો હોય, હણાવ્યો હોય, હણનારને સારો ગણ્યો હોય તેનો મિથ્યાકાર.

**૩૨ અઢાર પાપસ્થાનક**-અઢારે પાપસ્થાનકમાંથી જે પાપ સેવ્યું હોય, સેવરાવ્યું હોય, સેવતાને સારો ગણ્યો હોય તેનો મિથ્યાકાર. તે પાપથી પાછો હઠે છે આત્મા.

**૩૩ સવ્વસ્સવિ**-પ્રથમના પ્રતિક્રમણ સ્થાપના સૂત્રના અર્થાનુસાર ગુરુનો આદેશ માંગવામાં આવે છે.

૩૪ **વંદિ-તુ**-સારાએ શ્રાવક આચારનું વર્ણન છે. ભૂલનો પશ્ચાત્તાપ છે. બારે વ્રતોનું વ્રતોમાં લાગતા અતિચાર સહનું સ્પષ્ટીકરણ છે. વંદિ-તુ સવ્વસિધ્ધેથી શરૂઆત કરી કમાલ કરી છે. સારીએ ધર્મકરણીનું લક્ષ્ય-ધ્યેય સિધ્ધાવસ્થા છે, એ સ્પષ્ટ કરી દીધું છે.

જ્ઞાન-દર્શન-ચારિત્ર એ ત્રણેનો બનેલો મોક્ષમાર્ગ છે. આ વાત બીજી ગાથામાં સ્પષ્ટ કરી છે. ગૃહસ્થાવાસ પાપયુક્ત ઘણા આરંભો-હિંસાત્મક કાર્યોથી ભરેલો છે. ત્રીજી ગાથાનો આ ધ્વનિ છે. ચોથીમાં અપ્રશસ્ત કષાયો અને રાગદ્વેષ પાપ-બંધનાં કારણો છે, એનો ઉલ્લેખ છે. ૬ ઠી ગાથામાં સમ્યક્ત્વના અતિચારોની આલોચના છે. કુલિંગીનો પરિચય ખાસ નિષેધ્યો છે. સાતમીમાં પોતાને માટે-પરને માટે કે ઉભયને માટે રસોઈ કરવી કરાવવી પડે છે તેની નિંદના છે.

સંસારની હરકોઈ ક્રિયા ગમે તેટલી જરૂરી જીવનમાં હોય પણ એ પાપક્રિયા જ છે. આ એક સમજી લેવા જેવી મહત્ત્વની વાત છે. જરૂરી એટલે પાપ નહિ એમ બોલાય જ નહિ. નથી ચાલતું, કરવું પડે છે, એ વાત જુદી. પણ પાપક્રિયા એ પાપ જ. નહિ તો પછી ગુંડાગીરી-લૂંટ-ચોરી તે તે વ્યક્તિને જરૂરી જ લાગે છે. ગુન્હો ન ગણવો? જૈન-શાસન કહે છે-૮ વર્ષની ઉંમર પછી ગૃહસ્થાવાસમાં રહેવું એજ ભૂલ છે. રહેવું પડે એજ કર્મની કઠનાઇ છે. આ વાતમાં શ્રદ્ધા ધરાવનાર પળેપળે વાતે વાતે પાપથી બ્હીતો રહે એમાં શી નવાઇ? સાધુપણાનો તલસાટ જીવતો જ રહેને!

પછી બારે વ્રતોના અતિચારોની આલોચના છે. એમાં પ્રશસ્ત-અપ્રશસ્તનો ભેદ પાડ્યો છે. 'अपसत्थेहिं' શબ્દથી. સંસારના સ્વાર્થ માટે જે કોઈ દોષ સેવ્યો હોય તેની આલો-

ચના છે. ધર્મકાર્યમાં સ્વપરના આત્મકલ્યાણની વિવેક-બુધ્ધિથી શાસ્ત્રીય મર્યાદામાં રહી-ગૃહસ્થ પ્રાયોગ્ય કરેલી કરણીની આલોચના નથી. કોઇ સતીસ્ત્રીના શીલની રક્ષા માટે ગૃહસ્થોએ ગુસ્સો યા શિક્ષા પણ કરવા પડે ને? આમાં પણ માન-પ્રશંસા કે કીર્તિની લાલસા ન જ હોવી જોઇએ. ઝીણવટવાળી વાત છે. ધર્મ સૂક્ષ્મબુધ્ધિની વિચારણા માંગેજ.

સુહિએસુ દુહિએસુ-ગાથામાં અનુકંપાદાન પણ રાગદ્વેષની વૃત્તિને છોડીને કરવા માટેનું સૂચન આકર્ષક છે. તેવી જ રીતે ચરણકરણ યુક્ત સાધુ-મહાત્માઓને, છતે નિર્દોષ સાધુને, નહિ પ્રતિલાભવામાં પણ દોષ બતાવ્યો છે. આ ખરેખર ફરજનું સીધું ભાન કરાવે છે. આ લોક કે પરલોકનું ફળ ધર્મ કરીને ઈચ્છવાનું નથી. પછી માંગવાની તો વાત જ ક્યાં? સુખમાં વધુ જીવવાની ઈચ્છા. દુઃખમાં મરણની ઈચ્છા. કામભોગાદિની પણ ઈચ્છા કરવાની નથી.

**सम्मदिट्ठिजावो**-ગાથામાં સુંદર સ્પષ્ટતા કરી છે. સંસારમાં-ગૃહસ્થપણામાં રહેલા આત્માને ન છૂટકે દુઃખાતે દિલે પણ કોઈ ને કોઇ પાપ કરવું પડે છે. પણ તેને પાપબંધ-અતિ ઢીલો અને આછો પડે છે. કેમકે હૈયામાં ક્રૂર પરિ-ણામ નથી. પણ કોમળતા સુંવાળાશ છે. જેનાં દૃષ્ટિ સાચી બની ગઈ છે તે આવાજ હોય. દેહ અને આત્માનો ભેદ સમજનારા પાપથી દૂર રહેવા જ મથે. પાપ એ શ્રાપ છે. પાપ એજ પીડા અને દુઃખ છે. પરને પીડા ઉપજાવવી એજ પાપ છે. સંસાર છૂટે અને મુક્તિ મળે એજ ધ્યેય. એને માટે જ પ્રયાસ. પ્રયત્ન પણ જિનઆજ્ઞા પ્રમાણે. રાગદ્વેષ સર્જિત આઠે કર્મોને આલોચના અને નિંદા વડે હણે છે. જેમ કોઠામાં ઉતરેલા વિષને વૈદ્યો મંત્રો વડે હણે છે.

ચિરસંચિત પાપનો નાશ કરનાર, લાખો ભવોને અટ-કાવનાર, ચોવીશે જિનેશ્વરદેવોમાંથી પ્રગટ થએલી કથા-ઓમાં, મારા દિવસો પસાર થાઓ. શું સુંદર ભાવના!

પ્રતિક્રમણ શા માટે? ૧. જેની મના કરવામાં આવેલી છે તેવા કૃત્યો કર્યાં હોય તે માટે. ૨. અવશ્ય કરવા યોગ્ય સુકૃત્યો ન કર્યા તે માટે. ૩. જિનેશ્વરોના વચનોમાં અશ્રદ્ધા કરી હોય તે માટે. ૪. જિનેશ્વર દેવોના સર્વજ્ઞ વચનોથી વિપરીત-ઉલ્ટી પ્રરૂપણા (ઉપદેશ) કરેલ હોય તે માટે. આ ચારથી બચે તે ચારમાં ન ભમે. સદાચાર એના વિચારમાં આવે. ભાગ્યનો ચાર પણ ઉંચો બને.

છેવટમાં સર્વ જીવોને ખમાવે છે. સર્વ જીવો પાસે ક્ષમા માંગે છે. સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ ધારણ કરે છે. ઝેર-વેરને વિસારી દે છે. મન-વચન-કાયાથી પ્રતિક્રમણ કરતો, પાપથી પાછો હઠતો-પવિત્ર થએલ આત્મા ચોવીશે જિનેશ્વરોને વંદન કરે છે.

**૩૫ અબ્ભુટ્ઠિઓમિ**-ગુરુ ખામણા સૂત્ર. વિનય-વિવેકની ઉંચી કક્ષા. ખાન-પાન-વૈયાવચ્ચ-ભક્તિ-આલાપ-સંલાપ. ઉચ્ચાસન-સમાસન, વચ્ચે બોલવામાં, જે કાંઇ વિનય રહિત થયું હોય, ગુરુ જાણે છે શિષ્ય અજાણ છે. તેનો મિથ્યા-દુષ્કૃત અપાય છે.

**૩૬ આયરિઅઉવજ્ઝાએ**-આચાર્ય-ઉપાધ્યાય-શિષ્ય-સાધર્મિક-કુલ-ગણ સાથે થએલ કષાયની ક્ષમાપના થાય છે. સકળ શ્રી શ્રમણ સંઘને મસ્તકે અંજલિ જોડી ક્ષમાપના કરે છે. ભાવપૂર્વક ધર્મમાં પોતાના ચિત્તને રોકીને સર્વ જીવ-રાશિને ખમાવે છે. પોતે પણ ક્ષમા આપે છે.

**૩૭ વિશાલલોચન**–ભગવંત મહાવીરદેવનું મુખકમળ તમને પવિત્ર બનાવો. દેવો મેરૂગિરિ પર પરમાત્માનો અભિષેક કરે છે. આનંદમાં મસ્ત બની જાય છે. સ્વર્ગના સુખને પણ તણખલા બરાબર ગણે છે. તે જિનેશ્વરો પ્રભાતમાં તમારા કલ્યાણ માટે થાવ. અપૂર્વ ચંદ્રની કલ્પનામાં તો સૂત્રકારે ભારે ભવ્યતા આણી છે. ચંદ્રમાં (ચંદ્રના વિમાનમાં) હરણનું કલંક. આગમ કલંક રહિત. આગમ સદા પૂર્ણ. ચંદ્રનું ગ્રહણ રાહુ કરે. પ્રભુશ્રીનું આગમ તો કુતર્કરૂપી રાહુનું જ ગ્રહણ કરે. માટે જ અપૂર્વચંદ્ર અને સદા ઉદયવાળું આગમ તે જિનચંદ્રભાષિત. પંડિતજનોએ પ્રણામ કરેલું. એવા આગમને પ્રભાતમાં પ્રણમું છું.

**૩૮ નમોઽસ્તુ વર્ધમાનાય**–કર્મોના વિજય વડે મુક્તિ મેળવનાર. કુતીર્થિકોને પરોક્ષ, વર્ધમાન સ્વામીને નમસ્કાર કર્યો છે. દેવરચિત, માખણ જેવા કોમળ, ૯ કમળો પર પ્રભુશ્રીના પાદકમળ મહતી શોભાને ધારણ કરે છે. તે જિનેશ્વરો કલ્યાણ માટે થાઓ.

વાણીના વિસ્તાર દ્વારા તુષ્ટિ ઇચ્છી છે. તુષ્ટિ તો વીતરાગની વાણી જ આપી શકે ને? જિનેશ્વરના મુખમાંથી નીકળેલી વાણીમાં કષાય–તાપને શમન કરવાની અદ્ભૂત તાકાત છે. જેમ જેઠ માસની વૃષ્ટિ તાપના ધામને શમાવે છે.

**૩૯ વરકનક**–સુવર્ણ–શંખ–પરવાળા–મરકતમણિ–મેઘ જેવા વર્ણવાળા ૧૭૦ જિનેશ્વરોને ભાવવંદન કરવામાં આવેલ છે.

**૪૦ નાની શાંતિ**–સ્વામિને દમિનાં–ઇંદ્રિયોનું દમન કરનાર સાધુઓના સ્વામી શાંતિનાથ ભગવાનની આ સ્તવના છે. શ્રી સંઘ ઉપદ્રવ હરનાર શાંતિ–સમાધિકારક સ્તોત્ર છે.

૪ મહાદેવીઓનું સાન્નિધ્ય છે. જલ–જ્વલનાદિ ભયહર છે. પૂ૦ આ. શ્રી માનદેવસૂરિકૃત છે.

**૪૧ ચઉક્કસાય**–પ્રાકૃત (અપભ્રંશ) ભાષામાં બનેલ શ્રી પ્રાર્શ્વનાથ સ્વામિનું ચૈત્યવંદન છે. ચાર કષાય માટે પ્રતિમલ્લ, દુર્જય મદનબાણોના નાશક, કાચી રાયણ જેવી કાયાવાળા, શ્રી પાર્શ્વનાથ તમારા વાંછિતને પૂરો. જૈનમાત્રનું વાંછિત મુક્તિ.

**૪૨. ભરહેસર**–શ્રી આદીશ્વર ભગવંતથી શરૂ કરી શ્રી મહાવીર ભગવંતના શાસનકાળના સ્વપર કલ્યાણસાધક સત્ત્વશાળી પુરુષોમાં કેટલાકની નામાવલી છે. જેમના નામસ્મરણથી પાપના સમૂહનો નાશ થાય છે.

તેવીજ રીતે મહાસતીઓની નામમાળા આપેલ છે. અકલંક શીલની સ્વામિનીઓનો યશોવાદ ત્રણે જગત્‌માં ફેલાય એ સ્વાભાવિક છે.

ખૂબી એક અહિંયા આંખ સામે ખડી થાય છે. શું પુરુષ કે સ્ત્રી, દરેક પ્રત્યે સમભાવથી નિહાળતું આ શાસન છે. વ્યવહારથી–શારીરિક–માનસિક–સામાજિક–હિતોને હૈયે રાખી જે કલ્યાણકર વિધાનો કર્યા હોય તે પાળવામાં જ બંને વર્ગનું કલ્યાણ છે. પૂ૦ સાધુ મહાત્માઓ પણ આ સજ્ઝાયનું સ્મરણ હરપ્રભાતે કરે છે. પંચમહાવ્રતધારી મહાત્માઓ ગૃહસ્થ સતી સ્ત્રીઓનું નામસ્મરણ કરી એમના 'સતીત્વ' ગુણને બિરદાવે છે. કોઈનું પણ આત્મકલ્યાણ કેમ થાય? એજ જૈનશાસનનો વિહિત માર્ગ છે.

**૪૩ સકલતીર્થ**–ગુજરાતી ભાષામાં ભાવોત્પાદક આ એક વિશાળ સ્તવના છે. બારે દેવલોકના, ગ્રૈવેયક અને અનુત્તરના, ભવનપતિના–ચૈત્યોની અને શાશ્વતા જિનબિંબોની

સંખ્યા ગણાવી ભાવપૂર્વક વંદન કરાય છે. જ્યોતિષિ અને વ્યંતરોમાં રહેલા જિનબિંબોને પણ વંદન કર્યું છે. શાશ્વતા ચાર નામ ઋષભ-ચંદ્રાનન-વારિષેણ અને વર્ધમાનનો ઉલ્લેખ કર્યો છે. સંમેતશિખરના વીશ જિનેશ્વરો, અષ્ટાપદના ચોવીશ, વિમલાચલ-ગિરનાર-આબુ-શંખેશ્વર-કેશરીયાજી-તારંગાના અજિતનાથ, અંતરીક્ષ પાર્શ્વ-વરકણાપાસ-જીરાઉલા પાર્શ્વ, થંભણ પાર્શ્વનાથ (ખંભાતના) આદિને વંદન કરે છે. ગામ નગરાદિમાં રહેલા તેમજ વીસ વિહરમાન (મહાવિદેહોમાં)ને યાદ કરી અનંત સિદ્ધોને પણ નમસ્કાર કરે છે. છેલ્લે અઢી દ્વીપમાંના સઘળા સાધુ મહાત્માઓ, અઢાર હજાર શીલાંગને ધરનારા, પાંચ મહાવ્રત, સમિતિ અને પંચાચારના પાલનાર, બાહ્ય અભ્યંતર તપમાં ઉજમાળને વંદન કરેલ છે.

દેવસીરાઈ પ્રતિક્રમણમાં આવતાં પ્રાયઃ સઘળા સૂત્રોની સમીક્ષા પૂરી થાય છે. પાક્ષિક-ચૌમાસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણમાં આ ઉપરાંત આવતા સૂત્રોમાં ખાસ તો સાધુ મહાત્માઓ માટેનું શ્રમણ સૂત્ર-પક્ખિસૂત્ર ત્રણેમાં એકસરખું છે. સકલાર્હત્ ચૈત્યવંદન, અજિતશાંતિ સ્તવ અને બૃહત્ શાંતિ સાધુ શ્રાવક માટે એકજ સરખા છે. પાક્ષિક અતિચારના અમુક આલાવા જુદા પડે છે એ બરાબર છે. તેવીજ રીતે સાત લાખ અને અઢાર પાપસ્થાનકને ઠેકાણે સાધુના દૈનિક અને રાત્રિક અતિચાર પણ જુદા છે.

૧ **સકલાર્હ**ત્-કલિકાળસર્વજ્ઞ આચાર્ય ભગવંત શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાની આ છે કૃતિ. વિશ્વોદ્ધારક ચોવીશે તીર્થંકર દેવોની શબ્દાર્થ ગંભીર સ્તુતિથી ભરપૂર. પહેલા શ્લોકમાં 'आर्हन्त्यं' 'प्रणिदध्महे' ક્રિયાપદથી નમસ્કાર કરો ભારે કૃતાર્થતા બતાવી છે. **સઘળાએ**

**અર્હંતોમાં રહેલ મહાતત્ત્વને શિવરૂપી લક્ષ્મીનું અધિષ્ઠાન યથાર્થ રીતે જાહેર કર્યું છે.** સ્વર્ગ–મૃત્યુ–પાતાળ ત્રણે લોકનું ઈશત્વ બતાવવામાં તાત્ત્વિક ઉંડાણ છે. પૂર્વ પુરૂષોની કૃતિઓમાં અજબ ખુબીઓ ખચિત હોય છે.

બીજા શ્લોકમાં નામ–આકૃતિ–દ્રવ્ય–ભાવ ચારે નિક્ષેપાની હરકોઇ ક્ષેત્ર અને કાળમાં ઉપસ્થિતિ બતાવી કળામય રીતે અર્હત્ પ્રભુની સંગીન સ્તુતિ કરી છે. પછીના બાવીસ શ્લોકમાં શ્રી આદીશ્વર ભગવંતથી પાર્શ્વનાથ ભગવંત સુધીના ૨૨ તીર્થંકરોની સ્તુતિ છે. ભગવંત મહાવીર દેવની પહેલા ચાર અને પછી એક એમ પાંચ શ્લોકથી સ્તુતિ કરી છે. વચ્ચે એક શ્લોકથી પૃથ્વી પરના શાશ્વત–અશાશ્વત ભવનપતિના–વૈમાનિકના, મનુષ્યકૃતના ચૈત્યોને સ્તવ્યા છે. છેલ્લા બેમાંથી એકમાં દેવનું સ્વરૂપ બતાવ્યું છે. ભવોભવના પાપનો નાશ કરનાર. સિદ્ધિ વધૂવક્ષસ્થલ અલંકાર. અઢાર દોષરૂપી હસ્તિ વિદારક સિંહ. વીતરાગ ભગવંત છે. છેલ્લામાં અષ્ટાપદ–ગજપદ–સંમેતશિખર–ગિરનાર–શત્રુંજય–વૈભારગિરિ–મેરૂ–આબુ–ચિત્રકુટ પર રહેલા ઋષભાદિ જિનવરો તમારૂં મંગલ કરો. એમ આશીર્વાદ આપ્યા છે.

૨ **અજિતશાંતિ**—અજિતનાથ અને શાંતિનાથની સ્તુતિ છે. હે પુરૂષો ! દુઃખ દૂર કરવું હોય (સદાનું) અને સુખનો માર્ગ શોધતા હો, અભય આપનાર અજિતનાથ–શાંતિનાથનું ભાવથી શરણ સ્વીકારો. 'ભાવ' શબ્દમાં ઘણું ઘણું કહી નાંખ્યું છે. દરેક ગાથાને અંતે રાગનું નામ મુકવામાં આવ્યું છે. દેવસુંદરીઓ દેવાધિદેવને વંદન કરવા આવે જ ને ? ત્યાં તેમના શૃંગારનું નિર્દોષ પણ સુંદર વર્ણન છે. તદ્દન સ્વાભાવિક લાગે તેવું નિર્વિકાર. અગીયારમી ગાથામાં

શાંતિનાથ ભગવંતની ચક્રવર્તિપણાની ઋદ્ધિનું વર્ણન છે. છત્ત ચામર–ગાથામાં તીર્થંકરોના લક્ષણોનું વર્ણન છે. છેલ્લી ગાથા સારરૂપ છે. તમારી ઈચ્છા પરમપદ પામવાની છે ? સુવિસ્તૃત સ્વાભાવિક ગૌરવભરી આત્મોન્નતિકારક કીર્તિની કામના છે ? ત્રણ લોક ઉધ્ધારમાં સમર્થ જિન વચનનો આદર કરો. આદર કરો.

૩ **બૃહત્ શાંતિ**-મોટી શાંતિ અપાવનારી છે. માન-અભિમાનનો નાશ કરનાર છે. વિશ્વશાંતિનો ઢંઢેરો છે. 'ब्रह्मलोकस्य शांतिर्भवतु' માં તો ચૌદરાજલોકના જીવો પ્રત્યેનો મૈત્રીભાવ ખડો કરી દીધો છે. પાપમુક્ત બનાવવાની ભાવના અર્પિત પડેલી છે. ભવ્યાત્માઓના ઉદ્બોધનથી શરૂ થાય છે. લાયક આત્માને જ આમંત્રણ અપાય ને ? ભક્તજનોની શાંતિ ઈચ્છી છે. આરોગ્ય–શ્રી–ધૃતિ–મતિ–કીર્તિ આ ખેંચાઈ જ આવે ને ? ઈંદ્રના મેરૂ પરના અરિહંતોના અભિષેકનું અનુકરણ છે. ચોવિશે જિનના નામ દઈ શાંતિયાચના કરી છે. वर्धमानांता जिनाः शांताः शांतिकरा भवंतु स्वाहा– ખરેખર જે પોતે રાગ–દ્વેષ–મોહથી પ્રશાંત નથી બન્યા તે બીજાને શું શાંતિ આપવાના છે ? ૧૬ વિદ્યાદેવીઓને પવિત્ર કાર્યોમાં રક્ષણ માટે આમંત્રેલ છે. નવગ્રહો–ચાર લોકપાલની પ્રીતિ ઈચ્છી છે. સગા–સ્નેહી સંબંધી શ્રી ચતુર્વિધ સંઘના– વ્યાધિ દુઃખ દૌર્ભાગ્યનું ઉપશમન વાંછ્યું છે. નૃપતિઓને અક્ષય–ભંડાર–અન્નાદિનો ઈચ્છવામાં પ્રજાનું હિત ચિંતવ્યું છે. શાંતિ સમાધિપૂર્વક ધર્મ કરી શકે તેજ મહાહિતને ? પછી શાંતિનાથ ભગવંતની સ્તુતિ કરી છે.

શ્રી શ્રમણ संघस्य शांतिर्भवतु- પદમાં વિશ્વકલ્યાણ માર્ગની રક્ષાનો ઉંડો-હૈયાભાવ તરી આવે છે. બાકી તો રાજા-રાજઅધિકારી શાંતિમાં હોય તો પ્રજા પણ સુખી હોય એ ખુલ્લી વાત છે. શાંતિકળશની સુંદર વિધિ પણ રજુ કરી દીધી છે.

शिवमस्तु सर्वजगतः, परहितनिरता भवंतु भूतगणाः ।
दोषाः प्रयांतु नाशं, सर्वत्र सुखी भवतु लोकः ॥

અજબ ગજબના ભાવથી ભરેલી આ ગાથા છે. અલ્પ-ક્ષયોપશમની આ નાની કલમે પણ ખાસુ મુદ્દાસરનુ ૨૫૦ પાનાનું પુસ્તક થાય ! છતાં એમાં વહેતી નદી જેવો પણ નિર્મળ ભાવ અવલોકીએ. ચાર પદો પરસ્પર ખૂબીથી સંક-ળાયેલા છે. પૂર્વાનુપૂર્વી-પશ્ચાનુપૂર્વી અને અનાનુપૂર્વીથી સમર્થ ક્ષયોપશમ વિશદ ભાવ ખડો કરી શકે.

સર્વજગતનું કલ્યાણ થાઓ. શિવ કે કલ્યાણ તો મુક્તિમાં જ ને? અજન્મા બન્યા શિવાય સર્વતોમુખી અનંત કલ્યાણ ન જ પમાય. અજન્મા બનવા પ્રાણી માત્રે પરના હિતમાં ગુંથાઈ જવું જોઇએ. તે માટે 'હિત' કોને કહેવાય તેની પાકી સમજ જોઈએ જ. પરંતુ હિત કરવા માટે પ્રથમ પોતાનામાં રહેલા અનાદિ કાળના દોષોને દેશવટો આપવો પડશે! નાના મોટા-સૂક્ષ્મ-બાદર સર્વને તિલાંજલિ આપે જ છૂટકો. પછી પરમાં રહેલા દોષોને દૂર કરવા કોશિષ કરવી પડશે. પ્રયત્ન છતાં સામેનો ન જ સુધરે તો? મધ્યસ્થ ભાવનામાં રમવું પડશે. सव्वे जीवा कम्मवस 'સર્વજીવો કર્મવશ છે.' સૂત્ર યાદ કરી મનને શાંત રાખવું પડશે. આ

બધી કાર્યવાહીમાંથી પસાર થનાર જરૂર બોલે. सर्वत्र सूखी भवतु लोकः એ આત્માની ભાવના સાચી. સક્રિય-નાભિમાંથી ઉકેલી બાકી તો वचने का दरिद्रता ? 'મોં મીઠાશનો લ્હાવો લીજીએજી.'

છેલ્લી બે ગાથામાં પરમાત્મપૂજાથી પ્રગટતી મનની પ્રસન્નતા (આત્મભાવ) દર્શાવી છે. 'માંગલ્ય' શબ્દની વિશેષતા શાસનમાં રહેલી છે. અરિહંતની આજ્ઞા આનું ઉંડાણ રહસ્ય-પંચાચારનું પાલન-સાધક અને સાધનો તરફની અભિરુચિ-આ બધાની રક્ષા એ બધું ઘણું ઘણું 'શાસન' શબ્દમાં સમાએલ છે. માટે જ જૈનશાસન સર્વ કલ્યાણનું કારણ છે. સર્વ ધર્મોમાં પ્રધાન છે. માટે જ એની જયમાં-અસ્તિત્વમાં વિશ્વનું શાંતિભર્યું અસ્તિત્વ ટકી શકે છે.

**૪ શ્રાવકના મોટા અતિચાર**-ખરેખર શાસન સાનુકુળ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભાવની વિચારપદ્ધતિ અહિં દેખાય છે. વિષમ કાળમાં ધર્મવિમુખ રહેલા જીવદળો પણ પાપથી બચે અને સરળતાથી પાપનો કંપ પેદા થાય એવી આ ગુર્જર ભાષામાં રચના છે. સમ્યક્ત્વ સહિત બારે વ્રતોમાં લાગતાં દોષોનું સરળ સ્પષ્ટીકરણ છે. તદુપરાંત સંલેખના-બાર પ્રકારનો તપ-વીર્યાચાર-કરણીય-અકરણીય-ભક્ષ્ય અભક્ષ્ય-અઢારે પાપસ્થાનક-કરવા યોગ્ય ન કરવાથી-નહિ કરવા યોગ્ય કરવાથી-અશ્રદ્ધાથી-વિપરીત પ્રરૂપણાથી-લાગેલા સઘળા દોષોને વિગતવાર યાદ કરી, તેનું પ્રમાર્જન કરવાનું આ એક આ કાળ માટે વિશેષે કરીને અનુમોદનીય સાધન છે.

**૫ સાધુસંઘ માટેની પગામ સજઝાય**-શ્રાવકોના વંદિત્તાને સ્થાને સાધુઓ માટેનું આ દિવસભરના દોષોનું દિવ્ય પ્રમાર્જન છે. ૫ મહાવ્રત-૫ સમિતિ-૩ ગુપ્તિ-ષટ્

કાય રક્ષા- ૭ લેશ્યા--૮ મદ--૯ બ્રહ્મચર્યની ગુપ્તિ-૧૦ સાધુ ધર્મ--ની પાકી યાદ આપે છે. તદુપરાંત રાગદ્વેષ--મન--વચન કાયાનો યોગદંડ. ૩ શલ્ય--૩ ગારવ-૪ સંજ્ઞાના આત્મા પરના જોરનો પણ ખ્યાલ આપ્યો છે. ૫ આત્મઘાતક ક્રિયાઓ શબ્દ--રૂપ--રસ--સ્પર્શનું તાંડવ. આર્તરૌદ્રધ્યાનની દુષ્ટતા ધર્મ--શુક્લધ્યાનની તારકતા વગેરે દ્વારા ઘણા ઘણા દોષોને સાફ કરવાનું સૂચન છે. આગળ ચોવીસે જિનેશ્વરોને નમસ્કાર કર્યો છે. પ્રવચન--શાસનની મહાવિશેષણોથી સ્તુતિ કરી છે. सच्चं अणुत्तरं सव्वदुक्खपहीणमग्गं પછી પ્રતિજ્ઞા આવે છે. આરાધના માટે ખડો છું. વિરાધનાથી અટકી જાઉં છું. અસંજમને ઓળખી સંયમને સ્વીકારું છું. તે જ પ્રમાણે મિથ્યાત્વ અબ્રહ્મ--અજ્ઞાન વગેરેને ઓળખી સમ્યક્ત્વ--બ્રહ્મચર્ય--જ્ઞાનાદિની ઉપાસનામાં રત બને છે.

આંતરજાગૃતિનું પ્રતીક સુંદર શબ્દોમાં મુકયું છે:--

समणोहं, संजयविरयपडिहयपच्चक्खायपापकम्मे, अनियाणो, दिट्ठिसंपन्नो, मायामोसविवज्जिओ। હું શ્રમણ છું. રાગદ્વેષને જીતનાર શ્રમણ બની શકે ને? તે માટે સર્વ વિરતિ એ જ અમોઘ ઉપાય ને? જુના કર્મોનો નાશ કરે. નવાને રોકવા પચ્ચક્ખાણ કરે. 'નિયાણું' તો કરે જ નહિ. સવા રૂપિયામાં સવા લાખનો હીરો કોણ વેચે? જિનેશ્વરોની પ્રસન્નતા પ્રાપ્ત કરી સમ્યગ્દૃષ્ટિ બને જ. માયામૃષાનું તો અસ્તિત્વ જ ન હોય. આવા મહાભાગ મહાત્માઓ અઢી દ્વીપમાં હોય તેઓને વંદન કરવાની ઉર્મિ જાગે જ જાગે. ક્ષમાપના અને મૈત્રી જગતના જીવો સાથે હોય જ. આ છે જિનેશ્વરોનો સાચો ભક્ત.

**૬ શ્રમણસૂત્ર**--શ્રાવકો પણ ભાવપૂર્વક સાંભળે જ ને? સાધુપણાના અભિલાષી છે ને? **સૂત્ર** તો સૂત્ર **છે.** પાંચે મહાવ્રતોની અને છઠ્ઠા રાત્રિભોજન વિરમણની ભવ્ય સંકલના, એના રક્ષણ માટે નવવાડની રક્ષાની ખેવના, ખેડુત વાડની રક્ષા ન કરે તો ખેતર સાફ જ થાય ને? પશુપક્ષીઓ અને માણસો પણ દુરુપયોગ કરે. અહિં પણ રાગદ્વેષ--મોહ અને ચાર કષાયો. તેમજ શાસનના પ્રત્યનીકો આત્માના ધર્મક્ષેત્રને કોરી જ ખાયને ? 'છ આવશ્યકો'ની તરણતારણતા ભગવન્ત શબ્દથી સ્પષ્ટ કરી છે. અંગબાહ્ય અને અંગપ્રવિષ્ટ આગમશાસ્ત્રોની પણ સંકલના ભકિત બહુમાન પૂર્વક કરવામાં આવી છે. બારે અંગ--દ્વાદશાંગીની પણ છેલ્લા આલાવામાં ભાવપૂર્વક ભક્તિ છે.

શરૂઆતમાં તીર્થંકરો--તીર્થ- અતીર્થસિદ્ધ--તીર્થસિધ્ધ--ઋષિ--મહર્ષિ અને જ્ઞાનને વંદન કરે છે. આ મહામંગળ છે. જૈનશાસનના વિશાળ હૈયાની સાક્ષી છે. નિષ્પક્ષપાત વિધાનોની આકર્ષક ભૂમિકા છે. આખાએ સૂત્રમાં પાપભીરૂતા, લીધેલ વ્રતોની તીવ્ર કાળજી, દોષોથી બચવાની તાલાવેલી તે પણ ઝીણવટ ભરી રીતે. ખરેખર શૂરાનો છે માર્ગ સંયમનો!

૫ મહાવ્રતો, છઠ્ઠું રાત્રિભોજન વિરમણ. છએનો દ્રવ્ય ક્ષેત્ર-કાળ–ભાવથી ઉલ્લેખ છે. મન-વચન કાયાથી–કરવા-કરાવવા-અને અનુમોદના પ્રસંગમાં પીછેહઠ. પ્રતિક્રમણ નિંદા ગર્હા કરી છે. કેવળી ભાખેલ ધર્મના લક્ષણ બતાવ્યા છે-અહિંસા-સત્ય--વિનય--ક્ષમા--નિષ્કંચનતા -ઉપશમ--બ્રહ્મચર્ય-ભિક્ષાવૃત્તિ તે પણ શરીર ટકાવવા પુરતું જ, કૃત–કારિત નહિ. વિ. વિ.

પૂર્વે અજ્ઞાનદશામાં--બોધ ન હોવાથી–પ્રમાદથી--મોહથી-ગારવથી--ચાર કષાયથી--પાંચ ઇંદ્રિયોના વશપણાથી--સુખની

લાલસાથી કરેલ--હિંસા--જુઠ--ચોરી--અબ્રહ્મ--પરિગ્રહ--રાત્રિ--ભોજન--સર્વનો ત્રિવિધે ત્રિવિધે મિથ્યાદુષ્કૃત આપે છે.

વર્તમાનકાળ માટે સાવચેત બની જાય છે. ભવિષ્યમાં તેવું કોઈ ન બને તે માટે પચ્ચક્ખાણ--પ્રતિજ્ઞા છે. તે પણ રજીસ્ટર કરાવે છે. કારણ કે-અરિહંત–સિદ્ધ–સાધુ–ઇંદ્ર–ચંદ્ર-સૂર્યાદિ તથા પોતાના આત્માની સાક્ષીએ લે છે.

આ પ્રમાણે 'संजयविरय पडिहय पच्चक्खाय पावकम्मे' બની દિવસ-રાત, સુતા યા જાગતા, એકલો હોય કે સભા-સ્થિત હોય, પાંચે અવ્રતો અને રાત્રિભોજનથી અટકવામાં જ પોતાનું હિત-સુખ-ક્ષેમ માને છે. કારણ કે અન્ય જીવોને પણ હિત-સુખ-ક્ષેમ માટે બને છે. પ્રાણ-ભૂત-જીવ-સત્વ-ચારે કક્ષાના જીવો સમાવ્યા છે. આ જીવોને અદુઃખ-અશોક-અપીડા માટે આ પ્રવૃત્તિ નિર્ધારિત છે.

આ માર્ગ મહાપુરુષોએ આચરેલ છે. પરમર્ષિઓએ પ્રકાશિત કરેલ છે. માટે તે પ્રશસ્ત છે. દુઃખ-કર્મનો ક્ષય કરે છે. મોક્ષ-બોધિલાભ અને સંસારના પારને આપનાર છે.

ત્યારપછી ૫+૧=૬એનો અતિક્રમ કેવી રીતે થાય છે. અને કેવી રીતે રક્ષણ થાય છે. તેનો સ્પષ્ટ ઉલ્લેખ છે. અપ્રશસ્ત યોગોથી પ્રાણાતિપાત વિરમણ મહાવ્રતનો, તીવ્ર રાગ-દ્વેષથી મૃષાવાદ વિરમણ મહાવ્રતનો, અવગ્રહના યાચ્યાથી (માલિકને પૂછીને મકાનાદિનો ઉપયોગ થાય) અદત્ત વિરમણ મહાવ્રતનો, શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શથી મૈથુન વિરમણ મહાવ્રતનો, ઇચ્છા-મૂર્ચ્છા-કાંક્ષા-લોભથી પરિગ્રહ મહાવ્રતનો, અતિમાત્રા આહારથી અથવા સૂર્યાસ્ત વખતે આહારાદિથી છઠ્ઠા વ્રતનો અતિક્રમ થયો હોય. આ બધાનું પરિ-

માર્જન કરે છે. દર્શન–જ્ઞાન-ચારિત્રની આરાધનાથી. આલયવિહારાદિની સમિતિથી યુક્ત રક્ષિત બનીને.

પછીના અગીયાર મુદ્દા મઝેના છે. (૧) સાવદ્ય-મિથ્યાત્વ અને અજ્ઞાનનો ત્યાગ. અનવદ્ય સમ્યક્ત્વ અને જ્ઞાનનું ગ્રહણ. (૨) રાગદ્વેષ--આર્તરૌદ્ર ધ્યાનનો ત્યાગ. બે પ્રકારના ચારિત્ર-ધર્મ. અને ધર્મશુકલધ્યાનદત્તચિત્તતા. (૩) કૃષ્ણ-નીલ-કાપોત-લેશ્યા ત્યાગ. તેજો-પદ્મ-શુકલનો સ્વીકાર. (૪) દુઃખશૈય્યા-૪, સંજ્ઞા–૪, કષાય–૪ નો પરિહાર. સુખશૈય્યા–૪. સંવર-સમાધિ–૪નો સ્વીકાર. શરીરને આરામકર વસ્તુને દુઃખશૈય્યા સમજવી. (૫) કામદોષ–૫, પરિગ્રહ–૫ થી દૂર રહેવાનું. પાંચે ઈંદ્રિયો પરનો કાબુ. પાંચ પ્રકારનાં સદ્ધ્યાનનો અમલ. (૬) છ જીવનિકાય વધ. છ અપ્રશસ્ત ભાષાથી ભાગતા રહેવાનું-અભ્યંતર છ-બાહ્ય છ પ્રકારના તપમાં લીન બનવાનું. (૭) સાત ભયસ્થાન, સાત વિભંગજ્ઞાનના પ્રકારનું પરિવર્જન. પિંડેષણા-પાણેષણા વિ. સાત અધ્યયનને આધીન રહેવાનું. (૮) આઠ મદસ્થાન–આઠ કર્મના બંધથી બંધાવાનું નહિ. આઠ પ્રવચન માતાના શરણે જ રહેવાનું. (૯) નવ પાપ નિદાન, સંસારસ્થ નવ પ્રકારના જીવોથી દૂર. નવ બ્રહ્મચર્ય વાડ પાલવામાં શૂર. (૧૦) ઉપઘાત દશ–અસંવર અને સંક્લેશનો નાશ કરવાનો. સત્ય સમાધિસ્થાન દશનું રક્ષણ કરવાનું. (૧૧) અગીઆર તરી તેત્રીસના આંકવાળી આશાતનાનું વર્જન એજ સાચી ઉપસંપદ છે.

આવી રીતે ત્રણ દંડ રહિત–ત્રિકરણ શુદ્ધ-ત્રણ શલ્ય રહિત, ત્રણે પ્રકારે પ્રતિક્રમતો આત્મા પાંચે મહાવ્રતની રક્ષાની પ્રતિજ્ઞા કરે છે.

આ મહાવ્રત ઉચ્ચારણથી કેવા મહાન્ ગુણો નિપજે છે? સ્થિરતા–ત્રણે શલ્યોને ઉધ્ધાર–ધૃતિબલ–ભાવશુદ્ધિ–પ્રશસ્ત ધ્યાનમાં ઉપયોગ વિ. વિ. સાંપડે છે. સૂત્રકીર્તન--દુઃખક્ષય-કર્મક્ષય--મોક્ષ--બોધિલાભ અને સંસારથી ઉતરાણ માટે થાય છે.

અંગબાહ્ય--ઉત્કાલિક સૂત્રોના થોડા નામ--દશવૈકાલિક--નાનું કલ્પસૂત્ર--મહાકલ્પસૂત્ર--ઔપપાતિક--રાયપસેણીય--જીવાભિગમ-તંદુલવેતાલિય--ગણિવિજ્જા-ઝાણવિભત્તિ--મરણવિભત્તિ, સંલેહણા સૂત્ર, વીતરાગ સૂત્ર, આઉર પચ્ચક્ખાણ-મહાપચ્ચક્ખાણ વિ. વિ.

અંગબાહ્ય--કાલિક સૂત્રોના નામ--ઉત્તરાધ્યયન--નિશીથ-મહાનિશીથ–જંબૂદ્વીપ-સૂર્ય-ચંદ્ર-દ્વીપસાગર એ ચાર પન્નત્તિ, અરૂણ--વરૂણ--ગરૂલ ત્રણેના ઉત્પાત--આશીવિષ--દૃષ્ટિવિષ--ચારણ--મહાસુમિણ એ ચારની ભાવનાઓ વિ. વિ.

દ્વાદશાંગી – આચારંગ – સૂયડાંગ –સ્થાનાંગ– સમવાયાંગ–વિવાહપન્નત્તી ( ભગવતી ) જ્ઞાતાધર્મકથા–ઉપાસક–અંતગડ-અણુત્તરોવવાઈ એ દસાઓ-પ્રશ્ન વ્યાકરણ-વિપાકસૂત્ર-દૃષ્ટિવાદ.

આ પ્રમાણે સૂત્રોનો અધિકાર અતિ સંક્ષેપમાં સાદર રજુ કરતા મસ્તક નમે છે.

## ૧૩ બોલ સ્થાપનાચાર્યના

પૂજ્યો–મુનિવરો આદિ સ્થાપનાચાર્યનું પડિલેહણ કરતા ૧૩ બોલ બોલે છે. ગુરુગુણ ગણનું ભાવોત્પાદક વર્ણન એમાં સમાય છે. શુદ્ધ સ્વરૂપના ધારક ગુરૂ, જ્ઞાનમય–દર્શનમય-ચારિત્રમય–શુદ્ધ શ્રદ્ધામય–શુધ્ધ પ્રરૂપણામય–શુદ્ધ સ્પર્શનામય, પંચાચાર પાલે–પલાવે–અનુમોદે, મનગુપ્તિ–વચનગુપ્તિ–કાયગુપ્તિએ ગુપ્તા.

# ૫૦ બોલ મુહપત્તિના

આ પચાસ બોલ 'મુહપત્તિ પડિલેહણ' નું મહત્વ સમજાવી જ દે છે. જૈનશાસનની હરકોઈ ક્રિયા જ્ઞાનાત્મક અને આત્મસન્મુખકારી છે. પચાસ બોલ ગુજરાતી ભાષામાં છે. પણ એમાં શ્રધ્ધા-ત્યાગ-સંવર-અહિંસાના તત્વો ઠાંસી ઠાંસીને ભરેલા છે. હેય-ઉપાદેયનું સરળ રીતે જ્ઞાન આપવાની આ પણ એક અનોખી રીત છે.

સૂત્ર અર્થ તત્વ કરી સદ્દહું. મિથ્યાત્વ મોહનીય-મિશ્ર મોહનીય સમ્યકૂત્વ મોહનીય-પરિહરૂં. કામરાગ-સ્નેહરાગ-દૃષ્ટિરાગ પરિહરૂ. સુદેવ-સુગુરુ-સુધર્મ આદરૂ. કુદેવ-કુગુરુ-કુધર્મ-પરિહરૂં. જ્ઞાન-દર્શન-ચારિત્ર આરાધું. જ્ઞાનવિરાધના-દર્શનવિરાધના ચારિત્રવિરાધના પરિહરૂં. મનગુપ્તિ-વચનગુપ્તિ-કાયગુપ્તિ આદરૂં. મનદંડ-વચનદંડ-કાયદંડ પરિહરૂં. હાસ્ય-રતિ-અરતિ પરિહરૂં. ભય-શોક-જુગુંસા પરિહરૂં. કૃષ્ણલેશ્યા-નીલલેશ્યા-કાપોતલેશ્યા પરિહરૂં. ઋદ્ધિગૌરવ-રસગૌરવ શાતાગૌરવ પરિહરૂં. માયાશલ્ય નિયાણશલ્ય-મિથ્યાત્વશલ્ય પરિહરૂં. ક્રોધમાન પરિહરૂં. માયાલોભ પરિહરૂં. પૃથ્વીકાય-અપ્કાય-તેઉકાયની રક્ષા કરૂં. વાયુકાય-વનસ્પતિ-ત્રસકાયની રક્ષા કરૂં.

સંસારમાં અત્યંત દારૂણ ભવભ્રમણ કરતાં જીવો પરની પરમર્ષિઓની કરૂણા તો જુઓ. દિવસમાં સાંજે, રાત્રિમાં સવારે, પડિલેહણમાં બન્ને વખત તો અનેક વખત આ ૫૦ બોલની સુસ્મૃતિ કરવાની જ. અને તે સ્મૃતિ કરતાં પહેલા જ પદમાં સદ્દહણાની વાત. અને તે પણ સૂત્ર અને અર્થ બન્નેની. સૂત્ર એટલે ત્રિપદીનો અર્ક. સૂત્ર એટલે ગણધર ગુમ્ફિત દ્વાદશાંગી. પંચાંગી એટલે સૂત્રનો વિસ્તાર. તેની

પાકી છણાવટભરી સ્પષ્ટ સમજણ એટલે સદ્દહણા–શ્રદ્ધા પણ સમજણ યુક્ત–જ્ઞાનભરી. આ છે જૈનશાસનની અનોખી ખૂબી.

આ ૫૦ બોલ મોટા ભાગના શ્રી ચતુર્વિધ સંઘમાં વિસરાતા જતા અનુભવાય છે. એ ખરેખર દુઃખનો વિષય છે. આવું અણમોલ ઔષધ ભવરોગ માટેનું અને તેની ઉપેક્ષા? કે ખરેખર ભવ–જન્મ મરણના ચક્કર રોગ રૂપ લાગ્યા જ નહિ હોય? એમ તો કેમ કહીએ? પણ તે પ્રત્યે એને તેવા અનેક રહસ્યો પ્રત્યે બેધ્યાન વધતું જાય છે એમ તો કહેવું જ પડશે ને?

અને છેલ્લે છકાયની રક્ષાનો સાદ. કેવી સાદી પણ મધુરી રીતે એકરારની ભાષામાં મૂકી દીધો છે. પાઠ મુકવાની રીત તો જાણે આજના કહેવાતા કીન્નર–ગાર્ડન–બાળ–શિક્ષણાલયો જેવી સહેલી અને સરળ. પણ બોધ ઉંડો–મીઠો અને તારક. સાથે જ સ્વાસ્થ્ય અને મનને મજબુત બનાવનાર. પરંપરાએ મુક્તિધામમાં પહોંચાડનાર.

⊙

# વિભાગ ચોથો

## પ્રકીર્ણ સંગ્રહ

### 'મહાશાસન' એટલે શું?

સુખ શાંતિ અને સમાધિનુ કેન્દ્રસ્થાન છે. પ્રકૃતિ તંત્રની સરળ સુવ્યવસ્થા છે. સ્વભાવદશા તરફની કુદરતી કુચ. વિભાવદશાથી દૂર રહેવાની વૃત્તિ અને કાળજી. એ બે મહાશાસનના મુખ્ય અંગ બની રહે છે.

પ્રવાહે કરી અનાદિ છે. હરકોઈ તીર્થંકર ભગવંત તીર્થની સ્થાપના કરે છે. પરમ સત્યનો પ્રકાશ કરે છે. ભારે સુયોગ્ય અને ઉચ્ચ કક્ષાના ક્ષયોપશમને ધરનારા ગણધર મહારાજાઓ તે સત્યને ઝીલે છે. તે સત્યનો મહાવિસ્તાર કરે છે. દ્વાદશાંગીની વિશદ રચના કરે છે. ચૌદે પૂર્વો બારમા અંગમાં સમાય છે. નમસ્કાર મહામંત્ર ચૌદે પૂર્વનો સર્વોત્તમ કોટિનો સાર છે.

બારે અંગ ઉપર મહાપ્રભુની મહોર છાપ છે. ગણધરોના મસ્તક ઉપર વાસક્ષેપ–સુંગધી ચૂર્ણની મુષ્ટિ દ્વારા કરે છે. મહાશાસનનું આધિપત્ય–પ્રવર્તન સોંપાય છે ' વિશ્વ--કલ્યાણ 'નો સનાતન માર્ગ વહેતો થાય છે. પ્રકૃતિ તંત્રના સાચા સૌંદર્યનો વિસ્તાર થાય છે.

શરીર જડ છે. આત્મા ચેતન છે. અનંત સુખનો અનંત જ્ઞાનનો ધણી છે ચેતન–આત્મા જડ કર્મોથી દબાએલ છે. કર્મોનો આત્મા પરનો ઘેરો અનાદિકાલીન છે. ભયંકર જોરદાર અને સ્વરૂપભાનને ભૂલાવનારો છે. માટે જ આત્મા સ્વને ભૂલી પરમાં પડયો છે. રાચ્યો છે. આત્મા માટે સ્વ--શિવાય બધી વસ્તુઓ પર છે. પરપુદ્ગલના જડ આકર્ષણમાં ખેંચાએલ છે. એ આકષર્ણ ઓછું થતું જાય, સ્વનું ભાન થતું જાય, મૂળ પ્રકૃતિ જાગૃત થાય, વિકૃત પ્રકૃતિનો વિલય થતો જાય, તેમ તેમ શુદ્ધ પ્રકૃતિનું સૌંદર્ય ખીલતું જાય. આત્માનંદનો અનુભવ થાય.

સંસાર અસાર લાગે. સારભૂત સ્વભાવ લાગે. સ્વભાવ પ્રગટ કરવામાં સહાયક સાધનો સાર લાગે. સંપૂર્ણ સ્વભાવ પ્રગટાવવા કર્મોની સફાઈ કરવી પડે સફાઇનો સફાળો માર્ગ.

પતનસ્થાનોનું ભાન. ઉત્થાનનો સાચો રાહ. તેમાં ઉપયોગી પદાર્થો અને સાધનો આ બધું બતાવે મહાશાસન.

સો બસો નહિ. પાંચ પચાસ હજાર નહિ. લાખ દશ લાખ નહિ. ક્રોડો નહિ. અબજો નહિ. પણ અનંત અનંત વર્ષોનો કાળ વહી ગયો. આત્મા પર સ્વાર થયેલા કર્મોના જથ્થાને. એ જથ્થો ખસેડવા અનેક ઉપાયો યોજવા પડે. એ બતાવે મહાશાસન. કુદરતી રીતે પ્રકૃતિ તંત્રને વહેતું રાખવું. આડે ગએલાને પાછા તે રાહ પર લાવી દેવા. આગેકુચ કરાવવી. નિશ્ચિત મુક્તિસ્થાને પહોંચાડવા. આ બધું કરે મહાશાસન.

તેના મુખ્ય સ્થૂલ સાધનો. દાન-શીલ-તપ-ભાવના. દ્રવ્યથી અને ભાવથી સમજપૂર્વક તેનો અમલ. એમાંથી ભાન થાય મોક્ષમાર્ગનું. સાન પ્રગટે રત્નત્રયીની. **सम्यग्‌-दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः** એ અટલ સિધ્ધાંત વૈજ્ઞાનિક રીતે મનમાં રમતો બની જાય.

આ રીતે સ્થૂલથી અર્થ ઘટાવીએ. પ્રવચન આગમ-શાસ્ત્રો એ પણ **મહાશાસન.** ત્રિભુવનાધિપતિ તીર્થંકર દેવોની સુવિશદ મહાઆજ્ઞા એ પણ **મહાશાસન.** આજ્ઞાધારી-આજ્ઞાને સમર્પિત શ્રમણપ્રધાન શ્રી સંઘ એ પણ **મહાશાસન.**

## મહાશાસનથી જ મુક્તિ મળે!

સોએ સો ટકા શકા વિનાની વાત છે. મુક્તિ મળે તો મહાશાસનથી જ. એના તત્વો જેના હૈયામાં રમતા થયા--ગમતા થયા-ભાવતા થયા એની મુક્તિ નક્કી-નક્કી-નક્કી. ગમે તે વેશમાં હોય-કોઇપણ દેશમાં હોય, ગમી જાય-બેસી જાય જો મહાશાસનની મીઠાશ તો અનાદિની કડવાશ જાય. કષાયો કારમી વિદાય લેવા માંડે પ્રશમનો પકાશ થાય. જ્ઞાન

તેજ ઝળકે. સત્ય પ્રણેતાની શોધ થાય. સાચી શોધમાં અરિહંત દેખાય. અરિહંતનો તારક માર્ગ દેખાય. આગેકુચ શરૂ થાય એક બે કે પાંચ પંદર ભવે પણ અજન્મા બનવાનું જ.

આવા આત્માની પ્રકૃતિ સરળ બની જાય છે. સ્વભાવ પર-ઉપકારમાં રત બને છે. શક્તિ હોય તો સામાનું દુઃખ દૂર કરીને જ ઝંપે. આંતરદુઃખનું પણ ભાન કરાવે. પુણ્ય પાપના ખેલ સમજાવે. કર્મસત્તાનું પરિબળ હઠાવવા પ્રેરણા કરે. સંયમ માર્ગનો સ્વાદ સમજાવે. મહામુનિઓનો સંપર્ક કરાવી આ રીતે સ્વ સાથે પરનું હિત એનું ધ્યેય બની જાય. ભાવ-કરૂણાનો માલિક મહાશાસનનો જ ગણાય. એની મુકિત માટે ઝાઝો વિલંબ નહિ. માર્ગમાં પ્રાયઃ વિઘ્ન નહિ. 'સ્વનાં દુઃખે પણ પરનું ભલું' એ તો મહાશાસન સમર્પિતજ કરી શકે ને?

પાંચ મહાવ્રત-પાંચ સમિતિ-ત્રણ ગુપ્તિનું પાલન એટલે સ્વ સાથે પરની પરમ દયા. આ દયા જેમના હૈયામાં વસી, તેમના આત્મા ઉઠયા હસી, તે કદી ન જાય સંસારમાં ફરી. કારણ કે કર્મોને લાગવા માંડી મસી. દયાળુ આત્માઓ દાની જ હોય છે. અને શક્તિ ખીલતાં દાન દેવાજ માંડે. મહાત્માઓ ભાવદાનમાં પ્રવીણ હોય છે. આત્મસ્વરૂપ ઓળખાવે છે. સંસારની જાળમાંથી મૂકાવે છે. સન્માર્ગે ચઢાવી મુકિતના પંથે દોરી જાય છે. એટલે દોરનાર અને દોરાનાર બન્નેની મુકિત થાય છે.

## મુક્તિમાં સુખ શું છે?

પહેલું સુખ એ કે દુઃખોત્પાદક કોઇ સાધન જ ત્યાં નથી. સર્વ દુઃખનું મૂળ શરીર, તે ત્યાં છે જ નહિ. શરીરોત્પાદક કર્મસત્તાનો સમુળ નાશ થવાથી. સંયોગ પાછળ વિયોગનુ

દુઃખ. ખોરાક કે આહાર પાછળ પૈસા પ્રાપ્તિ અને હાજતોનું દુઃખ. વાહ વાહ પછી અપકીર્તિનું દુઃખ. આમાનું દુઃખ ત્યાં કોઇ જ નથી. ત્યાં છે સચ્ચિદાનંદમય દશા સત્–ચિત્–આનંદ. સ્વભાવદશા–જ્ઞાન અને આનંદ આ ત્રણમાં જ સમાતો આત્મા. સદા માટે બંધનમુક્ત. ખાનપાનની પણ ત્યાં જરૂર રહી નહી. કેમકે શરીર નથી, ઇંદ્રિયો નથી. છે માત્ર એક સ્વભાવમાં રમતો–સ્વ–આત્મા.

## પુણ્ય પણ એક બંધન છે?

જરૂર બંધન છે. જડ પુદ્ગલોનો એક સમૂહ છે. સારી ક્રિયાઓના પ્રભાવે આકર્ષિત થયેલ, પણ તે એકાંતે ત્યાજ્ય નથી બનતું. મુક્તિપંથમાં એની પણ જરૂર પડે છે. મજબુત સંઘયણ–મજબુત મન–ધર્મ સામગ્રી વિ. સાધનો છે. જો તેનો સદુપયોગ થાય તો. અને નિઃસ્વાર્થપણે કરેલી સત્ક્રિયા તેવો પુણ્યબંધ કરાવે છે. તે પુણ્ય મળેલી સામગ્રીમાં મનને મુંઝાવા દેતું નથી. અધિક સત્કાર્યમાં પ્રેરણાત્મક બને છે. માટે તે પુણ્ય પુણ્યાનુબંધી કહેવાય છે.

બીજું એક પુણ્ય પાપાનુબંધી છે. ઐહિક કે પારલૌકિક ઇચ્છાઓથી કરેલું તે પુણ્ય સામગ્રી આપી તો દે છે–પણ તે સામગ્રીના દુરુપયોગથી રખડાવી અનેક યાતનાઓ ઉભી કરે છે.

પાપ પણ પુણ્યાનુબંધી હોય છે. પાપના પરિણામે દુઃખી–દરિદ્ર હોય. પણ પૂર્વભવના સુસંસ્કારોને પ્રભાવે વિચારો ધર્મમય અને આત્મોન્નતિકારક હોય છે.

પાપાનુબંધી પાપ–પાપ કરીને આવેલો મહાદુઃખી અહિંયા પણ ભયંકર કર્મો કરે છે. તિર્યંચ યા નરકગતિમાં ગમન કરે છે.

અટવીમાં ભોમિયો સાથે રાખવો પડે છે. તે ભીલાદિ લુંટારો જાતિનો હોય છે. છતાં તેને સાથે રાખીને અટવી પાર કરવી પડે છે. પુણ્યાનુબંધી પુણ્ય વળાવા જેવું છે. એટલા પુરતો એનો સાવચેતપણે ઉપયોગ કરવો પડે છે. અને ઉપલા ઉત્થાનક્રમમાં અમુક સ્ટેજે એનો આપોઆપ વિલય થાય છે.

## દર્શન-પૂજનથી આત્માને શો લાભ?

દર્શન દેવાધિદેવનું કરીએ છીએ. તેમના જેવા થવા માટે. પોતે વીતરાગ બન્યા છે. રાગદ્વેષ-મોહથી પર બન્યા છે. સર્વશ્રેષ્ઠ આત્મા બન્યા છે. માટે પરમાત્મા બન્યા છે. વીતરાગ પરમાત્માના દર્શનથી વીતરાગતાનું ભાન થાય છે. પરમાત્મા બનવાનું મન થાય છે આત્મામાં જાગૃતિ આવે છે. એમના તપ-ત્યાગ-સંયમ યાદ આવતા આપણો આત્મા આનંદવિભોર બની જાય છે. સંસાર ભૂલી જવાય છે. મન અને આંખ પરમાત્માની મૂર્તિ પર ઠરી જાય છે. મન નિર્મળ બને છે. તન પ્રફુલ્લિત બને છે. ધન તુચ્છ લાગે છે. સંસારમોહ વિસરાય છે. જંજાળ છોડવા જેવી લાગે છે. સાચો રાહ સાંપડે છે. રોજ દર્શન કરવાથી જાગૃતિ તાજી રહે છે.

પૂજન એ તો પરમાત્માની નિકટ આવવાનો રાજમાર્ગ છે. સદ્‌ગૃહસ્થો માટે. અંગસ્પર્શ યા પૂજન પાવક અગ્નિ છે. વિદ્યુત્ કરન્ટ છે. મૂર્છિત આત્મા જાગૃત બની જાય છે. અંગે અંગનો સ્પર્શ કરતા અનંગ-અશરીરી-અજન્મા બનવાનું મન થાય છે. એક એક અગનો વિચાર અંગુલિથી સ્પર્શ કરતા કરે છે.

## નવ અંગની પૂજાની મહત્તા.

૧. પ્રભુનો અંગુઠો રૂડો રૂપાળો મનમોહન–મોહને મારનારો–મોહને મારવાની પ્રેરણા કરનારો. ગોદોહિકા આસને ધ્યાનમાં પ્રભુ અંગુઠાના બળ ઉપર રહેતા.

૨. જાનુબળે કાઉસ્સગ્ગ રહ્યા–વિચર્યા દેશવિદેશ–અનેકોને ઉપદેશ આપી તાર્યા. નાથે અંગેઅંગનો ઉપયોગ વિશ્વોદ્ધારમાં કર્યો.

૩. પ્રભુના સુકોમળ હાથ. જાણે વૃક્ષની લાંબી વેલડી. ફળોથી લાદેલી. અનેકોના દારિદ્ર દૂર થયા. વર્ષીદાનના અવસરે. અનેકોને તાર્યા ભવસાગરમાંથી એ કમળકોમળ હાથે. ચૂર્ણમુષ્ટિ વાસક્ષેપ કરીને. શાસન સ્થાપ્યું એ સુંવાળા હાથે. ગણધર મસ્તકે હાથ મૂકી શાસન સંક્રમાવ્યું.

૪. બન્ને ખભા તો માનનાશના પ્રતિક છે. અનંત શક્તિના ધણી પણ દૃષ્ટિ નિમ્ન. સંસારસમુદ્ર તરવાને સમર્થ એ તુંબડા જ સમજો ને.

૫. શીખાસ્થાન એટલે સિદ્ધશિલા પર આત્મસ્થાપના. કાશ્મીરજ યુક્ત અંગુલી ત્યાં સ્પર્શે. આત્માનું સદાનું ઘર યાદ આવે. નાથ ત્યાંજ છે ને? ભેગા થાવું છે ને? લોકાંતે વસવું એટલે વાસના માત્રનો વિનાશ. સ્વરૂપરમણતાનો સંપૂર્ણ આસ્વાદ.

૬. ભાલતિલક જયવંત-અષ્ટમી શશી સમ ભાલ રે. સર્વના ભાલ નાથના શરણે. જગત્પતિના શરણે. લલાટના લેખ મુક્તિના. અનેકોને મોકલે અને પોતે જાય. એ તેજના કિરણો ભવ્ય લલાટના લલાટે લખાયેલ કેવળ લક્ષ્મી. એ લક્ષ્મીના દાન ભવ્યાત્માઓને.

૭. પ્રભુશ્રીની આ ગરવી ગ્રીવા. સોળ સોળ પહોર પ્રભુજીની દેશના પ્રસાર પામે. પ્રસરે આત્માની સુરભિ. સર્વવિરતિ–દેશવિરતિ–સમ્યક્ત્વની લ્હાણુ થાય. માર્ગાનુસારી-પણાનું પણ સન્માન થાય. ન્યાય નીતિ ને સત્યની સુરાવલી ગાજે. પ્રમાણિકતાના પાઠ ભણાવાય માટે જ આ કંઠ, કમનીય–રમણીય–સ્પર્શનીય.

૮. હૃદય અને તે નાથનું કરૂણારસથી તરબોળ. વિચારે વિચારે કરૂણારસનું ઝરણું ઝરે. ઉપશમરસનો દરિયો. રાગ ને રોષ ખાખ. હીમ જેવા થઈ આવ્યા. કાળા મેશ બનાવી કાઢ્યા. કર્મો બિચારા હાર્યા. જાય નાઠા. જાય નાઠા.

૯. નાભીકમળની પૂજના કરતા અવિચળ ઠામ. સહસ્રપત્ર કમળની જેમ સુગંધી. સર્વત્ર પ્રસરે. નાથના અનંતગુણોનો **મઘમઘાટ** મોહને મારે. કર્મોને ડારે. ધ્યાનદશા આણે. માનદશાને નાથે. જ્ઞાનદશા સાથે ભવ્યાત્માઓ–રાચે–ગાજે.

નવે અંગની પૂજના. પાપો ધ્રુજતા. પુણ્ય પરમાણુઓ આવતા–ફાવતા–ભાવતા. નવતત્ત્વને જણાવતા. બ્રહ્મનવને ઉપાસતા. પરબ્રહ્મમાં જામતા.

## અષ્ટપ્રકારી પૂજામય ઉપાસના.

ઉપાસકને ઉપાસના વિના ચેન પડે નહિ. મન મુક્તિમાં. તન ધ્યાનમાં. આતમ બન્યો એકતાનમાં. તુંહિ–તુંહિ–તુંહિ એ છે એની લયલીનતા. મારા નાથ ! મારા પ્રભુ ! મારા તારક ! તરવાનો માર્ગ નાથે બતાવ્યો. **સુખ શાન્તિ સમાધિ સંસારમાં પણ નાથની આપી.** શું કરૂં મારા નાથને માટે. આજ્ઞાપાલન એજ ઉંચી ભક્તિ. છોડવો જોઇએ સંસાર. સ્વીકાર સંયમનો. સર્વવિરતિનો. પણ લાચાર. તેવા પરિણામ

નથી. તાકાત નથી. અશક્તિ આસક્તિ બંને ઉભા છે. પણ ભાવ તો છે જ. ભાવનું પ્રતિક દ્રવ્ય પૂજા–અષ્ટપ્રકારી–સત્તર પ્રકારી–શતપ્રકારી. ધન્ય છે ભક્તજનો !

૧. સુંદર જળ સ્વચ્છ અને પવિત્ર દૂધ ગાયાદિનું. દહીં-દધિનું મિશ્રણ–સામાન્ય ઘી અને ખડી સાકર. પાંચનું બને પંચામૃત. વ્યવહારમાં આ પાંચને મનુષ્યલોકના અમૃત ગણાય છે. એમાં ભળે–કેસર–બરાસ–કસ્તુરી આદિ અનેક સુગંધિ પદાર્થો–૧૦૮ જેવી ઔષધીઓ બે હાથે ઉછળતા હૈયે હૈયાની પાસે કળશ ઝાલ્યો છે. ભક્ત ભાવના ભાવે છે. નાથ ! દેવાધિદેવ ! તું નિર્મળ બની ગયો. કર્મમળ દૂર કર્યાં. હું છું મળભર્યો. તારો અભિષેક મારા મળને દૂર કરશે. આ પંચામૃતધારા પંચજ્ઞાનને પ્રગટાવશે. ભક્તનો હર્ષ માતો નથી. હર્ષાશ્રુથી આંખો ભીની બને છે. ધીમી–મીઠી ધારામાંથી ભાવધારા પ્રગટે છે. પુણ્ય પ્રકર્ષ પામે છે. નિર્જરા અદ્ભુત સધાય છે. સાધકદશાનો અનુભવ થાય છે.

અંગલૂછણા સુકોમળ–સફેદ–બગલાની પાંખ જેવા. પહેલું ફરનું કે સુકોમળ પતળી પોપલીનનું. બીજું અને ત્રીજું સુંવાળી મલમલનું. સરસ રસ જામે. જો ભક્તિ અંગ આવે. વિમળા મતિ થાવે. નાથના ગુણ ગાવે. આ તો હૈયાની તે વખતની ભાવના.

૨. ચંદનપૂજા ચતુર ચકોર કરે. ઘનસાર (બરાસ) ભેળી રસ તરબોળ કરે. કાશ્મીરજ રૂડો રંગ આણે. સુગંધ કસ્તુરીતણી મન હરે. ભાગ્યદશા તસ ફરે. પુણ્ય અખૂટ ભરે. મુક્તિગમન–નિશ્ચિત કરે. વિલેપન સર્વ અંગ બરાસ કરે. કેશર કસ્તુરી મિશ્રિત નવ અંગ પૂજે. પાપ સકળ ધ્રુજે.

૩. જાય–જુઈ–કેતકી- પગર ભરે. લાલ ગુલાબ મનહર અંગ ધરે. ચંપો–મોગરો મન હરે. દમનક દુઃખ દૂર કરે. કમળ વિકસિત ચક્ષુ કરે. હર્ષભરે–ઉલ્લાસ ભરે. ભવ–દુઃખ હરે.

**વિકસિત બાગ ભયો, ભવથાક દૂર થયો;**
**ચરણ શરણ સ્વીકાર કર્યો, ભવનો માનુ અંત થયો.**

૪ ધૂપ દશાંગ જળે. રત્નજડિત ધૂપદાન મળે. સુગંધ સર્વાંગ ભરે. આતમ સુરભિ આય મળે. ભવપાતક દાહ થએ. આતમ લાલી પ્રકાશ ભયે–મુક્તિ વધૂકો જાય મળે.

૫. ઘૃત ઘન ભર્યો–દીપક દિવ્ય જલ્યો. મંગળ દીપ ધર્યો. જ્ઞાન પ્રકાશ ભયો.

**હોય શીખાનો દીવડો રે, પ્રગટે આતમ જ્યોત.**

નાથની કેવળ લક્ષ્મી. બનાવવી છે પોતાની. આકર્ષણ છે એ દીપની જ્યોતમાં–જ્યોત ભર્યો છે ભાવાગ્નિ. પ્રકાશનો પુંજ. સાચી ભાવનાનો ગુંજ.

૬. અક્ષત -અક્ષય–અખંડિત—રળિયામણા. સાથીયો સુંદર–આકર્ષક આંખને ગમી જાય તેવો. ચારગતિ નિવારે એવો. લેવો છે શિવસુખનો મેવો. રત્નત્રયીનું ભેટણું. લેવું છે ઢગલી ત્રણ કરીને. અને વસવું નાથની સાથે. સિધ્ધ-શિલાની ઉપર જતો. કેશરભીની વિવાહ પત્રિકા. વરમુક્તિ લક્ષ્મી વધૂ વરવાની. એ છે સ્વસ્તિકની સાર્થકતા.

૭. ફળ પૂજા ઉત્તમ કીજીએ. ચતુર ચકોર ફળ ઉત્તમ લીજીએ. વિવિધ પ્રકારના સુગંધ યુક્ત રંગ–બેરંગી ફળો. અને ભવોભવના પાપ ટળો. મોક્ષપુરીના માર્ગે વળો.

૮. નૈવેદ્ય અવનવા–જાતિ વિવિધના. ઘૃતપુર મેસુર આણીએ. સાટા પેંડા–બરફી લાવીએ. મોતીચુર ને મનહર

જાંબુ ગુલાબ. ખાજા મોળા મીઠા ને અમૃતપાક. એમ પૂજા કરીએ વિવિધ પ્રકાર.

**પૂજા અષ્ટ પ્રકાર કરો, તન—મન હર્ષ ભરો;**
**કર્મ અષ્ટ દૂર હરો, આતમનૂર પ્રગટ કરો.**

## ભાવપૂજા ભવનાશિની.

ભાવપૂજા એ ભવસાગર તરવાનું નાવ છે. જેમાં નાથની સ્તવના અને આત્માની નિંદા. પ્રભુગુણગણ વર્ણન. સ્વદૂષણ સમૂહ ગર્હા. દોષવિસર્જન, ગુણ સંક્રમણ વિ. મુખ્યતા હોય છે. રાગરાગિણી-તાલ-લય બદ્ધ સુરાવલી સાથેનું સંગીત. મંદ મધુરસ્વરનો આલાપ. જરાએ ઘોંઘાટ નહિ. કોઈને અડચણ નહિં. સૌ પોતપોતાની રુચિ અનુસાર ભાવના ભાવી શકે. સંસારના વ્યવહારને ઘડીભર ભૂલી જાય. આત્માનંદમાં તરબોળ બની જાય.

વિધિ અનુસાર ઇરિયાવહિયં-લોગસ્સ પ્રગટ કહે. ત્રણ ખમાસમણ-ચૈત્યવંદનનો આદેશ માગે. ૩-૫--૭ શ્લોક ગાથા કે કડીનું ચૈત્યવંદન. જંકિંચિથી જાવંત કે વિ. સાહૂ. નમોર્હત્ કહી સુમધુર સ્તવન ધીમા અને સ્વસ્થ સ્વરે લલકારે. ભાવને ચમકારે. કર્મમળ નિવારે. આત્મા ભવસાગરને કિનારે. જયવીયરાય આર્યા છંદમાં અર્થ વિચારણા સાથે ઉચ્ચારે. અરિહંત ચેઈયાણં એક નવકારનો કાઉસ્સગ્ગ. વિશદ સ્તુતિ બનતા સુધી મૂળનાયકની. પછી છેલ્લે અવિધિની ક્ષમાપના. પ્રભુસાક્ષીએ પચ્ચક્ખાણ. જતા જતા ઘંટાના-દિવ્યઘોષ.

## ઘંટાનાદ અને કાંસી જોડાનું રહસ્ય.

ઘંટાનાદ એટલે જાગૃત થવું. બીજાને જાગૃત કરવા. નાથનો સંદેશ ઝીલવાની પ્રેમભરી પ્રેરણા. એના નાદમાં માદ-

કતા છે આત્માની. નાશકતા છે મદ અને માનની. એના ઘોષમાં પોષ છે પરમાત્મભાવનો. પ્રક્રિયા છે-પ્રોસેસ છે સાયન્ટિફીક-વૈજ્ઞાનિક. દેવો પણ દુંદુભિનો નાદ કરે છે. ઉદ્-ઘોષણા કરે છે.

भो भोः प्रमादमवधूय भजध्वमेन-

मागत्य निर्वृत्तिपुरीं प्रति सार्थवाहम् ।।

પ્રમાદને પછાડો. મનને મઠારો. નાથને ભજો. નાથ સાર્થવાહ છે મુક્તિપુરી જવા માટે. હે ભવ્ય લોકો! આવો આવો આત્મકલ્યાણ સાધો.

કાંસી જોડા કે કીરતાલ. સાથે નરઘા-પખાજ કે ઢોલનો ધ્વનિ. આ છે આંતરિક ભાવનાનું બાહ્ય પ્રતિક. સમૂહ સંગીતનું તાન. ગાન એનું દુઃખહર છે. તન-મન-આત્માનું દુઃખ જાય. નાથનો જય જયકાર થાય. નાથની જયમાં ભક્તજનનો વિજય. દુનિયા ભુલાઈ જાય. પરમાત્મામાં લયલીન બનાય. વિભાગ વીસરાય, સ્વભાવનો અનુભવ થાય. આજુ-બાજુનું વાતાવરણ સ્પર્શે નહિ. બીજો દુન્યવી શબ્દ કાને પડે નહિ. બોલાતા પદોનો રણકાર કાનમાં ગુંજે.

**सम्यग्गीयते-संगीतम्**-સંગીત આત્માનો રણકારછે. જ્ઞાનની જાગૃતિ છે. સ્વભાવની સ્મૃતિ છે પુદ્ગલભાવની વિસ્મૃતિ છે. આત્માનંદમાં રમણતા છે. પરમાત્મભાવમાં પ્રવેશ છે. સાધુ-પણાનું સંભારણું છે. સંયમભાવની સ્વીકૃતિ છે. ત્યાગનો તલસાટ છે. મોહને માર છે. રાગદ્વેષ પરનો ઘા છે. સાચો રાહ છે પરમાત્મ આજ્ઞાનો.

સંગીતમાં તીર્થંકર નામકર્મ બાંધ્યું શ્રી રાવણે. સૂર્યાભદેવની નાટ્યકળા શાસ્ત્રમાં સુપ્રસિધ્ધ છે. દ્રૌપદીની ભક્તિ અભિનંદનીય બની. સંગીત આત્માનો માંચલો સૂર છે.

## તન્તુવાદ્યો.

તંતુવાદ્યો આજે વિસરાતા જાય છે. સૂક્ષ્મ સંગીતના એ સાધનો છે. વીણાની પ્રાચીન માધુરી ભાગ્યે જ અનુભવાય છે. હાર્મોનિયમ-તબલા અને પીપુડી (શરણાઇ) એ મુખ્ય થઈ પડ્યા છે. તેમાં પણ બેકગ્રાઉન્ડ ભૂલાતી જાય છે. ગાનાર સ્પષ્ટ શબ્દોચ્ચાર પ્રથમ કરે. તે વખતે-વાદ્યો-અતિમંદ હોય. આલાપની મધુરી વખતે ધીમે ધીમે વાદ્યોનો ધ્વનિ વધતો જાય. લય-તાન સાથે સુબદ્ધ રહ્યા કરે. પછી એક સાથે સંગીતનો ધ્વનિતરંગ વાતાવરણમાં વહેતો થાય. ધ્વનિતરંગમાં પેલા શબ્દો ગુંજતા અનુભવાય. વળી એક એક અલગ વાદ્યોની કળામાં ધ્વનિતરંગ ગુંજી ઉઠે. સારુએ વાતાવરણ સંગીતમય બની જાય.

આ માટે જરૂર નિઃસ્તબ્ધ શાંતિ જોઇએ. વાતોનો ઘોંઘાટ મોટો વિક્ષેપ છે. મહાઅંતરાય કર્મ બંધાય છે. પુણ્યપ્રાપ્તિના સ્થાનમાં પાપનો જત્થો એકઠો થાય છે. તન્તુવાદ્યમાં તો ઢાંકણી પડે ને અવાજ સંભળાય એટલી શાંતિ જોઇએ. પણ જાણકાર સ્હેજ નહિ. એના આસ્વાદની ખેવના નહિ. નાથના ગુણગણની હૈયામાં ભક્તિ નહિ એટલે શક્તિનો સદુપયોગ નહિ.

૨૦-૨૫ વાદ્યો એક સાથે રણકી ઉઠે. આત્મા સંસારથી ચોંકી ઉઠે. સુરાવલીનો સૂર ઉદાત્ત બનતો જાય. આત્માનો ભાવ ક્ષપકશ્રેણિએ ચઢવા માંડે. એનું નામ સંગીત.

ભાવસંગીત વગર-વાદ્યે પણ વેગ પકડે. એવા હતા અમારા નાગકેતુજી. અઠ્ઠમતપના મહા ઉપાસક. પુષ્પપૂજામાં રંગ લાગ્યો છે. આંગી રંગબેરંગી બનાવી રહ્યા છે પુષ્પોની.

ત્રણ જગતના તારક વીતરાગ ભગવંતની. પુષ્પમાં રહેલો નાનો નાગ ડસ્યો. ભાવનાનો ભંગ નહિ. રંગ વાધ્યો ધ્યાનનો. ક્ષપકશ્રેણિ મંડાઈ. કર્મો સર્વે બળી ખાખ. મોહની બની ગઈ રાખ. ઘાતિ સર્વે સાફ. પ્રગટ્યું કેવળજ્ઞાન. ભાવસંગીતનો પ્રભાવ !

## અંજનશલાકા પ્રતિષ્ઠા.

નાથના બિંબ પૂજવા છે ને ? સલાટને ત્યાં ઘડાય છે ને ? પછી અંજનશલાકા શા માટે ? પ્રતિષ્ઠા વિધિની શું જરૂર ? પ્રશ્નો ઠીક છે. જિજ્ઞાસાથી પૂછાયા હોય તે. જમાનાના ઝેર ભર્યા–હૈયે પૂછ્યા હોય તો અર્થ વિનાના. કિંમત વિનાના અજ્ઞાનના સૂચક.

ધ્યાન વિના ધ્યેય નહિ. ધ્યેયપ્રાપ્તિ માટે સાધન જોઇએ. સાધનથી સાધ્ય સધાય. સાધક સબળ શ્રદ્ધાયુક્ત હોય તો. વાડ વિના વેલો નહિ. વાડ એ આલંબન. ધ્યાન સાકાર નિરાકાર બન્ને. નિરાકાર–નિરાલંબન. ધ્યાનની કક્ષા ઘણી ઉંચી–હાઈ સ્ટેજ આવતા વાર લાગે. તે સ્ટેજે પહોંચવા આલંબનની જરૂર. **સર્વોત્તમ આલંબન સંસારીને જિનમૂર્તિ.**

**જિનઆગમ પણ વિશિષ્ટ આલંબન.** પણ એ ક્ષયોપશમનો વિષય. ભણેલા કેટલા ? ભણેલા–શાસ્ત્ર ભણેલા કેટલા ? અરે ઇચ્છા જ કેટલાની ? ટકાવારીમાં એક બે ટકા આવે. જ્યારે મૂર્તિ પ્રત્યે વિષમકાળમાં પણ ૮૦ ટકાનું આકર્ષણ. ધ્યેય ભલે જુદા છે. તે તરફ અંગુલિ નિર્દેશ અવસરે થશે. મૂર્તિ મહા આલંબન.

આલંબન સ્વચ્છ–સુડોળ અને કલામય હોય. આત્મામાં જન્મેલી બેડોળતા ટાળવી છે. કર્મોની જામેલી અસ્વચ્છતા

દૂર કરવી છે. કેવળજ્ઞાનની શ્રેષ્ઠ કલા પ્રગટાવવી છે. અજ્ઞાનના જામેલા અંધકાર ઢગ ઉલેચવા છે. પવિત્રતાના પૂર વહેતા કરવા છે. સાચી સ્વાધીનતા મેળવવી છે.

આધાર બધો આલંબન પર છે. ખાણમાંથી પત્થર નીકળે. ત્યાંથી જ શાસ્ત્રદર્શિત વિધિ શરૂ થાય છે. મંત્રોચ્ચાર તો હોય જ. મંત્ર એ શબ્દ ધ્વનિ છે. ધ્વનિનો ચમત્કાર તો આજે જગજાહેર છે. સંગીતનાં ધ્વનિથી ખેતી ખીલે. બાગના રોપા મોટા થાય. અધિક ફુલફળને આપનાર બને. પહાડના પહાડ તોડાય. તો મંત્રોથી અશુદ્ધ–અશુભ પરમાણુઓ દૂર ન થાય?

પવિત્ર સ્થળે પત્થર ઘડાય. નીચે રૂ ભર્યાં ગાદલા હોય. નહિ બેસે આજના ઝેર પીધેલને! ચોક્ખા સુરભિ ભર્યાં ઘીના દીપક હોય. માદક દશાંગધૂપ હોય. શા માટે? અશુભ વિચારો ટાળવા. શુભ વિચારો પ્રગટાવવા. દુર્ગંધિ પુદ્ગલોને દૂર કરવા. સુગંધિ પુદ્ગલોને સંક્રમ કરવા.

ઘડનારની માવજત વળી ઓર. કામ ઓછા કલાક કરવાનું. વેતન માંગે એથી સવાયું. ભોજન ભાતભાતના, ઋતુઅનુસાર મનની પ્રસન્નતા વધી જાય. મૂર્તિમાં સુંદર ભાવોની પ્રક્રિયાનું સંક્રમણ થાય. આકાર સુંદર. મુખાકૃતિ ખીલેલી. જાણે બોલી ઉઠશે. સૌમ્યસ્મિત ભર્યાં એ બિંબ. ગંભીરતાનું ગૌરવ ભર્યું પ્રતીક. આંખની નરી ભાવકરૂણાનો ભંડાર.

જિનબિંબો તૈયાર થયા. દેવત્વનું સંક્રમણ થવું જોઇએ. દેવાધિદેવપણું જન્માવવું જોઇએ. પછી જ પૂજાય. મહા મહોત્સવપૂર્વક પાંચે કલ્યાણકની ઉજવણી. વિશ્વકલ્યાણ માટે આચાર્યાદિ દ્વારા અંજન. અંજનમાં રહેલું છે આત્માનું

રંજન. પાપનું પ્રમાર્જન. મુક્તિમાર્ગનું ગમન. અંજનશલાકા-સોનાની સળી વડે થાય. એનું નામ અંજનશલાકા. આંખે આંજે અંજન. આંખો ખુલે, દુનિયા દેખાય. અંજન એટલે કેવળ-જ્ઞાનનું વિધિપૂર્વકનું પ્રતીક. એ આંખ પર ભક્તની આંખ ઠરશે. આધિ–વ્યાધિ–ઉપાધિનાં દુઃખો ટળશે. ઘાતિ સઘળાં મરશે. કેવળ જ્યોત પ્રગટશે. આ છે અંજનવિધિની અપૂર્વતા. ત્યાગી મહાત્માઓની લોકકલ્યાણની ભાવના !

પ્રતિષ્ઠા છે સ્થાપના જિનબિંબોની. જિનાલય તૈયાર થયું છે. સફેદ સંગેમરમરનું. જાણે પૃથ્વી પર ઉતરેલી આકાશ ગંગા. એક એક આરસ આરીસો બને છે આત્માનો. આદર્શ જીવનની યાદ કરાવે છે. જડ પાષાણ નથી રહેતા. બોલતા પુસ્તકો બની જાય છે. વિધિપૂર્વકની પૂરી ઉદારતા હોય તો. સમવેદના–સહિષ્ણુતા–લક્ષ્મીની અસારતા-ત્યાગ-સંયમ-તપના એ પ્રતીકો છે. શાથી ? બંધાવનારની જીવનકળાથી ! જિન-મંદિર–નિર્માતા એટલે ભવ્યાત્માઓનો ભ્રાતા.

નિર્માતા ઉદારતા ગુણનો ધણી હોય છે. લક્ષ્મી એને હાથનો મેલ લાગે છે. મંદિરનિર્માણ આદિ વિશ્વકલ્યાણ-કર કાર્યોમાં વપરાઈ એટલી જ સફળ. બાકી બધી વિફળ. અમુક અમુક ખાદ્યપેય વસ્તુનો ત્યાગ કરે છે. બ્રહ્મચર્યનું પાલન હોય છે. આયંબિલ આદિ યથાશકિત તપ ચાલુ હોય છે. સહિષ્ણુતા અને સમવેદના એનામાં વ્યાપક હોય છે.

આવો ભક્તજન દેખભાળ માટે તૈયાર થતા જિનમંદિરે આવેલ છે. કારીગરને ઉદાસ દેખે છે. કારણ પૂછે છે. ઘરે પત્ની બીમાર છે જાતકીય સારવાર–સંભાળની જરૂર છે. ભક્ત કારીગરને નીચે ઉતરવા કહે છે. દશ દિવસનું વેતન

અગાઉથી આપે છે. ઘેર જાવ. માવજત કરો મન પ્રસન્ન થયે આવજો. પગાર ચડતો રહેશે. હાં? આ ચિંતામાં કેટલા થર ચણ્યા છે. પાંચ–સાત. એ મગન! સાત થર કાઢી નાંખ. ફરીથી ચણાશે. સમજાય છે સહિષ્ણુતા અને સમભાવ! દેવાલય એટલે ઉદારતાનો દરિયો. મૂર્તિ એ સંસારસાગર તરવાનું અભેદ્ય જહાજ. **માટે પ્રતિષ્ઠા એટલે દુંદુભિનાદ. આમંત્રણ ભવ્યાત્માઓને ભક્તિ માટે.** શક્તિની ખીલવણી માટે. ધન્ય છે નિર્માતા! ધન્ય છે પૂર્વાચાર્યો! ધન્ય છે મહામંગળમય વિરાટ જૈનશાસનને!

## ધન કેવું જોઇએ ?

ઠેર ઠેર પ્રશ્ન થાય છે. સમજથી–અણસમજથી–ઠેકડીરૂપે પણ. ધર્મકાર્યોમાં ધન કેવું વપરાવવું જોઇએ? ઉત્તર છે કે શુદ્ધ નીતિ–સચ્ચાઈ અને પ્રમાણિકતાથી પેદા કરેલું. એવું ધન ન જ મળે તો ધર્મ કાર્યો અટકાવી જ દેવા? સાધન પ્રવાહ તદ્દન બંધ કરી દેવો! કે જેથી થોડે અંશે પણ ટકી રહેલી ધર્મભાવના નાબુદ થાય? ના, ધર્મભાવના નાબુદ નથી થવા દેવી. વ્યવહારશુદ્ધિના સિધ્ધાંતનો અપલાપ નથી કરવો. તેમજ દાનની રહી સહી ભાવનાને નેસ્ત–નાબુદ પણ નથી થવા દેવી.

વાત એમ છે કે સાચો ધર્મી મોટે ભાગે પ્રામાણિક અને નીતિમાન્ હોય છે. છતાં કોઈ કરડા સંજોગમાં, અનીતિ કરવી પડે તો એનો આત્મા દુઃખિત હોય છે. એ વાત એને ડંખ્યા કરે છે. એટલે એ તો ક્ષમ્ય કોટિમાં મુકાઈ જાય છે. પણ જેનો સારો ધંધો યા સર્વીસ અનીતિ અને અપ્રમાણિકતાની બેઝ પર ઘડાયો છે. લાખ્ખો કમાયો છે.

કમાયે જાય છે. એની વાતમાં શું ? આવા મોટે ભાગે ધર્મ માર્ગે ખર્ચનારા કેટલા ? અને કદાચ બે ટકા ખર્ચનારા હોય તો વાહવાહ અને કીર્તિલાલસા તો કારમી છે ને ? એટલે એવાને માટે કોઈ ધર્મનો સ્કોપ નથી. હવે રહ્યો એક વર્ગ.

જે ધર્મી નથી. નીતિમાન્ નથી. પણ પૂર્વપુણ્યના સહારે સારૂં કમાઇ પડેલ છે. આમદાનીનો કરન્ટ પણ જોરમાં છે. એવા કોક કોક આત્માને સાંભળવાથી વાંચવાથી કોઇક પળે સદ્‌બુદ્ધિ જાગી ગઇ. હે ભગવન્ ! આ બધું આ લક્ષ્મી ખાતર ? જે કઈ ઘડીએ રઝળતા કરી મુકે તેને માટે ? અંતે જેને છોડીને જવાનું જ છે. એને ખાતર આ પાપ ! આ અનીતિ ! દિલમાં પ્રકૃતિ તંત્રનો કરન્ટ લાગી ગયો. સત્યનું શાણપણ અંશે પણ જાગી ઉઠયું. એવા આત્માને કંઈક નર્મળ બનવાનું મન થયું. 'પશ્ચાતાપનું પુનીત ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે.' તેવાને ધર્મસ્નાન કરવા દેવું કે નહિ ? પવિત્ર બનવા દેવા કે નહિ ? કે ખાલી નન્નો ભણી એની છાતી ભાંગી નાંખવી ? ઉગેલા સદ્‌ભાવને ડામો દેવો ? પાંચ લાખ વિલાસમાં ખર્ચે તો કોણ રોકનાર છે ? તો સન્નિષ્ઠાપૂર્વક ધર્મકાર્યોમાં ખર્ચે તેમાં ઠેકડી શાની ? એમાં એની અનીતિને જરાય ટેકો આપણો નથી. પણ એનામાં જાગેલ પાપના પસ્તાવાને અને નીતિ તરફના પ્રગટેલ સદ્‌ભાને જ ટેકો છે. એમ કરતા તદ્દન નીતિમાન્ અને પ્રામાણિક બની જાય તો બહુ મોટો ફાયદો. એક સજ્જન સન્નાગરિકની સમાજને ભેટ મળશે.

જ્યાં આરે બાજુ ઘનઘોર અંધકારના ઘેરા કાજળ શ્યામ વાદળા જ વ્યાપક છે. ત્યાં એકાદ બે વીજળીના ઝબકારા

થતા હોય તો ભલેને થાય. ગમે તેવા સંજોગોમાં 'નીતિ'ને જ 'વ્યવહાર સિધ્ધાંત' લેખવો જોઇશે. અનીતિનું ધોરણ ખોટું એ ખોટું જ. છતાં હકીકત તરફ તદ્દન આડા કાન પણ ન જ થાયને ? આંખ સામે પ્રત્યક્ષ ૨૪ સે કલાક તરવરતી પરિસ્થિતિને કંઇ ફેંકી શકાય ? 'અર્થનીતિ' અને 'રાજ્યનીતિ' બન્ને જ્યાં 'નીતિ' રૂપે જ ન રહ્યા હોય ત્યાં કહેવાય પણ શું ? ભયંકર કરડા સંજોગોમાં પણ 'નીતિ–સત્ય–પ્રમાણિકતા' જ સિદ્ધાંત લેખાય. એનોજ ઉપદેશ અપાય. તોજ કોક વિરલ એનો ઉપાસક પણ જોવાને મળે. બાકી તો, હાઉસો ભાઇ, હાઉસોમાં, કોણ કોને કહે ? ઠેઠ ઉપરના સ્તરથી ઠેઠ નીચેના સ્તર સુધીની વ્યાપક બદીમાં જે કોક બચ્યો હોય કે બચે તેને શતકોટિ ધન્યવાદ.

આટલી ગંભીર પણ સ્પષ્ટ વિચારણા બાદ પ્રશ્નનો ઉત્તર સહજભાવે જેવો જોઇએ એવો ખુલાસાવાર મળી જ જાય છે. બાકી–ધર્મને, ધર્મીને, ધર્મગુરુઓને યેન કેન પ્રકારેણ હલકા પાડવાની વૃત્તિ જેનામાં જન્મી છે, તેમના ભાવિની જ બલીહારી છે. આથી વધારે શું કહેવાય ?

## ધન વિના ધર્મ થઈ શકે કે નહિ ?

પ્રશ્ન સરસ અને સમજવા જેવો છે, પ્રશ્ન પાછળ ધનની તીવ્ર લાલસા ન બેઠી હોય તો. જેની પાસે ધન છે, બેન્ક બેલેન્સ છે, સંસારદૃષ્ટિએ સુખી આર્થિક જીવન છે, એનોજ આ પ્રશ્ન હોય તો સાફ 'ના' માં એનો પ્રાથમિક ઉત્તર છે. એ એમ કહેતો હોય કે ખરેખર મારે મારૂં ધન ધર્મમાર્ગે વાપરવુંજ જોઇએ. પણ મારો પાપોદય છે. છતી શક્તિએ

એકપાઈ વાપરવાનું મારૂં દિલ જ નથી ચાલતું. તો તે ક્ષન્તવ્ય કોટિનો જીવ છે. જો એકરાર હૈયાનો—સાચા ભાવનો હોય તો.

હવે જેની પાસે ધન નથી. એવી આવક નથી. જમાનાની મોંઘવારી કનડે છે. એને માટે પૈસા ખર્ચ્યા શિવાયના પણ ધર્મમાર્ગ ઉભા જ છે. શીલ—સુંદર સ્વભાવ—નમ્રવાણી. બ્રહ્મચર્ય—સેવાભાવ—સહિષ્ણુતા જુદા જુદા તપની કોટિઓ. રસત્યાગ—જરૂરીઆતો પર કાબુ. નીતિ—સત્ય—પ્રામાણિકતા વિ. વિ. અનેક માર્ગે ધર્મનું પાલન કરી શકે છે. કરાવી શકે છે. અરે! આવો આત્મા તો, ઉદાત્ત ભાવનો બનતા, નાની આવકમાંથી બચાવી પાંચ પંદર, ધર્મમાર્ગે ખર્ચશે ત્યારેજ એને ચેન પડશે ચેન! આ તો અમારો અલબેલો ભારતીય ગણાય!

## સમાજ—ધર્મ અને લક્ષ્મીનન્દનો.

માલદારની સમાજને જરૂર ખરી? ધર્મમાં એમનું સ્થાન ખરૂં? હોય અને ન પણ હોય. સુયોગ્ય આત્મા અને માલદાર—ઉદાર એ તો સમાજના રખેવાળ છે. સમાજની પ્રતિષ્ઠા છે. સમાજ એને અભિનંદે છે. પ્રશંસાના પુષ્પો વેરે છે. ફુલહારથી સન્માને છે. એનો મોભો વધારી દે છે.

ધર્મમાં પ્રવેશેલા નિરભિમાની આવા આત્મા અનુમોદનાના પાત્ર બને છે. ધર્મગુરુઓ ઉત્તમ માર્ગે દોરી એનું આત્મકલ્યાણ સધાવવામાં દત્તચિત્ત હોયછે.

પણ ૫૦૦ ખર્ચીને પાંચ હજારનો દેખાવ કરનારને સમાજ ઓળખી લે છે. અક્કડ છાતીની પરખ સમાજનાયકોને હોય છે. માને છે કે જાવા દ્યો! આપણે શું? છોને જરા ફુલાય. આપણે કામથી કામ રાખો. દશ હજાર આપી તો જવા દ્યો. એક ફરફરીઉ ને ફુલહાર એને માટે બસ છે.

ધર્મમાં તો આવાને જાણી બુઝીને–સમજપૂર્વક સ્થાન અપાય જ નહિ ને? એક વાત છે. એને માર્ગસ્થ બનાવવાની બુધ્ધિએ ઔચિત્ય જરૂર સચવાય. ઠેઠ આગળ બેસાડાય એમાં ઉહાપોહ અને ટીકા અદેખાઇ કરનાર માર્ગ ભૂલેલા પુણ્ય-પાપના ખેલને સમજ્યા નથી. છીછરા હૈયાના છે.

## શું ધર્મ ઝગડા કરાવે છે?

ધર્મ અને ઝગડો એ વાત જ ખોટી. પાયો જ ખોટો. ધર્મ એ ધર્મ છે. પ્રશમ એનો પાયો છે. પ્રશમ એનું શીખર છે. ધર્મ એ પ્રકૃતિનું સૌંદર્ય છે. મુક્તિ સૌંદર્યની ટોચ છે. આમાં ઝગડો પેસેજ ક્યાંથી? અજ્ઞાનથી ઉંધું દેખાય. મોહથી સત્ય અસત્ય દેખાય. એમ મોહથી જમાનાના ગાઢ અંધકારમાં ધર્મમાં ઝગડો દેખાય. બાકી સિધ્ધાંતરક્ષાને–સત્યની આલબેલને ઝગડો કહેનારને મુબારક. એ પામર પ્રાણીની દયાજ ખાવી રહી. કારણ કે ભાવદયા તો શાસનના પ્રત્યનીક માટે પણ ધર્માત્માઓમાં જીવતી જ હોય છે. જીવતી જ રહેવી જોઇએ. આ છે જૈનશાસન. વીતરાગ પરમાત્માનું આર્હત્ શાસન–વિશ્વ કલ્યાણકર મહાસામ્રાજ્ય.

બાકી એક વાત સ્પષ્ટ જણાવી દેવી જોઇએ. સિધ્ધાંત-રક્ષામાં પણ દીલની સચ્ચાઇ. કટુ વાણી વાપરશે નહિ. અઢિયા ઉંઠા ભણાવશે નહિ. કહેતી પણ આંકની ગડિયા પાડવી પડી આવો છે સંસાર! સમજવા આવનારને પોતાની માન્યતા સ્પષ્ટપણે–શાસ્ત્રની પંક્તિઓ દ્વારા જ સમજાવશે. પંક્તિઓનો અર્થ સરળ અને શુધ્ધ બતાવીને. આમાં ક્યાં ઝગડો કે કલહ! ક્યાં મારામારી કે ગાળાગાળી!

પણ સંસાર વિચિત્ર છે. જેવું હૈયે તેવું હોઠે. જેવું કોઠે તેવું બ્રહ્માંડે. સ્વાર્થ શયતાન છે. અવળચંડાઈજ કરાવે.

ધર્મનો ખપ નથી. ટીંબળમાં રસ છે. ધર્મક્ષેત્રે પણ સ્વાર્થને ચરતો મુકવો છે. ત્યાં બિચારા આત્માને ઉંધુ જ દેખાય. સત્યની સામે નજર કરે જ નહીં. કોઇ કરાવે તો બાંડુ ભાળે. 'વર મરો કન્યા મરો મારૂં તરભાણું ભરો' વાળો ન્યાય. દેખાવા દો ઉંધુ. કરૂણાપાત્ર છે. એમને ધર્મમાં જ ઝગડા દેખાશે. પૈસા ખાતર–જમીનના ટુકડા ખાતર–પ્રેયસી માટે ત્રણ ત્રણ કોર્ટો કરનારા મોટા ભાગને આજના જમાનામાં એમ જ દેખાવાનું? પણ એક પ્રશ્ન પૂછી લઇએ, સમગ્ર વિશ્વની સમગ્ર ફાઇલોમાં ધર્મના ઝગડાના કેસ કેટલા? ૦। પા ટકો પણ હશે?

## ધર્મ રાષ્ટ્રને ઉપકારક છે.

રાષ્ટ્રને, રાષ્ટ્રની પ્રજાને ખરેખરા અર્થમાં ઉપકારક જ ધર્મ છે. ધર્મ નથી તો નીતિ નથી–પ્રમાણિકતા નથી. પછી સત્ય અને અહિંસા તો હોય જ ક્યાંથી? તદ્દન સાચા અર્થમાં સત્ય ને અહિંસા લ્યો. કોઇ પણ રાષ્ટ્ર કે રાષ્ટ્રની પ્રજા આ બે તત્ત્વ સિવાય જીવ્યા નથી–જીવતા નથી–જીવવાના નથી. રાષ્ટ્રધર્મ પણ પ્રજાના ભાવપ્રાણની રક્ષા માટે છે. ભાવ-પ્રાણની રક્ષા વિના દ્રવ્ય પ્રાણની હૂબહૂ રક્ષા થતી નથી. બાકી અજ્ઞાન પાગલતા ગમે તેમ બોલે. અધમ સ્વાર્થ ધર્મા-ભાસને ધર્મ મનાવે. એમાંથી રાષ્ટ્રને નુકશાન થાય. પ્રજા પીડાય અને ધર્મનું નામ ખોટું ગવાય. ત્યાં થાય શું? ઉપાય શો? ધર્મ–ત્યાગ–અહિંસા–સત્ય–તપની વ્યખ્યાઓજ જ્યાં ત્યાં ઉંધી થવા માંડી ને? પ્રજાને રવાડે ચડાવી દે. ત્યાં મોટા ભાગની પ્રજા કરે પણ શું?

## ક્રિયાઓમાં ધર્મ કેમ મનાયો ?

ક્રિયા સાક્ષાત્ જ્ઞાન છે માટે. પ્રેકટીકલ છે માટે. એલ-એલ-બીની ડીગ્રી મેળવ્યા પછી શું ?

સારા-નામાંકિતના હાથ નીચે ઓછી-વત્તી પ્રેકટીસ કરવી જ પડે ને ? તેમાં જ સફળતા અને સારો ચાન્સ ! જ્ઞાનને વિજ્ઞાનમાં પરિણમાવવાની યોજના એ જ ક્રિયાઓ. રસોઈ માત્ર ચોપડીઓ જ વાંચ્યા કરે ન આવડે. માટે તેના જાણના હાથ નીચે ક્રિયાત્મક બનવું પડે.

ક્રિયા પારદર્શક છે. ભાવનો પડઘો પાડીને રહે છે. ક્રિયા વેગીલી પણ છે. હૈયાભાવને વેગ આપનારી છે. ધર્મ-ક્રિયા એટલે સદ્ભાવની ચડતી શ્રેણિનું પ્રતીક. ઉંધા ભાવે કરનારને ઉંધું ફળ મળે.

સામાયિક સમતા ગુણ પ્રગટાવે-ખીલવે. પ્રતિક્રમણ મનને પાપથી પાછું વાળે. કરેલાનો પશ્ચાતાપ કરાવે. પૌષધ ધર્મની પુષ્ટિ કરે. આત્માને સંયમભાવમાં પુષ્ટ બનાવે. પૂજા મહાપાવનકારી. નાથને ઓળખાવે. આત્માને જગવે. વ્યાખ્યાનવાણી દેવગુરુધર્મની ઓળખ આપે. ભાવના ભક્તિમાં તરબોળ બનાવી આત્માનંદ કરાવે. ક્રિયાઓ આત્મભાવની સાક્ષાત્ નિસરણી.

### લાડુનું દષ્ટાંત.

ઘી ગોળ અને લોટનો લાડુ બને ? હા બને ! ત્રણ થાળમાં ત્રણે હાજર છે. બની જશે ! ભલાભાઇ, એમ તો બને ? ત્યારે શું શું કરવું પડે ? અરે ઘણી ઘણી વિધિ-પાછો સ્ટવ કે ચૂલો અને બીજા અનેક સાધનો પણ જોઇએ. દરેકનું પ્રમાણ પણ માપસર જોઇએ. ગોળ તો સારો. ઝાઝો પડે તો શું

વાંધો? મોજ મરી જાય. સારૂં ભાઇ! તમારી વાત કબુલ. તમારા કહ્યા પ્રમાણે લાડુ બનાવ્યો, થાળીમાં પીરસ્યો પણ ખરો. જોજો અડકશો નહિ. કહોને ભાઇ લાડુ કેવો સ્વાદિષ્ટ બન્યો છે? ભારે કરી ભાઈ! મોંમાં મુકવા દેવો નથી. સ્વાદ પૂછવો છે. મોંમાં મુકવા દ્યો. ચાવવા દ્યો. જીભને ચટકો લાગવા દ્યો. સારૂં પછી તો કહેશોને કે કેવી મીઠાશ? મીઠાશનું વર્ણન તો કેવી રીતે થાય? તમે જ જરા કટકો મૂકી જુઓને જીભ પર. ક્રિયા–ક્રિયા–ને ક્રિયા!

ક્રિયા વિના જ્ઞાન નહિ. **सम्यग् ज्ञानक्रियाभ्यां मोक्षः** જ્ઞાન ક્રિયાની જ્યોત છે. ક્રિયા જ્ઞાનનું રક્ષક છે. પોષક તત્ત્વ છે. ૧૪મે ગુણસ્થાને અક્રિય બનશે! પછી કોઈ યોગે નહિ કોઈ ક્રિયા નહિ. **અક્રિય બનવા માટે પણ ક્રિયાઓ અતિ જરૂરી છે.**

## એકલું ધ્યાન ન ચાલે?

કેવળજ્ઞાન મેળવવા માટે ધ્યાન છે ને? ધર્મ ધ્યાન એ શાસ્ત્રે જ કહ્યા છે ને એ શાસ્ત્રે જ ધ્યાનની બધી ભૂમિકાઓ બતાવી છે. ખાલી નાક દબાવી પદ્માસન જમાવી દેવાથી ધ્યાન આવે? **મન–વચન–કાયાનું નિવર્તન એ જ પ્રાથમિક ધ્યાનની ભૂમિકા ને?** એ જ યોગની શરૂઆતને? મન ચંચળ રખડતું ફરે ને ધ્યાની વાત કેવી? આલંબનમાં તો મન સ્થિર થવા દ્યો. શુભ પ્રવૃત્તિ વિના મનની સ્થિરતા ક્યાંથી? શુધ્ધ આશયથી પ્રવૃત્તિ નિવૃત્તિ લાવશે.

લક્ષ્મીનું માત્ર ધ્યાન કર્યા કરો. વેપાર માટે જશો નહિ. નોકરીની વેઠ કરશો નહિ. લે, આમાં ભૂખ્યા રાખવાની વાત જ ક્યાં છે? આ તો કોરા ધ્યાનને ટેકો આપવાની વાત છે.

માટે ખાલી ધ્યાનની વાતોમાં મોહાશો નહિ. જિનદેવની આજ્ઞા પ્રમાણે સઘળું કર્યે જાવ. ધ્યાનની ભૂમિકાએ ધ્યાન એની મેળે આવશે. અદ્દભુત આનંદ આપશે.

દેવાધિદેવ ચરમતીર્થપતિ ભગવંત મહાવીરનું ધ્યાન તો અદ્-ભુત ને! પરિષહ ઉપસર્ગો સહ્યા? કેવા ભયંકર? છતાં અચળ રહ્યા. તપ ૧૨ાા વર્ષનો. માથું ભમાવી દે એવો! છે આ તાકાત? અને પાછલા ભવોની અરે એકલી" નંદનરાજર્ષિના ભવની આરાધના? તપ સંયમ? શુદ્ધ આચરણા અને આરાધના વિના ધ્યાનની વાતો દંભમાં કે આત્માની છેતરપીંડીમાં ન પરિણામે તો આત્માનું કલ્યાણ.

## આજે શ્રી તીર્થંકર દેવો ક્યાં છે?

વર્તમાન કાળમાં પાંચ મહાવિદેહમાં ૨૦ તીર્થંકર ભગવંતો ચરાચર વિશ્વને જોતાં જાણતા આ વિરાટ વિશ્વ-ભૂમિ પર વિચરી રહ્યા છે. દરેક મહાવિદેહમાં ૩૨ વિજયો (૧ વિજય=લગભગ ૧ ભરતક્ષેત્ર) હોય છે. તેમાંની ચારમાં ચાર તીર્થંકરદેવોનું આજે અસ્તિત્વ છે. એટલે કે પાંચ મહાવિદેહમાં ૨૦ જિનેશ્વરદેવ મહાજ્ઞાનનો પ્રકાશ ફેલાવી રહ્યા છે. તે ક્ષેત્રોમાં સદા ચોથા આરાના ભાવ વર્તે છે. ત્યાં ધર્મનો અને તીર્થંકરદેવોનો વિરહ થતો નથી.

તે વીશ તીર્થંકરદેવોના બે ક્રોડ કેવળજ્ઞાની મહાત્માઓ છે. બે હજાર ક્રોડ સાધુ મહાત્માઓ આત્મસાધના કરી રહ્યા છે. કોઈ ઉચ્ચ કોટિના દેવની સહાય કે પ્રસન્નતા મળી જાય તો તે પરમાત્માના સદેહે દર્શન આજે પણ કોઇ પુણ્યશાળી આત્મા કરી શકે, માટે તો રોજ સવારના પ્રતિ-ક્રમણમાં સીમંધર સ્વામીનું ચૈત્યવંદન કરવામાં આવે છે.

મહામહોપાધ્યાયજીને તત્કાલીન પ્રર્વતમાન પરિસ્થિતિ શ્રી સંઘની જોઈ આઘાત થયો છે. શ્રી સીમંધર સ્વામિને ૧૨૫ ગાથાના સ્તવનમાં પ્રથમની બે ઢાળમાં માર્મિક વિનંતિ કરી છે. 'સ્વામી સીમંધર વિનંતિ, સાંભળો માહરી દેવ રે.'

શ્રી સીમંધરસ્વામી પુષ્કલાવતી વિજયમાં જન્મ્યા છે. પિતા શ્રેયાંસરાજા, સત્યકી રાણી માતા. ૧૭ માં કુંથુનાથ અને ૧૮ માં અરનાથ ભગવંતના વચ્ચેના કાળમાં પ્રભુશ્રીનો જન્મ થયો છે. ૨૦ મા શ્રીમુનિસુવ્રતસ્વામિ અને ૨૧મા શ્રી નમિનાથ ભગવાનના અંતરમાં પ્રભુએ સંયમ લીધું છે. આવતી ચોવીશીના શ્રી ઉદયપ્રભુ અને શ્રી પેઢાલ સ્વામીના અંતરમાં સીમંધરસ્વામી સિધ્ધિપદને પામશે.

## ભાલ તિલકની ભવ્યતા.

પૂજા કરનાર ભક્તજન પ્રથમ પોતાને ભાલે તિલક કરે છે. કેશરચંદનમિશ્ર- કેશરીયો ચાંલ્લો જૈન તરીકે ઓળખે. જૈન તરીકે ઓળખાવે એટલે જિનની આણાની અડગ શ્રધ્ધા અને શક્ય પાલન છે. 'તિલક કરે તારક નામનું જિનઆણા શિર વહે' આ તો સર્વજ્ઞ ભગવંત પામ્યાનું ગૌરવ તિલક છે. આ ગૌરવ ત્રણે ગારવદોષોનું નાશક છે. અકાર્ય કરતા અટકાવનાર ચોકીયાત છે.

પણ તે શિવાય ગળે, હૃદયે અને નાભિએ એમ ત્રણ તિલક પૂજા કરનારે ખાસ કરવાના છે. બોલવાનું-ઉચ્ચાર કરવાનો જિન આજ્ઞા પ્રમાણે. વ્યવહારમાં હૈયું સાફ છે એમ બોલાય છે. માટે હૈયે જિન આણા ધરવાની અને શ્રદ્ધા-ધર્મપ્રેમી-તત્વજ્ઞાન ઉંડા અને ડુંટીએ જામ થઈ જવા જોઇએ.

શિવાય આની પાછળ આત્મકલ્યાણના હેતુથી તન-

મનના વૈજ્ઞાનિક પ્રયોગોનું તંત્ર બેઠેલું છે. પૂર્વ પુરુષોએ યોજેલી પ્રક્રિયાઓની પાછળ છુપું રહસ્ય રહેલું છે. પાટલા પર બેસીને જમવાની ગૃહસ્થ પ્રક્રિયામાં, ઉનના આસન પર બેસવાની સાધુ પ્રક્રિયામાં, ૩–૩॥ હાથ દૂર દ્દષ્ટિ રાખી ચાલવાની પ્રક્રિયામાં સ્વપર–કલ્યાણની સુંદર રેખાઓ અંકિત થએલી છે.

## આરતી–મંગળદીવો

'અરતિ કો ઉતારણે આરતી' રતિ–અરતિ, આનંદ–ખેદના દ્વંદને ટાળવા નાથની આરતી ઉતારાય છે. પાંચ દીવેટનો સંકેત પાંચ જ્ઞાનની પ્રાપ્તિ સૂચવે છે. મોટે ભાગે બોલવાની આરતીની પાંચ કડી હોય છે. આત્માઓ ભક્તિમાં ગુમભાન બની જાય છે. વાદ્યોથી વાતાવરણ શુધ્ધ બની જાય છે. નાના બાળકો પર કોમળ સંસ્કારો પડે છે. ધર્મભાવના જાગૃત થાય છે.

મંગળદીપ છે નાથ ત્રણ જગત્‌ના, કેવળ જ્યોત ઝળકે છે નાથના આત્મામાં. તેનો પ્રકાશ ઝીલવો છે ઉપાસકોને. પ્રકાશનું પ્રતિક છે નિર્મળ ઘૃત–દીપક. ઘીના દીપ–ઘીની રોશની, સ્વચ્છ વાતાવરણ અને દ્રવ્યભાવ સ્વાસ્થ્યની દ્દષ્ટિએ અતિ જરૂરી છે.

'ત્રણ જગ દીપક નાથ, તું દેજે અમને સાથ.'

## ચામર ઢાળવા

આ છે એક સુખદ રાજપ્રતિક–દેવેંદ્રો ચામર બન્ને બાજુ વીંઝે પોતાને કૃતકૃત્ય માને છે. નૃત્ય સાથે પણ ચામર પૂજા અદ્‌ભુત થાય છે. આજે તો મોટે ભાગે ચામરો જોવા ગમે તેમ નથી. ટુંકા–કાળા પડી ગએલા કે પીળા. શા માટે?

ભક્તિનો ભાવ ગયો એથી. ત્રિજગત્પતિના પરમોપકારને નથી પીછાન્યો તેથી. સ્વચ્છ—મોગરાના ફુલ જેવા શ્વેત—વિકસિત—આંખને ઉડીને બાઝે એવા—બે—ચામર—ગભારાની બે બાજુ—સુંદર કાચના કેસમાં હોય. સરસ ચાંદીની—સાંકળ જરા લાંબી બાંધી હોય. ચામરની રક્ષા થાય. મેલા ન થાય. જ્યાં ત્યાં ભક્તજનો મૂકી ન દે. જોતાંજ ચામર વીંઝવાનું મન થાય.

હે સ્વામિન્! ઠેઠ ઉંચેથી નીચે આવીને નમતા ચામરો ખરેખર જીવંત બની ગયા હોય એમ લાગે છે. પ્રેરણા આપી રહ્યા છે. જેઓ નાથના નાથ વિશ્વોદ્ધારક વિશ્વવંદ્ય તીર્થંકર દેવોને નમે છે, તે શુદ્ધ ભાવથી ભરેલા આત્માઓ શીઘ્ર ઉર્ધ્વગામી બનશે. એક સમયના કાળમાં સિધ્ધશીલા પર વાસ કરશે. ત્રણ જગતમાં આત્માની સુવાસ ફેલાવશે.

## શ્રી જિનેશ્વર દેવોનાં પાંચ કલ્યાણકો

કલ્યાણક શબ્દ ખૂબજ ઉંડા હેતુપૂર્વકનો છે. ત્યાં આધુનિક નવ્ય શબ્દ ફીટ થાય જ નહિ. ત્રણ જગતનું કલ્યાણ કરવાની અદ્ભુત તાકાત તીર્થંકરોમાં જ હોય છે. તે તાકાત તીર્થંકરના ભવથી પાછલા ત્રીજા ભવમાં પેદા કરેલ છે. માથું ડોલવા માંડે એવી ઉત્કૃષ્ટ ધર્મ—આરાધનાથી. તે આરાધના દેવલોકમાં પણ મહાવિરાગી રાખે છે. કદાચ કવચિત્ નરક—વાસ થતાં પણ ઉચ્ચ કોટિનો પ્રશમ અનુભવે છે.

૧ દેવલોકમાંથી ચ્યવે ત્યારે પણ નંદીશ્વર દ્વીપમાં 'કલ્યાણક' ઉજવણી અઠ્ઠાઈમહોત્સવથી દેવો કરે. કારણ કે ત્રણ જગતના સુયોગ્ય આત્માના ઉધ્ધારક માતાની કુક્ષિએ પધાર્યા અને તીર્થંકર તરીકેના ઉંચા પ્રતિક તરીકે ચૌદ મહા

સ્વપ્નો માતા જુએ છે. માટે ચ્યવનથી જ તીર્થંકર દેવોના તીર્થંકરત્વની પૂજા દેવો શરૂ કરી દે છે.

૨. સ્વામી જન્મે છે. ૫૬ દિગ્કુમારી શુચિકર્મ કરે. ત્યારે ઠાઠ અને ઉત્સાહથી ૬૪ ઇંદ્રો મેરૂગિરિ પર હાજર થઇ જાય. પ્રથમ દેવલોકના ઈંદ્ર બાળ પ્રભુને મેરૂ પર લઇ જાય. ભક્તિભર હૈયું પાંચરૂપ ધારણ કરે. છત્ર તો પોતે ધરે. ચામર તો પોતે ઢાળે બન્ને બાજુ. આગળ વજ્ર ઉછાળે પણ પોતે. હૈયા પાસે બે હાથમાં પ્રભુને બિરાજમાન કરનાર પોતે જ. અભિષેકમહોત્સવ એટલે સ્નાત્રમહોત્સવ. રત્ન સ્વસ્તિક–આરતી–મંગળદીપ–નમુત્થુણં–શક્રસ્તવ. દેવોનો હર્ષ-નાદ–નૃત્ય–કુદાકુદ. આનંદની સીમા નહિ.

પાછા ઈંદ્ર પ્રભુને માતા પાસે મુકે. રત્નદડો અને દુકુલ વસ્ત્રયુગલ, રક્ષાઘોષણા. નંદીશ્વર દ્વીપમાં અઠ્ઠાઈ મહોત્સવ. બધુંય તદ્દન સત્યતાથી ભરેલું. મહાપુણ્યનું કુદરતી પરિ-ણામ. જરાએ આશ્ચર્ય નહિ. અતિશયોક્તિનું નામ નહિ. કેટલું લખાય!

૩. પ્રભુજીના દીક્ષા સમયને એક વર્ષ બાકી છે. લોકાં-તિક દેવો આવે. હર્ષપૂરમાં ખેંચાતા નાથને વિનંતિ કરે. તીર્થ પ્રવર્તાવો નાથ! જગદુધ્ધાર કાજે સંયમ અવસર જાણોજી. અવધિજ્ઞાની પ્રભુ તો જાણે જ છે. પણ પોતાનો શુભ આચાર દેવો કેમ ચુકે?

વર્ષીદાન–બાર બાર માસ સુધી. સુવર્ણ નાણું. સારૂં વજનદાર ઘડૂ. ઉપર નામ ઉપકારી માતા–પિતાનું લઈજાવ-લઈ જાવ. ૩૮૮ ક્રોડ ઉપરના દીનારનું દાન. સર્વત્યાગ. દેવેં-દ્રોએ ઉપાડેલી પાલખી. શોભાયાત્રા. અશોકાદિ વૃક્ષ નીચે

પંચમુષ્ટિ લોચ. મહાભીષ્મ પ્રતિજ્ઞા. करेमि सामाइअं. દેવેંદ્રની શાંતિ માટેની ઉદ્દઘોષણા.

૪. અનેક પરિષહ–ઉપસર્ગો. સમતાભર્યું અચળ–અડગ ધ્યાન. રાગદ્વેષનો સમૂળ નાશ. મોહની કાયમી વિદાય ૧૩મું ગુણસ્થાન. સર્વતોમુખી–સંપૂર્ણજ્ઞાન. ૬૪ ઈંદ્રોનુ આગમન. સમવસરણ રચના. શાસન સ્થાપના. શ્રી ચતુર્વિધ સંઘની વ્યવસ્થા ચતુર્મુખ ઉપદેશ. બે ધર્મનો ચાર પ્રકારનો વિ. વિ.

૫. રાજરાજેશ્વરો-નગરપતિઓ-શેઠીઆઓ. ઉપદેશ સાંભળે. જાગૃત થાય, ઉભા થાય. સંયમ સ્વીકારે. દેશવિરતિધર બને. સમ્યક્ત્વ ઉચ્ચારે નાથ મુખે. માર્ગાનુસારી સત્ય–નીતિ–પ્રમાણિકતા જીવનમાં આવે છે. જગદુદ્ધારક આયુષ્ય પૂરૂં થતા છેલ્લો જન્મ સમાપ્ત કરે છે. અજન્મા બની સિધ્ધિસ્થાને અનંત અવ્યાબાધ સુખના ભોક્તા બને છે. ધન્ય સ્વામી !

પાંચે કલ્યાણકો દેવો નંદીશ્વર દ્વીપમાં ઉજવે. વિદ્યાધરો વૈતાઢ્યના પણ નંદીશ્વર ઓચ્છવમાં ભળે. મનુષ્યો નિજ નિજ ગામ–નગરમાં દેવાલયોમાં કે સ્વઆંગણે બૃહદ્‌મંડપમાં ઉજવે. આજે પણ પાંચે કલ્યાણકોની યત્કિંચિત્ વિધિ અમદાવાદમાં સચવાઈ રહી છે. પાંચે કલ્યાણકોના વરઘોડા નીકળે છે.

કલ્યાણકોના દિવસે દર્શન–પૂજન–મહાપૂજન–તપ–જપ-ત્યાગ આદિ દ્વારા મુક્તિમાર્ગની આરાધના આજે પણ થાય છે. 'આરાધતા કલ્યાણક પાંચ, પામે ભવનો પાર.' કલ્યાણક એની રીતે જ ઉજવાય. શાસ્ત્રમાં એની વિધિ બતાવી છે. આડી અવળી રીત ધર્મથી ચ્યુત કરનાર છે. ધર્મધ્વંસક. શાસનને હતપ્રહત કરવાની યુક્તિ–પ્રયુક્તિ છે. આત્મકલ્યાણ કરે કલ્યાણક !

## ચૌદ સ્વપ્નોનું રહસ્ય.

દરેક તીર્થંકરના માતા પ્રભુનો આત્મા ગર્ભસ્થ બનતા ચૌદ સ્વપ્ન જુએ છે. આવનાર મહાન્ આત્માના સર્વોત્તમ ગુણોની આગાહી છે. પુણ્ય પ્રકર્ષની કુદરત સર્જિત નિશાની છે.

**૧ ઉંચો સફેદ હાથી**–ચાર દાંત ચતુર્વિધ ધર્મ કહેશે એમ સૂચવે છે. મોહના મહાન્ કિલ્લા પર નિડર બનીને દોડનાર છે. ચાર ગતિનો સ્વ–પર માટે અંત કરનાર થશે.

**૨ મુખ્ય વૃષભ**–સંયમનો ભાર વહેશે. ભરતક્ષેત્રમાં ભવ્યજીવોના હૈયામાં બોધિબીજ વાવશે. ઉન્નત કકુદ પ્રભુશ્રીના ઉંચા–ગોત્ર વંશને સૂચવે છે.

**૩ સિંહ**–ભવ્યજનોનું રક્ષણ કરે છે. કુતીર્થિક રૂપી હિંસક પશુઓથી. પરિષહ રૂપી હાથીઓને ભેદી નાખનાર. કોઈની સહાય નહિ. બીકનું તો નામ જ શેનું?

**૪ લક્ષ્મીદેવી**–વાર્ષિક દાન આપશે. જિનપદરૂપી લક્ષ્મીને વરશે. લક્ષ્મી–ચંચળ–ચપળ. એને પણ કીર્તિસ્થાનમાં સ્થિર બનાવી દીધી.

**૫ પુષ્પમાળા**–ત્રિભુવનના લોકો પ્રભુશ્રીની આજ્ઞા શિરોધાર્ય કરશે. સારૂંએ વિશ્વ યશની સુવાસથી વાસિત બનશે.

**૬ ચંદ્ર**–પ્રભુના સંગે સૌ અકલંકિત દશા પામે. ચંદ્રને પણ નિષ્કલંક બનવાનું મન થાય ને? ભવિકુમુદો પ્રભુચંદને જોઇ જોઇ ખીલે જ ખીલે.

**૭ સૂર્ય**–અંધકારનો હરનાર. નાથ અજ્ઞાનને વિદારનાર. સૂર્યથી કમળ વિકસે. ભવ્યો ભગવંત પ્રતાપે ખીલે. પ્રભુશ્રીનો સદાનો ઉદય સૂર્ય પણ ઝંખે.

૮ **ધ્વજ**–પ્રભુશ્રી કુલના ધ્વજ. કેવળજ્ઞાન પછી ધર્મ-ધ્વજ–ઈંદ્રધ્વજ આગળ ને આગળ રહેશે. ધ્વજ પણ સૂચવે છે કે ત્રિભુવનમાં સર્વશ્રેષ્ઠ મહંત આ એક જ છે.

૯ **કુંભ**–રત્નત્રયીનો બનેલો મહાપ્રાસાદ. તેના કુંભ-કળશ–શિખર પ્રભુશ્રી છે.

૧૦ **પદ્મસરોવર**–નવકમળ નમણા માખણ જેવા મૃદુ સુવર્ણના દેવો રચે. તે પર પગ મુકી મુકી મંગળ પ્રયાણ થયા કરે. જ્ઞાન–જળ–કેવળજ્ઞાનના નીરે જ કમળો તાજા દેખાતા હશે ને ?

૧૧ **ક્ષીરસમુદ્ર**–ગુણરત્ન ગંભીર પ્રભુશ્રી. ક્ષીર સમુદ્ર જેવા મિષ્ટ સ્વભાવવાળા પ્રભુશ્રીનો અભિષેક સ્વનીરથી થાય એમ સમુદ્ર ઈચ્છે છે.

૧૨ **વિમાન**–ચારે નિકાયના દેવો પ્રભુશ્રીની સેવા કરશે.

૧૩ **રત્નરાશી**–વાર્ષિકદાનમાં ઢગલે દાન દેશે. દેવરચિત ત્રણ ઢગ પર બેસી સ્વામી દેશના દેશે.

૧૪ **નિર્ધૂમઅગ્નિ**–કર્મરૂપી કાષ્ઠોને પ્રજાળી દેશે. સ્વામીનો આત્મા કર્મરહિત શુદ્ધ કંચન જેવો બનશે. અનેક ભવ્યોને શુદ્ધ બનાવશે. પ્રશમમાં ધૂમ ન જ હોય ને ?

ચૌદે સ્વપ્નનું સામટું ફળ. સ્વામી ચૌદરાજલોક પર સિદ્ધ-શિલાને સ્થાને બિરાજમાન થશે. ચૌદે સ્વપ્ન વિશદ ગુણ, લક્ષણ યુક્ત અને તેજસ્વી હોય છે. આવા નાથના નાથની હોડ કરવી એ બાલિશતાજ ગણાય ને ? આજ્ઞાપાલન એ જ ધર્મ બને ને ?

## પ્રભુશ્રી ગૃહસ્થ જીવન કેમ જીવે ?

કર્મની ગતિ ન્યારી છે. તીર્થંકર દેવોને પણ બાકી રહેલા ભોગાવળી કર્મો ઉદાસીન ભાવે પણ ભોગવવા પડે છે.

માટે પુણ્ય એ પણ સંસારની બેડી છે. ભગવંત ઋષભદેવને ઈંદ્ર વિનંતી કરે છે. નાથ, વિવાહ કર્મ કરવાનો અમારો કલ્પ છે, પ્રથમ તીર્થંકર માટે. સ્વામીનું મુખારવિંદ કરમાય છે. નજર નીચી ઢળી જાય છે. મનમાં કર્મસત્તાના વિચારોનું મંડલ રચાય છે. અમે તીર્થંકર થવાના આજ ભવમાં. અવધિજ્ઞાન સાથે લઈને આવીએ. છતાં આ અશુચિ ભોગો અમને ઘસડે ? ભોગાવલી કર્મો પણ ભારે ખેપાની.

મૌનને સમ્મતિ મનાઈ. લગ્ન ક્રિયા પતી. પણ પ્રભુનો વિરાગ વધતો જાય છે. દેહ ભેગોપભોગમાં આવી જાય. દાક્ષિણ્યતાથી પણ કેટલીક વનવિહારાદિ ક્રિયાઓ થાય. પણ મન વિરાગ તરબોળ. સમયની રાહ જુએ. સમયસર ત્યાગ એ જ ધ્યેય.

આવા પ્રભુ ઔચિત્યની દૃષ્ટિએ સંસાર વ્યવહાર—સગાસંબંધી પણ સાચવે—૬૪ કળા પુરૂષોની, ૭૨ કળા સ્ત્રીઓની શીખવી. એ તો અપેક્ષાએ ધર્મ—પ્રવર્તક ઔચિત્યની આચરણા પણ ખરી ને ? પ્રથમ તીર્થંકર ધર્મશાસન પ્રવર્તાવે. તે પહેલા અનભિજ્ઞ લોકોને ઔચિત્ય વ્યવહાર પણ સમજાવવો પડે ને? નહિ તો માંહોમાંહે લઢે—વઢે અને મરે. કલેશ દ્વેષના બંધને દુર્ગતિમાં જાય. માટે તીર્થંકરોના ઔચિત્યથી થતા સત્યાદિ કાર્યોને ઉપાદેય તરીકે ઠોકી ન બેસાડાય.

ભગવંત શ્રી મહાવીર દેવે ગર્ભમાં અભિગ્રહ ધારણ કર્યો માતપિતાની ભક્તિથી, પણ તે પાછળ તીર્થંકરગત ઔચિત્ય, અનૌચિત્ય પરિહાર. કર્મોની શીથીલ પરિસ્થિતિ. વિ. વિ. બાબતો વિચારવાની કે નહિ ? અનુકરણ ન થાય છતાં ઔચિત્યકરણ જ કરવું હોય તો કરો પ્રતિજ્ઞા કે માતાપિતા સ્વર્ગસ્થ

થાય કે તૂર્ત સંયમ લેવો જ. સરસ છે ને અનુકરણ ! અગાડીનું અનુકરણ સાડાબાર વર્ષનો ઘોર તપ અને ધ્યાન, શરૂઆતમાં વર્ષીદાન એ વાતો ભલે જવા દો. શક્તિ બહારનું કહેશો અને છે પણ એમ. પ્રભુશ્રીનું જીવન જ્ઞાન–જીવન ઉપયોગાત્મક ઉંચિ કોટિનું વિરાગી જીવન છે.

## પ્રભુજીશ્રીનું દીક્ષિત છદ્મસ્થ જીવન.

દીક્ષા પછી પ્રભુશ્રી પરિષહ ઉપસર્ગ સહતા ધ્યાનસ્થ રહે. પલાંઠી વાળીને કે જંઘાને જમીન પર ગોઠવીને બેસે નહિ. ઉભા કાયોત્સર્ગ મુદ્રામાં રહે. ગાય દોહવાના ઉત્કટ આસને રહે. કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી ખડા ને ખડા. નિદ્રા કદાચ આવી જાય. ૧૨ વર્ષનો છદ્મસ્થ કાળ શ્રી વીરનો. ૨ ઘડીનો સર્વકાળ આવી ગયેલી નિદ્રાનો. પ્રાયઃ સર્વથા સદા મૌન. પ્રભુ શ્રી રૂષભદેવ સ્વામીનો એક હજાર વર્ષનો છદ્મસ્થકાળ. એક અહોરાત્રનો સરવાળો નિદ્રાનો. ભીક્ષામાં કોઈ સમજતું નથી. ચાર હજાર સાથેના તાપસ બની બેઠા. પણ પ્રભુશ્રી ભીક્ષા વિધિ બોલતા નથી. આડકતરી રીતે પણ ભીક્ષા માર્ગ કોઇને સમજાવતા નથી, ભલેને માસ પર માસ જાય આખરે તેર માસ થાય.

મોટાનો સંકેત મોટા જાણે. અબજોના અબજો વર્ષો વહી ગયા. પણ વર્ષીતપ સૂર્યની જેમ તપતો રહ્યો. એક આંતરે બેસણું કરીને. પણ નમુનો ને પ્રતિક તો નાથના તપનો ને ?

લબ્ધિ પણ કેવી ? ગમે તેટલા આહારપાણી ખોબામાં સમાય. શીખા થાય. પણ કણીયો કે ટીપું નીચે ના પડે. છતાં વિષમકાળની વિષમતા વિચારી ભગવંત મહાવીરે સપાત્ર

ધર્મ સ્થાપ્યો ને ? શાસ્ત્ર જ માર્ગદર્શક બની શકે. મોંના ગપ્પા નહિ. પ્રસંગોના ખોટા અર્થ ઘટન નહિ. પૂર્વાપર સંબંધ. આત્માનું હિતાહિત વિચારીને જ અર્થના વિધાન થાય.

ચાર જ્ઞાનના ધણીના જ્ઞાન જીવને ગમે તેમ ઘટાવનાર મહાગુન્હેગાર છે. પરમપ્રભુના માર્ગનો, આગમજ્ઞાનનો, પ્રકૃતિતંત્રનો, શુદ્ધ સાચા ગણિતનો ઉંધો અર્થ કરનારને સજા પણ તેવી જ કરડી ભોગવવા તૈયાર રહેવું જ પડવાનું. નર્ક નથી યા આઠમી તો નથીને બોલનારને ત્યાં જ બધી ખબર પડશે.

## શ્રી તીર્થંકર દેવોનું ઉપકારક આચરણ.

મુનિસુવ્રત સ્વામી ઘોડાને બોધ કરવા રાતોરાત યોજનો કાપે, ભગવંત મહાવીર રાતોરાત અપાપાપુરી પધારે. એમને માટે કોઈ આગમ મર્યાદા ન હોય. અરે સ્વામીની આજ્ઞાના મર્મને સમજનાર–આગમવિહારી–શ્રી વજ્રસ્વામી પણ વિદ્યાનો ઉપયોગ શાસન પ્રભાવના માટે કરે. શાસનપ્રભાવનાનો અર્થ ? આત્માઓને શુધ્ધ–સનાતન–સન્માર્ગે વાળવાનો જ ને ? મુક્તિપંથે ચઢાવી દેવાનો જ ને ?

ભગવંત મહાવીર કોઈને નહિ રાજા શ્રેણિક જેવા પરમ-ભકતને નહિ, પણ એક શ્રાવિકા સુલસાને 'ધર્મલાભ કહે-વરાવે' ૭૦૦ શિષ્યના અધિપતિ અંબડતાપસ સાથે. આની પાછળ તાજા શ્રાવક બનેલ અંબડને દૃઢ કરવાની ભાવના હશે ને ? અને એ શ્રાવિકાનું શ્રદ્ધાધન કેટલું ઉજળું ? એની દૃઢતાને ઈંદ્ર પણ ન હલાવી શકે !

મહાજ્ઞાનીઓના ગર્ભિત આશયો ન કળી શકાય. તો કેવળજ્ઞાનના ધણી ચરાચર વિશ્વને જોતા સર્વ પદાર્થોના

સર્વપર્યાયોને હાથમાં રહેલ પાણીની માફક નિર્મળ રીતે જાણતા જોતા તીર્થંકરદેવોની વાત જ શી કરવી ?

## આગમવાંચન માટે બંધન કેમ ?

બંધન હિતને માટે જ હોય ને? વાગેલા પગને પાટો સારો ને ? ભાંગેલા હાથને ગળામાં ઝોળી હિતકારી ને ? ભયંકર ખુનીને લોઢાની બેડી જનહિત માટે જ **ને** ? ઢોર **ખીલે** બંધાએલ સારૂં ને ? સંધ્યાકાળે **ખીલે** આવનારને ચારો પાણી મળે ને ?

નોકરીમાં બંધન ? વ્યાપારમાં પણ નિયમોનું બંધન ? ડોકટર થવા માટે ડિગ્રીનું બંધન ? પરરાજ્યમાં જવા માટે વીસાનું બંધન ? બસ બંધન, બંધન ને બંધન. **ન જોઇએ બંધન ધર્મમાં ! ન જોઇએ બંધન આગમ વાચનમાં!**

દવા ડોકટરના પ્રિસ્ક્રીપ્શન પ્રમાણે. દાવા અરજી વકીલની સલાહ પ્રમાણે. માલીશ—ઉસ્તાદની આજ્ઞા પ્રમાણે. કુસ્તિ મલ્લની સૂચનાનુસાર ! ધર્મમાં ગુરુ આજ્ઞાની જરૂર નહિ, શાસ્ત્ર આજ્ઞા માનવાની નહિ, ‘ત્યાં સારી વસ્તુ સર્વ માટે’ નો અક્કલ વગરનો પ્રલાપ ! સાકર સારી મીઠી. ખવડાવો ટાયફો-ડવાળાને ! ન્યુમોનીઆવાળાને ! લીંબુ ગુણકારી. આપો સોજા ચઢેલાને ! મીઠાઈ મઝેની. ખાવ તાવમાં ! સનેપાત થાય સનેપાત.

બસ આજે સનેપાત દેખાય છે. અધિકાર વિનાનો અભ્યાસ, ગુરુગમ વિનાનું ભણતર. ગમે તેવું ગમે તે રીતનું વાચન. આમાંથી જન્મ્યો ઉત્પાત. નરી વાયડાશ. ચોકખો ગાંડપણનો ચાળો. નરી આત્માની પાગલતા.

ત્રિકાળદર્શી સર્વજ્ઞ ભગવંતોના શુધ્ધ સિદ્ધાંતોનો અપલાપ. ક્યાં સુધીનો? સર્વજ્ઞ છે નહિ. સર્વજ્ઞ હોય નહિ. સર્વજ્ઞ થાય તો પણ હવે પછીના કાળમાં. ધર્માસ્તિકાય નથી. અધર્માસ્તિકાય નથી. જ્યારે સાયન્સ ઈથરના ઉંડા ધર્મોની વાતો કરે છે. 'મહાવિદેહ' નથી. શાસ્ત્રમાં બધા ગપ્પા. આજના જમાનામાં અંધશ્રધ્ધાનો અમારો અંધાપો એજ સાચો. ગપ્પા સાચા. તદ્દન સાચી વાતો સાચી નહિ. આ છે અનધિકૃત આગમવાચનનું મારક ઘાતક-ભેદક ફળ. આ છે આજના શબ્દ પંડિતોની પાગલતાભરી પંડિતાઈ!

ખરી વાત જરા સમજી લઇએ. સાધુ પુરુષો તમારી કક્ષા પ્રમાણે તમને બધું સમજાવવા તૈયાર છે. ૪૫ સે આગમો સંભળાવવામાં ઉમંગ છે. પાત્ર આત્માને પુરા ભાવ સાથે એનો ઉંડો માર્મિક ટીકાગત અર્થ સમજાવવામાં આત્માનંદ અનુભવે છે પણ ના અમે તો અમારી રીતે વાંચીએ. મનગમતો ઉડાંગ-ઉટાંગ-અર્થ કાઢીએ. લોકોની શ્રધ્ધા તોડવા પ્રયત્ન કરીએ ઉન્માર્ગે વાળીએ. જમાનાના ઝેર પાઇએ. દુર્ગતિમાં જઈએ. સાથે અનેકને ઘસડી જઇએ.

નહિ તો આત્મા અને પુદ્ગલ, ચેતન અને જડ, ચેતન પર જડની તીવ્ર પકડ તેમાંથી છુટવાનો સન્માર્ગ. સન્માર્ગે જવાના વાહન-સાધક સાધનો તેના પ્રરૂપક સર્વજ્ઞ-ભગવંતો-માર્ગ પ્રચારક અતિશયજ્ઞાની ગણધરાદિ સૂરિપુરંદરો. માર્ગસ્થ મહાત્માઓ આ બધાની ઠેકડી-મશ્કરી અભાવજનક શબ્દો ઉચ્ચારાય? નિઃસ્વાર્થતા માનકીર્તિનો અભાવ. માત્ર જનકલ્યાણની શુધ્ધ ભાવના. આવા ઉંચા ગુણોના ધણી જેમાં 'ના' પાડે તેમાં એકાંત હિત એમ કેમ ન મનાય?

આગમમાંથી ઉદ્ધરી છણાવટ પૂર્વકના પ્રકરણ ગ્રંથો તૈયાર છે. ભણવા છે? અરે આ તો સદ્‌ગુરુઓને અબુધ લોકોમાં હલકા પાડવાની યુક્તિ છે. 'જીવવિચાર' કે 'નવતત્ત્વ'નો સામાન્ય અભ્યાસ પણ નથી કરવો. ખેર સદ્‌બુધ્ધિ પામો એવા જીવો અને માર્ગે આવો.

## સાધુ અને જ્ઞાનના વિરોધી.

સાધુ એટલે જ્ઞાન–ધ્યાનમાં મસ્ત. સ્વાધ્યાય એમનો પ્રાણ. જ્ઞાન એમનું જીવન. રાત-દિવસના ભણનારા. **આત્માને કેળ-વવા સાધુ બનેલા એ કેળવણીનાં વિરોધી હોય?** સાધુઓ તો કેળવણીના ઠેકેદાર છે, પ્રેરણા આપનાર ઉપકારીઓ છે.

'પહેલું જ્ઞાન અને પછી દયા, જ્ઞાન વિના નહિ આતમ-ભાન' જ્ઞાન લાવે સાન. જ્ઞાનોપયોગ આત્માનું લક્ષણ. ભક્ષ્યા-ભક્ષ્યનું ભાન કરાવે જ્ઞાન. પેયાપેય સમજાવે જ્ઞાન. ગમ્યા-ગમ્ય ઓળખાવે જ્ઞાન. હેય ઉપાદેય સમજાય જ્ઞાનથી. વિ. વિ. ઉક્તિઓને સમજાવનાર–છણાવટ કરનાર સાધુઓ. એ જ્ઞાનના વિરોધી હોઈ શકે જ નહિ. આવા સારા જગદુપ-કારી જ્ઞાનના વિરોધી કદી સાધુ હોય? આત્માને ઉન્નતિના પંથે પહોંચાડનાર કેવળજ્ઞાનના ઉપાસક સાધુઓ અને તે કેળવણીના વિરોધમાં? ત્રણ કાળમાં બને નહિ. सम्यग् दर्शन ज्ञान-चारित्राणि मोक्षमार्गः । ज्ञानक्रियाभ्यां मोक्षः । આ સિદ્ધાંતપ્રચારક મહાત્માઓ કેળવણીમાં ન માને? વાત બેસતી નથી–મન માનતું નથી. પ્રચાર તદ્દન ખોટો લાગે છે.

સૂર્યનો પ્રકાશ અંધકારનો નાશ કરે. કેળવાએલું જ્ઞાન અજ્ઞાનનો નાશ કરે. કેળવણી એટલે ઉત્થાન માટેની નિઃસરણી. નિસરણી સડેલા વાંસ કે બામ્બુની ન જ હોવી જોઈએ.

કેળવણી આત્માને અધોપંથે લઈ જનારી ન જ હોય. પણ એને તો કેળવણી જ ન કહેવાયને? પતન જેનાથી થાય આત્માનું કે સમાજનું, એ તો નર્યો અંધકાર. અંધકારને પ્રકાશ ન કહેવાય. રાગદ્વેષ અને મોહમાં વધુ ને વધુ લપેટે એ મહા અંધકાર. નિબીડ અજ્ઞાન. એવા અજ્ઞાનને કેળવણી કોઈ શાણો કહે નહિ. કહે તે શાણો નહિ પણ એક નંબરનો મૂર્ખ કહેવાય.

માટે કેળવણી એટલે નરમાશ. રોટલાની કણેક જેમ કેળવાય તેમ રોટલી સુંવાળી-નરમ અને મીઠાશભરી. બાળ કે યુવાન જેમ કેળવાય, જેમ કેળવણી વધુ લે તેમ સરળતા-નમ્રતા અને વિવેકભરી મીઠી વાણીનો ભંડાર બને. નાગરિકતાનો આદર્શ નમુનો બને. પરને સહાયક, ગરીબનો બેલી, દુઃખી પ્રત્યે દયાવાળો જ હોય. આર્યસંસ્કૃતિ એને હૈયે હોય. આર્યસંસ્કૃતિ સમજાવવી હોય તો એ જ પ્રતિક ગણાય.

આવી કેળવણીનો વિરોધ સાધુ કરે જ નહિ. સાધુ એટલે સમાજનો કલ્યાણચિંતક. સાધુ એટલે શુધ્ધ તારક બુદ્ધિનો પ્રવર્તક. સાધુ ચરણે વંદના!

# વિભાગ પાંચમો.

## જૈનશાસનનું સાહિત્ય.

સાહિત્યનો અર્થ સાધન થાય છે. રૂઢ અર્થમાં પુસ્તકોને સહિત્ય કહે છે. આત્માનો મુખ્ય ગુણ જ્ઞાન છે. જ્ઞાનના

સાધનોમાં પુસ્તકો પણ સમાય. માટે પુસ્તકો–પોથીઓ એ પણ સાધન. પણ તે આત્માના જ્ઞાનગુણને ખીલવનાર હોય તો આ ત્યાગ કરવા યોગ્ય ને આ ગ્રહણ કરવા યોગ્ય છે, આ આચરવા યોગ્ય છે, આ કાર્ય થાય જ નહિ. આવો વિવેક કરાવે તે જ જ્ઞાન. બાકી બધું મિથ્યાજ્ઞાન. આત્માને ડુબાવનારૂં જ્ઞાન.

**શ્રી** જૈનશાસનમાં જ્ઞાનગ્રંથો વિપુલ પ્રમાણમાં છે. ૪૫ આગમો તો છે જ. હસ્તલિખિત અને છાપેલા. સુવર્ણ શાહીથી, રૌપ્ય શાહીથી લખેલા પણ છે જ. નિર્યુક્તિ ગ્રંથો પણ તેવી જ રીતે આલેખાએલ મળે છે. ભાષ્યો તો લાખો શ્લોક પ્રમાણ ઉપલબ્ધ છે. ચૂર્ણિઓ પણ મોજુદ છે. ટીકા ગ્રંથો–આગમના ભાવોને સ્પષ્ટ કરતા પારાવાર છે.

તદુપરાંત વ્યાકરણ–છંદ–કાવ્ય–ચમ્પુ–ગદ્ય–પદ્ય–પ્રાચીન ન્યાય–નવ્ય ન્યાયનું સાહિત્ય વિશદ–વિશાળ–લાખો શ્લોક પ્રમાણ વિદ્વાનોના માથા ડોલાવે તેવું સુરમ્ય છે. જૈનાચાર્યોએ હરકોઈ વિષયમાં વિદ્વત્તાભર્યા મહાન ગ્રંથો લખ્યા છે. દાર્શનિક ક્ષેત્રે પણ છએ દર્શનની વિશાળ સમીક્ષા કરી છે. જ્યોતિષ–મંત્ર–તંત્રમાં પણ બાકી રાખી નથી. વિજ્ઞાન ખગોળ આકાશી પદાર્થોનો પુરવઠો પણ પૂરતો છે.

પણ આ બધામાં ધ્યેય માત્ર વસ્તુ જ્ઞાન મેળવી આત્માને સંસારમોહથી પર બનાવવાનો. મુક્તિમાર્ગનો મુસાફર બનાવવાનો. અજન્મા–અનંત શાંતિનો ભોક્તા બનાવવાનો.

## શ્રી જ્ઞાનપંચમી પર્વ.

મહાપર્વ છે જ્ઞાનની આરાધનાનું. કા. સુદ ૫. દ્રવ્યથી ભક્તિ કરો. અષ્ટપ્રકારી આદિ પૂજા ભણાવીને. રૂપીઆ–

ગીની–મોતી–હીરા મૂકીને ભાવથી પૂજો. જ્ઞાન નવુ પ્રાપ્ત કરવાનો સંકલ્પ કરીને. સાધુ–સાધ્વી સાધર્મિકને ધાર્મિક અભ્યાસની અનુકૂળતા કરી આપીને સઘળાંએ સાધનો ખડા કરી આપીને, આગમો લખાવી સુયોગ્ય સ્થળે રક્ષિત કરીને.

## શ્રી મૌનએકાદશી પર્વ.

માગ. સુદ ૧૧. ૧૫૦ કલ્યાણકનું મહાપર્વ. અવિરત શ્રીકૃષ્ણ વાસુદેવે પણ આરાધી. શ્રી સુવ્રતશેઠ સુશ્રાવકની આરાધના અદ્ભુત છે. ત્યાગ–વૈરાગ્યની છોળોથી ભરેલી એ કથા સાહિત્યનું સુંદર અંગ બન્યું છે. ઉપવાસ, પૌષધ, મૌન, ૧૫૦ નોકારવાળી આદિની આરાધના આત્મતારક અને મનોરમ્ય છે.

## શ્રી પોષદશમી પર્વ.

માગ. વદ ૧૦ (મારવાડી પોષ વદ ૧૦) શ્રી પાર્શ્વનાથ ભગવંતનું જન્મકલ્યાણક વ્યાપક પર્વ છે. ૯–૧૦–૧૧ ત્રણ એકાસણા. ૯ મે એકલું સાકરનું પાણી. ૧૦ મે ખીરનું એકાસણું. ૧૧ સે ભર્યે ભાણે. પહેલા બે પ્રાયઃ ઠામચોવિહાર. ૨૦ નોકારવાળી. સાંજ–સવાર પ્રતિક્રમણ તો હરકોઈ આરાધનામાં હોય જ ને !

## શ્રી મેરૂતેરસ.

પોષ સુ. ૧૩ આપણા આ કાળના મૂળ બાબા શ્રી આદીશ્વરજીદાદા તે દિવસે નિર્વાણ–મોક્ષ પામેલા તે દિવસે દેરાસરોમાં મેરૂપર્વતનું પ્રતિક મુકાય છે. આયંબિલ એકાસણાથી આરાધના થાય છે.

## શ્રી અક્ષયતૃતીયા.

જૈનશાસનમાં જગજાહેર પર્વ ૧૩ માસ ઉપરાંતના એક આંતરા ઉપવાસ–આવા દીર્ઘ તપનું પારણું મોટો ભાગ

પાલીતાણામાં કરે. શેરડીના રસથી. વૈ. સુ. ૩ ને દિવસે છેલ્લા દિવસોમાં ૨-૩-૪-૮ આદિ ઉપવાસ કરે. તારક ગિરિરાજ પર ચઢે. ભાવના બઢે. કર્મો હઠે. આદીશ્વરદાદાને પૂજે. મોહરાજા ધ્રુજે. આત્માનંદનું સંગીત ગુંજે.

કેટલાક દિલ્હી પાસે હસ્તિનાપુર જઈને પણ પારણું કરે છે. આદીશ્વર પ્રભુનું પારણું ત્યાં થએલું એ માન્યતાએ. શ્રી શ્રેયાંસ શેરડી રસ વોરાવે. પારણું પ્રભુજીને ભાવે કરાવે.

ભેટણા-પ્રભાવનાનો પાર નહિ. બ્હેનના ભાઈનો ઉત્સાહ અમાપ. પારણું કરાવે ને ધર્મ-પસલી આપે. સગા-વ્હાલાં દોડતા આવે. કોઇ દર્શને આવે. સુખસાતા પૂછે ને આનંદે.

## શ્રી દીવાળી પર્વ.

'દીવાળીમાં ઘર ઘર દીવા, એ તો આત્માના અજુવાળા' અમારા શાસનપતિ મોક્ષે પધાર્યા. ભાવદીપકનો અસ્ત થએ દ્રવ્યદીપકનું પ્રતિક પ્રગટાવે. પ્રકાશમાંથી નાથની તારક આજ્ઞાને ઓળખો. મોહને મારો. શ્રધ્ધાને પ્રગટાવો. સંવર-ભાવમાં આવો. આશ્રવને વિસારો મુક્તિની ભાવના ભાવો.

છઠ્ઠ કરે ભાવિકો. ગણણું ગણે શ્રાવકો. દેવવંદન રાત્રે થાય. નોકારવાળી ૬૦ ગણાય. નાથનો જય જયકાર બોલાય. દુનિયાના રંગરાગ ભૂલી જવાય.

## બેસતું વર્ષ.

કા. સુ. ૧. નવા વર્ષની નવલિકા. નાથનું શરણું. આજ્ઞાનું પાલન. પવિત્ર વિચારો. નહિ સંસારનો ચારો. હવે મુક્તિનો વારો. નાથનું નામ હૈયે ધારો. થાએ બુધ્ધિમાં સુધારો. દેવદર્શન. પરસ્પરના જુહાર-પ્રણામ. સાધર્મિક વત્સલ્યની ખીલવણી.

વહેલી પ્રભાતે નવસ્મરણ-શ્રવણ. લબ્ધિનિધાન ગુરુ ગૌતમનો રાસ સાંભળે ને આનંદે વીર પ્રભુના પ્રથમ ગણધર. અણુહુંતુ દીએ. 'જેને દીએ દીક્ષા, તેને પ્રગટે કેવળજ્ઞાન' ગણધરદેવને પ્રગટયું તે. નાથના વિરહ વિલાપે. કા. સુ. ૧ નો દિવસ તે રળીયાત.

## તિથિઓ—પર્વતિથિઓ.

સબળ-સુયોગ્ય-આત્માની ધર્મ આરાધના સર્વદા-સર્વકાળ. એ કક્ષા પૂ. સાધુ સાધ્વી સંસ્થાની. સુશ્રાવકો શકય રીતે ભાવાત્મક આરાધના હંમેશ કરવા ઉજમાળ રહે. બાહ્ય તપાદિક-પ્રતિક્રમણાદિક-પૌષધ સામાયિક સર્વ કોઈ સર્વદા ન પણ કરી શકે. આરાધના વિનાનું જીવન વ્યર્થ. માનવજીવનજ સર્વાંગી સર્વવિરતિના સ્વીકાર માટે શકય ન બન્યું તો શ્રાવકપણામાં શક્તિ અનુસાર શાસ્ત્રાજ્ઞા પ્રમાણે વિધિપૂર્વક આરાધના કરવાનો ભાવ તો હોય જ ને ? સર્વદા ન કરી શકે તો પર્વતિથિ તો સાચી !

બીજ-પાંચમ-આઠમ-અગીઆરસ-ચૌદશ-પૂર્ણિમા અમાવાસ્યા બાર તિથિ. જિનેશ્વરદેવોના કલ્યાણકની આત્મકલ્યાણકર તિથિઓ. આ દિવસોમાં પ્રતિક્રમણ-પૌષધ-એકાસણાદિ તપ કરવા શ્રાવક પ્રેરાય. બ્રહ્મચર્ય તો હોય જ.

સિવાય પણ પોતાની પ્રથમ યા મહાન્ યાત્રાનો દિવસ. ઉપધાનતપની યા સંઘ કાઢ્યાની માળ પહેર્યાનો દિવસ. સમકિત યા બારમાંથી કોઈ વ્રત ઉચ્ચર્યાનો દિવસ. વિ. વિ. દિવસોની આરાધના પુણ્યવાન્ આત્માઓ કરીને ભવ તરવા મથે છે. જીવન સફળ કરે છે. સિવાય છ અટ્ઠાઈ આદિની આરાધના સુપ્રસિદ્ધ છે. સિદ્ધ બનવાને.

જમાનાના પવને આંગ્લ એજ્યુકેશનના વાતાવરણે આરાધનામાં ભારે ઓટ આણી દીધી છે. જરૂર મા-બાપોની બેદરકારી ઉભી જ છે. બાળપણથી સંસ્કાર સિંચન ન કર્યાનું પરિણામ છે. પણ હજુ જ્ઞાનચક્ષુઓ ઉઘડતી નથી. અરે ખુલ્લેખુલ્લા આંખ મીંચામણા થાય છે. અનેક દુષણો ઉદ્‌ભવ્યા. વ્યવહાર બગડ્યો. ચારિત્રના ઠેકાણા ન રહ્યા. છતાં સંતાનોને આ વિશિષ્ટ તિથિ આરાધનામાં ઓતપ્રોત કરવાનું મન થતું નથી. કાળ! તારી પણ બલિહારી!

## પચ્ચક્‌ખાણમાં શું આવે છે?

તિથિ દિવસે તો પચ્ચક્ખાણ ખાસ થાય. પ્રત્યાખ્યાન સંવર ભાવનું છે. આશ્રવ-આવતા કર્મને રોકવાનો અમોઘ ઉપાય છે. અમુક-અમુક ટાઈમ સુધીનો અમુક-અમુક વસ્તુનો ત્યાગ થાય છે. કેટલાકની લીમીટ મર્યાદા મુકાય છે.

સૂર્યોદય પછી ૪૮ મીનીટ સુધી-અશન-પાન-ખાદિમ સ્વાદિમનો ઈચ્છાપૂર્વકનો-સમજપૂર્વકનો ત્યાગ તે નોકારસી. ટાઈમ થએ મુઠ્ઠીવાળી ત્રણ નવકાર ગણી પચ્ચક્ખાણ પારે.

પોરસી-સામાન્યથી સૂર્યોદયથી ૩ કલાક સુધીનો ચારે આહારનો ત્યાગ. ચાર આહાર આ પ્રમાણેઃ-

**અશન**-દાળ-ભાત-રોટલી-શીરો-ચા-દુધ-ખાખરા વિ.

**પાન**-નિર્મળ પાણી અગર વિવિધ જાતના પાણી.

**ખાદિમ**-બદામ-કાજુ-પીસ્તા-અખરોટ-વિ. મેવો.

**સ્વાદિમ**-તજ-એલચી-તાંબુલ-લવીંગ વિ. વિ.

સાર્ધપોરસી. ૪॥ કલાક પછી. પુરિમુડ્ઢ ૬ કલાક પછી. ચોક્કસ ટાઈમ અર્ધ દિનમાન. સૂર્યોદયથી સૂર્યાસ્ત. સુધીના કાળનો અર્ધ ભાગ. અવડ્ઢ-સૂર્યાસ્તપહેલા એક પહોરે.

બેસણું–બે ટાઇમ જ જમવું. આસન પર બેસીને. પાણી ઉકાળેલું–એકાસણું–એક જ ટાઇમ. આયંબિલ–માત્ર બાફેલું અનાજ એક જ ટાઈમ. તેલ–દીવેલ–ઘી આદિ વિગયની ચીકાસ નહિ. દુધ–દહી–છાશનો પાસ નહિ. લીલોતરી આદિનો તો ત્યાગ જ. ન ધાણાજીરૂ–મરચુ–વિ. મસાલા નહિ. મરી અત્યારે વપરાતા દેખાય છે. બલવન–પકવેલું મીઠું વાપરી શકાય છે. ઉપવાસ–રાત્રિ દિવસનો ચાર આહારનો ત્યાગ તે ચોવિહારો. સૂર્યાસ્ત પહેલા પાણી લેવાય તે તિવિહારો. છઠ્ઠમાં ૨ ઉપવાસ. અઠ્ઠમમાં ૩, અઠ્ઠાઈમાં આઠ.

છટ્ઠ. એટલે છ ટંકનો આહાર છોડવાનો. અઠ્ઠમમાં આઠ ફેરાનો. કેવી રીતે? પહેલા એકાસણું પછી ત્રણ ઉપવાસ. પારણે એકાસણું ૩×૨=૬+૨=૮ છતાં ખાલી ત્રણ ઉપવાસને પણ રૂઢિથી અઠ્ઠમ કહેવાય છે.

આ બધા પચ્ચક્ખાણો અભંગ રહે. અખંડ રહે, કોઈ કોઇ ભૂલ થતા છતાં પણ. આ મર્યાદાને પચ્ચક્ખાણના આગારો કહે છે. મનના ભાવ સાચા અખંડિત રહેવાના કારણે.

अन्नत्थणाभोगेणं ખ્યાલ જ ન રહ્યો. ભૂલથી રોજના અભ્યાસથી મુખમાં કોઇ વસ્તુ નાખી દીધી. પછી યાદ આવી. તૂર્ત યાદ આવતા વિસર્જન કરે. પછીથી યાદ આવે એમ પણ બને ગુરુ પાસે શુદ્ધિ કરે. સહસાગારેણં–અચાનક વરસાદનું ટીપું મુખમાં પડ્યું વિ. મહત્તરાગરેણં–કોઈ શ્રી સંઘ આદિના–શાસનના મહાન્ કારણે ગુર્વાદિની આજ્ઞાથી–પચ્ચક્ખાણમાં–ફેરફાર કરવો પડે. સવ્વસમાહિવત્તિઆગારેણં–આત્માની ભયંકર અસમાધિ થતી હોય. ભયંકર રોગ ગાંડપણ–ઉન્માદાદિ કારણે. આ છે મુખ્ય ચાર આગાર. જે

પ્રસંગોમાં પચ્ચક્ખાણનો ભંગ થતો નથી. લાગેલ અતિચારની ગુરુ આજ્ઞા પ્રમાણે તપ–સ્વાધ્યાયાદિથી શુદ્ધિ અવશ્ય કરવી જોઇએ.

બીજા આગારો બેસણા–એકાસણા–ઉપવાસાદિકના છે. ગૃહસ્થ આવતા–સ્થળાંતર વિ. પગ ઉંચો નીચો કરવો પડે. ગુરુ આવે ને ભાવ ઉભો થઈ જાય. કોઈ કારણ વિષે તે ગોચરી વધી પડી અને વાપરવા પડે. પહેલો અને છેલ્લો આગાર ખાસ કરીને સાધુ–સાધ્વી માટે છે.

આયંબિલના આગારો લેપિત આહાર આવી જાય, ગૃહસ્થ સંસૃષ્ટ ઉત્ક્ષિપ્ત વિવેક–પડુચ્ચમૃક્ષિત–પારિટ્ઠાવણિયા.

પાણીના લેપિત–અલેપિત–અચ્છ–બહુલેપતિ–કણીયાયુકત. અલ્પકણીયા યુકત, પાણહાર–પચ્ચક્ખાણ સાંજે લેવાય છે. માત્ર પાણીનો આહાર છુટો હતો તે બંધ થાય. વધુ સાંજનાં ચોવિહારમાં ચારે આહારનો ત્યાગ થાય છે. તિવિહારમાં ત્રણ આહાર બંધ. પાણી જરૂર પડે વાપરવું મોકળું રાખે છે. તે પાણી પણ રાતના બાર વાગ્યા પહેલા બંધ કરવાની પ્રણાલિકા છે. બીજા–મુઠસી–વેઢસી વિ. સુંદર પચ્ચક્ખાણો પણ છે. ખાઇ પી લીધું પછી નિયમ કે મુઠીવાળી નવકાર ન ગણું ત્યાં સુધી બધું બંધ. વેઢસીમાં વીંટી એક આંગળીથી બીજી આંગળીએ ફેરવવાની–સમયમર્યાદા છે. કોઇપણ રીતે જીવ–આત્મા ત્યાગ–તપના પંથે વળે. અનાદિકાળની આહાર સંજ્ઞા–સર્વ દુઃખનું મૂળ, ઓછી થાય. આ છે યોજના પચ્ચક્ખાણમાં મહર્ષિઓની.

## કર્મબંધના હેતુ.

પચ્ચક્ખાણ આશ્રવને–કર્મબંધનને ટાળે છે, કર્મબંધનના મુખ્ય ચાર હેતુઓ છે, મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ

**મિથ્યાત્વ**–સત્યને અસત્ય માનવું, અસત્યને સત્ય માનવું સંસારને સુખકર કે સારો માનવો, સુદેવાદિને ન માનવા, કુદેવાદિને માનવા, મોહમાં મુંઝાવું.

**અવિરતિ**–ત્યાગબુધ્ધિથી ત્યાગ કરવા યોગ્યનો ત્યાગ કરવો. સંસારમાત્ર ત્યાજ્ય. તેમાં અભક્ષ્ય–અપેય–અકાર્ય આદિ વિશેષે ત્યાજ્ય. તેનો ત્યાગ ન કરવાથી તે કર્મ બંધાય જ ને?

**કષાય**–ભારે ભરખી ખાનારા. ક્રોધ–માન–માયા–લોભ. ચારની ચંડાળ ચોકડી. સારી દુનિયાને હેરાન–પરેશાન કરનાર. આત્માના અનાદિકાલીન શત્રુ. ઢોંગી મિત્ર બનીને બેઠેલા. ઉત્પાતીયા અને સંહારક કેવા કર્મ બંધાવે?

**યોગ**-મન-વચન-કાયાનો દુરુપયોગ. ખોટા વિચારો. ખોટું ધ્યાન. અઘટિત બોલવું. વગર કામનું ભાષણ. શરીરનો ઉપયોગ પરને પીડા આપવામાં. ઉપયોગ વિના ચાલવું. બેસવું વિ. ભાન રાખે તો વિના કારણે પળે પળે કર્મબંધ થાય.

## કર્મ રોકવાનાં સાધનો.

'સંવર ભાવે રહેજો રે સાધુજી' ૫.સમિતિ ૩ ગુપ્તિ ૧૦ યતિધર્મ–૨૨ પરિષહ સહન કરવા બાર ભાવના ભાવવી. બાર પ્રકારનો તપ કરવો વિ. વિ. કર્મરોધ કરવાના કારણો છે. પાળે તે પામે માને તે જાગે. સંગ્રામમાં તો હથિયારવાળો બળવાળો જ ફાવેને? અનાદિના શત્રુ મહામોહ અને એનો પરિવાર–રાગ–દ્વેષાદિ. હથિયારો પણ તેને માટે તીવ્ર–તેજસ્વી જોઇએને! પરમપ્રભુ મહાતારક અરિહંત દેવોએ બતાવેલાં.

## છ લેશ્યા

લેશ્યા એ આત્માના પરિણામની–અધ્યવસાયની સૂચક છે.

તીવ્ર દુર્ભાવ છે કે ઉંચાકોટિનો ભાવ છે. એ સામાન્યથી બહારની પ્રવૃત્તિ પરથી જ કળાયને! એક દૃષ્ટાંત વિચારીએ. છ મનુષ્યો વનમાં આવ્યા. જાંબુનું ઝાડ જોયું. જાંબુ ખાવાનું મન તો થઇ જાય ને? ખાવાની ટેવ અનાદિની.

**કૃષ્ણલેશ્યા**–મહાક્રૂર–દેખાવમાં પણ કાળો મેશ માનવી. કહે છે–લગાવો કુહાડો મૂળમાં–પાડો વૃક્ષને હેઠું. ખાવ જાંબુ. કરો લીલાલહેર.

**નીલલેશ્યા**:–પહેલાથી ઠીક. પણ બુધ્ધિવિનાનો. મોટી શાખાઓ કાપવા કહે છે. વારો ઢગલો.

**કાપોતલેશ્યા**:–કંઇક દયાયુક્ત. અરે ભાઈ! નાની શાખાઓ જ કાપોને–ઝુમખા તો એના પર છે.

**તેજોલેશ્યા** :– જેટલા ઝુમખા છે એટલા બધા તોડીને કરો ઢગલો. ઉડાઓ જ્યાફત જાંબુની.

**પદ્મલેશ્યા** :-અરે ભાઈ, જરૂર જેટલા ઝુમખા બસ છે. બધા તોડી પાડી શું કરવું છે?

**શુક્લલેશ્યા** :– જુઓ ભાઈ ખાવા સાથે કામ છે, સરસ પાકેલા જાબું જોઇએ એટલા ઝાડ નીચે પડેલા છે. ખાઇને તૃપ્ત થાવ. નાહક વિના કામના મહાપાપથી શું?

આ છ વિચારધારા ઘણું ઘણું કહી જાય છે. અવરના અધ્યવસાયની સારી–નરસી તીવ્રતાના પ્રતિક છે. ઓચ્છામાં ઓચ્છે પાપે જીવન જીવવાની કળા સમજાવે છે.

આજના આ ભયંકર વિલાસ અને ક્રૂરતાના યુગમાં વિશેષે કરીને ઉપયોગી આ દષ્ટાંત છે. મોજશોખમાં અહિંસાતત્ત્વ સાવ ભૂલાઈ ગયું છે. દયાભાવ વિસરાઇ ગયો છે. ભયંકર કર્મબંધ આત્મા પર થઈ રહ્યો છે. બચે તે બળીયા! બચે તેની ભૂર ભૂર અનુમોદના. પણ.

## ૧૦. પ્રાણો

'હાન કરે જે પ્રાણુની તસ પ્રાણ હણાય' ૫-ઈન્દ્રિયો, મન-વચન-કાયા, શ્વાસોશ્વાસ અને આયુષ ૧૦-પ્રાણ છે. આમાંના એકને પણ નુકશાન પહોંચાડવું એટલે હિંસા. આ દશ વડેજ આત્માનો સંસાર વ્યવહાર ચાલે છે.

એક ઇન્દ્રિયને ૪-પ્રાણ સ્પર્શેન્દ્રિય-કાયબળ શ્વાસોશ્વાસ આયુષ્ય.

| | | | | |
|---|---|---|---|---|
| બે | ,, | ૬ | ,, | ઉપરના + જીભ અને વચન બળ. |
| ત્રણ | ,, | ૭ | ,, | + નાક |
| ચાર | ,, | ૮ | ,, | + આંખ |
| અસંજ્ઞી પાંચ | | ૯ | ,, | + કાન |
| સંજ્ઞી | ,, | ૧૦ | ,, | + મન |

આયુષ્ય બળ-આયુષ્યના કર્મદળીયા-પરમાણુઓ પુરા થયેથી એક ક્ષણુ પણ દેહમાં આત્મા રહી શકતો નથી.

લોકની કહેવતમાં 'ધનને-પૈસાનો' અગીઆરમો પ્રાણ કહેવાય છે. એ પૈસાનો હદ ઉપરાંતનો પ્રેમ સૂચવે છે. એવા અતિમોહી જીવનો પૈસો જતાંજ એના દશે પ્રાણ પણ ખલાસ થઈ જાય મૃત્યુ પામે. આત્મા શરીરત્યાગ કરી દે.

આ બધું જાણવા પાછળ 'રાગદ્વેષ મોહ'ના ત્રિદોષમાંથી મુક્ત થઇ જવાનો હેતુ છે. સમ્યગ્જ્ઞાનદર્શન ચારિત્ર ઔષધજ એ માટે રામબાણ છે.

## ૬. પર્યાપ્તિ

પ્રાણોની સાથેજ પર્યાપ્તિ વિચારવી જોઇએ. પર્યાપ્તિ તે તે વસ્તુને પ્રાયોગ્ય પૂર્ણ કરેલી શક્તિ. આ શક્તિઓ જીવન જીવવામાં ઉપયોગી છે તે ૬ છે.

૧. **આહાર પર્યાપ્તિ**-આહાર યોગ્ય પુદ્ગલો લઇને રસ અને ખલરૂપ બનાવવાની આત્માની શક્તિ.

૨. **શરીર પર્યાપ્તિ**-રસના પુદ્ગલોને સાત ધાતુરૂપે બનાવી શરીરરૂપે કરવાની શક્તિ.

૩. **ઇન્દ્રિય પર્યાપ્તિ** ઇન્દ્રિય પ્રાયોગ્ય પુદ્ગલોને ઇન્દ્રિયોમાં પરિણમાવવાની શક્તિ.

૪. **શ્વાસોશ્વાસ પર્યાપ્તિ**-શ્વાસોશ્વાસ લેવા મુકવાની શક્તિ.

૫. **ભાષા પર્યાપ્તિ**-વચન યા શબ્દ ઉચ્ચાર કરવાની શક્તિ.

૬. **મન પર્યાપ્તિ**-મનદ્વારા વિચાર કરવાની શક્તિ.

**એકેન્દ્રિયજીવ**—આહાર-શરીર ઇન્દ્રિય-શ્વાસોશ્વાસ-૪ પર્યાપ્તિ.

| | |
|---|---|
| **વિકલેન્દ્રિય-૨થી૪ ઇન્દ્રિય-વાળા-અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો.** | ઉપરની+ભાષા=૫ પર્યાપ્તિ |
| **સંજ્ઞી પંચેન્દ્રિય-** | ઉપરની+મન=૬ પર્યાપ્તિ. |

કર્મસત્તા-પૂર્વકૃતપાપાદિનો આ પણ એક નકશો છે. પોતાને પ્રાયોગ્ય પ્રર્યાપ્તિ પ્રાપ્ત કર્યા પહેલા પણ જીવોને મરણને શરણ ગર્ભાવસ્થામાં પણ થવું પડે. પરની શક્તિઓ પરના હુમલાનું જ આ પરિણામ ને. પ્રકૃતિ તંત્રનું ધોરણ તદ્દન ન્યાયી. કરો એવું પામો-વાવો એવું લણો.

## દેવાધિદેવ શ્રીમદ્ તીર્થંકર દેવો.

આ બધી ઝીણી પણ અતિ જરૂરી બાબતો અનંત ઉપકારી સર્વજ્ઞ અરિહંત તીર્થંકર દેવો શિવાય કોણ કહી શકે ? આઠે કર્મો અને ૧૫૮ પેટાભેદોની આશ્ચર્યકારી વૈજ્ઞાનિક પ્રક્રિયા. તેના મેથેમેટીકલ-અફર ગણત્રી યુક્ત પરિણામ. તેના

ઉદય–ઉદીરણા. ઉદીરણા એટલે પછીથી આવનાર ઉદયને તત્કા-કાલીન ઉદયમાં લાવવો. એક કર્મનું બીજારૂપે સંક્રમણ. પાપનું પુણ્યમાં કે પુણ્યનું પાપમાં. વિ. વિ. અદ્ભુત રાસાયણિક આત્મપ્રયોગો બતાવનાર ખરેખર તીર્થંકર દેવો જ છે.

સ્વતઃ ખૂબ ખૂબ સહન કરી. ઘોરાતિઘોર દુઃખો સહી, સમતારસમાં ઝીલતા રહી, પ્રશમના પવને કષાયોને ફંગોળી દેનાર તીર્થંકરના આત્માઓ છે. દેશનાશક્તિ અજોડ અને અનુપમ હોય જ. પરમોપકારિતા–નિઃસ્વાર્થતાની પણ હોય. એકાંત કલ્યાણકર માર્ગના પ્રણેતા. મામકા–પારકાનું નામ-નિશાન નહિ. વિશ્વવિજેતા સર્વજીવત્રાતા, ત્યાગ ઉત્કટ, વિરાગ સીમા વિનાનો. સમવસરણ ઋદ્ધિ બીજે કયાંય નહિ. રત્ન–ખચિત સિંહાસન બેસે નાથ, દેશના દીએ પૂર્ણ વિરાગ. 'કનક-કમલે પગ ઠાય, આસક્તિનું નામ' '૬૪ ઇંદ્ર સેવા કરે, રાગ નામ નાથ ના ધરે.' મુક્તિ વધુ આય ખડી ઘરે.

આવા અરિહંતના મુખ્યતયા ૧૨ ગુણ સર્વજગદ્દષ્ટ.

દેવકૃતભક્તિસુરભિમાંથી પ્રગટતા પ્રાતિહાર્યો–૮ સર્વ-જન આકર્ષક–ગુણો યા વિશેષતાઓ.

૧ **અશોકવૃક્ષ**–અરિહંતના શરીર પ્રમાણથી બાર ગણી ઉંચાઈનું વૃક્ષ સમવસરણમાં.

૨ **સુરપુષ્પવૃષ્ટિ**–સમવસરણ અને તેની આજુબાજુ પંચવર્ણા સુગંધી પુષ્પોની જમાવટ.

૩ **દિવ્યધ્વનિ**–વીણા–વાંસળી આદિ દ્વારા નાથની 'માલકોષ' રાગની દેશનામાં પૂરકતા.

૪ **ચામર**–ભગવંતને બંને બાજુ ચામર વિંઝાય.

૫ **આસન**–રત્નજડિત સિંહાસન નાથને બેવવા માટે.

૬ **ભામંડલ**-ભગવંતની પાછળ દેવે રચેલું તેજનું કુંડાળું.

૭ **દુંદુભિ**-આકાશમાં વાગતી ભંભા-સૌને જાગૃત અને ચકોર બનાવતી.

૮ **છત્ર**-'હીરા, માણેક, મોતી, મંડિત સાર, ત્રણ છત્ર તણો અધિકાર.'

૯ **અપાયાપગમાતિશય**-રાગદ્વેષ અપાય-દુ:ખ છે. નાથ તેનો 'અપગમ' નાશ કરે. પોતાના અપાય તો ગયા જ છે. નાથ જ્યાં હોય તેની ચારે દિશામાં ૧૨૫ યોજનમાં ન રોગ, ન મરકી, ન દુકાળ. સર્વત્ર સુકાળ. કારણ? કારણ ખુલ્લું છે. પૂર્વના ત્રીજા ભવમાં 'સવી જીવ કરૂં શાસનરસી, એસી ભાવ-દયા દીલ ઉલ્લસી.' શાસનરસી એટલે સર્વોત્કૃષ્ટ સમાધિ-શાંતિ-સુખની ચાહના.

૧૦ **જ્ઞાનાતિશય**-ચરાચર વિશ્વના સઘળા પર્યાયોને જાણનાર-જોનાર.

૧૧ **પૂજાતિશય**-પરમોચ્ચ કોટિનો. દેવેન્દ્રો જેની સેવા કરે.

૧૨ **વચનાતિશય**-૩૫ ગુણયુક્તવાણી. દેવ-મનુષ્ય-તિર્યંચ-સૌ પોતપોતાની ભાષામાં સમજે. ચાર ગાઉ સુધી એક સરખી સંભળાય. 'જોજનગામિની વાણી મીઠી.'

## ૩૪ અતિશયો

સૌથી જુદા ઉંચા ચિહ્ન યા આશ્ચર્યજનક-ઋદ્ધિ.

૪ **જન્મથી પ્રાપ્ત**-૧. શરીર અદ્‌ભુત-મનોહર સુવાસવાળું-રોગ પ્રસ્વેદ રહિત. ૨. શ્વાસ કમળસમ સુરભિવાળો, ૩. લોહિ-માંસ-દૂધ જેવા સફેદ. ૪. આહારનિહાર-ચર્મચક્ષુથી જોઈ ન શકાય-દેખાય જ નહિ.

**૧૯ દેવકૃત**–૮ પ્રાતિહાર્યમાં ભામંડલ અને દિવ્ય ધ્વનિ શિવાયના ૬; આકાશમાં ધર્મચક્ર ૭, રત્નમય હજાર યોજન ઉંચો ધર્મધ્વજ ૮, નવ સુવર્ણ કમળો ૯; રૂપા સોના–રત્નના ત્રણ ગઢ ૧૦, ચતુર્મુખ દેશના ૧૧; કાંટા અવળા થાય ૧૨; વૃક્ષો નમન કરે ૧૩; અનુકુળ વાયુ ૧૪; પક્ષીઓ પ્રદક્ષિણા દે ૧૫; સુગંધી જળ છંટકાવ ૧૬; મસ્તક, દાઢી, મૂછના વાળ અને નખ ન વધે ૧૭; ઓછામાં ઓછા ક્રોડ દેવો સેવામાં ૧૮; ઋતુઓ અનુકુળ ૧૮.

**૧૧ કેવળજ્ઞાન પછીના**–૧ એક યોજનમાં સર્વપર્ષદ ક્રોડો ગમે સમાય–દેવ–મનુષ્ય–તિર્યંચ. ૨ બધા પોતપોતાની ભાષામાં યોજન સુધી સાંભળી શકે. ૩ ભામંડળ. ૪ ભગવંતની ચારે દિશામાં ૨૫ યોજન અને ઉર્ધ્વ અધો ૧૨ાા યોજન રોગોત્પત્તિ નહિ. ૫ સવાસો યોજન વેર–વિરોધ નહિ. ૬ સાત ઇતિ નહિ. ૭ મરકી નહિ. ૮ અતિવૃષ્ટિ નહિ. ૯ અવૃષ્ટિ નહિ. ૧૦ દુકાળ નહિ. ૧૧ સ્વચક્રભય નહિ. પરચક્રભય નહિ.

## ૩૫ ગુણ વાણીના.

સામાન્ય સારા માણસની વાણી–હિત–મિત–મિષ્ટ–કાર્ય-સાધક હોય છે. તો ત્રણ જગતના તારક અનેકના મોહ મહા-દુશ્મનના મારક. અનિષ્ટોના ઘાતક આત્મહિતનાં સાધક. પ્રભુશ્રીની વાણીમાં અલબેલા ગુણો હોય એમાં આશ્ચર્ય શું? આમાંથી–ગુણોમાંથી વિશેષણ દ્વારા ઘણી વસ્તુ જાણવા મળે છે. ધર્મોપદેશમાં અગર સામાન્ય વાતચીતમાં પણ કેવી ભાષામાં બોલવું–કેવી રીતે બોલવું તે ધ્યાન આપી શીખી લેવા જેવું છે.

૧. અક્ષર આદિના સંસ્કાર વાળી (સ્પષ્ટ). ૨ ઉંચા સ્વરે બોલાતી. ૩ શોભાયુક્ત. ૪ મેઘ ગંભીર. ૫ પડઘો પાડતી. ૬ સરળ. ૭ માલકોષરાગમાં. સાતગુણો શબ્દોચ્ચાર અંગે થયા. ૮ મહાન અર્થવાળી. ૯ પૂર્વાપર અવિરોધી. ૧૦ વક્તાની વિશિષ્ટતા દર્શાવતી. ૧૧ સંદેહ વિનની. ૧૨ પરના દૂષણો ન બતાવતી. ૧૩ મનને આનંદ આપતી. ૧૪ પદો-વાકયોને મેળવતી. ૧૫ અવસરોચિત. ૧૬ વસ્તુના સ્વરૂપને રજુ કરનારી. ૧૭ ન તુટતી ન અતિ વિસ્તૃત. ૧૮ સ્વ-પ્રશંસા કે પર-નિંદા વિનાની. ૧૯ કહેવા યોગ્ય વાતને ઉત્તમ રીતે રજુ કરતી. ૨૦ સ્નિગ્ધ-મધુર. ૨૧ પ્રશંસા પામે તેવી. ૨૨ કોઈના મર્મને ન પ્રગટાવતી. ૨૩ ઉદાર. ૨૪ ધર્મ-અર્થ સંબંધ યુક્ત. ૨૫ વિભક્તિ-કાળ-વચન-લિંગ સંમિલિત. ૨૬ વિભ્રમ વિક્ષેપ વિનાની. ૨૭ આશ્ચર્યકારી. ૨૮ અપૂર્વ. ૨૯ અવિલંબી. ૩૦ વર્ણવવા યોગ્યને વર્ણવતી. ૩૧ વિશેષતાયુક્ત. ૩૨ સત્ત્વગુણી. ૩૩ અક્ષર-પદ-વાકયની સ્પષ્ટતા યુક્ત. ૩૪ ધાર્યું સિદ્ધ કરીને જ અટકનારી. ૩૫ શ્રોતાને આનંદજનક.

## સિદ્ધ ભગવંતો.

સંસારનો અંત કરનારાં. સિદ્ધશીલાથી ઉપર બિરાજનાર. અજન્મા બનેલા. ચાર અઘાતિનો પણ અંત કરનારા. એક સમયમાં સાત રાજને વટાવનારા. સદાએ અનંત અવ્યાબાધ સુખમાં વિલસનારા. અનંત સુખ-શકિત-ગુણના ધણી. મુખ્ય ગુણ ગણીએ આઠ-અનંત જ્ઞાન, અનંત દર્શન, અવ્યાબાધ સુખ, ક્ષાયિકસમ્યક્ત્વ ચારિત્ર, અક્ષયસ્થિતિ, અરૂપી, અગુરુલઘુ અવગાહના, અનંત સુખ.

આઠે કર્મના સંપૂર્ણ નાશથી સ્વાભાવિક રીતે આ ગુણો પેદા થાય. સિધ્ધ ભગવંતો આપણે માટે પ્રેરણાસ્થાન છે. આદર્શ લક્ષ્ય છે. આ લક્ષ્ય વિનાની ધર્મકરણીની ખાસ કિંમત નથી. મુક્તિ પ્રાપ્તિના ધ્યેય વિનાની કોઈપણ ક્રિયા પ્રાયઃ ફલવતી નથી. વ્રત-પચ્ચક્ખાણ-સામાયિક-પ્રતિક્રમણ જાપ-તપ બધાનો આપણને છે ખપ. પણ તે સિધ્ધ બનવાની એક ભાવનાથી. આ ભાવના જ સંસારસુખનો ત્યાગ કરાવે છે. સુખોની ક્ષણિકતા-મારકતા-મહારૌદ્રતા સમજાવે છે.

શ્રી તીર્થંકર દેવો, કેવળજ્ઞાની મહાત્માઓ, ગણધરો-સૂરીશ્વરો, સાધુમહાત્માઓ, સાધ્વીગણ, શ્રાવકશ્રાવિકાગણ માત્ર સિધ્ધ બનવા જ આટઆટલાં કષ્ટ ઉઠાવે છે. સમ્યગ્ શ્રધ્ધાન પૂર્વક પ્રયત્ન કરનાર હરકોઈ મહાભાગ સિધ્ધ બની શકે છે અને બનવાના. સિદ્ધ ભગવંત આંખ સામેનું શ્રેષ્ઠ આદરણીય શિખર છે.

## તીર્થસ્થાનોનો મહિમા.

તીર્થ એટલે તરવાનું સાધન. તારે એ તીર્થ. શેનાથી તારે? સંસારસાગરથી. કોને તારે? તરવું હોય તેને. સંસાર સાગરમાં ડૂબી જવાનો ભય લાગે તેને. મારો આત્મા સંસારમાં હેરાન-પરેશાન થઈ રહ્યો છે એમ લાગે તેને. આધિ-વ્યાધિ ઉપાધિથી ભરેલો આ સંસાર મહાભયાનક છે. જન્મ અને મરણ અનાદિ કાલના મહાવ્યાધિ છે. સંયોગ પાછળ વિયોગનું મહાદુઃખ ઉભું જ છે. રાગ-દ્વેષ અને મોહનો સનેપાત લાગુ પડ્યો છે. જડ પુદ્ગલની માયાજાળમાં ફસાયો છે. આ સમજ વાળાને માટે તીર્થસ્થાનો અનુપમ પ્રેરણા ધામ છે.

તીર્થોની તારકતા અપરંપાર છે. પારસમણિ લોખંડને સ્પર્શમાત્રથી સુવર્ણ બનાવે છે. ઉપર કાટ ન ચડયો હોય

તો. તીર્થ આત્માને શુદ્ધ સ્ફટિક જેવા સ્વભાવનું ભાન કરાવે છે. કર્મના ચઢેલા અથાગ કાટને દૂર કરે છે. પોતાના તેજનું ભાન કરાવે છે. સૌમ્ય સુંદર આકૃતિ નયન મનોહર જિન-પ્રતિમા પ્રેરણાનું પાન કરાવે છે. નાથની ઉત્કૃષ્ટ આચરણાનું ભાન થાય છે. સાન જાગે છે સત્યના શોધની. રોધ કરે છે દુષ્ટ આચરણનો. રણસંગ્રામ શરૂ થાય છે અનાદિકાલીન હઠીલા કર્મો અને સુરેખ બનેલ આત્મા વચ્ચે.

તીર્થંકર દેવોના પાંચે કલ્યાણકોની ભૂમિઓ, શત્રુંજય મહાતીર્થ જ્યાં સમોસર્યા આદીશ્વર દાદા પૂર્વ નવાણુંવાર. શ્રી ગીરનારજી જ્યાં દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષ ત્રણ કલ્યાણક શ્રી નમિનાથના. અને વળી જ્યાં ભાવી ચોવીશે તીર્થંકરો મુક્તિએ પધારશે. શ્રી શીખરજી–વીસ તીર્થંકરોની મોક્ષ-ગમન ભૂમિ. શિવાય શંખેશ્વરજી કુલ્પાકજી આદિ અનેકાનેક તારક તીર્થો. કુલ્પાકજીના પ્રભુજી ભરત ચક્રવર્તીના વખતના અને તેમણે પોતેજ ભરાવેલા. જોડેનાજ ગભારામાં ભગવંત મહાવીરનું વિશાળકાય બિંબ. પીળોજી રંગ અને એમાં અલ-બેલી ચોકડીઓ. ઉર્ધ્વપદ્માસને સ્થિત. ભારતભરમાં ઉર્ધ્વ-પદ્માસનસ્થિતિ બીજી પ્રતિમાજી પ્રાયઃ નથી.

તીર્થ પાવનકારી. કર્મદાહક દાવાગ્નિ. ભાવથી વિધિથી પૂજાય તો. પરમાત્માની મૂર્તિ તો તારક છે જ. પણ તે ભૂમિનો સ્પર્શ મહૌષધિ છે. ત્યાંની આબોહવા આત્મસુવાસને ખીલવ-નારી છે. આવા પવિત્ર વાતાવરણને જમાનાએ ઝેરમાં પલ્ટાવા માંડ્યું છે. વિલાસ અને નિર્મર્યાદ હાવભાવથી પુણ્યસ્થાને મહામારક પાપોનો સંગ્રહ થવા લાગ્યો છે. તરવાને સ્થાને ડૂબવાનું શરૂ થઈ ગયું છે.

તે જીવોનો ઝાઝો દોષ નથી. ભયંકર વાતાવરણની જાલીમ અસર છે. માબાપના અજ્ઞાન અને બેદરકારીનું પરિણામ છે. **અજ્ઞાન એજ મહાપાપ.** પૂજ્યો માર્ગાનુસારી સાધુઓનો સંપર્ક નહિ. વાંચન ઉચ્ચકોટિનું નહિ. હોય તો વિકાર–પ્રેરક અને ઉન્માદક. ઉન્માદિ વિચારોમાં મર્યાદા ટકેજ નહિ. મર્યાદા વિનાનો આત્મા હરાયા ઢોર જેવો બને. તારક તીર્થને પોતાને માટે કાણાવાળી નૈયા બનાવી દે. ચેતવા જેવું છે. ચેતશે તેજ ફાવશે.

## ‘છ’ રી પાળતો સંઘ.

તીર્થયાત્રા ‘છ’ રી પાળીને કરવી જોઇએ. પહેલાના કાળમાં અને આજે પણ કોઇ કોઈ મહાભાગ સામુદાયિક સંઘ-યાત્રા કરાવે છે. એમાં છ મુખ્ય મુદ્દાઓનું વિશેષ કરીને પાલન થાય છે. ૧. ભૂમિ પર સંથારોકારી ૨. નારીસંગ-પરિહારી ૩. સચિત્ત પરિહારી ૪. એકલ આહારી ૫. પાદ-ચારી ૬. ઉભય ટંક પ્રતિક્રમણકારી. આ રીતે છએ બાબ-તમાં કરવા યોગ્ય કરનાર. ત્યાજ્યનો ત્યાગ કરનાર. ‘છ’ રી પાલન કહેવાય.

૧. જમીન પર માત્ર એક પડનું ગરમ આસન (સંથારો) અને ઉપર ચાદરની જગ્યાએ ઉત્તરપટો પાથરી સુવું તે.

૨. સ્વસ્ત્રીનો પણ યાત્રા દરમ્યાન સંપૂર્ણ ત્યાગ. હાવ-ભાવ પણ નહિ.

૩. સચિત્ત શું ? જે વસ્તુઓમાં પ્રત્યક્ષ–જીવ શરીરોના જીવંત છે. ખાસ કરીને વનસ્પતિ વધારે વપરાશ અને અનુ-ભવમાં છે. જેમકે કાચી કાકડી સચિત્ત છે. બરાબર અગ્નિથી પરિપકવ થઈ ચઢી જાય પછી અચિત્ત બની જાય છે. ફલા-

દિનો રસ કાઢ્યા પછી ૪૮ મિનીટ પછી અચિત્ત થાય છે. સચિત્ત નહિ વાપરવામાં સ્વાદ ત્યાગ–અમુક અંશે હિંસા ત્યાગ વિ. ઘણા લાભ છે. ત્યાગવૃત્તિ ખીલે છે. યાત્રા કાળમાં સચિત્ત સર્વથા ત્યાગે છે.

૪. એકલ આહારી. એકજ ટાઇમનો આહાર એટલે એકાસણું–જેમાં સચિત્ત ત્યાગ તો હોય જ ! કારણ કે પાણી બરાબર ત્રણ ઉભરા આવીને ઉકાળેલું પાણી વપરાય છે. સાથે ઉણોદરી તો હોય જ. એમ નહિ કે એક ફેરા જમવાનું છે માટે જરા વધારે દબાવી લ્યો. ઉણોદરી સાથેનું એકાસણું એટલે તન–મન–આત્માની પ્રફુલ્લતા, ધર્મ આરાધનામાં સ્ફુર્તિ અને સાવધાની.

૫. પાદચારી–કોઈ પણ 'વાહન'નો ઉપયોગ ન કરવો. પગેજ ચાલવાનું અને તે પણ અડવાણે પગે. નીચી દૃષ્ટિએ સાડા ત્રણ હાથ દૂર દૃષ્ટિથી જીવદયાના ઉપયોગ સાથે. આ મહાન લાભ. 'આત્મવત્ સર્વભૂતેષુ.' ટેકસી–મોટર કે બસ ટ્રેનમાં મળે ?

૬. પ્રતિક્રમણ–સાંજ સવારનું પ્રતિક્રમણ. દોષોનું પરિમાર્જન. ભૂલો સંભારી તેનો પસ્તાવો. ભૂલોથી પાછા હઠવું ફરીથી ન થાય તેની તકેદારી. આ કલ્યાણકારી ક્રિયા જૈન-શાસનમાં આવશ્યક ગણાય છે. આની આચરણા એજ યાત્રાની સુરભિ છે. ફુલ પણ સુગંધવાળુ પસંદ કરાય છે. પરમપ્રભુની પૂજામાં વપરાય છે.

આ છ'રી પાળતો સંઘ ઉદારતાનું અનુપમ પ્રતિક છે. સંઘપતિઓ સુખી યાત્રિકો ધનવ્યય કર્યે જ જાય છે. જીર્ણ-મંદિરોના ઉધ્ધાર. નવ્યનું નિર્માણ. જ્યાં જરૂર હોય ત્યાં ખાસ

ઉપાશ્રયો. ધર્મશાળાઓનું સર્જન અને સમારકામ. સાધર્મિકોની ભક્તિ બહુમાનપૂર્વક, પૂર્વસ્થિતિમાં સ્થાપના. દિન અનાથનું પોષણ. વિ. વિ. કાર્યો શ્રી સંઘયાત્રાનું ગૌરવ બની જાય છે. સવારે ઉપડયા. બપોરે પહોંચ્યા. સાંજે પાછા ફર્યા. આમાં કયો વિશેષ લાભ નિપજે? એની પાછળ આત્મકલ્યાણની ભાવના હશે? લાખમાં એક હોય તો એકાંત નિષેધ પણ કેમ કરીએ?

## અઠ્ઠાઈ મહોત્સવો.

આ જૈનોની સક્રિય જ્ઞાનશાળાઓના ઉદ્‌ઘાટન છે. બાળકોના સંસ્કાર કેન્દ્ર છે. જિન એજ જગદુધ્ધારક દેવ. એનો ડિંડિમનાદ છે. આત્માનંદના ખીલતા બાગ છે. ફોરમ ફેલાય છે એમાંથી ભક્તિભાવનાની. ત્યાગધર્મની વહેતી ઉપદેશ સરણીઓ છે. શાંતિ અને સહિષ્ણુતાની પાઠશાળાઓ છે.

બાળ આવે બુઢ્ઢા આવે. આવે ગીતગાન કરતી નવયૌવનાઓ. વૃધ્ધ માતાઓ આવે, આંગળીએ વળગાડી નાના બાળકોને. અંગરચના જુએ. સૌ હરખે. આતો પા દોકડો એ નથી. ભગવંતે ક્રોડોગણી મિલ્કત છોડી રાજ્યગાદી છોડી છોડ્યા સગાવહાલા અને સ્નેહી સંબંધી. સુખ વૈભવ છોડ્યા. રંગ લાગ્યો સંવેગનો. વૈરાગ્યના ફુવારા ચારે બાજુ ઉડે. સાથે થાય રાજા મહારાજા—શેઠ શાહુકારો. આવા મારા નાથ. દર્શન થયા. પાવન થયા.

રાગરાગિણી ભર્યા સંગીતના સૂર નાદ નાભિમાંથી ઉઠે. પંચમ સૂરથી સૌ ઠરે. સૌ એકતાન બને. પ્રભુ તુંહિ તુંહિ. ઘર ભુલાય વેપાર ભુલાય. ભુલાય સઘળી જંજાળ. પહેલી પૂજા થઈ. શરણાઈ ગાજી ઉઠી. નોબતડંકાનો નાદ તાલબદ્ધ વહેતો

થયો. પૂજાઓ પૂરી થઈ. પ્રભાવના લ્યો ભાગ્યશાલી, પ્રભાવના લ્યો. તવંગર લે. મધ્યમ લે. બાળક મોટો થાય પ્રભાવના કરતો બની જાય.

દાન–શીલ–તપ–ભાવ ચારે ધર્મ ત્યાં પળાય. સાથે જ પાપોની પોઠ પણ પલાયમાન થાય. બેઠાં એટલું પુણ્ય. એટલો કાળ તો સંસારના પાપથી છુટ્યા ભાઈ. ધર્મ તો ભગવાનનો ભાઇ. નાનામોટા–સાજામાંદા–માલેતુંજાર કે સામાન્ય–સૌ ઉપાસક બની શકે.

આરતી ઉતારો આરતી. એ લુણ માટી લાવો. કાંસી તાલબધ્ધ વગાડજો. તાલમાં તાલ મળે. આતમનો મેળ મળે. કોના સાથે? નાથના નાથ સાથે. મંગળ દીવો આપો ઘંટા-નાદ પણ નરઘાના તાલે. વાહરે શું ધૂન મચી છે. દુનિયા આમજ ભૂલાય ને ?

'મારા નાથની બધાઇ બાજે, દીનાનાથની બધાઇ બાજે.' આલાપનો સૂર વાતાવરણમાં ગુંજે. આરોહ અવરોહ સૌને સ્તમ્ભિત બનાવે. લયમાં લયલીન બને. સૌ જગત્પતિની જય બોલાવે.

સુશીલ શ્રાવિકાઓના ગીત શરૂ થાય છે. ગીતમાં ગુંજન હોય ચારિત્રનું અને ચરિત્રનું. બોધ હોય નવે તત્ત્વનો. તાર સૂર જ્ઞાનના તારથી એકમેક થાય. ગરબાની રમઝટ જામે. ત્રિશલાનંદ વીરના વખાણ થાય. વાણીમાં વીણા વાગે. દાંડી યામાં ઝમક આવે. જાણે સ્વર્ગથી ઉતરી સાક્ષાત્ દેવીઓ. દાની–શાણી અને પગને ઠેકે સંસારને ઠુકરાવતી.

સંસાર ભૂલાય. આત્માનંદના ઝુલે ઝુલાય મનડું ફુલાય. મને મળ્યો યોગ જિનભક્તિનો. તત્ત્વરસથી હૈયું ઉભરાય. ભાવ-

ભીના સૌ બને. આવા છે અમારા અઠ્ઠાઈ મહોત્સવો. જરા વિવેકની જાગૃતિ જોઇએ. વ્યવસ્થાનું શાણપણ જોઇએ. સૌ શાંતિથી બેસી શકે એવી વિશાળ યોજના જોઇએ. બાકી ઘણું ઘણું.

## સાધર્મિક વાત્સલ્યો.

સાધર્મિક વાત્સલ્ય. શબ્દો બન્ને સુંદર. મનને આકર્ષે તેવા. સાધર્મિક એટલે જિનેશ્વરની આજ્ઞામાં સંપૂર્ણ શ્રધ્ધા ધરાવતા. જિનઆણા એક સાર. મારે તરવો છે સંસાર શું મધુરી ભાવના. હૈયે તેજ હોઠે. નાથને નામે મનડું વારી જાય. આજ્ઞાપાલનમાં શૂર. અરે, શાસનની રક્ષામાં પ્રાણ સમર્પે. સંપત્તિની તે સમયે કિંમત શી? સાધર્મિક એટલે આત્મીય પ્રમોદનું હરિયાળું સ્થાન. જીવંત ભાવનાનું પ્રતિક.

સાધર્મિક મળે દુવિધા ટળે. મનને શાંતિ મળે. તન તેજીમાં આવે. આત્મા સાબદો બને. શાસનના સમાચારની આપલે થાય. દેવાધિદેવના ગુણ ગવાય. પરસ્પરના મન ખુલ્લા થાય. એકમેકની વ્હારે થાય. **શ્રી સંઘના કાર્યોની આજ્ઞાનુસાર વિચારણા થાય.**

આવા રૂડા આત્માઓ એકમેક પ્રત્યે એકમના બને. જોતાં હૈયે આનંદ. આંખો વિકસિત થાય. પ્રણામ–પ્રણામનો ધ્વનિ નીકળે. સત્કાર–સન્માન–બહુમાન થાય. વાત્સલ્યનું દિવ્ય સ્નેહનું ઝરણું વહેતું થાય. ગુલાબ–ચંપા–મોગરાથી અધિક મહેક વ્યાપક બને.

જમણો થાય. રૂડા આમંત્રણ અપાય. ઠાઠ અનેરો જામે. બેસવાને ગાદી–ગાલિચા. જમવાને તાટ વિશાળ. ચાંદીના–જરમનના–પિત્તળના. પણ અંદર મોં દેખાય એવા સ્વચ્છ અને ચકચકિત. લોટા, પ્યાલા, કટોરીઓ તો હોય ને ?

પાણી ઉકાળેલા હોય. ઠંડા હોય પણ સ્વચ્છ નિર્મળ માટીના માટલાના. ના હોય ભાઈ બરફનું તો નામ જ ન બોલાય આ તો જૈનોના જમણ. સ્નેહની–ભક્તિની આભા. પકવાન્ન-પાંચે હોય અને પંદરે હોય. જેને જે રુચે તે વાપરે. શાક-દાળ ફરસાણ અનેક જાતિના. પણ વાપરનારા વૃત્તિસંક્ષેપ-વાળા. પાંચ વસ્તુનો દશ વસ્તુનો નિયમ હોય. લ્યો લ્યોનો આગ્રહ અને લેવા ના પાડે. અતિ આગ્રહે કહેવું પડે ભાઈ દ્રવ્ય પુરા થાય છે. જમાડનાર ભક્તિમાં પૂરો. જમનાર ત્યાગમાં જરાએ ના અધુરો. જોડી જામે આમ. શાસનના થાએ કામ. સૌ બેસે ઠરી ઠામ. ઠામ મુક્તિનું ધામ.

તંબોલ ને મુખવાસ ધરાય. પહેરામણી શક્તિ અનુસાર. અલંકાર પણ અપાય. રૂપીયો ને નાળીયેર પણ અપાય. શ્રીફળ એકલું પણ શોભે. સૌની શોભા એ તો રાખે. સૌ ગુણ ગાએ જિનદેવના રાગે. જિન પાસે પૈસો ના માગે. અને મુક્તિના ભાવ જાગે જ જાગે.

આ છે અમારા ધર્મસ્નેહના મેળા. સ્વાભાવિક સ્નેહના ઉછાળા. સદ્ધર્મની મમતાના પડછાયા. એ પડછાયો જેના પર પડે તે પાવન થાય. માર્ગ સમજાય. વિવેક જાગે. એઠ જુઠ હોય નહિ. જમ્યા પછી થાળી વાટકા સ્વચ્છ. જાણે હજુ જમ્યા જ નથી. જીવદયા સચવાય. સાચી નાગરિકતા વિશ્વને શીખવાડાય. કણેકણનો સદુપયોગ થાય.

કર્મયોગે ભીખ માગતાઓને પણ જમણ મળે. મીઠાઈ પણ હોં. પેટ એમના ઠરે. આશીર્વાદ દેતા જાય. જિન ભગવાનની જય બોલતા જાય. કેઈક આત્માઓ ધર્માભિમુખ થાય. સમ્યક્ત્વ પામે. પામેલાં દૃઢ થાય. વાત્સલ્યનું વિપુલ ઝરણું સૌને પાવન કરે.

## એક અનોખો પ્રકાર.

સાધર્મિક તે સાધર્મિક. ભવપંથમાં જેને મળે તે પાક્કો-પુણ્યવાન. બારવ્રતધારી પણ હોય. સમ્યક્ત્વધર પણ હોય. પણ ભગવંતનો સાચો ભક્ત. સત્યનો સાથી. હાથી હજી ઉન્માદે ચઢે પણ સાધર્મિક સમતાનો સાગર. મમતાને મારવા મથે. ક્રોધને કાઢવા તલપાપડ. કર્મોદયે આવી જાય તો જીરવી જાણે. ક્ષમાપના માંગતા વાર નહિ, હૈયાનો ચોક્ખો. ભલે વસ્ત્રે ઓછો ઉજ્જવળ હોય.

દાન–શાન અને ભાનથી ભર્યો જિનગુણગાનમાં ગુલ્તાન. વેપાર કરે. નોકરી કરે. પણ ધ્યાન સદા જિનદેવનું ધરે. ઘરે હોય, પેઢીમાં હોય, બાળક ખોળે રમતો હોય, પણ આત્મા મુક્તિમાં રમે. મન ભાવનાથી ભર્યું. બાળકમાં પણ અરિહંતનો વાસ કરે.

કર્મોદયનું શું કહેવાય? સ્થિતિ ઘડીમાં પલ્ટાય. કુટુંબ-પોષણનો પ્રશ્ન પણ ઉઠે. પણ હૈયું ન બગડે. પુણ્ય-પાપના ઓળાજ વિચારાતા હોય. ત્યાંના આઢ્ય સાધર્મિક ઘેર આવે. તેનો સત્કાર થાય. એકાંતમાં બેસે. ઘણા દબાણથી પૂછ્યા પછી સાચી પરિસ્થિતિ જાણવા મળે. કોઈ પ્રકારની ચિંતા ન રહેવા દે. આ પણ છે સાધર્મિકવાત્સલ્ય.

સાધર્મિક શ્રીમંત છે. લાખોનો વેપાર છે. વેપારમાં અચાનક એકદમ ખોટ આવી. ખોટ પણ મોટી આવી. નાકનો-આબરૂનો પ્રશ્ન છે. એના કરતા પણ વધારે ચિંતા અજ્ઞાન-જન ધર્મનિંદા કરે તેની છે, પણ થાય શું? ત્યાં તો બેચાર ભગવંતના ભક્તો એકઠા થયા જ હોય. વિચારવિનિમય થઈ ગયો હોય. શ્રીમંત સાધર્મિકને આબરૂભેર ઉભા રાખવાનો.

સૌ પહોંચે સાધર્મિક શ્રીમંતને ત્યાં. અલકમલકની વાતો કરતા કરતા નિશ્ચિંત બનાવી દે. લાખ બે લાખ આપી કીર્તિ ઉજ્જવળ રાખે. બજાર ટકી જાય. કોઈ જાણે નહિ. અલ્પ-કાળમાં પગભર થઈ જાય. પહેલે જ તબકકે નાણું ભરપાઇ કરવા દોડી જાય. પેલા ના પણ પાડે. શી ઉતાવળ છે? પણ આ તો ખાનદાન, આપીને જ ઝંપે. ઉપકાર ભૂલે નહિ, ધર્મપરની શ્રદ્ધા કેઇગણી વધી જાય, અનેકનો આશ્રયદાતા અને ભક્તિકારક બની જાય, તન–મન–ધન જિનના ચરણે સમર્પિત થાય. સાધર્મિક ભાવ તે આનું નામ. મારા ભગવાનનો ભક્ત અને ચિંતામાં ? સત્યનો–પરમસત્યનો ઉપાસક અને ઉપાધિમાં ? છતી શક્તિએ ઘડીભર જોવાય નહિ, સહન થાય નહિ.

'વાત્સલ્યમૂર્તિ' વીરના સંતાન આવા સોહામણા હોય. કોઈ ધર્મની ભાવનાથી ખસતો હોય, ધર્મકરણીમાં ઢીલો પડતો હોય, કોઇ પ્રમાદી બનતો હોય, સર્વને પ્રેરણા કરે. દૃષ્ટાંતો દ્વારા સતેજ કરે, જરૂર પડે કડક બની બે બોલ કપરા પણ સંભળાવે, પણ સાન ઠેકાણે લાવે. ધર્મપ્રેમનું આ લક્ષણ છે. લાખેણો મારો સાધર્મિક. **'સાધર્મિક સમ સગપણ ન કિસ્યું.!'**

સવાસોમાની ટુંક એનું જીવતું જાગતું પ્રતિક છે.

## સાધર્મિક શ્રાવિકા સધવા યા વિધવા.

જૈનશાસનની સમતુલા અજબ–ગજબની છે. મર્યાદાબદ્ધ સમધોરણ સર્વતોમુખી પ્રશંસા માંગી લે છે. પુરુષ યા સ્ત્રી, રંક યા રાજા, તિર્યંચ યા મનુષ્ય સર્વની કક્ષા પ્રમાણેનું એક-ધોરણ અનુમોદનીય. કુદરતી અંતરો અને એના રક્ષાત્મક

વ્યૂહ તો ટકાવે જ છૂટકો. નહિ તો ઉત્પાત અને ઉલ્કાપાત જ જન્મે.

ભવ્યાત્મા માત્ર મુક્તિની લાયકાત ધરાવે છે. ત્યાં પુરુષ કે સ્ત્રીનો ભેદ નડતો નથી. બાકી શારીરિક ધોરણે અંગોપાંગની વિભિન્નતાએ, અધિકાર ભેદ તો રહેવાના જ. ભરહેસરની સજ્ઝાય સ્ત્રી પ્રત્યેના બહુમાનનો સજ્જડ પુરાવો છે. સતી સ્ત્રીઓ, મન-વચન-કાયાથી શીલધર્મ પાળનાર હોય છે. પ્રાણ જાય તો ભલે જાય, પણ શીલ સ્વરૂપ અખંડિત જ રક્ષવાનું. આવી મહાસતીઓનાં નામ પૂજ્ય પંચમહાવ્રતધારી સાધુ મહાત્માઓ પણ રોજ સવારમાં સ્મરે છે, એમાં પણ શીલપાલનની સ્વચ્છ આલ્હાદદાયી અનુમોદના છે.

માટે જ જૈનશાસનમાં સાધર્મિક શ્રાવિકાઓનું પણ પુરું સન્માન થાય છે. ત્યાં ભક્તિ-બહુમાન શ્રદ્ધાનું છે. જૈનત્વના તેજનું છે. વિધવા કે સધવાનો ત્યાં પ્રશ્ન જ નથી, ઉલ્ટાને વિધવા પ્રત્યે વધુ આદર બતાવવાથી, સદ્ધર્મમાં વધુ સ્થિર થાય છે. આત્મામાં સુંદર પરિણામોની શ્રેણિ વધતી રહે છે. સાધર્મિક ભાવ એ પણ સ્વપર આત્મ-ઉત્થાનનું એક સ્તુત્ય પગથીયું જ છે ને ? ધર્મ ધર્મીમાં રહે છે. સાધર્મિક ભક્તિમાં ધર્મ અને ધર્મી બન્નેનો આદર છે.

વિધવાપણું કેમ પ્રાપ્ત થયું એ શ્રદ્ધાવાન શ્રાવિકા સારી રીતે સમજે છે. કરેલાં કર્મોનાં ફળને ઓળખે છે. નવતત્ત્વની જ્ઞાતા હોય છે. કર્મપરિણામો પીછાને છે. હૈયું શાંત હોય છે. બ્રહ્મચર્યની નવવાડોમાં આદર ધરાવે છે. જમાનાની ઝેરી અસરથી પર હોય છે. અનાદિકાલીન ઘાતક ભવભ્રમણનું ભાન હોય છે. જિનાજ્ઞાનું અદ્ભુત અમૃત આત્મામાં રમતું હોય છે.

યૌવનને આંગણે પ્રવેશતી બાળકુમારિકાઓ એ પણ જૈનશાસનનું નૂર છે. ભણેલ સમજુ. આજના એજ્યુકેશનને પામેલી. સંસારવ્યવહારમાં સર્વ રીતે સુખી. નીરોગી નમણી કાયા. આવી બાળાઓ પણ મૂકે છે સંસારની માયા. સંયમમાં સ્નેહ જગવે છે. સાધ્વી સંસ્થામાં રહી અભ્યાસ કરે છે. જ્ઞાન અને ક્રિયા બન્નેનો. વિહારની પણ પ્રેક્ટીસ કરે છે. તપની ટેવ તો પાડે જ. માતાપિતા હર્ષે મહોત્સવ માંડે. શોભાયાત્રાના ધર્મ વરઘોડા કાઢે. શક્તિ અનુસાર વર્ષીદાનમાં પૈસાની છોળ ઉછળે. લક્ષ્મીની અસારતા જાહેર થાય. સાધ્વી સંસ્થાને ખોળે જીવન સમર્પિત થાય. આજના વિશ્વમાં આ પણ એક અજાયબી જ ગણાય ને ? વિલાસના મહામારક યુગમાં, મોજશોખ અને અમન–ચમનના ઉત્કટ આકર્ષણમાં જીવન ન્યોછાવર ધર્મને !

પછી વિધવા શ્રાવિકાઓ માટે તો સર્વોત્તમ માર્ગ બનેજ બને. સ્વનો ભાવ હોય તો જ. શક્તિ–સંયોગો અને મનનો શાંત વેગ સહારો આપે તો જ. બલિહારી છે જૈનશાસનની. તેના પ્રણેતા તીર્થંકરદેવોની. માર્ગ ઉંચો જ હોય. તરવાનું જ સાધન. સુખ–શાંતિ અને સમાધિનો જ રાહ. અધઃપતનના માર્ગો અને સાધનો આજના જમાનાને મુબારક રહો !

## વરઘોડાની વિશેષતા.

રથયાત્રા–જળયાત્રાના વરઘોડા. તપના ઉજમણા અંગેના. ગુરુપ્રવેશના સામૈયા. શ્રી સંઘ પ્રયાણની શોભાયાત્રા. આ છે જૈનશાસનના ભક્તિપ્રસંગો. અનુમોદના દ્વારા સમ્યક્ત્વની સન્મુખ બનાવનારા. ઇતરોને પણ જિનદેવના સર્વ કલ્યાણકર માર્ગ તરફ આકર્ષતા. ધર્મી આત્માઓના ઉત્તમ મેળા સર્વકલ્યાણકર હોય.

નિશાન ડંકો આવે. સૌનું ધ્યાન ખેંચે. ડંકો ઉંટપર, ઘોડાપર-યાંત્રિક વાહનમાં પણ. ઈંદ્રધ્વજ યા ધર્મધ્વજ સોહામણો. આકાશ સાથે વાતો કરતો, નાથનો ધર્મ સ્વર્ગમાં પણ છે જ. ધર્મ વડે જ મુકિત મેળવાશે એમજ ધર્મધ્વજ કહે ને? સાંબેલાનો સુમાર નહિ, કેઇ થનગનતા ઘોડા પર. કેઇ ચાર ઘોડાની બગીમાં, કેઇ આધુનિક મોટર રીક્ષામાં, સહુનો ઉત્સાહ સમાય નહિ, શું છે ભાઇ આજે? અરે, અમારા ભગવાનનો વરઘોડો છે ત્રિશલાનંદન મહાવીરદેવનો જન્મ દિવસ છે. સૌને યાદ આવે. સૌને યાદ આપે.

મદમસ્ત ઝુલતા ગજરાજ. એક-બે પાંચ. શી રે શોભા. સોના-ચાંદી મખ્મલની અંબાડી. હોદ્દાઓ તો હોય જ. સાફા ફેંટા ઝરીયાણ-અલંકાર-નાજુક-નમણાં અને ઉમદા. મોતી-માણેક હીરાના કોઈ અભાગી જીવનો જીવ બળે જોઇને. આપણે શું કરીએ? સારીએ વનસ્પતિ ખીલે. ત્યારે જવાસો સુકાય. અવળી પ્રકૃતિનો ઉપાય નહિ.

સફેદ કમળસમા, સંયમ સુરભિ ભર્યા, મુનિવર પંચ-મહાવ્રતધરા. મુખડા એમના સ્મિત ભર્યા. સાજન-મહાજન મોટું. પાઘ-પાઘડીઓ હવે ન દેખાય. પણ ઉત્સાહ જરૂર પરખાય. નાનામોટા સૌ આવે. શ્રીમંત મધ્યમ કોઈ બાકી નહિ. મર્યાદા જરૂર સચવાય. ધનિકોને આગળી હરોળમાં રખાય. પુણ્યતત્ત્વનું બહુમાન છે ને? સૌ વાતો કરે અને હૈયા હેલે ચઢે. શાસનના સંભારણા થાય. પૂર્વકાળની શોભા યાત્રાઓનું સ્મરણ થાય. લક્ષ્મીનો મદ ગળી જાય. બે પૈસા ખર્ચવાનું મુંજીને પણ મન થાય.

પ્રભુશ્રીનો રથ આવ્યો. ચાંદીનો અને મીનાકારી કામ. પૂરા ખર્ચ્યા છે દામ. કારીગરનું એ તો ધામ. શીખર સોનાનું.

બળદ તો જુઓ. હષ્ટપુષ્ટ અને મનોહર શીંગડા કેવા અણિદાર નમણા! પ્રભુજી દેખાયા 'મનહર મૂર્તિ વીરની નીરખી, નયને અમીરસધારાજી' તારકદેવ! મુક્તિપંથપ્રેરક દેવ! ચતુર્ગતિવારક દેવ! સુરનરના સ્વામી! સર્વજ્ઞ સાચા દેવ. સૌને ગમે-સૌના મનમાં રમે. ગમે તે ભવમાં ન ભમે. આત્મોત્થાન જ ગમે. ભવતાપ શમે.

સાધ્વીગણ સોહામણો ધૂસરદૃષ્ટિ, દૃષ્ટિ કરો શિર નામી, નમન કરો. તન મન પાવન કરો. નમણું નારીવૃંદ. ગીત ગાન ગાતું મધુરૂં જુથ. વિવિધ વેષભૂષા અને અલંકારના તેજ. આંખો અણિયારી પણ નિર્વિકારી દૃષ્ટિ અરસપરસમાં પણ હૈયું પ્રભુગાનમાં. ગીત ઝીલાવે કોકિલકંઠી. સૌ ઝીલે અને ઝુકે હૈયું નાથને ચરણે.

બેન્ડના સરોદો તો હોય જ. ભક્તિમંડળોના દાંડીયારાસ અને ધૂન. બસ જ્યાં જુઓ ત્યાં મહાવીર. નામ તો મહાવીરનું દર્શન તો મહાવીરનું. ધ્યાન તો વીરના તપનું. વરઘોડો એટલે જીવતો જાગતો સદ્દ્ધર્મનો પ્રચાર. સત્ય પ્રત્યેના પ્રેમનું પ્રતિક. પ્રભાવના ખરી ને? હોય જ. જૈનોના હરકોઈ શુભ કામમાં પ્રભાવના એ તો ધર્મનું પ્રતિક.

## પ્રભાવના.

પ્રભાવના કોની? જૈનશાસનની. જૈનધર્મની. સનાતન સત્યની. જનકલ્યાણની. અબોલા પ્રાણિગણના પણ કલ્યાણની. સર્વતોમુખી ફેલાવો પરમ સત્યનો એ જ પ્રભાવના ને? આવી પ્રભાવના અનેકરૂપે થાય.

અનેક આત્માઓ ધર્મના મર્મને સમજે તેવી યોજનાઓ કરીને. શાસનસમર્પિત સિદ્ધાંતનિષ્ઠ આચાર્યાદિ મુનિ-

વશેના પ્રવચન પ્રસંગો યોજીને. સંપૂર્ણ શ્રદ્ધાવાન–શાસ્ત્રાજ્ઞાને પૂરા વફાદાર–અને ધર્મના રહસ્યોને ગુરુગણથી પામેલા સુશ્રાવકોના વાર્તાલાપ ગોઠવીને. પ્રભુભક્તિ–શ્રુતભક્તિના શાસ્ત્રાનુસારી આયોજનો ઉભા કરીને. સાધર્મિક વાત્સલ્યો આદિ પ્રસંગે ભકિતગીતો યા રાસાદિદ્વારા.

આ અને આવા અનેક પ્રસંગોમાં પધારેલ સાધર્મિકોની તેવા પ્રકારની સુંદર વસ્તુઓથી ભકિત એ પણ પ્રભાવના. મેવા–મીઠાઈ–શ્રીફળ આદિ પ્રણામ કરીને ભાવથી આપે. લેનાર પણ ભાવપૂર્વક પ્રણામ કરીને લે. ઈતરો પણ આવ્યા હોય. તેમને પણ સદ્‌ભાવથી અપાય. જોનારને પણ અનુમોદના કરવાનું મન થાય. જરાય અવાજ નહિ. સૌના મુખારવિંદ હસતા.

જે જે પ્રસંગોમાં કાંઈક ક્ષતિઓ આવી હોય તે દૂર કરવી જ જોઇએ. પણ મૂળ તારક માર્ગ કેમજ બંધ થાય? મલમપટ્ટાથી આંગળી ન જ મટી. તો આંગળીનું ઓપરેશન થાય. પણ કાંઈ હાથ ન કપાય. ધર્મની કોઈપણ ક્રિયામાં શિથિલતા પ્રવેશી હોય તે દૂર કરવી જ પડે. પણ ક્રિયા ન જ ઉડાવાય. હરકોઇ ધર્મપ્રભાવક વસ્તુ પ્રભાવનામાં સમાઇ જાય છે.

## શ્રી સંઘપૂજા.

આ એક મહત્ત્વનું કાર્ય છે. ત્રિભુવનપતિ દેવાધિદેવની સેવામાં સજ્જ. ધર્મમાં અતુલ શ્રદ્ધા ધરાવનાર. પ્રભુઆજ્ઞા એજ સાચી આજ્ઞા એમ માનનાર. શાસ્ત્ર–સિધ્ધાંતને પૂર્ણ વફાદાર. આવા આવા આત્માઓનો સમૂહ શ્રી સંઘ. બારવ્રતધારી પણ હોય–શુદ્ધ સમ્યક્ત્વથી શોભતા હોય. માર્ગા-

નુસારી ગુણો સાથે જિનદેવને માનનારા હોય. આ બધા સંઘમાં સમાય. આવા શ્રી સંઘની ભકિતપૂજા એ જીવનનો લ્હાવો છે. જિનભકિતનું પાલન છે.

શ્રી સંઘ એટલે શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘ. ચારે શાસનના અંગ. શાસનને સમર્પિત. 'તેજ સાચું અને શંકારહિત જે જિનેશ્વરોએ કહ્યું છે.' આ વિચારો રોમરોમ વ્યાપક. ધર્મની હરકોઇ પ્રવૃત્તિમાં માર્ગસ્થ આચાર્યાદિ મુનિવરોને જ પૂછવાનું. તેઓ ફરમાવે એ જ માન્ય. ધર્મ આરાધવા ઇચ્છનારને શ્રી સંઘ હરકોઇ સુવિધા કરી આપે. સંયમ માટે સાચા વૈરાગ્યવાળાને સદાસહાયક. જરૂર પડે એના કુટુંબનો રક્ષક પાલક શ્રી સંઘ બને. સાતેક્ષેત્રોની દેખભાળ વિધિપૂર્વક શ્રી સંઘ રાખે.

આવા શ્રી સંઘની હરકોઇ સંસારી પ્રસંગે પણ ભકિત કરવી જોઇએ. જરૂર શકિત પ્રમાણે. અત્યારે તો વ્યાખ્યાનાદિ પ્રસંગે ભાલે તિલક કરી. રૂપીઓ કે શ્રીફળ અને રૂપીઓ, નમસ્કાર કરી આપવાની પ્રથા પ્રચલિત દેખાય છે.

## સાત ક્ષેત્ર.

સાત ક્ષેત્ર પ્રસિદ્ધ પારિભાષિક શબ્દ છે. શ્રી જૈનશાસનમાં સાત આદરણીય સ્થળોની ભકિત હજુ જીવંત છે. જરૂર ઓટ ઘણી આવી છે. એમાં મુખ્યત્વે જમાનાનું ઝેર અને આજના એજ્યુકેશનની ભીતરની નીતિ મુખ્ય કારણો છે. સાત નીચેથી ઉપર એક એકથી ચઢિયાતા છે. ત્રણ પ્રથમના પૂજ્ય છે. બાકીના ચાર પૂજક છે. એ ચારમાં પણ બે પૂજ્ય છે બે પૂજક છે.

અનાજ સુભૂમિમાં વાવેલ ઉગી નીકળે છે. છૂટા છવાયા વેરેલા દાણા ગાડાને ગાડાના રૂપમાં ખડા થાય છે. આ

સાતમાં વાવેલ-વાપરેલ ધન અનેકગણું થઇને આવે છે. ખર્ચનાર ન ઇચ્છતો હોય તો પણ. આ ભવમાં જ એમ નહિ આગામી ભવમાં તે આગળ જ દોડે છે. છતાં આત્મા એ વૈભવમાં મુંઝાતો નથી.

તે સાત ક્ષેત્ર અનુક્રમે-જિનમૂર્તિ-જિનમંદિર જિન-આગમ-સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા છે. છેલ્લા ચારને મહા-આલંબન મૂર્તિનું છે. મોક્ષની નિસ્સરણી છે. સાધુ કે શ્રાવક સર્વને ત્રિકાળ એ આલંબનની જરૂર. દેવમંદિર હોય અને સાધુ દર્શન ચુકે તો પ્રાયશ્ચિત આવે. તો શ્રાવક માટે ? **ગામમાં દેરાસર હોય અને દર્શન કરવા ન જાય તો જૈનશાસનનો ગુન્હો છે. પાપનો ભાગીદાર બને છે.**

શ્રી જિન-આગમ. ભગવંત ત્રિપદી પ્રકાશે. ગણધર દેવો તે પ્રકાશને દ્વાદશાંગીમાં ગુમ્ફિત કરે. તેના પર નિર્યુક્તિ-ભાષ્ય-ચૂર્ણિ-ટીકાઓ રચાય. તેના પર તે તે દેશની ભાષામાં ટબા પણ લખાય. પણ બધાએ મૂળ-અર્થને અનુસરીને જ. ઘરનું કે પોતાનું મનઘડંત કોઇ ઉમેરવાનું કે લખવાનું નહિ. બે કે ત્રણ મત દેખાય તો એકજ વાકય. 'તત્ત્વ-તદ્દન સાચો. મર્મ તો કેવળી ભગવંત જાણે.' આ છે આગમ જાણ્યા કે ભણ્યાની સફળતા.

બાકીના બે પૂજ્યોની પૂજ્યતા જગજાહેર છે. પૂજ્યો પ્રત્યેની બન્ને વર્ગની ઉપાસકતા આજના વિષમકાળમાં પણ ઝળહળતી દેખાય છે. સાત સદ્ધર બેંકો છે. કદીએ તૂટે નહિ. દશગણું, સોળગણું તો સામાન્યથી વળતર આપે. પણ સો હજાર કે અસંખ્યગણું આપે. પણ આ બેંકમાં વળતરની ઇચ્છાથી મૂકવામાં નુકશાન. સર્વશ્રેષ્ઠ મુક્તિનું ફળ ન મળે.

શાંતિ–સમાધિ વચલા ગાળાના ભવમાં ન મળે. આ ઓછું નુકશાન છે ? ત્યાગ–વિરાગ–શમ–સંવેગ–સંવર એ સાત–ક્ષેત્રની ખેતીના સાચા ફળ છે.

## અનુકંપા.

સાતે ક્ષેત્રોની શોભારૂપ આ એક અનુમોદનીય ક્ષેત્ર છે. ધર્મનો શણગાર છે. શણગાર એવી રીતે ન પહેરાય કે શરીર છોલાય, શરીર કદરૂપું લાગે. તેવીજ રીતે ધર્મના પ્રાણ હણાય, ધર્મ દુબળો પડે, ધર્મના નાના મોટા સિદ્ધાંત કે આચરણ ઘવાય તે રીતની અનુકંપાને અનુકંપા જ ન કહેવાય.

અનુકંપા એટલે ? જેમાં પોતાનો આત્મા પરનું દુઃખ જોઈ કમ્પી ઉઠે છે. શક્તિ હોય, સાધન હોય તો દુઃખ જરૂર દૂર કરે છે સામાનું દુઃખ દૂર કરે ત્યારે જ પોતાને શાંતિ વળે છે. ધર્મીઆત્માનો ધર્મ જ એને ચેન ન પડવા દે. કારણ કે ધર્મના પાયામાં દયાનું ચણતર થયેલું જ છે. દયા અને દાન માનવ સૌંદર્યના શણગાર છે. આ બે ગુણો-માંથી બીજા અનેક ગુણો ઉત્પન્ન થાય છે.

દયા જાગી. શક્તિ છે. દાન થાય જ થાય. દયામાંથી ઉઠેલું દાન માન ન આવવા દે. માન મળે જરૂર. અભિમાન ન આવે એ ચોક્કસ. દયા દેવી છે. દાન વરદાન છે. દાન દેનારને વરદાન મળી જ ગયેલું છે. સૌથી મોટું વરદાન સંસારમુકિત. મુકિત ન મળે ત્યાં સુધી દેવ–માનવના અણમાગ્યા સુખ. છતાં સુખમાં લેવાય નહિ. દાનવૃત્તિ વધે, સંસાર ઘટે મસ્ત આત્માનંદમાં રમે.

આજે દયાને નામે દંભ પણ ચાલે છે. દયાને નામે નર્યો સ્વાર્થ પણ સધાય છે. પણ તેથી દયા ગુણને ન ભૂલી જવાય.

ઉપેક્ષા એની ન જ થાય. દયાને નામે છેતરનાર પોતાને જ છેતરે છે. દયા કરનારને તો ગુણ જ થાય છે. પહેલો લાભ આત્માને સંતોષ અને સમાધિ. એક શુભ કર્તવ્ય બજાવ્યાનો આનંદ. પ્રકૃતિ તંત્રના પથનું પ્રયાણ.

ભૂખ્યાને અન્ન–તરસ્યાને પાણી–નાગાને અંગ ઢાંકણ–આશ્રય વિનાનાને આશ્રય. આ બધી દ્રવ્યદયા ભાવદયાનું પ્રતિક છે. આજે દ્રવ્યદયાને નામે ભાવદયા પર કુઠારાઘાત કરનારા વિશ્વનું અપમંગલ કરી રહ્યા છે. ભાવદયા જનની છે. દ્રવ્યદયા એની નાની રમતીઆળ દીકરી છે. વળી એક મહા–કૌભાંડ ઉભું થયું છે. એ તો પ્રાયઃ નેવુથી નવાણું ટકા વર્ગ સમજતો જ નથી.

અનુકંપાના સાચા મર્મને પામવો છે? તો એ કૌભાંડ પણ સમજી લ્યો. રાજરમત અને તે પણ આંતરરાષ્ટ્રીય સ્તર પર એ મોટું તોફાન છે. ઈરાદાપૂર્વકની યોજનાઓ ઘડવી. અનેક યુદ્ધો ખડા કરવા. જોહુકમી હુકમો કાઢવા. લોકોને હાંકવા. નિરાશ્રિત બનાવવા. પછી નિરાશ્રિત સહાયક–ફંડો એકઠા કરવા. કોને કેટલું પહોંચે છે? એ તો જાણે તે જાણે. આ રીતે લોકધ્યાન ખેંચાતા સાચી અનુકંપા ખોરવાઈ જાય. ખરેખર જરૂરીઆતવાળા દુઃખી જ રહે. લાંબી વણઝારો–કૃત્રિમ રીતે ઉભી કરેલી. સાથે જ ભયંકર મોંઘવારી અને બેકારી ખડી કરે જવી. એટલે લોકોનો દયાભાવ દરીયામાં પોઢી જાય. પછી ધર્મકાર્યોને નિંદવા. આ રીતે ધર્મથી વિમુખ બનાવવા. અને અનુકંપા પણ ગુમ–વાહ રે કૌભાંડ!

દ્રવ્યદયાની સાચી રક્ષક–પાલક માતા ભાવદયા. આત્માના સ્વરૂપને ઓળખે તેનામાં ભાવદયા જાગૃત થાય. જડનું જોર

સમજે. આત્માનું અનાદિનું પતન પારખે. ઉત્થાન માટે મથે. તે ભાવદયાને સમજે. સંસાર ખારો, ધર્મ સારો. જન્મ–મરણ આકરા. અજન્મા બનવું એજ શ્રેષ્ઠ ઉપાય. તો જ સર્વતોમુખી સદા માટેની સુખ–શાંતિ–સમાધિ મળે–ટકે. ભોગવાય.

આ સમજ આવી. સંપત્તિ વિપત્તિ લાગે. સુખ પાપના મૂળ લાગે. દુઃખથી ડરે નહિ. સુખમાં મુંઝાય નહિ. પ્રાપ્ત શક્તિનો સદુપયોગ. તન–મન–ધન ઉદારતાથી ખર્ચે. દીનની દયા આવવાને આવે. ઉદાર હાથે દુઃખીના દુઃખ દૂર કરે. દાનશાળાઓ પહેલા આ ભાવમાંથી જન્મી હતી. પણ તેમાં માત્ર ભોજનતૃપ્તિ. સાથે સુબોધની સરણી. આડંબર નહિ. દુષણોનો જન્મ નહિ. દંભ નહિ. ડંફાસ નહિ. સ્વાર્થ નહિ. નિઃસ્વાર્થ નમ્રભાવની સેવા !

## ઉપધાન તપ.

ઉપધાન ભાવાનુકંપાનો ઉત્તમ પ્રકાર છે. તપધર્મનું આચરણ છે. સર્વવિરતિ મહાલયમાં પ્રવેશવાનું એક અનોખું દ્વાર છે. જિનકથિત જ્ઞાનની વિધિપૂર્વકની આરાધના છે. પ્રભુઆજ્ઞાનું દ્રવ્ય–ભાવ પાલન છે. શરીર શક્તિનો કયાસ કાઢવા માટે પ્રેકટીકલ લેબોરેટરી છે.

૪૭–૩૫–૨૮ દિવસોના હોય છે. આ ત્રણ હપ્તે સૂત્ર–જ્ઞાનનો પ્રકાશ મળે છે, ૪૭ દિવસના તો બાળકથી માંડી વૃધ્ધ પણ કરે છે. શ્રીમંતો શાણા પોતે કરાવે છે. બીજાને કરવાની સગવડ ઉભી કરી દે છે. નહિ કરી શકનારા શ્રીમંતો વધારે ઉમંગથી કરાવે અને અનુમોદના કરે ને ? શરીર અને લક્ષ્મી બન્નેથી અશકત અનુમોદના–પ્રશંસા કરે જ કરે. નિર્જરા સાધે. પુણ્યાનુબંધી પુણ્ય બાંધે.

પૂ૦ આચાર્ય-મુનિવરો ઉપદેશ આપે. વિધિ બતાવે-કરાવે. ૪૭ દિવસ દરમ્યાન જિનકથિત ધર્મનો ધોધ વહેતો કરે. વાચના આપે. સૂત્રના અર્થ-ભાવ અને મર્મ સમજાવે. આરાધકો ઘર-સંસાર ભૂલી જાય. બહારની બધી જંજાળ વિસરી જાય. કેઈક સંયમના અર્થી બને. કેઈક સમ્યકૃત્વ પામે. સત્ય નીતિના માર્ગે ચાલવા સૌ સજાગ બને.

સવારે પરોઢીએ ચાર વાગે ઉઠે. પ્રતિક્રમણ-દેવવંદન-પડિલેહણ-સો લોગસ્સનો કાઉસ્સગ્ગ-સો ખમાસમણ-૨૦ નોકારવાળી-વ્યાખ્યાન-દેવદર્શન કરે ને પુણ્યની પોઠ ભરે. કર્મોને નિર્જરે. ઉપવાસને બીજે દિવસે નીવિ-એકાસણું. બપોરે એક વાગે.

વાનગીઓ વિવિધ. લલચાવવા માટે ? જીભના સ્વાદ માટે? કરી જુઓ એટલે બધો અનુભવ થશે. બાકી તો દેશદેશના લોક આવ્યા હોય. મહારાષ્ટ્ર-ખાનદેશ-ગુજરાત કાઠીયાવાડ-ઝાલાવાડ-બંગાળ. સૌની અભિરુચિ શરીર પ્રકૃતિ સ્વાસ્થ્ય-લક્ષી હોય. કોઇને અડદની તો કોઇને મગની પચે. કોઈના કોઠાને તુવેરની જ અનુકુળ આવે. ફરી ૪૮ કલાકે જ ખોરાક લેવાનો છે. સવારના ૪ થી રાતના ૯ સુધી એક ધારી ક્રિયા. મોટે ભાગે ઉભે પગે અને ખમાસમણા દઈ દઈને.

બાળ હોય-યુવાન હોય-વૃધ્ધ હોય- ઢીલા પોચા અને નબળા શરીરવાળા પણ હોય. કોઈને કોઈ વસ્તુ પાચક બને. બીજાને બીજી-વાનગીઓ માટે બને છે અનેક. શરીર ટકાવવા-શકિતના સદુપયોગને લક્ષમાં રાખીને સઘળું થાય છે. તપસ્વીઓ પ્રત્યે ભકિત ઉભરાય છે.

ચીજ ૩૫ બને. વાપરનારા પાંચ કે સાતનો નિયમ કરે. નીવિને દિવસે આયંબિલ કરે. આંખ અને હૈયું બન્ને ખુલ્લા હોય તેને દેખાય અને સમજાય. ભક્તિ કરનાર શા માટે ખામી રાખે? એને મન તો લક્ષ્મી આવા પ્રસંગોમાં કાંકરા બરાબર છે. જરાએ અડચણ તપસ્વીઓને શા માટે પડવા દે? જરૂર વિવેક ન ચૂકે તપસ્વીઓના સ્વાસ્થ્યને નુકશાન કરે તેવા વધારે પડતા તાતા તીખા પીરસી ખોટી નામનાની ભૂખ ન રાખે.

બાકી ઉપધાન એ તો આ કાળને માટે વિશેષે કરીને તારક વસ્તુ બની જાય છે. પ્રભાવક પણ છે જ. અનેક આત્માઓના હૈયામાં ધર્મ પ્રત્યેનો સદ્ભાવ પેદા કરે છે. બાળકોની ઉચ્ચ કોટિની ખીલતી સંસ્કારભૂમિ છે. ખરેખર ધર્મરાજાનો સુરભિભર્યો બગીચો છે !

## દેવદ્રવ્ય.

દીક્ષા જેટલો જ શ્રી સંઘનો પવિત્ર પ્રશ્ન. દેવને સમર્પિત થએલું. દેવલક્ષી દ્રવ્ય તે દેવદ્રવ્ય. દેવ તીર્થંકર. ચ્યવે સ્વર્ગમાંથી ત્યારથી તીર્થંકર તરીકેની ગણના. ચ્યવન–જન્મ–દીક્ષા કેવળજ્ઞાન અને મોક્ષગમન પાંચે કલ્યાણકો સુરનર સઘળા ઉજવે. રાચે–નાચે અને ગાજે. કલ્યાણક એટલે આત્મકલ્યાણ સાધવાના તીર્થંકરગત ખાસ વિશેષ દિવસો.

તીર્થંકરના આત્મા માતાના ગર્ભમાં પધારે છે. તીર્થંકરત્વ સૂચક ચૌદ તેજસ્વી સ્વપ્નો જુએ છે. પર્યુષણાદિ પ્રસંગોમાં આ સૂચક ચિહ્નોનું બહુમાન થાય છે. પ્રભુજી વિશ્વકલ્યાણકારી પધાર્યા તેની ખુમારીમાં–તેના આનંદમાં ઉછામણી બોલી ભાવપૂર્વક એકેએક સ્વપ્નોનું અને તે અંગેની

વિધિનું બહુમાન થાય છે. તીર્થંકરલક્ષી હોઇને જ દેવ-દ્રવ્ય ગણાય છે. પછી ગાંડા પ્રશ્ન કરવા કે ભગવાનની રાજ-ઋદ્ધિ દેવદ્રવ્ય ન ગણાય? એક ઉન્મત્ત આત્માએ તો ત્યાં સુધી લખી નાંખ્યું કે દેવી યશોદા દેવદ્રવ્ય ન ગણાય? ખેર આ તો આજના અજ્ઞાનનો માત્ર એક નમુનો.

પૂજાદિ પ્રસંગે અષ્ટપ્રકાર વિ.ની બોલી બોલાય છે. પ્રતિષ્ઠા અંજનશલાકા વખતે લાખોની ઉત્પન્ન દેવદ્રવ્યની થાય છે. ઈંદ્રમાળ–તીર્થમાળ–ઉપધાનની માળ પ્રસંગે ધર્માત્માઓ અનર્ગળ લક્ષ્મી ખર્ચી દેવદ્રવ્યની વૃદ્ધિ કરે છે. અને એ રીતે તે સર્વશ્રેષ્ઠ સંસ્કૃતિને જીવંત રાખે છે.

આ બધા માટે શાસ્ત્રમાં સ્પષ્ટ સમજાય તેવા ઉલ્લેખો અને સીધી સાદી સમજણ આપેલ જ છે. પણ અહિં તેના વિવરણમાં નથી ઉતરવું. માત્ર દેવદ્રવ્ય શું છે? અને કેટલું જરૂરી છે? એટલું જ આલેખન બસ છે. મતલબ કે જિન-મંદિરમાં કે બહાર ધાર્મિક સ્થળે કે કોઈપણ સ્થળે દેવના અનુસંધાનમાં જે બોલી બોલાય-રકમ અપાય–એટલું ધરાય તે દેવદ્રવ્ય ગણાય.

બાકી દેવ વીતરાગ છે. એમને વળી દ્રવ્ય શું? એમ ન બોલાય. દેવસત્ક દ્રવ્ય એમ જરૂર બોલાય. તેનો ઉપ-યોગ જ્યાં શ્રાવકો સમર્થ ન હોય ત્યાં જિનબિંબ ભરાવવામાં યા જીર્ણોદ્ધાર કે નૂતન મંદિર નિર્માણમાં કરવામાં આવે બાકી તો દેવદ્રવ્યનો નિધિ, અને સાધારણનો નિધિ, બન્ને નિધિ દર્શનીય છે. એનો ઉપયોગ આસ્માની સુલ્તાનીના પ્રસંગમાં જ કરાય અને તે પણ શાસ્ત્રાજ્ઞા પ્રમાણે. તદુક્ત વિધિ પ્રમાણે.

જરૂર આજના કાળમાં તેનો સંચય ન કરતા શાસ્ત્રીય મર્યાદા પ્રમાણે ઉપયોગ કરી નાખવો જોઇએ. **સઘળુંએ દેવદ્રવ્ય એકી સાથે વાપરી નાખવામાં આવે તો પણ જીર્ણોદ્ધારનું કાર્ય પુરૂં થાય કે નહિ એ પણ પ્રશ્ન છે.** છતાં પણ કલ્પના ખાતર માનો કે એમાંથી વધે તો જરૂરી નવ્ય નિર્માણો તો પૂરા થાય એમ નથી જ. આવા પવિત્ર દેવદ્રવ્યનો દુરુપયોગ સંસાર વધારનાર બને એમાં નવાઇ પણ શું ?

**દેવદ્રવ્ય સમ્યક્ત્વનું રક્ષક છે.** આ વાત એકદમ નહિ બેસે. પણ આજે દેવાલયોની રક્ષા–જીર્ણોધ્ધાર દેવદ્રવ્ય થતો થાય છે. નહિતો અનેક તીર્થો અને જિનાલયો ભૂશાયી બન્યા હોત કારણ કે નિજની લક્ષ્મીનો વ્યય આ મહાતારક સ્થાનોમાં કરનારા અલ્પસંખ્ય બની ગયા. **'દાનના પ્રવાહને ભક્તિના માર્ગેથી ખસેડવાના ચક્રો વેગમાં ચાલે છે.'** કૃત્રિમ ઉપદ્રવોને ટાળવાને નામે મારક સાધનો ઉભા કરવાનો પ્રચાર ધૂમ ચાલે છે. માનવ–મન ચલિત થઈ જાય છે.

જ્યાં બીલકુલ જ સાધનો નથી. છતે શ્રાવકોએ પણ સાચવણી નથી. કારણ કે નામમાત્રથી જ શ્રાવકપણું રહ્યું છે. ત્યાં કેટલીક ગોઠવણ પણ દેવદ્રવ્યથી જ નભે છે. અને જિનાલયો આત્માના આશ્રયસ્થાનો છે. ભૌતિક–જડ કરતા ધર્માત્માને મન–ચેતન–આત્માની કિંમત જરૂર વધારે જ હોય છે. આત્માની જીવંત જડીબુટી સમા દેવાલયો છે.

દેવાલયો હોય ત્યાં પૂજ્ય સાધુ સાધ્વીગણ પણ અવશ્ય આવે. જીવોને બોધ મળે. નવા આત્માઓ ધર્મમાર્ગમાં

હોશાય. ઉંઘતા પ્રમાદી જાગે. છેવટે ફુળવટનું પણ ભાન થાય. ધર્મપાલન–રક્ષણ બન્ને પાછા વેગવંત બને. શુદ્ધ પરંપરા સચવાય. સર્વોત્તમ જીવનમાર્ગ પેઢી દરપેઢી વહેતા રહે. આનાથી કયો ઉત્તમ લાભ બીજો છે ? માટે જ દેવદ્રવ્ય સમ્યકૂત્વ–સર્જક–રક્ષક અને પ્રચારક છે. સમ્યક્ત્વમાંથી દાન અને દયાની અદ્દભુતતા જન્મે છે અને જન્મવાની છે.

## ફંડ અને ફાળા.

ફંડ ફાળા–પ્રસંગ પર જરૂરી બની પણ રહે. પણ એની વ્યવસ્થા ? એની ઉઘરાવવાની રીતિ ? એક પ્રસંગ વહેતા થયો. સૌ નીકળી પડ્યા. પોતપોતાની રીતે ? કોણ કોણ ‘નીળ્યા ? કેટલું કર્યું ? કોને યા કઈ સંસ્થામાં સોંપાયું ? સંસ્થા પણ સાચી કે બોગસ ? હું–બાવો ને મંગળદાસે ઉભી કરેલી ? આવા અનેક પ્રશ્નો તો ઉભા જ છે.

છતાં યોગ્ય સંસ્થામાં જમે થએલ રકમનું પણ શું ? ખુરશી ટેબલ અને ઓફિસ ખર્ચમાં કેટલું જાય ? અને ધ્યેયલક્ષી આર્ત માનવોને કેટલું પહોચ્યું ? ફંડોના ફંડો વેડફાઈ ગયાં ? ઉઘરાવેલા ફાળા અદ્ધર ગુમ થઈ ગયા ? આ બધું કેમ બને ? સુવ્યવસ્થિત નિયંત્રિત યોજનાના અભાવે. માટે તો ઘણા કહે છે ભઈ ! જાતે જઈને પોતાને હાથેજ જે તે વ્યક્તિને પહોંચાડો. પણ તેવી ફુરસદ કેટલાને ?

પણ એનો અર્થ એ તો નહિ જ કે ખરે પ્રસંગે ફાળો ન જ કરવો. ફાળામાં ન જ આપવું. પણ કોઈ વ્યવસ્થિત ધોરણ ઉઘરાવવા માટે તેમજ વિતરણ માટે પાકે પાયે હોવું જ જોઇએ. તેમ છતાં આપવાદિક દૂષણ એ માર્ગને રૂંધી શકશે નહિ.

પણ આ બધા માટે હૈયામાં છેવટે માનવતાનો વાસ તો જોઈશે જ. માનવતા ધર્મનું નીચલા સ્ટેજનું ઉત્થાન છે. પણ માનવતાને નામે આત્મિક ઉત્થાનને છેહ દેવાનો પ્રચાર એ તો નર્યું ગાંડપણ જ છે. આત્મિક સમજ જ માનવતાને ટકાવનાર અને પોષનાર છે. ફંડફાળામાં આપનાર પણ મોટે ભાગે ધર્મી વર્ગ છે એ તો હકીકત છે ને !

## ઉત્થાન—પતન—ઉત્થાન.

મહાભયંકર છે ભવના ફેરા. ટાળ્યા ટળે નહિ. મનને ગમે નહિ. છેડો છોડે નહિ. કર્મનાં બંધન કપરા. નવાનવા મુકે મમરા. જાણે ભમરાના ચટકા.

આત્મા અનાદિકાળનો. કર્મ અનાદિના. આત્મા અને કર્મનું જોડાણ અનાદિનું. કર્મ જડ પુદ્ગલનો સમૂહ. આત્મા ચેતન. અસંખ્ય પ્રદેશી. જડનું ચેતન પરનું જોર એજ સંસાર ને ? સંસારી અને કર્મ વિનાનો એ બને નહિ. જીવાત્મા મુક્ત અને જન્મ લેવો પડે એ વાત જ ખોટી. જૈનશાસનની વાત જ મોટી. ના માને એને પડે કર્મની સોટી.

નિગોદ અનાદિની તેમાં આત્માઓ અનંત. અસંખ્યાત ગોળા નિગોદના. એક એક ગોળામાં અસંખ્યાત નિગોદ. એક એક નિગોદમાં અનંતા જીવાત્મા. વાહરે જૈનશાસનની સૂક્ષ્મતા. અનાદિકાળથી અનંતકાળ જીવાત્માએ નિગોદમાં વ્યતીત કર્યો.

એક આત્માની સિદ્ધિએ એક જીવ નિગોદથી નીકળે. જેની ભવિતવ્યતાનોસુંદર પરિપાક થયો હોય તેજ નીકળે ને ? અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં આવેલ ગણાય. વિ. વિ. સૂક્ષ્મતા ખૂબ ખૂબ સમજવા જેવી છે. સૂક્ષ્મ અનંત-

કાયમાંથી બાદર અનંતકાયમાં. જેના શરીર દેખાય. પણ એક શરીરમાં જીવ તો અનંત જ હોય. જેમ સોયની અણી પર ૪૦ લાખ સ્પર્ટમ્સ આજના સાયન્સને દેખાય છે, બાકી નિગોદ તો ન દેખાય, ન બળે, ન શસ્ત્રઘાત લાગે. છતાં એક શ્વાસોશ્વાસમાં ભવ સાડાસત્તર. અતિ સૂક્ષ્મ ઉંડું સર્વદર્શી જ્ઞાન જ આ નિરખી શકે, જાણી શકે, કહી શકે, એજ કેવળજ્ઞાનને ?

ધીમે ધીમે મહામોટો, અર્થાત્ અસંખ્યાતકાળ ૨-૩-૪ ઇંદ્રિયમાં અને સંમૂર્ચ્છિમ પંચેંદ્રિયમાં પણ પસાર થઇ જાય. વળી પંચેંદ્રિય તિર્યંચ પણ બને. ક્રૂરતા તો પ્રાયઃ હોય જ. સિંહ-વાઘ-દીપડા-સર્પ તો એવા જ હોય ને ? નરકગમન અનિવાર્ય બની જાય. થોડો ઉંચો આવેલો જીવ પટકાય. પાછો મોટે ભાગે પશુ-પક્ષીમાં વળી નરક કે નિગોદમાં પણ ભટકી આવે. કાળ અસંખ્ય અનંત દુઃખના સાગરમાં જ બુડી રહેવાનું.

એમાં વળી કંઇક ઉંચે આવતા મનુષ્યભવમાં આવી જાય. પણ પારધી-શીકારી-કસાઇ-માછીમાર બને. વળી નરક તિર્યંચના ફેરા. યાતનાઓનો પાર નહિ. એમ પાછું પતનનું ચક્કર માંડમાંડ પુરું કરે, બ્રાહ્મણાદિ વ્યવહારમાં સારા ગણાતા કુળોમાં આવી જાય. પણ યજ્ઞાદિ, દેવીભોગ આદિ ક્રૂર ધર્મને આચરતો એ જ નરકાદિનાં દુઃખો, ભવભ્રમણ ભયંકર કરતો જ રહે.

વળી હળુકર્મી બનતા તિર્યંચ કે મનુષ્ય ભવમાંથી હલકી દેવયોનિમાં પણ જાય. ત્યાં પાછા ભારે ચક્કર ચઢતા કાળ સંખ્ય કે અસંખ્ય વીતાવે. એમ કરતા કરતા જૈનકુળમાં પણ જન્મી જાય. દેવ-ગુરુ-ધર્મની સત્સામગ્રી પણ મળે.

પણ નસીબના વાંકા તે વાંકા. શ્રદ્ધા થાય જ નહિ. બડેખાં છાતી કાઢીને જ ફરે. હું બોલું એજ સાચું. બસ ડુબ્યા. અને ચાલ્યા પાછા ચોરાશીને ચક્કરે. વળી અસંખ્ય અનંત-કાળે મનુષ્યજન્મ મળે, કંઈક ભાગ્યોદય ફળે.

જૈનકુળના સુસંસ્કારો સાંપડે. સદ્દગુરુના વચનમાં શ્રધ્ધા થાય યથાશક્તિ આચરણમાં પણ મુકે. આયુષ્ય પુરૂં થતા વૈમાનિક શ્રધ્ધાવાન દેવ થાય. ભવિતવ્યતા સુંદર બની ગઇ. શ્રધ્ધાની સાચી ચીનગારીએ આત્મા સજાગ બની ગયો. દેવ-મનુષ્યના ભવો થોડા થાય. શ્રધ્ધા-સંવેગ-વિરાગ વધતો જાય. પ્રથમ સંઘયણ યુક્ત મનુષ્યભવ મળે. સંયમ નિરતિ-ચાર પાળે. ક્ષપકશ્રેણિ માંડે. વીતરાગ બને. નિર્મોહી બને. તેરમે ગુણસ્થાને કેવળજ્ઞાન પામે. આયુષ્ય ક્ષયે અજન્મા બની ચિદાનંદપદનો ભોકતા બને.

આ તો અતિ સ્થૂલથી 'પતન અને ઉત્થાન'ની સામાન્ય રેખા આંકણી. ખરેખર તો આ વિષય હૈયુ હલાવી નાખે તેવો છે. વૈરાગ્ય પેદા કરી ઉભો હોય ત્યાંથી સીધો સાધુને શરણે મોકલે એવો છે. સંવેગરંગશાળા જ આત્મામાં રમતી થઈ જાય તેમ છે, પણ હૈયું કાટ ખાઇ ગએલું હોય તો શું થાય? કાન જ બહેરા હોય તો દુંદુભિના નાદ પણ શું કરે?

## શાસનપતિનો અનંત ઉપકાર.

બાકી ત્રિભુવનપતિ ત્રિશલાનંદન શાસનપતિ મહાવીરદેવે તો અનંત ઉપકાર વિશ્વ પર કર્યો છે. બાર-બાર વર્ષ ઉપ-શાંતનો ઘોર તપ તપ્યા. દુઃખોના પહાડના પહાડ તૂટી પડ્યા. સમતાસાગરે સહન કર્યા. આંખનું પોપચું પણ ઉંચું ન

કર્યું. કેઈકની દયા ચિંતવી. કેઈકનો જાતહાજરીથી ઉધ્ધાર કર્યો. આવેશમાં આવેલાને જ્ઞાનદાનની લ્હાણ કરી. ના–ના. સમોવડીઆ બનાવી દીધા. શાસનના મહાસુકાની બનાવી દીધા.

કેવળજ્ઞાનનો પ્રકાશ વિશ્વ પર ફેલાવી દીધો. શુધ્ધ અહિંસા-નિર્મળ સંયમ–નિરીહ તપના પરમ સત્યો વિશ્વને નિસ્વાર્થ-ભાવે નિષ્પક્ષપાતપણે સમજાવ્યા. ભવિષ્યને માટે ગણધરો દ્વારા વહેતા મૂક્યા. અંતિમ સમયે ૧૬ પ્રહરની અખંડ દેશના. ૪૮ કલાકની સર્વ કલ્યાણકારી એકધારી વાગ્ધારા. અનંત ઉપકાર. અનંત ઉપકાર. અખૂટ ભાવદયા. અખુટ ભાવદયા.

શાંતિ–સુખ–સમાધિ અનંતકાળ માટે પોતે વર્યા. વરવી હોય તેને માટે સરળ સ્પષ્ટ સુવિધાભર્યો માર્ગ બતાવી ગયા અને તે પણ જીવનમાં આચરીને. પૂર્વભવમાં પોતાનું પતન–ઉત્થાન સ્વમુખે પ્રકાશી ગયા ! લોકોત્તર પુરુષ. લોકોત્તર હૈયું. લોકોત્તર આચરણ. ઉદારતા પણ અલૌકિક છતાં માર્ગ મર્મભર્યો કર્મનો અંત આણનારો મોહને મારનારો. મુક્તિ વરમાળા પહેરાવનારો.

આ છે શાસનપતિની સ્વલ્પગીતિ. નાનકડો ગ્રંથ. બને જો પ્રભુમાર્ગનો રથ. મહાસાગરના બિંદુ તો નહિ જ પણ બિંદુની શિતળ છાયા પણ આલેખનમાંથી જન્મે તો જન્મ સફળ. મહાફળદાયી પ્રભુશ્રીનું શાસન. એમાં જમાવવું છે સ્થિર આસન. જેથી માથે ન રહે કોઈ દુન્યવી શાસન. શિવાય જિનાજ્ઞા અને ગુરુદેવોની કૃપા.

આજે પણ શાસન જીવતું જ છે. કારણ કે જિનાજ્ઞાની શ્રધ્ધા અને પાલન જીવંત છે. માર્ગસ્થ શ્રધ્ધેય પૂજ્ય મહા-

રમાઓ આજે પણ શાસનની સફરી ખાણમાંથી પેદા થયા કરે છે. અણમોલ જ્ઞાનભંડાર. સર્વતોમુખી વિષયોની સ્પષ્ટ છણાવટો અને જગત્તારકતાની અભેદ્ય ભાવના ભરી ભરી છે.

## ૐ હ્રીં માં શું છે ?

ૐ શબ્દ પંચપરમેષ્ઠિસૂચક છે. अ+अ+आ+उ+म् નો પંચાક્ષરી સમાવેશ થાય છે. વ્યાપક છે. નાભિના ઉંડાણુ-માંથી ઘોષ નીકળે છે. એક સાથે પાંચે પરમેષ્ઠિ ભગવંતોનો સ્મારક બીજમંત્ર છે. મુક્તિદાયી છે. મુક્તિભાવનાથી જ ઉચ્ચારવાનો છે. અખંડ નાદનો દ્યોતક છે. જેને ગમે તે ભવમં ન ભમે. જે ગણે તે મોહ સામે રણે ચઢે. જપે તેના હૈયામાં રમે. તે મુક્તિમહાલમાં રમે.

'अ'કારમાં અરિહંત છે. બીજા 'अ'કારમાં અશરીરી સિધ્ધ છે. 'आ'કારમાં આચાર્ય છે. 'उ' ઉપાધ્યાયને સૂચવે છે. 'म्' મુનિ–મહારાજનું પ્રતિક છે. પાંચના ૧૦૮ ગુણ છે. ૧૦૮ મણકાની માળા–નોકારવાળી હોય છે. ૧૦૮ જાપ થાય છે.

નવકારના પહેલા પાંચે પદો સાથે 'ઓમ્' જોડી જાપ થાય છે. પાંચે જ્ઞાન વિશદ રૂપે પ્રાપ્ત થાય છે. પંચાચારનું ભાન કરાવે છે. પાંચ મહાવ્રતની પ્રાપ્તિ અને પાલન સુલભ અને સુકર બને છે. ભાવના મુકિતપ્રાપ્તિની હૈયે હોવી જોઇએ.

ह्रीं કાર પ્રાયઃ હૈયામાંથી ઉચ્ચારાય છે. મૃદુતા સમાએલી છે. ૨૪ સે તીર્થંકરોની ગોઠવણી છે. એ પણ બીજાક્ષર છે. મહાતારક મંત્ર છે. ૐ પછી સાથે જ એનું પણ જોડાણ કરાય છે. બન્ને સાથે બોલતા બ્રહ્મનાદ જાગે છે.

આવા અનુપમ બીજમંત્રો આત્માના ઉત્થાન માટે અપૂર્વ સાધન રૂપ છે.

પાંચે પરમેષ્ઠિ ભગવંતો, ચોવીસે તીર્થંકરદેવો હૈયામાં વસ્યા. તેના સઘળાએ કર્મો ખસ્યા. તે જીવો સિધ્ધિસ્થાનમાં જઈ વસ્યા. આપણી શી ભાવના? ૧૭૫ નાનકડા વિષયો જાણી–વિચારી આપણે શું કરવું છે? કહી દો. ઉદાત્તભાવે બોલી દો. સંસારસાગર તરવો છે. ભવભ્રમણ મિટાડી દેવું છે. કાફર કર્મોને કાયમ માટે ફગાવી દેવા છે. અનંતકર્મોનો અંત આણવો છે.

આજ ભાવના અને આવી જ ભાવના ભવપાર ઉતારશે. 'માનું–સંસારનો અંત થયો. ગિરૂઓ જિનરાજ મિલ્યો.' 'ભાવના ભવનાશિની.' ભાવના આત્માનું બળ છે. પરિણામ-અધ્યવસાય અમલમાં મૂકવાનો વેગ છે. વેગ જેટલો જોરદાર તેટલી નિર્જરા વેગિલી. સંભવિત બંધ પુણ્યાનુબંધી પુણ્યનો. ગુણસ્થાન પ્રત્યયી. અને તે પુણ્ય અધ્યવસાયને માટેનું સાધક બળ બસ પછી ભવની પરંપરા નહિજ. ભવો અલ્પ. પરિણામે ભવચ્છેદ.

**સૌ કોઇ ભવ્યાત્માઓ પરમ પ્રભુ મહાવીરદેવના પરમ શાસનને સમજો. ધર્મલગનીની હેલીએ ચઢો. દુષ્કર્મોને દૂર રાખો. સુપુણ્યને ઉપાર્જો. નિર્જરા-સાધક પરિણામની ધારાની બઢતીમાં રહો. ક્ષપક-શ્રેણિ સર્જો. નિર્મોહી બનો. કેવળજ્ઞાન પ્રાપ્ત કરો. સિદ્ધિપુરીમાં નાથની સાથે સ્થાયી બનો. અનંત સુખમાં સદા વિલસતા રહો. એજ અભ્યર્થના.**

# પ્રકાશન અંગે

## જીવન પ્રસંગપટ યાને શાસનરક્ષક સૂરિપુરંદર.

— અતિ ઉપકારી ગ્રંથ ૫૦૦ પેજનો —

પ્રગટ થાય-સૌ સુવાસ પામે-તે પહેલા. ૧. જૈન ધર્મનું વિજ્ઞાન. ૨. ધીમું મીઠું ઝેર. ૩. વાત્સલ્યમૂર્તિ. ૪. સાધ્ય-સિદ્ધિ. ૫. મહાશ્રાવિકા મયણાસુંદરી. ૬. જૈન ધર્મનું પહેલું પુસ્તક (હિંદીમાં) ૭. ગુજરાતીમાં. ૮. ભક્તિસૌરભ પ્રકાશિત થાય છે. ૯. સૂત્ર ચમત્કાર. ૧૦. વિજ્ઞાનની બીજી આવૃત્તિ. ૧૧. દેવાધિદેવ ભગવંત મહાવીર ગુજરાતીમાં. ૧૨. હિંદીમાં. ૧૩. કલ્યાણકામના. ૧૪. કથા કલ્લોલિની-પ્રેસમાં આકાર પામી રહેલ છે. ૧૫. મણહ જિણાણં આણં. ૧૬. પ્રકૃતિ પરિચય યાને કથા સૌરભ. ૧૭. ધર્મતેજ આદિ કથા સાહિત્ય શ્રુતભક્તિના એક નિર્મળ આશયથી તૈયાર થએલ છે. ૧૮. દેવાધિદેવ ભ. મ. અંગ્રેજીમાં. ૧૯. સ્વાધ્યાય મંજરી. ૨૦. જૈન ધર્મનું વિજ્ઞાન (હિન્દીમાં)

અમારા પ્રકાશનો-ચાર કે તેથી વધુ પૂજ્ય સાધુ-સાધ્વીજીના ગ્રુપોને-પાઠશાળાઓને-જ્ઞાનમંદિરોને-સુશ્રદ્ધાળુ શ્રાદ્ધગણને સોબત જોગ સંયોગાનુસાર મોકલીએ છીએ. જે પૂ. ગ્રુપોને ન પહેચેલ હોય તેઓ સોબત જોગ-પત્ર લખી આપી મુખ્ય કાર્યાલએથી મંગાવવા કૃપા કરે. સ્ટોકમાં હશે ત્યાં સુધી આદરપૂર્વક અપાશે.

પ્રકાશકો

---

મુદ્રક : કીરચંદ જગજીવન શેઠ : પ્રીન્ટલેન્ડ મુદ્રણાલય : વઢવાણ શહેર

સ્વ. શ્રી કેશવલાલ ખુમચંદ

અમદાવાદ



કાંતાબેનના પ્રણામ

પરદેશીઓએ ગોઠવેલી ગુપ્ત સુરંગો–મહાસંસ્કૃતિને ઉડાવવા માટેની–એના જ્યાદા અજાણપણે પણ બની જતા રાજકરણીઓ....સુરક્ષાના સુંદર માર્ગોની સમજ....સર્વ જીવ હિતકારી, સ્વલ્પ શબ્દોમાં અતિ ગુણકારી, સ્વરૂપ સત્યોને પ્રગટ કરતું....વિદેશી ભ્રમજાળને ભેદતું....વિશાળ વિશ્વ કલ્યાણ માર્ગની મ્હેક આપતું........ભારતવર્ષની આર્ય પ્રજાને અણમોલ ભેટ સમાન....

**આ અનુપમ માસિક વાંચો....વંચાવો!**

# "હિત મિત પથ્યમ્ સત્યમ્"

દર મહિનાની ૧૧ તારીખે પ્રગટ થતું વા. લ. રૂા. ૫–૦૦

આજે બ્યાસી વર્ષની જૈફ વયે અશક્ત અવસ્થામાં યુવાનોને પણ શરમાવે એવી કાર્યરતતા, આર્યસંસ્કૃતિ તથા મુગટમણિસમ જૈન સંસ્કૃતિમય મહાસંસ્કૃતિના સંરક્ષણની ઉચ્ચકોટિની જ્ઞાનમય તમન્ના સેવનાર, સાચા વિશ્વબંધુત્વનો આદર્શ ખડો કરનાર.... વિદ્યા વિશારદ.... સાક્ષરવર્ય....સૂક્ષ્મ ચિંતક.... માર્ગસ્થ સાધુગણના નમ્રાતિનમ્ર સેવક **શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ**ની ચિંતનધારામાંથી ટપકતી વિચારધારાને વ્યક્ત કરતું....

**"હિતમિત પથ્યમ્ સત્યમ્"**ના આજે જ ગ્રાહક બનો. એના યુવાન બાહોશ તંત્રી **શ્રી અરવિંદભાઈ**: ય્યુન ટુ એડીટર : સમગ્ર સેવા ફ્રી : બુદ્ધિ વિચક્ષણતા આલ્હાદજનક અને આશ્ચર્યકારક. કાર્યાલય :

ઠે૦ ૯૧, કૃષ્ણગલી, **સ્વદેશી માર્કેટ**, **મુંબઈ–૪૦૦૦૦૨**

મુદ્રક : પ્રીન્ટલેન્ડ (મુદ્રણાલય) વઢવાણ શહેર